First Edition : 750 Copies

November 1965

Printed by Svami Tribhuvandas, Ramananda Printing Press, Kankaria Road, Ahmedabad and Published by Dalsukh Malvania, Director, L. D. Institute of Indology, Ahmedabad-9.

Price Rupees 8/=

Copies can be had of

L. D. Institute of Indology, Ahmedabad-9.

Gurjar Grantha Ratna Karyalaya,
Gandhi Road, Ahmedabad-1.

Motilal Banarasidas
Varanasi, Patna, Delhi.

Sarasvati Pustak Bhandar
Hathikhana, Ratanpole, Ahmedabad-1.

Munshi Ram Manoharalal
Nai Sarak, Delhi.

वादिश्रीदेवसूरिसूत्रितस्य

प्रमाणनयतत्त्वालोकस्य

श्रीरत्नप्रभाचार्यविरचिता लघ्वी टीका

रत्नाकरावतारिका

श्रीराजशेखरसूरिकृतपञ्जिका-पण्डितज्ञानचन्द्रकृतटिप्पणकाभ्यां समन्विता

गूर्जरभाषानुवादकः

आचार्यश्रीविजयनीतिसूरिशिष्यो मुनिश्रीमलयविजयः

संपादक :

पण्डित दलसुख मालवणिया



प्रकाशक :

लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर

अमदावाद-९

लालभाई दलपतभाई ग्रन्थमाला

प्रधान संपादक :

दलसुख मालवणिया

अंबालाल प्रे. शाह

●

मुद्रितग्रन्थाः

१. सप्तपदार्थी — शिवादित्यकृत, जिनवर्धनसूरिकृतटीकासह ४–००

2, 5 CATALOGUE OF SANSKRIT AND PRAKRIT MANUSCRIPTS : MUNI SHRI PUNYAVIJAYJI'S COLLECTION, PART I 50-00

,, PART II 40-00

३. काव्यशिक्षा — विनयचंद्रसूरिकृत १०–००

४. योगशतक–आचार्य हरिभद्रकृत स्वोपज्ञवृत्ति तथा ब्रह्मसिद्धान्तसमुच्चय सह ५–००

●

संप्रति मुद्यमाणग्रन्थनामावलि

१. शब्दानुशासन — आचार्य मलयगिरिकृत

२. कल्पलताविवेक–कल्पपल्लवशेषः — महामात्य अम्बाप्रसादकृत

३. निघण्टुशेष–सवृत्तिक — श्रीहेमचन्द्रसूरि

4. CATALOGUE OF SANSKRIT AND PRAKRIT MANUSCRIPTS, PART III

५. विशेषावश्यकभाष्य–स्वोपज्ञवृत्ति सह — आचार्य जिनभद्रगणि

६. गीतगोविन्दकाव्य— मानाङ्कनृपकृत टीकासह

7. THE NĀṬYADARPAṆA OF RĀMACANDRA AND GUṆACANDRA : A CRITICAL STUDY BY DR. K. H. TRIVEDI

8. YOGADṚṢṬISAMUCCAYA OF HARIBHADRA : ENGLISH TR. BY DR. K. K. DIXIT.

●

PREFACE

We bring out, with great pleasure, the publication of the first part of Ratnaprabha Sūri's Ratnākarāvatārikā, a commentary on Vādi Devasūri's (A.D. 1086–1169) Pramāṇanayatattvāloka with the two Sankrit super-commentaries and Gujarati translation. Here appears, for the first time, Gujarati translation of Ratnākarāvatārikā; it is prepared by Muni Shri Malayavijayaji. As the text is very tough, the translation will be very helpful to the students of Indian logic in general and Jaina logic in particular.

Pramāṇanayatattvāloka can safely be judged as a source-book of Indian Logic, though it primarily deals with Jaina Logic that was fully developed in the twelfth century. It discusses all the important topics of Indian logic of that period. Vādi Devasūri, the author, enhanced the utility of the work by writing an auto-commentary on the same named Syādvādaratnākara. This auto-commentary, as its name suggests, is like an ocean in depth and extent. The author's pupil Ratnaprabha, therefore, composed a brief and elucidatory commentary, Ratnākarāvatārikā, on it. This, in turn, is also commented upon to make the points more clear.

We are grateful to Muni Shri Malayavijayaji for Gujarati translation. We acknowledge our indebtedness to Late Pt. Haragovindas and Pt. Bechardas whose excellent edition of Ratnākarāvatārikā is used by us as a model text (ādarśa prati). Our thanks are also due to the Publishers of the Yashovijaya Granthamala Varanasi as we have utilised their two editions of Ratnākarāvatārikā one giving the complete text of Ratnākarāvatārikā and the other giving only the two chapters with Pañjikā and Tippaṇa.

L. D. Institute of Indology
Ahmedabad-9
5-11-'65

Dalsukh Malvania
Director

સંપાદકીય

પ્રમાણનયતત્ત્વાલોકની લઘુટીકા રત્નાકરાવતારિકા સંસ્કૃત પંજિકા તથા ટિપ્પણી અને ગુજરાતી અનુવાદ સાથે પ્રથમ બે પરિચ્છેદ પૂરતી આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવે છે. આ પહેલાં રત્નાકરાવતારિકા વારાણસીમાંથી શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા-(૨૧-૨૨)માં પ્રકાશિત થઈ ચૂકી છે. તેના સંપાદકો હતા શ્રી પં. હરગોવિંદદાસ અને શ્રી પં. બેચરદાસ દોશી. વળી, એ જ ગ્રન્થમાળામાં અહીં આપેલ બે ટિપ્પણોવાળી આવૃત્તિ પણ માત્ર બે પરિચ્છેદ પૂરતી પ્રકાશિત થઈ હતી. તેના ચાર પરિચ્છેદનો હિન્દી અનુવાદ પણ મૂળ સાથે ઉંઝાથી પ્રકાશિત થયો હતો. પણ તેનો ગુજરાતી અનુવાદ થયો હતો નહિ અને સંક્ષિપ્ત છતાં પણ જૈનદર્શન અને પ્રમાણવિદ્યાના સમગ્ર વિષયોને આવરી લેતો આ ગ્રન્થ જૈનદર્શનની પરીક્ષાઓમાં પાઠ્યગ્રન્થ તરીકે નિયત છતાં તેનું એક પણ સંસ્કરણ છાત્રોને અત્યારે ઉપલબ્ધ નથી. આ પરિસ્થિતિમાં પૂ. પા. વિજયનીતિસૂરીશ્વરના શિષ્ય પૂ. મુનિરાજશ્રી મલયવિજયજીના ગુજરાતી અનુવાદ સાથે તેને પ્રકાશિત કરવાનું નક્કી થયું અને તેનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

રત્નાકરાવતારિકાના સંશોધનમાં ઉક્ત મુદ્રિત આવૃત્તિઓનો પૂરો ઉપયોગ કરવામાં આવ્યો છે અને અમે આભાર સાથે જણાવીએ છીએ કે વારાણસીનું અવતારિકાનું સંસ્કરણ જ મુખ્ય માનીને અવતારિકાનું મુદ્રણ અને અનુવાદ કરવામાં આવ્યો છે. યત્રતત્ર અમને જરૂરી લાગ્યું ત્યાં અમને ઉપલબ્ધ હસ્તપ્રતોનો ઉપયોગ કરી શુદ્ધિ કરવામાં આવી છે પણ તેવાં સ્થળો જૂજ છે. એટલે અહીં મુદ્રિત રત્નાકરાવતારિકાના સંસ્કરણની શુદ્ધિનો પૂરો યશ ઉક્ત સંપાદક-દ્વયને છે. પંજિકા અને ટિપ્પણની શુદ્ધિમાં પણ પૂર્વસંસ્કરણનો પૂરો ઉપયોગ કર્યો જ છે પણ અવતારિકાની સાથે પંજિકા-ટિપ્પણના મુદ્રણમાં અમે તેની જૂની આવૃત્તિને મહત્ત્વ ન આપતાં નવેસરથી જ તેનું સંશોધન અને સંપાદન મુદ્રિત ઉપરાંત હસ્તપ્રતોને આધારે કર્યું છે. કારણ, પૂર્વમુદ્રિત સંસ્કરણમાં માત્ર બે જ પરિચ્છેદ પૂરતાં તે પંજિકા–ટિપ્પણ છપાયાં હતા જ્યારે અમારે તો પૂરી અવતારિકાનાં પંજિકા-ટિપ્પણો મુદ્રિત કરવાં હતાં.

ગુજરાતી અનુવાદની વિશેષતા એ છે કે તે શબ્દસ્પર્શી નહિ પણ અર્થને સારી રીતે વ્યક્ત કરે એવી રીતે કરવામાં આવ્યો છે. આથી અનેક સ્થળોએ તે શંકા-સમાધાનરૂપે રજુ કરવામાં આવ્યો છે અને અનેક સ્થળોએ વાદિપ્રતિવાદીના સ્પષ્ટ નિર્દેશપૂર્વક સંવાદશૈલી અપનાવી છે. છતાં પણ એ વાંચીને મૂળમાં કઠણ અને આલંકારિક ભાષામાં લખાયેલ અવતારિકાને સમજવાનું સરલ બને એવી અનુવાદની યોજના કરવામાં આવી છે. પ્રયત્ન તો એવો કરવામાં આવ્યો છે કે વાચક ગુજરાતી ભાષાનું પુસ્તક વાંચતો હોય એવો ભાસ તેને થાય અને અનુવાદ છે એવી ખટક તેમાં ન થાય. આમાં કેટલે અંશે સફળતા મળી છે તેનો નિર્ણય તો વાચકો જ કરી શકશે.

પૂ. મલયવિજયજીએ અનુવાદનું કાર્ય તેમના પૂ. ગુરુભાઈ શ્રી વલ્લભવિજયજીની આજ્ઞાથી તેમના ગુરુવર્ય શ્રી આચાર્ય વિજયનીતિસૂરિના સં. ૧૯૯૮માં સ્વર્ગવાસ પછી સં. ૨૦૦૬ના ખંભાત ચાતુર્માસમાં શરૂ કર્યું હતું. તેમાં શ્રી પં. છબીલદાસ કેસરીચંદે તેમને રત્નાકરાવતારિકાના અભ્યાસ સાથે સાથે તેના અનુવાદનું કાર્ય કરવાની જે ભલામણ કરી હતી

તે નિમિત્ત બન્યું હતું. અનુવાદ થયા પછી શ્રી પં. ઉમાશંકર દયારામ દ્વિવેદીની મદદથી તેની પુનરાવૃત્તિ વિ. ૨૦૧૩–૧૫માં તેમણે કરી હતી. અને છેવટે તે અનુવાદને અંતિમરૂપ આપવામાં મેં મારાથી બનતી સહાય તેમને કરી હતી. મુનિશ્રી મલયવિજયજીને આ કાર્યમાં આર્થિક સહાય ખંભાતના શ્રી ઓસવાલ સંઘે અને શ્રી રમણલાલ દલસુખરામે તથા શ્રી શાંતિલાલ રાયચંદભાઈ મહેતા અમરેલીવાળાએ કરી છે તેની સહર્ષ નોંધ લેવામાં આવે છે.

પ્રસ્તુત સંસ્કરણમાં નીચેના મુદ્રિત પુસ્તકો અને હસ્તપ્રતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે માટે જે સંકેતો છે તે નીચે પ્રમાણે છે:—

मु प्रमाणनयतत्त्वालोकालंकारः—યશોવિજય જૈન ગ્રન્થમાળા અંક ૨૧–૨૨ વીર સંવત ૨૪૩૭.

मुपा ઉપરના સંસ્કરણમાં આપેલા પાઠાન્તરોના નિર્દેશ માટે.

मुटि ઉપરના સંસ્કરણમાં આપેલ ટિપ્પણો માટે.

पु१ રત્નાકરાવતારિકાની પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજીના સંગ્રહની લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની નં. ૩૦૪૬ પ્રત. આના પત્ર ૨૬ થી ૮૨ છે. પ્રતિ શુદ્ધ છે અને તે લગભગ ૧૮મા શતકમાં લખાયેલ છે. અને તેના માર્જિનમાં કોઈએ ટિપ્પણી કરી છે.

पु२ રત્નાકરાવતારિકાની જીર્ણપ્રત. આ પ્રત ત્રુટક છે, પણ શુદ્ધ છે અને તેમાં માર્જિનમાં ટિપ્પણી લખેલ છે. કુલ પાના ૭૯ છે. પ્રારંભનાં ત્રણ પાનાં નથી. ૫, ૬, ૭, ૮, ૩૪–૪૪, ૬૦–૬૭, ૭૦–૭૨ આટલાં પત્રો નથી. આ પણ ઉક્ત સંગ્રહની નં. ૮૮૭૦ છે. આ પ્રતને ઉધઇએ ખાધી છે. પ્રતિ સં. ૧૬૪૧માં લખાઈ છે.

मु प्रमाणनयतत्त्वालोकालंकारस्य परिच्छेदद्वयम्—શ્રી યશોવિજય જૈનગ્રન્થમાલા અંક ૫ વીર સં. ૨૪૩૧. આમાં ટિપ્પણ અને પંજિકા મુદ્રિત છે. આનો રત્નાકરાવતારિકાનો પાઠ પૂર્વોક્ત ૧માં જણાવેલ સંસ્કરણની સમાન છે. એટલે આના પાઠાંતરની નોંધ લીધી નથી. પણ ટિપ્પણ અને પંજિકાનાં પાઠાંતરોની નોંધ **मु** સંકેતથી લેવામાં આવી છે.

ल रत्नाकरावतारिकापंजिका—લવારની પોળના જૈન ભંડારની પ્રત ૧૬મી શતીમાં અંદાજે લખાયેલી છે અને તેના પત્ર ૪૨ છે. તેનો નં. ડા. ૩૪ પ્રત ૧૨ નં. ૩૯૧ છે. પ્રસ્તુતમાં મુદ્રિત પંજિકા માટે આ પ્રત ઉપરથી પ્રેસ કોપી કરવામાં આવી છે.

डे१ रत्नाकरावतारिकापंजिकाની ડેલાના જૈન ઉપાશ્રયની પ્રત ડાબડા નં. બી ૩૯ પ્રત નં. ૧૭. આનાં પત્ર ૨૦ છે. લગભગ ૧૬મી શતીમાં લખાયેલ જણાય છે.

डे२ रत्नाकरावतारिकापंजिकाની ડેલાના જૈન ઉપાશ્રયની પ્રત ડાબડા નં. બી. ૩૯, પ્રત નં. ૧૬ છે. પત્ર ૪૧ છે. અને ૧૭મી શતીમાં લખાયેલી જણાય છે.

क रत्नाकरावतारिकापंजिका— આ પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના શ્રી કીર્તિમુનિના સંગ્રહની નં. ૫૩૫ છે. તેનાં પત્ર ૧૬ છે અને તે અત્યંત શુદ્ધ છે. તેનો લેખન સંવત ૧૬૩૩ છે.

डे२ रत्नाकरावतारिकाटिप्पनक— આ પ્રતિ ડેલાના જૈન ઉપાશ્રયના ભંડારની છે અને તે સં. ૧૪૭૬ માં લખાયેલી છે. તેનાં પત્ર ૩૫ છે. તેનો ડા. નં. બી. ૩૯ પ્રત નં. ૧૫ છે. ટિપ્પનકની પ્રેસકોપી આ પ્રતને આધારે કરવામાં આવી છે.

पु रत्नाकरावतारिकाटिप्पनक— આ પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજીના સંગ્રહની નં. ૩૪૪૦ છે. તેના પત્ર ૧૧ છે અને તે અધૂરી છે. પ્રત અશુદ્ધ છે અને ૧૭ મી શતીમાં લખાયેલી જણાય છે.

दे रत्नाकरावतारिकाटिप्पनक— આ પ્રતિ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના દેવસૂરિ સંગ્રહ ગત નં. ૯૧૫૦ છે. તેનાં પત્ર ૫૯ છે અને પત્ર ૨૨-૨૩ ભેગાં છે. સં. ૧૯૫૭ માં લખાયેલી છે. અશુદ્ધ છે.

डे४ रत्नाकरावतारिका— આ પ્રત ડેલાના ઉપાશ્રયના જ્ઞાન ભંડારની છે અને તેનો ડાબડા નં. બી ૩૯, પ્રત નં. ૧૩ છે. તેના પત્ર ૧૧૪ છે. આ પ્રતનો ઉપયોગ શંકિત સ્થાનો જોવા માટે કર્યો છે.

डे५ रत्नाकरावतारिका— આ પ્રત પણ પૂર્વોક્તભંડારની છે અને તેનો ડાબડા નં. બી ૩૯, પ્રત નં. ૧૪ છે. તેના પત્ર ૬૯ છે. આનો ઉપયોગ પણ શંકિત સ્થાનોના નિર્ણય માટે કર્યો છે.

डे६ रत्नाकरावतारिका— ઉક્ત ભંડારની ડાબડા નં. ૬૬ પ્રત નં. ૬૩ છે. તેનાં પત્ર ૪૦ છે. આનો પણ ઉપયોગ માત્ર શંકિત સ્થાનો માટે કરવામાં આવ્યો છે.

डे७ रत्नाकरावतारिका— આ પ્રતિ પણ ઉક્ત ભંડારની છે અને તે ડા. ૬૬, પ્રત નં. ૫૭ છે. તેના પત્ર ૧૧૯ છે. આનો પણ ઉપયોગ શંકિત સ્થાનો જોવા પૂરતો કર્યો છે.

રત્નાકરાવતારિકા માત્ર જૈન ન્યાયશાસ્ત્રના અભ્યાસીને જ ઉપયોગી છે એમ નથી પણ મધ્યકાલના ભારતીય ન્યાયશાસ્ત્રમાં જે વિકાસ થયો હતો તે વિકાસને યોગ્ય રીતે આ ગ્રન્થ આવરી લે છે. તે દૃષ્ટિએ ભારતીય ન્યાયશાસ્ત્રના અભ્યાસીઓને આ ગ્રન્થ ખૂબ જ ઉપયોગી હોવા ઉપરાંત અનિવાર્ય પણ છે.

પ્રમાણનયતત્ત્વાલોકના લેખક આચાર્ય વાદી દેવસૂરિ સિદ્ધરાજની સભાના વિદ્વાન પંડિતરત્ન હતા. તેમણે પોતાના સમય સુધીમાં વિકસિત ભારતીય ન્યાયને નજર સમક્ષ રાખીને જૈન ન્યાયના સૂત્રાત્મક આ ગ્રન્થની રચના કરી અને સ્યાદ્વાદરત્નાકર નામની તેની અતિ વિસ્તૃત ટીકા પણ પોતે જ રચી. તેઓનો જન્મ વિ. ૧૧૪૩ (ઈ. ૧૦૮૬)માં થયો. તેમણે મુનિચંદ્રસૂરિ પાસે વિ. ૧૧૫૨ (ઈ. ૧૦૯૫)માં દીક્ષા લીધી અને અને તેમને દીક્ષાનામ રામચન્દ્ર આપવામાં આવ્યું. તેઓ વિ. ૧૧૭૪ (ઈ. ૧૧૧૭)માં સૂરિપદને પામ્યા અને ત્યારથી દેવસૂરિને નામે પ્રસિદ્ધ થયા. અને પ્રખર વાદી હોઈ તેઓ વાદી દેવસૂરિને નામે પ્રસિદ્ધ થયા. તેમનો સ્વર્ગવાસ વિ. ૧૨૨૬ (ઈ. ૧૧૬૯)માં થયો.

વાદી દેવસૂરિનો સ્યાદ્વાદરત્નાકર ખરેખર વાદોનો રત્નાકર જ છે. અતિ વિસ્તૃત એ ગ્રન્થમાં પ્રવેશ માટે આચાર્ય શ્રી રત્નપ્રભ, જેઓ દેવસૂરિના શિષ્ય હતા, તેમણે રત્નાકરાવતારિકા નામે લઘુ ટીકાની રચના કરીને તેમાં પ્રવેશનો માર્ગ સરલ કરવા પ્રયત્ન તો કર્યો પણ તેમની

આલંકારિક ભાષાને કારણે અને સંક્ષેપમાં વિષય પ્રતિપાદનને કારણે તે ગ્રન્થ પણ ગહન જ બની ગયો છે. આથી તેના વિવરણ માટે તેના ઉપર પંજિકા અને ટિપ્પણક લખાયાં છે.

આચાર્ય રત્નપ્રભે સ્યાદ્વાદરત્નાકરના નિર્માણમાં વાદી દેવસૂરિને સહાયતા કરી હતી તેવો ઉલ્લેખ સ્વયં આચાર્યે કર્યો છે. આથી તેઓ તેમના સમકાલીન જ છે એમાં સંશય નથી.

રત્નાકરાવતારિકાની પંજિકાના લેખક આચાર્ય રાજશેખર છે. તેઓ અભયદેવસૂરિ મલધારીના સંતાનીય તિલકસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૪૦૫ માં પ્રબંધકોષની રચના કરી છે અને સં. ૧૪૧૦ માં શાંતિનાથ ચરિતનું સંશોધન કર્યું છે. આથી તેઓની પંજિકાનો રચના સમય પણ એ વર્ષોની આગળ પાછળ હોવો જોઈએ. આ. રાજશેખરની આજ્ઞાથી જ ગુણચંદ્રના શિષ્ય જ્ઞાનચન્દ્રે રત્નાકરાવતારિકાનું ટિપ્પણ રચ્યું છે. આથી તેઓ પણ રાજશેખરના સમકાલીન હુવા સિદ્ધ થાય છે.

ઉક્ત મૂળકાર સહિત ચારે લેખકો વિષે તથા ગ્રન્થના વિષય વિષે પ્રસ્તુત ગ્રન્થના અંતિમ ભાગમાં વિશેષ વિવેચન કરવા વિચાર રાખ્યો છે આથી અહીં આટલાથી સંતોષ માનીએ છીએ.

આ પુસ્તકના પ્રુફ સંશોધનમાં શ્રી પં. અંબાલાલભાઈએ સહાય કરી છે તે બદલ આભાર માનવામાં આવે છે અને વિદ્યામંદિરના પ્રમુખ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ મુનિશ્રી મલયવિજયજીનો અનુવાદ જોયો અને એ બાબતમાં યોગ્ય ભલામણ કરી તેથી આ કાર્યને વિશેષ વેગ મળ્યો છે. આ પ્રકારે તેઓશ્રી પણ આ પ્રકાશનમાં નિમિત્ત બન્યા છે તે બદલ તેમનો આભાર માનવો જરૂરી છે.

લા. દ. વિદ્યામંદિર
અમદાવાદ
૫–૧૧–'૬૫

દલસુખ માલવણિયા

संकेतसूची

क	हस्तप्रति, श्रीकीर्तिमुनिसंग्रह
का०	कारिका
का० वि० वि०	काशी विश्व विद्यालय
गा०	गाथा
जैमि०	जैमिनीयदर्शन
डे	हस्तप्रति, डेलाना जैन उपाश्रय ज्ञानभंडारगत
डे १–७	,,
तत्त्व०	तत्त्वसंग्रह
तत्त्वपं०	तत्त्वसंग्रहपंजिका
तश्लो०	तत्त्वार्थश्लोकवार्तिक
धर्मो०	धर्मोत्तरप्रदीप, के. पी. जायस्वाल इन्स्टीटयूट
न्यायकन्दली	प्रशस्तपादभाष्यटीका, वाराणसेय संस्कृत विश्वविद्यालय
न्यायकु०	न्यायकुमुदचन्द्र
न्यायाटि०	न्यायावतारवार्तिकवृत्तिगत टिप्पण
परि०	परिच्छेद
परीक्षा	परीक्षामुख
पु०	हस्तप्रति मुनिराजश्रीपुण्यविजयजीसंग्रह
पृ०	पृष्ठ
प्रमीभा	प्रमाणमीमांसा, भाषाटिप्पण, सिंघी सिरीज
प्र० वा०	प्रमाणवार्तिक–मनोरथनंदिटीका के. पी. जायस्वाल इन्स्टीटयूट
प्रवाअ० / प्रवाभा०	प्रमावणवार्तिकालंकार अथवा प्रमाणवार्तिकभाष्य
प्रवास्वो०	प्रमाणवार्तिकस्वोपज्ञवृत्ति, का. वि. वि.
मीश्लो० अभा०	मीमांसाश्लोकवार्तिक अभावपरिच्छेद
,, अर्था०	,, अर्थापत्तिपरिच्छेद
,, उप	,, उपमानपरिच्छेद
मु	मुद्रित रत्नाकरावतारिका संपूर्ण तथा केवल परिच्छेदद्वय, यशोविजयग्रन्थमाला
मुटि	मुद्रितगत टिप्पणी
मुपा	मुद्रितगत पाठान्तर
ल	हस्तप्रति–लवारनी पोल–जैन-उपाश्रय ज्ञानभंडार
वाक्य०	वाक्यपदीय
विशेषा०	विशेषावश्यकभाष्य–मलधारी हेमचन्द्रकृतटीका
वैशे०	वैशेषिकदर्शन
श्लो० प्रत्य०	मीमांसाश्लोकवार्तिक, प्रत्यक्षपरिच्छेद
सू०	सूत्र
स्यार०	स्याद्वादरत्नाकर
हेतु०	हेतुबिन्दुटीका
हेतुआ०	हेतुबिन्दुटीकालोक

विषयानुक्रमः

अर्हम्

वादिश्रीदेवसूरिसूत्रितस्य

प्रमाणनयतत्त्वालोकस्य

श्रीरत्नप्रभाचार्यविरचिता लघ्वी टीका

रत्नाकरावतारिका

श्रीराजशेखरसूरिकृतपञ्जिका-पण्डितश्रीज्ञानचन्द्रकृतटिप्पणकाभ्यां

मुनिश्रीमलयविजयकृतगूर्जरानुवादेन च समन्विता ।

§१ सिद्धये वर्धमानः स्तात् ताम्रा यन्नखमण्डली ।
प्रत्यूहशलभप्लोषे दीप्रदीपाङ्कुरायते ॥ १ ॥

यैरत्र स्वप्रभया दिगम्बरस्यार्पिता पराभूतिः ।
प्रत्यक्षं विबुधानां जयन्तु ते देवसूरयो नव्याः ॥ २ ॥

स्याद्वादमुद्रामपनिद्रभक्त्या क्षमाभृतां स्तौमि जिनेश्वराणाम् ।
सन्न्यायमार्गानुगतस्य यस्यां सा श्रीस्तदन्यस्यै[1] पुनः स दण्डः ॥३॥

मुनिराजश्रीमलयविजयकृतगूर्जरानुवादः ।

ॐ नमः पार्श्वनाथाय शङ्खेश्वराय तायिने ।
विघ्नव्रातविघाताय शिवसौख्यप्रदायिने ॥१॥

रैवत-चित्रकूटादिप्राचीनजीर्णशीर्णतीर्थानाम् ।
उद्धारः कृतो येन नौमि तं नीतिसूरीशम् ॥२॥

श्रीदेवसूरिनिर्मितप्रमाण-नयतत्त्वालोकग्रन्थस्य ।
रत्नाकरस्यावतारिकाऽऽख्याऽन्वर्थाऽधीता व्याख्या च ॥३॥

तदनुभवस्मृत्यर्थं बालजनहितकाम्यया मया तथा ।
गूर्जरभाषाबद्धोऽनुवादो मलयेन तन्यते ॥४॥

---

१ °स्य स एव दण्डः– इति टिप्पणकसंमतः पाठः ।

§ १ વિઘ્નરૂપ પતંગિયાઓને બાળવામાં જેમના લાલનખની મંડળી તેજસ્વી દીપશિખા જેવું કાર્ય કરે છે, તે શ્રી વર્ધમાનસ્વામી સિદ્ધિને માટે થાઓ. १

જેમણે વિદ્વાનોની સમક્ષ સ્વપ્રભાથી દિગમ્બરાચાર્યને પરાભૂતિ આપી તે નવ્ય દેવસૂરિ જયવંતા હો. २

ક્ષમાશીલ જિનેશ્વરોની સ્યાદ્વાદમુદ્રાની અપ્રમત્તભાવે હું ભક્તિપૂર્વક સ્તુતિ કરું છું. સ્યાદ્વાદમુદ્રાની આણમાં રહેનાર સન્ન્યાયમાર્ગને અનુસરનાર પુરુષને તે મુદ્રા શોભારૂપ છે અને અન્યને માટે દંડરૂપ છે. ३

श्रीराजशेखरसूरिकृता पञ्जिका।

उद्यन्तांशुर्देशनायां पातु वः प्रथमो जिनः।
परब्रह्मप्रकाशानां वर्णिकामिव दर्शयन् ॥१॥

जयन्तु गौतमाद्यास्ते येऽपवर्गं गता अपि।
शास्त्ररूपेण देहेनोपकुर्वन्ति [1]जगन्त्यपि ॥२॥

[2]नन्दन्ति गुरवोऽस्माकं वात्सल्यामृतसिन्धवः।
मलधारिगणाधीशाः श्रीश्रीतिलकसूरयः ॥३॥

स्याद्वादरत्नाकर इत्यस्ति तर्को महत्तमः।
वादिवृन्दारकश्रीमद्देवसूरिविनिर्मितः ॥४॥

श्रीदेवसूरिशिष्येन्द्रैः श्रीरत्नप्रभसूरिभिः।
तत्र टीका लघुश्चक्रे रत्नाकरावतारिका ॥५॥

ग्रन्थस्यैतस्य भागौ द्वौ सुगमावन्तरान्तरा।
भागास्त्रयस्तु विषमाः प्रायशो मन्दमेधसाम् ॥६॥

अतोऽहं विवृतिं तत्र कर्तुमिच्छामि किञ्चन।
तनोतु [3]मयि सान्निध्यं श्रीमती भाषितेश्वरी ॥७॥

व्याख्येयपदमित्यन्तं तद्व्याख्यानं तु तत्पुरः।
एष एव क्रमः शास्त्रे सर्वत्रास्मिन् भविष्यति ॥८॥

आघ्राय पुस्तकं येऽत्र सर्वज्ञाः स्युर्जयन्ति ते।
किञ्चिज्ज्ञजनबोधेन सफलोऽयं मम श्रमः ॥९॥

ग्रन्थारम्भे शिष्टसमयपरिपालनाय ग्रन्थकृद्देव-गुरु-सिद्धान्तानां क्रमान्नमस्कारान्नाह—

सिद्धये वर्द्धमानः स्तात् ताम्रा यन्नखमण्डली।
प्रत्यूहशलभप्लोषे दीप्रदीपाङ्कुरायते ॥

सिद्धये इति मोक्षाय प्रारिप्सितकार्यसमाप्तिलक्षणायै वा। **प्रत्यूहा** विघ्नाः, प्रतिकूला ऊहाश्च। **दीप्रदीपाङ्कुरायते** इति [4]वर्त्तमाननिर्देशः साभिप्रायः। तदातनी भगवतो नखमण्डली इदानीं

१ जगत्यपि ल। २ नद० ल। ३ मम सा० ल। ४ वर्तमानानि० ल।

यावद् दीप्रदीपाङ्कुरायते । [1]दीप्रत्वं दीपस्य रात्रावेव, शलभप्लोषश्च प्रायेण तदैवेति रात्रिसत्कदीपाक्षेपः, तस्य च माङ्गलिक्याय जायमानत्वात् ॥

यैरत्रेत्यादि देवसूरयो बृहस्पतयः पूज्यत्वाद् बहुवचनम् । **स्वप्रभया** स्वकान्त्या । दिशां चाम्बरस्य च **परा** प्रकृष्टा **भूतिः** प्रकाशलक्षणाऽर्पिता । एतच्चापूर्वम् । तेषां हि एतावत् सामर्थ्यं न विद्यते । **स्वप्रभये**ति प्रतिभया **दिगम्बरस्ये**ति कुमुदचन्द्रस्य **पराभूतिरि**ति पराभवः । **विबुधानामि**ति विदुषां देवानां च । **नव्या** इति स्तुत्याः, अथ [2]च नूतनाः ।

पण्डितश्रीज्ञानचन्द्रकृतं टिप्पणम् ।

एकान्तमत्तमातङ्गसिंहमभ्युदयालयम् ।
प्रणिपत्य जिनं वीरं सर्वसम्पत्तिकारणम् ॥१॥

गुरूपदेशतः सम्यक् ज्ञात्वा शास्त्रार्थनिर्णयम् ।
रत्नाकरावतारिकाटिप्पणं रचयाम्यहम् ॥२॥

इहेष्टदेवतानमस्यानन्तरं सुधियो विधेयमारभेरन् । श्रीरत्नप्रभाचार्य ईहितार्थसिद्धये विघ्नविनायकोपशान्तये चादौ श्लोकत्रयं रचितवान् **सिद्धये** इत्यादि । वर्द्धयति गर्भावतीर्णो जनकसदने राष्ट्रादि-गज-तुरगादिसमृद्धिं विस्तारयतीति **वर्द्धमानः** । **सिद्धये** ऐहिकसर्वार्थसम्पत्तये मोक्षाय च । अनेन वचनातिशयो भगवतः प्रकटीचक्रे । नहि सद्गुरूपदेशमन्तरेण सिद्धिः स्यात् । अनेनैव ज्ञानातिशयो बलादाक्षिप्त एव । यतो ज्ञानमन्तरेण न सिद्ध्युपदेशः सम्भवति । ज्ञानातिशयेन चापायापगमातिशयः प्रसभमभिहितः, तदविनाभावित्वात् । वर्द्धते चतुस्त्रिंशदतिशयैरशोकाद्यष्टमहाप्रातिहार्यैः समृद्धियुक्तो भवतीति व्याख्यया पूजातिशयोऽप्याविश्चक्रे । शास्त्रादौ हि भगवतश्चत्वारोऽतिशया वर्णनीयाः शास्त्रकारेणात्मनश्चतुरतिशयसिद्ध्यर्थम् । श्लोकोत्तरपादद्वितयेन जैनमतानुगानामपि जिनपतिपदप्रसादतोऽपायापगमत्वं सूचयांचक्रे । **दीप्रदीपाङ्कुरायते** इत्यनेनैतच्छास्त्राध्ययनकारिणामन्तेवासिनां मोहध्वान्तविनाशः सूचितः ॥१॥

यैरत्रेत्यादि । **यैः स्वप्रभया** निरुपाधिप्रज्ञया **दिगम्बरस्य** क्षपणककुमुदचन्द्रस्य विदुषां समक्षं **पराभूतिः** पराभवो दत्तः राजसमाजे महाराजाधिराजजयसिंहदेवसमक्षं जित इत्यर्थः । **नव्या** इति णुक् स्तुतौ । नवनं नवस्तवस्तमर्हन्तीति **नव्याः** । अथ च नव्या मनुष्यावतारत्वाद् नवीना बृहस्पतयः, बुद्धिवैभवेन तत्समानत्वात् । वाचस्पतिना हि स्वकान्त्या **दिगम्बरस्य** महेश्वरस्य **परा** प्रकृष्टा **भूतिः** ऋद्धिः समर्पिता, ईश्वरस्य देवरूपत्वाद् बृहस्पतेश्च देवगुरुत्वाद् । गुरुणा हि समृद्धिर्दीयते भक्तजनस्य । अथ च बृहस्पतिना नास्तिकमतप्रसिद्धशास्त्रसूत्रधारेण देवानां प्रत्यक्षं भस्म समर्पितम् । नास्तिकेन हि न मन्यते शिवः । भस्मसमर्प्पणमतस्तस्योचितम् ॥२॥

स्याद्वादेत्यादि । **अपनिद्रभक्त्ये**ति निरतिशयभक्त्या । **स्याद्वादमुद्रां** स्याद्वादमार्गम् । अन्येषामपि **क्षमाभृतां** राज्ञां **मुद्रा** जनैः स्तूयते । अथ च **क्षमाभृतां** विन्ध्यादीनां पर्वतानामुच्छृङ्खलमुच्छ्वसितुमारब्धानां **मुद्रा** मर्यादा वर्ण्यते । **मुद्रे**तिपदं वावदूकवादव्यपाकरणेन साभिप्रायम् । **यस्यामि**ति स्याद्वादमुद्रायाम् । **सन्न्याये**ति सत्तर्कपद्धतिमाश्रितस्य **से**ति स्याद्वादमुद्रा । **श्रीर्लक्ष्मी**-हेतुर्भवति, वादचत्वरे जयसिद्धिलाभात् । अथ च साऽनिर्वचनीया **श्रीः** परमपदप्राप्तिलक्षणा ।

---

१ दीपत्वं दी° मु । दीप्रदी° ल । २ ०थवा नू° ल ।

तदन्यस्येति स्याद्वादमुद्राव्यतिरिक्तस्य । **स** एवेति सत्तर्कमार्ग एव **दण्डः** स्यात्, तस्य पराजयपात्रत्वात् । अथ च संसारपतनलक्षणो **दण्डः** । अस्य वक्ष्यमाणशास्त्रस्य [1]स्वाभिमतस्याद्वादमतमवस्थापयितुं पराभिप्रेतैकान्तमतमत्यसितुमेव प्रचिक्रंसितत्वादादौ [2]सूचानिमित्तं श्लोकोत्तरार्द्धमेतदुपन्यस्तम् ॥३॥

§२ इह हि लक्ष्यमाणाक्षोदीयोऽर्थाक्षूणाक्षरक्षीरनिरन्तरे, तत इतो दृश्यमानस्याद्वादमहामुद्रामुद्रितानिद्रप्रमेयसहस्रोत्तुङ्गतङ्गत्तरङ्गभङ्गिसङ्गसौभाग्यभाजने,अतुलफलभरभ्राजिष्णुभूयिष्ठागमाभिरामातुच्छपरिच्छेदसन्दोहशाद्वलासन्नकाननिकुञ्जे, निरुपममनीषामहायानपात्रव्यापारपरायणपूरुषप्राप्यमाणाप्राप्तपूर्वरत्नविशेषे, क्वचन वचनरचनानवद्यगद्यपरम्पराप्रवालजालजटिले, क्वचन सुकुमारकान्तालोकनीयास्तोकश्लोकमौक्तिकप्रकरकरम्बिते, क्वचिदनेकान्तवादोपकल्पितानल्पविकल्पकल्लोलोल्लासितोद्दामदूषणाद्रिविद्राव्यमाणानेकतीर्थिकनक्रचक्रचक्रवाले, क्वचिदपगताशेषदोषानुमानाभिधानोद्वर्तमानासमानपाठीनपुच्छच्छटाऽऽच्छोटनोच्छलदतुच्छशीकरश्लेषसंजायमानमार्तण्डमण्डलप्रचण्डच्छमत्कारे, क्वापि तीर्थिकग्रन्थग्रन्थिसार्थसमर्थकदर्थनोपस्थापितार्थानवस्थितप्रदीपायमानप्लवमानज्वलन्मणिफणीन्द्रभीषणे, सहृदयसैद्धान्तिकतार्किकवैयाकरणकविचक्रचक्रवर्तिसुविहितसुगृहीतनामधेयास्मद्गुरुश्रीदेवसूरिभिर्विरचिते स्याद्वादरत्नाकरे न खलु कतिपयतर्कभाषातीर्थमजानन्तोऽपाठीना अधीवराश्च प्रवेष्टुं प्रभविष्णवः, इत्यतस्तेषामवतारदर्शनं कर्तुमनुरूपम् । तच्च संक्षेपतः शास्त्रशरीरपरामर्शमन्तरेण नोपपद्यते । सोऽपि समासतः सूत्राभिधेयावधारणं विना न, इति प्रमाणनयतत्त्वालोकाख्यतत्सूत्रार्थमात्रप्रकाशनपरा रत्नाकरावतारिकानाम्नी लघीयसी टीका प्रकटीक्रियते ॥

§ २ [આચાર્ય વાદી દેવસૂરિએ 'પ્રમાણનયતત્ત્વાલોક' નામના સૂત્રગ્રન્થની રચના કરી હતી અને તેમણે પોતે જ તેની 'સ્યાદ્વાદરત્નાકર' નામની ટીકા પણ રચી હતી. છતાં દેવસૂરિના શિષ્ય રત્નપ્રભસૂરિએ ઉક્ત સૂત્રગ્રન્થની પ્રસ્તુત લઘુટીકા 'રત્નાકરાવતારિકા' નામે શા માટે રચી એ બતાવવા પ્રારંભમાં 'સ્યાદ્વાદરત્નાકર'ની મહત્તાનું વર્ણન તેમણે સમુદ્રના રૂપકથી નીચે પ્રમાણે કર્યું છે–]

(૧) જે લક્ષણાથી જ્ઞાત થતા ગંભીર અર્થ અને નિર્દોષ શબ્દરૂપ જલથી પરિપૂર્ણ છે,

(૨) જેમાં સ્યાદ્વાદની મહામુદ્રાથી અંકિત એવા સર્વત્ર દૃશ્યમાન સહસ્ર પ્રમેયરૂપ ઊંચે ઊછળતા તરંગોનાં નર્તનનું સૌન્દર્ય છે,

(૩) જેના સંનિધાનમાં, સર્વોત્તમ ફળોના સંભારથી શોભાયમાન એવાં અનેક આગમરૂપ અગમ–વૃક્ષોને કારણે મનોહર તેમ જ સારસંપન્ન અનેક પરિચ્છેદ નામક પ્રકરણરૂપ હરિયાળાં વનોનાં નિકુંજો છે,

(૪) જેમાં અસાધારણ પ્રતિભારૂપ મહાયાન–મોટા વહાણોથી વહાણવટું ખેડનાર પુરુષોને પ્રાપ્ત થાય એવાં અપ્રાપ્તપૂર્વ વિશિષ્ટ રત્નો છે,

१ स्वाभिमतस्य स्या° मु । २ सूचनानि° मु ।

(૫) જે ક્યાંઈક ક્યાંઈક નિર્દોષ હૃદયંગમ ગદ્યમયી વચનરચનાની પરંપરારૂપ પરવાળાંની લતાથી વ્યાપ્ત છે,

(૬) જે કોઈ કોઈ સ્થળે સુકુમાર, કાન્તિવાળા અને દર્શનીય એવાં અનેક પદ્યરૂપ મોતીઓના સમૂહથી વ્યાપ્ત છે,

(૭) જેમાં કોઈ કોઈ ઠેકાણે અનેકાન્તવાદને આધારે કલ્પિત એવા અનેક વિકલ્પરૂપ કલ્લોલોથી ઉઠાવાયેલ મહાદૂષણરૂપ પર્વતોથી નસાડાતું એવું અનેક તીર્થિકરૂપ મગરોનું મંડલ છે,

(૮) જેમાં કોઈ કોઈ સ્થળે ગ્રન્થકાર દ્વારા ઉપસ્થિત કરાતા એવા નિર્દોષ અનુમાનના કથનથી વ્યાકુળ થઈ ઊછળી ઊઠતા અસાધારણ પ્રતિવાદીરૂપ મહામત્સ્યના પુચ્છોના પછડાટથી ઊછળતા જલબિન્દુનો સંપર્ક થવાથી અર્થાત્ પ્રતિવાદી દ્વારા હાથપગના પછડાટ સાથે તેમના મુખમાંથી નીકળતા થૂંકના બિન્દુઓનો સંપર્ક થવાથી વિદ્વાન્ સભ્યોરૂપ સૂર્યમંડલમાં સર્જાતો હાસ્યરૂપ પ્રચંડ ચમત્કાર અનુભવાય છે,

(૯) જે કોઈ કોઈ સ્થળે અન્ય દાર્શનિકોના ગ્રન્થગત મર્મસ્થાનોની સયુક્તિક વિડંબના કરીને પછી ઉપસ્થિત કરાયેલ ગ્રન્થકારના વક્તવ્યને કારણે, ચંચળ દીપક જેવા તેમ જ ઊંચેનીચે થતા એવા પ્રકાશમાન્ મણિને ધારણ કરનાર સર્પરૂપ વાદીન્દ્રોથી ભયંકર છે,

—એવા 'સ્યાદ્વાદરત્નાકર' નામના ગ્રન્થની રચના, પોતાના જ 'પ્રમાણનયતત્ત્વાલોક' નામના સૂત્રગ્રન્થની ટીકારૂપે અમારા ગુરુ શ્રી દેવસૂરિએ કરી છે, જેઓ સહૃદય, સૈદ્ધાન્તિક, તાર્કિક, વૈયાકરણ, કવિચક્રવર્તી, શાસ્ત્રાનુસાર આચરણવાળા હોઈ સ્મરણ કરવાયોગ્ય છે.

તે સ્યાદ્વાદરત્નાકરમાં કાંઈક તર્કની પરિભાષારૂપ તીર્થ—ઓવારાથી અજાણ, અભણ તથા પ્રતિભારહિત પુરુષો પ્રવેશ કરવા સમર્થ બનતા નથી. તેથી તેવાઓને પ્રવેશ માટે અવતારદર્શન—માર્ગદર્શન કરાવવું ઉચિત છે. પણ તેવું અવતાર દર્શન શાસ્ત્રના શરીરનો—સ્વરૂપનો સંક્ષેપમાં વિચાર કર્યા વિના શક્ય નથી. અને તે વિચાર પણ સૂત્રગ્રન્થના અભિધેય—પ્રતિપાદ્ય વિષયના નિશ્ચય વિના સંભવતો નથી. આથી 'સ્યાદ્વાદરત્નાકર'ના સૂત્રરૂપ મૂળ ગ્રન્થ 'પ્રમાણનયતત્ત્વાલોક'ના માત્ર અર્થનું પ્રકાશન કરનાર આ 'રત્નાકરાવતારિકા' નામની લઘુ ટીકાની રચના કરવામાં આવે છે.

(पं०)— **आगमाभिरामे**त्यादि । [1]आगमाभिरामकाननपक्षे आगमा [2]वृक्षास्तदभिरामम् । **असमानपाठीने**ति अपरिमिता अथवाऽसमाना दीप्यमाना ये पाठीनाः । **तीर्थिकग्रन्थग्रन्थी**ति ग्रन्थयो विषमस्थानानि । **अनुरूपमि**ति युक्तम् । **सोऽपी**ति शास्त्रशरीरपरामर्शः ॥

(टि०)— **क्वचिदपगते**त्यादि । **असमाना** गुरुतरा लक्षणया परतीर्थिकास्तेषां **पुच्छच्छटाच्छोटनेन** लक्षणया करास्फालनादिपूर्वं साहङ्कारवाक्येन **उच्छलद्भिरुल्लसद्भिः प्लेषै-**

---

१ अगमाभिरामं का० मु क, आगमाभिरामकाननं प० ल । २ वृक्षास्तैरभि० मु ।

(૨) વળી, સમસ્ત વસ્તુને એટલે કે ત્રણે કાળમાં વિદ્યમાન સામાન્ય અને વિશેષરૂપ પદાર્થોને નિર્મળ કેવળજ્ઞાનરૂપ પ્રકાશથી જાણનાર–સર્વજ્ઞ.

(૩) શક્રો–ઇન્દ્રોના પણ પૂજ્ય છે, કારણ કે તેઓ જન્મસ્નાત્ર–જન્મ સમયે મેરુ પર્વતના શિખરે જન્માભિષેક, આઠ મહાપ્રાતિહાર્ય વગેરેની રચના કરે છે.

(૪) વાણીના સ્વામી એટલા માટે છે, કે તેઓ યથાર્થ વસ્તુ સમૂહનું પ્રતિપાદન કરનારી વાણીનો પ્રયોગ કરે છે, એટલે કે તેમની વાણી જેવો અર્થ છે, તેવું જ નિરૂપણ કરે છે. તેથી તેઓ વાણીના સ્વામી છે.

(टि०)—**नाऽऽरेकणीयमिति** नाऽऽशङ्कनीयम् ।

§४ अनेन च विशेषणचतुष्टयेनामी यथाक्रमं भगवतो मूलातिशयाश्चत्वारः प्ररूपिताः । तद्यथा—अपायापगमातिशयः, ज्ञानातिशयः, पूजातिशयः, वागतिशयश्चेति ।

§ ૪ આ ચાર વિશેષણ વડે અનુક્રમે ભગવાનના ચાર મૂળ અતિશયો જણાવ્યા છે, તે આ પ્રમાણે–

૧ અપાયાપગમાતિશય, ૨ જ્ઞાનાતિશય, ૩ પૂજાતિશય અને ૪ વચનાતિશય.

§५ एतेनैव च समस्तेन गणधरादेः स्वगुरुपर्यन्तस्य स्मृतिः कृतैव द्रष्टव्या, तस्याप्येकदेशेन तीर्थेशत्वात्, निगदितातिशयचतुष्टयाधारत्वाच्च । इति परापरप्रकारेण द्विविधस्याप्युपकारिणः सूत्रकाराः सस्मरुः ।

§ ૫ વળી, આ સમસ્ત શ્લોક દ્વારા ગણધર ભગવંતથી લઈને પોતાના ગુરુ પર્યંત સર્વેને ગ્રંથકારે યાદ કર્યા જ છે, એમ જાણવું. કારણ કે–ગણધર આદિ પણ એકદેશથી તીર્થેશ છે, અને ઉપરોક્ત ચારે અતિશયના આધાર પણ છે.

આ પ્રમાણે ગ્રંથકારે પર અને અપર એમ બન્ને પ્રકારના ઉપકારીઓને યાદ કર્યા છે.

§६ अपकारिणस्तु तथाभूतस्येत्थमनेनैव श्लोकेन स्मृतिमकुर्वन् [illegible] प्रागुक्तस्य
तदाधेयस्याऽऽगमस्य वा, ईं लक्ष्मीं, महिमानं [illegible]
स्वाभिप्रायेण तनूकरोति यः स तीर्थेशः— [illegible]
किंरूपम् ? शक्रः पूज्यो यागादौ हविर्दाना [illegible] स
वता वेदानुसारिणो भट्ट-प्रभाकर-कणभक्षाक्षपाद- [illegible] न्थ
तीर्थेशम् ? गिरामीशं वाचस [illegible]
तथा गिरां वाचाम्, ईं ल [illegible]
पादनं हि वाचां शोभा ।
करोत्येव— इति विशेषणावृत्त्या [illegible] पुनः

नः—नोऽस्माकं श्वेतभिक्षूणां संबन्धि विश्ववस्तु समस्तजीवादितत्त्वं कर्मताऽऽपन्नम्, समानतन्त्रत्वाद् ज्ञातारम् इति दिगम्बरावमर्शः । ज्ञातारमिति च तृन्नन्तमिति "तृन्नुदन्त-" इत्यादिना कर्मणि षष्ठीप्रतिषेधः ।

§ ६ ગ્રંથકાર આ જ શ્લોક દ્વારા બન્ને પ્રકારના અપકારીઓને પણ યાદ કરે છે. તે આ પ્રમાણે—

ઉપર જણાવેલ તીર્થ– ચતુર્વિધ સંઘ અથવા સંઘના આધેયભૂત એટલે કે સંઘરૂપ આધારમાં રહેલ આગમ–શાસ્ત્રની શ્રી–લક્ષ્મી કે મહિમાને અનેક પ્રકારના અસદ્ભૂત દોષોના આરોપ વડે પોતાના અભિપ્રાય મુજબ જે ઓછી કરે છે, તે તીર્થેશ, અર્થાત્ બહિરંગાપકારી–અન્યતીર્થિક, તેનું હું સ્મરણ કરૂં છું.

તે તીર્થેશ– અન્યતીર્થિક કેવો છે ? યજ્ઞાદિમાં બલિ આપવા વગેરેથી શક્ર–ઇન્દ્ર જેને પૂજ્ય છે, તે શક્રપૂજ્ય કહેવાય. આ વિશેષણથી વેદને અનુસરનાર ભટ્ટ–કુમારિલ, પ્રભાકર, કણભક્ષ–કણાદ–વૈશેષિક, અક્ષપાદ–ગૌતમ–નૈયાયિક, કપિલ–સાંખ્યનું સૂચન કર્યું.

વળી, તે તીર્થેશ કેવો છે ? વાણીનો ઈશ–વાચસ્પતિ છે. આ વિશેષણથી નાસ્તિક મત પ્રવર્તાવનાર બૃહસ્પતિની સૂચના કરી.

વળી વાણીની 'ई'–શોભા, મહિમાને જે श्यति ઓછી કરે તે गिरामीशः કહેવાય. પદાર્થનું વાસ્તવિક રીતે પ્રતિપાદન–વર્ણન કરવું તે વાણીની શોભા કહેવાય છે, અને તે શોભાને, શબ્દનો વિષય માત્ર અપોહ છે એમ કહેનાર બૌદ્ધ હીન કરે છે જ. આ પ્રમાણે 'गिरामीशः' વિશેષણની આવૃત્તિ–પુનઃકથન કરીને સુગત–બૌદ્ધનું સૂચન કર્યું છે.

વળી, તે તીર્થેશ કેવો છે ? 'ज्ञातारं विश्ववस्तु नः'– અમને–શ્વેતામ્બર સાધુઓને જ્ઞાત જીવ આદિ સકલ પદાર્થોને જાણનાર, એટલે કે–સમાનતન્ત્રી હોવાથી અમારી જાણેલ સકલ વસ્તુને જાણતો હોય તે. આથી દિગમ્બરની સૂચના છે.

અહીં 'ज्ञातारम्' શબ્દ 'तृन्नन्त' છે, અને 'तृन्नुदन्त' ઈત્યાદિ સૂત્રથી કર્મરૂપ 'विश्ववस्तु' શબ્દમાં ષષ્ઠીસમાસનો પ્રતિષેધ થયેલ છે.

(टि०)—**तदाधेयस्ये**ति तीर्थतयाभिहिते संघे समारोप्यस्य । **एतावते**ति । **भट्टो** जैमिनिर्निष्कर्म्यमीमांसाकृत् । **प्रभाकरः** सकर्म्ममीमांसाकृत् दुर्गसिंहापरनामा । **कणभक्षो** वैशेषिकः । **अक्षपादो** नैयायिकः । **कपिलः** सांख्यः । एते सूचिताः । **परमार्थत** इति तत्त्वतः शब्दानामर्थप्रकाशनमेव शोभा । नहि निरर्थकं वाक्यमाभाति, कार्यानुपयोगित्वादुन्मत्तविरुतवत् । **ता**मिति शोभां, **तनूकरोती**ति सम्बन्धः । **तासा**मिति वाणीनाम् । **अपोहे**ति निर्णयमात्रम् । अयं घटः पटो न भवतीति सामान्यम् । न तु विशिष्टस्य परमाणुलक्षणस्वलक्षणस्य वस्तुनो निर्णयः. वाणीनां विकल्पविषयत्वात्, स्वलक्षणान्तःप्रवेशाभावाच्च । यदुक्तम्–

"तेनाऽन्यापोहविषयाः प्रोक्ताः सामान्यगोचराः ।
शब्दाश्च बुद्धयश्चैव वस्तुन्येषामसम्भवात्" ॥१॥

अस्य व्याख्या-तेनाचार्यदिग्नागेनान्यापोहविषया विकल्पबुद्धिप्रतिभासविषयाः शब्दा बुद्धयश्च प्रोक्ताः । किम्भूता बुद्धयः ? सामान्यगोचराः सविकल्पिका न तु सर्वाः, निर्विकल्पाध्यक्षबुद्धीनां वस्तुविषयत्वाङ्गीकारात् । सौगतैरपि बुद्धिनामेवैतद्विशेषणं न तु शब्दानां तेषां सामान्यविषयत्वाव्यभिचारात् । विकल्पवत् । किं कारणं ? वस्तुनि स्वलक्षणे एषां शब्दानां विकल्पानां चासम्भवादिति । एतदर्थश्च विस्तरार्थिना प्रमाणवार्त्तिके कल्याणचन्द्रकृतटीकातोवसेयः । **तथागतो** बौद्धः ।

नन्वेकस्मिन्नेव वक्तरि स्वात्मानं निर्दिशति कथं 'आनये' इत्येकवचनम्, 'नः' इति बहुवचनं च समगंसाताम्?—इति चेत् । नैतद् वचनीयं वचनीयम्, 'नः' इत्यत्रापि वक्त्रा स्वस्यैकत्वेनैव निर्देशात् । बहुवचनं त्वेकशेषवशात् । तथाहि—ते चान्ये सर्वे श्वेतवाससः, अहं च प्रचिक्रंसितशास्त्रसूत्रधारः, वयम्, तेषां नः । "त्यदादिः" इत्यनेनास्मच्छब्दोऽवशिष्यते, बहुवचनं च भवति । ततोऽस्माकं श्वेतवासोदर्शनाश्रितानां सर्वेषां तत्त्वं यो जानाति, तं च स्मरामीत्युक्तं भवति । इत्थं चैकशेषशालिविशेषणं कुर्वाणैस्तच्छब्दोपदिष्टमार्गस्थाशेषश्वेताम्बरपारतन्त्र्यं स्वस्याविश्चक्रे ।

शङ्का—અહીં વક્તા એક જ છે, તો તે પોતાનો નિર્દેશ 'आनये' દ્વારા એકવચનમાં અને 'नः' દ્વારા બહુવચનમાં કરે તે સંગત કેમ થાય ?

समाधान—આ દૂષણ કહેવા લાયક નથી, કારણ કે– 'नः' શબ્દથી ગ્રન્થકારે પોતાનો એકલાનો જ નિર્દેશ કરેલ છે, અને બહુવચન તો એકશેષ સમાસ થવાથી થયેલ છે. એકશેષ સમાસનું સ્વરૂપ આ પ્રમાણે છે 'ते-अन्ये चाहं च' અહીં તે એટલે બીજા સમસ્ત શ્વેતામ્બરો અને अहं-હું એટલે પ્રારંભ કરવા ધારેલ પ્રકૃત શાસ્ત્રનો કર્તા-ગ્રંથ રચનાર, આમ બન્ને મળી वयं-અમે રૂપ થયું, અહીં 'त्यदादिः' સૂત્રથી अस्मद् રહે અને તેનું બહુવચન 'वयम्' રૂપ થયું અને કર્તરિષષ્ઠીમાં नः રૂપ થયું માટે नः आनये એ નિર્દોષ છે ને સંગત છે.

તેથી અમારા–સમસ્ત શ્વેતામ્બરોને માન્ય તત્ત્વને જે જાણે છે, તે દિગમ્બરને હું યાદ કરું છું, એમ અહીં સમજવું.

આ પ્રમાણે એકશેષ સમાસવાળું વિશેષણ કરીને ગ્રંથકારે 'तद्' શબ્દથી જણાવેલ માર્ગસ્થ–સુવિહિત સમસ્ત શ્વેતામ્બરોમાં પોતાની પરાધીનતા પણ જણાવી છે. એટલે કે તેઓ અહીં જે કહેશે તે શ્વેતામ્બર આમ્નાયને અનુસરનારું હશે.

(टि०)-**समगंसातामिति** गम् सम्पूर्वः समोगम्लित्यादिनात्मनेपदं सङ्गच्छते स्म । **वचनीयमिति** न दूषणं वक्तव्यम् । **प्रचिक्रंसितेति** प्रचिक्रमिषतेतिपाठः । प्रारब्धुमिष्टः शास्त्रकर्त्ता ।

पुनः कीदृशं तम् ? रागद्वेषविजेताऽऽरम्-इतं प्राप्तसंबन्धम्, आरं सांसारिकानेकक्लेशस्वरूपशत्रुसमूहो यस्मिंस्तीर्थेशे स तथा, तं च । कथमेतादृशं तम् ?

१ प्राप्तं संबद्धम्— मुपा ।

इत्याह—रागद्वेषविजा—राग-द्वेषाभ्यां कृत्वा याऽसौ विक् श्रीमदर्हत्प्रतिपादित-तत्त्वात् पृथग्भावः, तया । भगवदर्हत्प्रतिपादितं तत्त्वमनुभवन्तोऽपि हि राग-द्वेष-कालुष्यकलङ्काक्रान्तस्वान्ततया परेऽपरथैव प्रलपन्तः सांसारिकक्लेशशात्रवगोचरतां गच्छन्त्येव । अनेन चाशेषाणां शेषाणामपि संभवैतिह्यप्रमाणवादिचरकप्रमुखाणामाविष्करणम् । न खलु मोहमहाशैलूषस्यैको नर्तनप्रकारो यदशेषतीर्थिकानां प्रत्येकं स्मृतिः कर्तुं शक्येत ।

વળી, તે તીર્થેશ કેવા છે? 'रागद्वेषविजेतारम्' આ પદનો 'रागद्वेषविजा इत અને आरम् આ પ્રમાણે પદચ્છેદ કરીને इतम्—પ્રાપ્ત થયેલ છે, आरम्—સાંસારિક ક્લેશરૂપ શત્રુસમૂહ, એટલે જે તીર્થેશને વિષે સાંસારિક ક્લેશરૂપ શત્રુસમૂહ પ્રાપ્ત થયેલ છે તે 'इतारम्' કહેવાય. તે 'इतारम्' કેવા છે? 'रागद्वेषविजा'—રાગ અને દ્વેષથી ઉત્પન્ન થયેલી, જે विक्—પૃથગ્ભાવ જુદાઈ, તેનાથી, એટલે શ્રી અરિહંત ભગવંતે પ્રતિપાદન કરેલ તત્ત્વોથી પૃથગ્ભાવ, અર્થાત્ તે તીર્થેશ રાગદ્વેષ આદિ દોષથી દૂષિત હોઈ શ્રી અરિહંત પ્રતિપાદિત તત્ત્વોથી જુદા પડે છે.

અરિહંત ભગવાને કહેલ તત્ત્વોનો અનુભવ કરતા હોવા છતાં પણ રાગદ્વેષાત્મક કાળાશરૂપ કલંક—દોષથી આચ્છાદિત અંતઃકરણવાળા હોવાથી અન્યતીર્થિકો તત્ત્વને બીજા પ્રકારે—ઊલટી રીતે કહેતા હોવાથી સાંસારિક અનેક ક્લેશ—જન્મ-મરણાદિ રૂપ શત્રુસમૂહને પામે જ છે. આ વિશેષણથી સંભવ અને ઐતિહ્ય પ્રમાણને માનનારા આયુર્વેદ પ્રવર્તક ચરક આદિ બાકીના સઘળાયે તીર્થાન્તરીઓને જણાવ્યા છે, કારણ કે—મોહરૂપ મહાનટનો નાચવાનો એક જ પ્રકાર તો નથી, કે જેથી એક એક લઈને બધા તીર્થિકોનું સ્મરણ કરી શકાય. આ રીતે ગ્રંથકારે સમસ્ત બહિરંગ અપકારી—સઘળા અન્યતીર્થિકોનું સ્મરણ કર્યું છે એમ જાણવું.

नन्वेवमेतान् प्रतिक्षेपार्थमुपक्षिपतोऽस्य राग-द्वेषकालुष्यवृद्धिः स्यात्, इति श्रेयोविशेषार्थमुपस्थितस्याश्रेयसि प्रवृत्तिरापन्ना— इति शङ्कां निरसितुं 'राग-द्वेष-' इति विशेषणं श्लिष्टमजीघटन्—अरमत्यर्थम्, राग-द्वेषयोर्विजयनशीलः, तेषां स्मृतिमस्मि करोमि, न त्वन्यथा, इति तत्रभवदभिप्रायः । प्रमाणनयतत्त्वं खल्वत्र शुचिविचारचातुरीपूर्वमालोकनीयम् । न च रागद्वेषकषायितान्तःकरणैर्विरच्यमानो विचारश्चारुतामञ्चति । इत्यन्तरङ्गापकारिस्मरणम् ।

शंका— આ પ્રકારે પ્રારંભમાં તે તીર્થિકોને તેમના મતનું ખંડન કરવા માટે યાદ કરવાથી તો ગ્રન્થકર્તાને રાગદ્વેષરૂપ કાલુષ્યની વૃદ્ધિ થશે અને તેથી કલ્યાણ વિશેષને માટે તત્પર થયેલ ગ્રન્થકારની અકલ્યાણમાં પ્રવૃત્તિ થઈ ગઈ.

समाधान—અહિં रागद्वेषविजेतारम्' આ વિશેષણ શ્લિષ્ટ અર્થવાળું છે, તે આ પ્રમાણે—रागद्वेषविजेता—અને अरम् આ પ્રમાણે પદચ્છેદ કરીને રાગ દ્વેષને જીતવાના

इदं च वाक्यं मुख्यतया प्रयोजनमेव प्रतिपादयितुमुपन्यस्तम्, तस्यैव प्राधान्येन प्रवृत्त्यङ्गत्वात् । अभिधेय-सम्बन्धौ तु सामर्थ्याद् गमयति । तथाहि—प्रमाण-नयतत्त्वमभिधेयम्, 'प्रमाणनयतत्त्व'इत्यवयवेन लक्षितम्, सुखानुष्ठेयं चैतत्— इत्यशक्यानुष्ठानाभिधेयाशङ्का निराकारि ।

प्रयोजनं द्वेधा—कर्तुः श्रोतुश्च । तत्र कर्तुः प्रयोजनं प्रमाणनयतत्त्वव्यवस्थापनं 'प्रमाण-'इत्यादिसूत्रावयवेन ण्यन्तेन साक्षादाचचक्षे । श्रोतृप्रयोजनं च 'व्यवस्था'—इत्युपसर्गधातुसमुदायेनैव तदन्तर्गतं प्रत्याय्यते । प्रमाणनयतत्त्वनिश्चयमिच्छवो हि श्रोतारोऽहंप्रथमिकयात्र शास्त्रे प्रवर्त्तेरन् । अभिमतं चैतत् प्रयोजनं द्वयोरपि— इत्यनभिमतप्रयोजनत्वारेका निरस्ता ।

संबन्धस्त्वभिधेयेन सह वाच्यवाचकभावलक्षणः शास्त्रस्यावश्यंभावी— इत्यनुक्तोऽप्यर्थाद् गम्यते— इति संबन्धरहितत्वाऽऽशङ्कानुत्थानोपहतैवेति ।

અને આ 'प्रमाणनय' ઈત્યાદિ વાક્યનો ઉપન્યાસ– પ્રયોગ તો મુખ્યપણે પ્રયોજન પ્રતિપાદન કરવા માટે જ છે, કારણ કે– પ્રવૃત્તિનું મુખ્ય કારણ તો પ્રયોજન છે.

અભિધેય–પ્રતિપાદ્યવિષય અને સમ્બન્ધ તો સૂત્રના પોતાના સામર્થ્ય–સ્વશક્તિથી જ જણાઈ આવે છે, તે આ પ્રમાણે—

સૂત્રના 'प्रमाणनयतत्त्व' એ અંશથી પ્રમાણ અને નયતું સ્વરૂપ એ અભિધેય છે, એમ બોધ થાય છે, અને તે સુખપૂર્વક અનુષ્ઠેય– જ્ઞાન કરવા લાયક છે, આથી અભિધેય અશક્ય અનુષ્ઠાનવાળું છે, એ શંકાનો નિરાસ કર્યો.

પ્રયોજન બે પ્રકારે છે ૧ કર્તાનું પ્રયોજન, અને ૨ શ્રોતાનું પ્રયોજન. તેમાં 'प्रमाणनयतत्त्वव्यवस्थापनं' એ સૂત્રના ण्यन्त–પ્રેરક રૂપવાળા અવયવ વડે કર્તાનું પ્રયોજન તો સાક્ષાત્ કહેલ છે, અને કર્તાના પ્રયોજનની અંદર वि અને अव ઉપસર્ગપૂર્વક 'ष्ठा' ધાતુના સમુદાયરૂપ 'व्यवस्था' શબ્દથી જ શ્રોતાનું પ્રયોજન તો જણાઈ આવે છે, જેથી કરીને પ્રમાણ અને નયના તત્વનો નિશ્ચય કરવાની ઈચ્છાવાળા શ્રોતાઓ 'હું પહેલો હું પહેલો' એ રીતે શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે છે. કર્ત્તા–શાસ્ત્રકાર અને શ્રોતા એ બન્નેને આ પ્રયોજન ઇષ્ટ છે. તેથી અનિષ્ટ પ્રયોજનની શંકા દૂર થઈ ગઈ.

સંબંધ તો– શાસ્ત્રનો અભિધેય સાથેનો વાચ્યવાચકભાવરૂપે અવશ્ય હોય છે, અને સૂત્રમાં તે જણાવેલ નથી તો પણ અર્થાપત્તિ દ્વારા જણાઈ આવે છે જ. આ પ્રકારે સંબંધ નથી એવી શંકા ઊઠતીજ નથી, અને તે જ તેનો નિરાસ છે.

(टि०) **तस्येति** प्रयोजनस्य मुख्यत्वेन प्रवृत्तिहेतुत्वात् । **तदन्तर्गतमिति** आचार्यप्रयोजनान्तर्गतं **प्रत्याय्यते** प्रतीतिगोचरं नीयते ।

આ સૂત્રમાં પ્રમાણ અને નય એ બન્ને શબ્દોનો દ્વન્દ્વસમાસ કરેલ છે.

शङ्का–દ્વન્દ્વ સમાસમાં અલ્પ સ્વરવાળું પદ પહેલું આવે, એ નિયમને અનુસરીને 'નય' શબ્દ પહેલો આવવો જોઈએ, તો 'પ્રમાણ' શબ્દ પહેલો કેમ મૂક્યો ?

समाधान–જેમ 'लक्षणहेत्वोः' આ સ્થળે 'હેતુ' અલ્પ સ્વરવાળો છે, અને 'લક્ષણ' શબ્દ અધિકસ્વરવાળો છે, છતાં અભ્યર્હિત–પૂજ્ય–મહત્તર હોવાથી 'લક્ષણ' પદ પહેલું છે, તેમ પ્રમાણશબ્દ નયશબ્દ કરતાં અધિક સ્વરવાળો હોવા છતાં તે અભ્યર્હિત હોવાથી તેનું પ્રથમ ઉપાદાન થયેલ છે.

પ્રમાણ અને નયના તત્ત્વ–અસાધારણ સ્વરૂપ–નો નિશ્ચય કરવો એ જ આ ઉપક્રમ–કાર્યારંભનું પ્રયોજન છે. તે જ પ્રયોજન જે ઉપક્રમમાં છે, તે ઉપક્રમ તેને માટે છે, એટલે કે–વ્યવસ્થા–નિશ્ચય માટે ઉપક્રમ છે. એ ઉપક્રમ રૂપ ક્રિયાનું 'प्रमाणनयतत्त्वव्यवस्थापनार्थं' એ વિશેષણ છે. પણ 'इदम्' શબ્દથી નિર્દિષ્ટ શાસ્ત્રનું વિશેષણ નથી. આચાર્ય–ગ્રન્થકાર પ્રમાણ અને નયના તત્ત્વનું વ્યવસ્થાપન–નિશ્ચય શાસ્ત્રવડે જ કરે છે, માટે ઉપક્રમ–ક્રિયારંભ રૂપ આચાર્યના વ્યાપારના વિશેષણ તરીકે તે અનુકૂલ છે, પરંતુ શાસ્ત્રનું તે વિશેષણ નથી, કારણ કે–આચાર્યને પ્રમાણ અને નયના તત્ત્વની વ્યવસ્થા કરવી છે, અને તે શાસ્ત્ર દ્વારા થતી હોઈ તેમાં શાસ્ત્ર કરણ–અસાધારણ કારણ તરીકે ઉપયોગી છે, માટે સૂત્રનો એ અંશ આચાર્યના વ્યાપારરૂપ ઉપક્રમ–આરંભના જ વિશેષણ તરીકે યોગ્ય છે.

शंका–શાસ્ત્ર અર્થની વ્યવસ્થા કરે છે, તો તે કરણ છે, એમ કેમ કહેવાય ?

समाधान–શાસ્ત્રમાં કર્તૃત્વ ઔપચારિક છે. અર્થાત્ આચાર્યનું વ્યવસ્થા-કર્તૃત્વ શાસ્ત્રમાં આરોપિત છે.

આથી સમગ્રભાવે આવો અર્થ થાય છે કે– આ શાસ્ત્ર કે જે સ્વસંવેદનથી અન્તસ્તત્ત્વરૂપે પ્રત્યક્ષ છે, અર્થાત્ આચાર્યનું પ્રમાણનયના તત્ત્વવિષયક જે જ્ઞાન તે અન્તઃશાસ્ત્ર છે, અને તેનો પ્રારંભ બાહ્યશબ્દરૂપે કરવામાં આવે છે, અર્થાત્ અંતરમાં પ્રતિભાસિત જ્ઞાનનો આવિર્ભાવ શબ્દદ્વારા કરી આ ગ્રન્થરૂપ બાહ્યશાસ્ત્રનો પ્રારંભ કરવામાં આવે છે.

(टि॰) **ननु यदिहे**त्यादि । **तत्रे**ति प्रयोजनादिरहिते शास्त्रे । **प्रेक्षाचक्षुष** इति प्रेक्षावन्तो विद्वांसः **क्षोदिष्ठामपि** स्वल्पामपि । **इदमपी**ति भवदारभ्यमाणं शास्त्रं **तथे**ति अशक्यानुष्ठान-प्रयोजनादियुक्तं निष्कलङ्कं न स्यात् ॥ **न तर्ही**ति । **तेषां** विदुषाम् ।

प्रकर्षेणेत्यादि । **संशयादी**ति । **आदि**शब्दाद्विपर्ययानध्यवसायौ ज्ञेयौ **बह्वच्-त्वेऽपी**ति बहुस्वरत्वेपि । **अभ्यर्हिते**ति पूजितत्वात् । **अल्पाच्तरा**दिति स्तोकस्वरात् । **अच्-**शब्दः स्वरसंज्ञया व्याकरणप्रसिद्धः ।

न तु शास्त्रस्येत्यादि । **तत्रे**ति व्यवस्थापने । **तत्रे**ति शास्त्रे । **इदमि**ति । शास्त्रं हि द्विविधं अर्थतः शब्दतश्च । अन्तरर्थरूपम्, बहिः शब्दरूपम् । **तत्त्वरूपे**ति ज्ञानरूपतया ।

(प) बह्वच्त्वेऽपीति बहुस्वरत्वेऽपि । **अन्तस्तत्त्वरूपतये**ति शास्त्ररूपतया ॥

इदं च वाक्यं मुख्यतया प्रयोजनमेव प्रतिपादयितुमुपन्यस्तम्, तस्यैव प्राधान्येन प्रवृत्त्यङ्गत्वात्। अभिधेय-सम्बन्धौ तु सामर्थ्याद् गमयति। तथाहि—प्रमाण-नयतत्त्वमभिधेयम्, 'प्रमाणनयतत्त्व'इत्यवयवेन लक्षितम्, सुखानुष्ठेयं चैतत्— इत्यशक्यानुष्ठानाभिधेयाशङ्का निराकारि।

प्रयोजनं द्वेधा—कर्तुः श्रोतुश्च। तत्र कर्तुः प्रयोजनं प्रमाणनयतत्त्वव्यवस्थापनं 'प्रमाण-'इत्यादिसूत्रावयवेन ण्यन्तेन साक्षादाचचक्षे। श्रोतृप्रयोजनं च 'व्यवस्था'— इत्युपसर्गधातुसमुदायेनैव तदन्तर्गतं प्रत्याय्यते। प्रमाणनयतत्त्वनिश्चयमिच्छवो हि श्रोतारोऽहंप्रथमिकयात्र शास्त्रे प्रवर्त्तेरन्। अभिमतं चैतत् प्रयोजनं द्वयोरपि— इत्यनभिमतप्रयोजनत्वारेका निरस्ता।

संबन्धस्त्वभिधेयेन सह वाच्यवाचकभावलक्षणः शास्त्रस्यावश्यंभावी— इत्यनुक्तोऽप्यर्थाद् गम्यते— इति संबन्धरहितत्वाऽऽशङ्कानुत्थानोपहतैवेति।

અને આ 'प्रमाणनय' ઈત્યાદિ વાક્યનો ઉપન્યાસ– પ્રયોગ તો મુખ્યપણે પ્રયોજન પ્રતિપાદન કરવા માટે જ છે, કારણ કે– પ્રવૃત્તિનું મુખ્ય કારણ તો પ્રયોજન છે.

અભિધેય–પ્રતિપાદ્યવિષય અને સમ્બન્ધ તો સૂત્રના પોતાના સામર્થ્ય–સ્વશક્તિથી જ જણાઈ આવે છે, તે આ પ્રમાણે—

સૂત્રના 'प्रमाणनयतत्त्व' એ અંશથી પ્રમાણ અને નયતું સ્વરૂપ એ અભિધેય છે, એમ બોધ થાય છે, અને તે સુખપૂર્વક અનુષ્ઠેય– જ્ઞાન કરવા લાયક છે, આથી અભિધેય અશક્ય અનુષ્ઠાનવાળું છે, એ શંકાનો નિરાસ કર્યો.

પ્રયોજન બે પ્રકારે છે ૧ કર્તાનું પ્રયોજન, અને ૨ શ્રોતાનું પ્રયોજન. તેમાં 'प्रमाणनयतत्त्वव्यवस्थापनं' એ સૂત્રના ण्यन्त–પ્રેરક રૂપવાળા અવયવ વડે કર્તાનું પ્રયોજન તો સાક્ષાત્ કહેલ છે, અને કર્તાના પ્રયોજનની અંદર वि અને अव ઉપસર્ગપૂર્વક 'ष्ठा' ધાતુના સમુદાયરૂપ 'व्यवस्था' શબ્દથી જ શ્રોતાનું પ્રયોજન તો જણાઈ આવે છે, જેથી કરીને પ્રમાણ અને નયના તત્વનો નિશ્ચય કરવાની ઈચ્છાવાળા શ્રોતાઓ 'હું પહેલો હું પહેલો' એ રીતે શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે છે. કર્ત્તા–શાસ્ત્રકાર અને શ્રોતા એ બન્નેને આ પ્રયોજન ઇષ્ટ છે. તેથી અનિષ્ટ પ્રયોજનની શંકા દૂર થઈ ગઈ.

સંબંધ તો– શાસ્ત્રનો અભિધેય સાથેનો વાચ્યવાચકભાવરૂપે અવશ્ય હોય છે, અને સૂત્રમાં તે જણાવેલ નથી તો પણ અર્થાપત્તિ દ્વારા જણાઈ આવે છે જ. આ પ્રકારે સંબંધ નથી એવી શંકા ઊઠતીજ નથી, અને તે જ તેનો નિરાસ છે.

(टि०) **तस्ये**ति प्रयोजनस्य मुख्यत्वेन प्रवृत्तिहेतुत्वात्। **तदन्तर्गत**मिति आचार्यप्रयोजनान्तर्गतं **प्रत्याय्यते** प्रतीतिगोचरं नीयते।

§ ३ अत्र धर्मोत्तरानुसारी प्राह–प्रयोजनमादिवाक्येन साक्षादाख्यायत इति न क्षमे। यतः संबद्धमसंबद्धं वा तत् तदभिदधीत? यद्यसंबद्धमेव; तदाऽऽदिवाक्यादेव समस्तशास्त्रार्थसंदर्भगर्भाविर्भावसंभवात् किं प्रकृतशास्त्रोपक्रमक्लेशेन? संबद्धं चेत्; तदसंबद्धम्, शब्दार्थयोः संबन्धासंभवात्। तथाहि–अयमनयोर्भवंस्तादात्म्यम्, तदुत्पत्तिः, वाच्य-वाचकभावो वा भवेत्?

§ ૩ અહીં ધર્મોત્તરાનુસારી બૌદ્ધ શંકા કરે છે—'प्रमाणनय' એ આદિ વાક્યથી પ્રયોજન સાક્ષાત્ કહેવાયું છે, એ તમારૂં કથન અમોને સમ્મત નથી કારણ કે- અમે પૂછીએ છીએ કે- આદિવાક્ય પ્રયોજનની સાથે સમ્બદ્ધ થઈને પ્રયોજનનું અભિધાન કરે છે? કે અસમ્બદ્ધ રહીને પ્રયોજનનું અભિધાન કરે છે?

જો પ્રયોજન સાથે અસમ્બદ્ધ એવું આદિવાક્ય પ્રયોજનને કહે છે, એમ કહો તો- આદિવાક્યથી જ સમસ્ત શાસ્ત્રના અર્થની રચનાનું રહસ્ય પ્રકટ થઈ જવાનો સંભવ છે, તો પ્રકૃતશાસ્ત્રના આરંભનો ક્લેશ શા માટે?

અને પ્રયોજન સાથે સંબદ્ધ આદિવાક્ય પ્રયોજનને કહે છે, એમ કહો તો- તે કથન અસંગત છે, કારણ કે શબ્દ અને અર્થના સંબંધનો સંભવ નથી, તે આ પ્રમાણે- શબ્દ અને અર્થનો સંબંધ હોય તો તે કયો છે? તાદાત્મ્ય? તદુત્પત્તિ? કે વાચ્યવાચકભાવ સંબંધ છે?

(प०) **तत् तदभिदधीते**ति तदादिवाक्यं कर्तृ तत्प्रयोजनं कर्म। **आदिवाक्यादेवे**ति एतस्मादेव। **अनयो**रिति शब्दार्थयोः।

(टि०) **अत्र धर्मोत्तरे**त्यादि। **तदि**ति आदिवाक्यम्। **तदि**ति प्रयोजनम्। **समस्तशास्त्रे**ति लक्षणसाहित्यतर्कादि। **तथाही**त्यादि। **अयमि**ति सम्बन्धः, **अनयो**रिति शब्दार्थयोः।

प्राचीनपक्षे स एवात्मा यस्येति विग्रहे–किं तच्छब्दस्य शब्द एव, तदर्थो वा वाच्यतया त्वच्चित्ते चकास्यात्? यदि शब्दः, तर्हि समस्ता अप्यर्थाः स्वस्ववाचकस्वभावा बभूवांसः – इति युगपदशेषाणां तेषां निःशेषकालं यावद् गुमगुमायमानताऽऽपत्तेः – अयत्नोपनतपणववेणुवीणामृदङ्गसङ्गिसङ्गीतकारम्भनिभृतमिव त्रिभुवनं भवेत्। अथ तदर्थः; तर्हि तुरग-तरङ्ग-शृङ्गार-भृङ्गारादिशब्दोच्चारणे चूरण-प्लावन-संभोग-घट्टनादिप्रसक्तिः। किञ्च, अतीतानागतवर्धमान-पद्मनाभादिकल्पितकथादिवचसामुच्चारणमचतुरस्रं स्यात्। न हि वृक्षात्मा शिंशपा तमन्तरेणापि क्वापि संपद्यते। तथात्वे हि स्वस्वरूपमेवासौ जह्यात्, कुम्भ-स्तम्भाम्भोरुहादिवत्। प्रत्यक्षमपि चैतयोस्तादात्म्यं न क्षमते। कर्णकोटरकुटुम्बी खल्वभिलापः प्रत्यक्षेण लक्ष्यते, क्षितितलावलम्बी तु कलश-कुलिशादिर्भावराशिः– इति कथमनयोरैक्यं शक्येत वक्तुम्? तन्न तादात्म्यपक्षोपक्षेपः सूक्ष्मः।

પહેલો પક્ષ કહો તો– તે જ જેનો આત્મા–સ્વરૂપ છે–સમાસના આવા વિગ્રહ-વાક્યમાં 'તે' શબ્દનું શું અભિપ્રેત છે? શબ્દ કે અર્થ? '–તે' શબ્દનો વાચ્યાર્થ શબ્દ છે, એમ કહો તો– સમસ્ત ઘટપટાદિ પદાર્થો પોતપોતાના વાચક શબ્દરૂપ બની ગયા. અર્થાત્ શબ્દ અને અર્થનો ભેદ ન રહ્યો, આથી સદૈવ તે બધા ગણગણાટ કરતા થઈ જશે. અર્થાત્ સમસ્ત પદાર્થો શબ્દરૂપ હોવાથી તેમાં ગુંજાયમાનતાની આપત્તિ–દોષ આવશે. અને તેથી તૈયાર કરીને મૂકેલાં પણવ–મોટો ઢોલ, વેણુ–વાંસળી, વીણા, મૃદંગ–તબલા વિગેરે વાજિંત્રોથી અનાયાસે ઉત્પન્ન થયેલ સંગીતથી ભરેલ હોય એવાં ત્રણે ભુવન થઈ જશે. પણ આવો અનુભવ થતો નથી, માટે તેમ માનવું ઉચિત નથી.

'તે' શબ્દનો વાચ્યાર્થ અર્થ કહો તો– અર્થાત્ શબ્દને અર્થરૂપ માનવાથી તુરગ–ઘોડો, તરંગ, શૃંગાર, ભૃંગાર વિગેરે શબ્દોનું ઉચ્ચારણ કરતાની સાથે જ અનુક્રમે કચડાઈ જવાનો, પલળી જવાનો (ડૂબી જવાનો, તરવાનો કે કૂદવાનો) સંભોગ થવાનો અને અથડાઈ જવાનો પ્રસંગ આવશે.

વળી આ પક્ષમાં ભૂતકાલીન વર્દ્ધમાન–મહાવીર અને ભવિષ્યકાલીન પદ્મ-નાભાદિ વિષયક કથન–શબ્દોચ્ચારણ અસંગત થશે. કારણ કે–'વર્દ્ધમાન,' એવો શબ્દોચ્ચાર વર્દ્ધમાનરૂપ અર્થ હોય તો જ ઘટી શકે પરંતુ વર્દ્ધમાન અર્થ તો અત્યારે નથી, તો તેમના અભાવમાં શબ્દસ્વરૂપની ઘટના કેવી રીતે થશે? અર્થાત્ શબ્દ સ્વરૂપ વિનાનો હોઈ તેનું ઉચ્ચારણ અશકય થશે. જેમકે– સીસમ જો વૃક્ષ-સ્વરૂપ વિના પણ રહી શકતું હોય તો તે વૃક્ષ કહેવાશે જ નહિ, જેમ કુંભ, સ્તંભ, કમળ વિગેરે વૃક્ષો નથી તેમાં, એટલે કે– તમે શબ્દને અર્થસ્વરૂપ માનો તો 'વર્દ્ધમાન' એવો શબ્દ વર્દ્ધમાન એવા અર્થ વિના ઘટી શકશે નહિ.

વળી પ્રત્યક્ષ પ્રમાણની અપેક્ષાએ શબ્દ અને અર્થનું તાદાત્મ્ય સિદ્ધ થતું નથી. કારણ કે શબ્દ તો શ્રોત્રેન્દ્રિયના છિદ્રમાં પ્રત્યક્ષ થાય છે, જ્યારે કલશ, કુલિશ–વજ્ર પ્રમુખ પદાર્થસમૂહ તો પૃથ્વીતલના આલમ્બનવાળો છે, અર્થાત્ પૃથ્વીતલ ઉપર રહેલો જોવાય છે. તો એ બન્નેનું ઐકય કઈ રીતે કહી શકાય? આ રીતે તાદાત્મ્ય પક્ષનો ઉપન્યાસ યુક્તિસંગત નથી.

(प०) **तदर्थो** वेति तदभिधेयो घटादिः। **चकास्यादि**ति प्रतिभासेत। **स्वस्ववाचकस्वभावा** इति स्वं स्वं वाच्यं प्रति वाचकस्वरूपाः । **बभूवांस** इति भूताः । **निभृतमि**ति निश्चलम् । **तदर्थ** इति शब्दोऽर्थात्मकः । **चतुरस्रमि**ति शोभनम् । **तमन्तरेणे**ति [1]वृक्षात्मानमन्तरेण । **तथात्वे** हीत्यादि यदि वृक्षात्मानमन्तरेणापि शिंशपा भवेत् । **अभिलाप** इति शब्दः । **प्रत्यक्षेणे**ति श्रोत्रेण । **कथमनयोरैक्यमि**ति । एकः शब्द आगत्य कर्णयोर्लगति, अर्थस्तु क्षितितलावलम्बी तथैव तिष्ठति । अतः कथमनयोस्तादात्म्यमित्यर्थः ॥

(टि०) **विग्रहे** इति समासे तादात्म्यशब्दादिप्रयुक्ते **तच्छब्दस्य शब्द** एव वाच्यः, **तदर्थो वे**ति शब्दार्थो वा । **यदि शब्द** इति तच्छब्दवाच्यश्चेच्छब्दः । **स्वस्ववाचके**ति आत्मानमात्मना ख्यापयेयुः, शब्दात्मकत्वादर्थानाम् । **अथ तदर्थ** इति तच्छब्दवाच्यश्चेदर्थः । **किञ्चे**ति अतीत-

1 वृक्षमन्त॰ ल

कथानामुच्चारणमयुक्तं स्यात् । **नहीति** शिंशपाशब्दः **तमिति** वृक्षपदार्थमन्तरेण । **तथात्वे** इति अवृक्षत्वे । **स्वरूपमिति** शिंशपात्वं, **असाविति** शिंशपा । **कुम्भस्तम्भेति** यदा स्तम्भः स्तम्भस्वरूप एव न स्यात् तदा पदार्थहानिरेव भवेत्, तस्याऽसत्त्वात् खपुष्पवत् ।

तदुत्पत्तिपक्षेऽपि किं शब्दादर्थ उन्मज्जेत्, अर्थाद् वा शब्दः ? प्राचिकविकल्पे कलशादिशब्दादेव तदर्थोत्पत्तेर्न कोऽपि सूत्रखण्डदण्डचक्रचीवरादिकारणकलापमीलनक्लेशमाश्रयेत् । प्रयोजनवाक्यमात्रादेव च तत्प्रसिद्धेः प्रकृतशास्त्रारम्भाभियोगोऽपि निरुपयोगः स्यात् । द्वितीये पुनरनुभवबाधनम्, अधररदनरसनादिभ्यः शब्दोत्पत्तिसंवेदनात् ।

બીજા પક્ષે તદુત્પત્તિ એટલે શબ્દથી અર્થ ઉત્પન્ન થાય છે, એમ સ્વીકારો છો ? કે અર્થથી શબ્દની ઉત્પત્તિ થાય છે, એમ સ્વીકારો છો ?

પહેલો વિકલ્પ– શબ્દથી અર્થ ઉત્પન્ન થાય છે, એમ કહો તો કલશાદિ–ઘટાદિ શબ્દથી (તે શબ્દ બોલતાની સાથે જ) તે કલશાદિ પદાર્થની ઉત્પત્તિ થઈ જતાં દોરી, દંડ–ચક્ર, ચીથરું વિગેરે નિમિત્ત કારણોને એકઠાં કરવાનો પરિશ્રમ કોણ કરે ? અર્થાત્ કોઈ પણ એવો પરિશ્રમ કરે નહિ. તે જ રીતે પ્રસ્તુતમાં પણ પ્રયોજનપ્રતિપાદક વાક્યમાત્રથી જ પ્રયોજનની સિદ્ધિ થઈ જશે. તો પ્રકૃતશાસ્ત્રના આરંભનો આગ્રહ– શાસ્ત્રરચનાની પ્રતિજ્ઞા પણ નિરુપયોગી થઈ જશે. અર્થાત્ શાસ્ત્ર રચવાની આવશ્યકતા જ નહિ રહે.

બીજો વિકલ્પ–અર્થથી શબ્દ ઉત્પન્ન થાય છે, એમ કહો તો અનુભવનો બાધ–વિરોધ છે, કારણ કે શબ્દની ઉત્પત્તિ હોઠ,-જીભ, દાંત વિગેરેથી થાય છે, એ સર્વાનુભવ સિદ્ધ વાત છે. અર્થાત્ શબ્દની ઉત્પત્તિ પોતાના વાચ્ય અર્થથી થતી નથી. માટે તદુત્પત્તિ પક્ષ પણ સંગત નથી.

(टि०) **तदुत्पत्तीत्यादि** । **प्रयोजनेति** आदिवाक्यादेव वाच्यार्थप्रयोजनसिद्धेः । **तत्प्रसिद्धेरिति** प्रयोजनप्रसिद्धेः ।

वाच्य-वाचकभावपक्षोऽपि न क्षेमकारः । यतोऽसौ वाच्य-वाचकयोः स्वभावभूतः, तदतिरिक्तो वा भवेत् ? आद्यभिदायां वाच्य-वाचकावेव, न कश्चिद् वाच्य-वाचकभावो नाम संबन्धः । द्वितीयभिदायां तु वाच्य-वाचकाभ्यामेकान्तेन भिन्नोऽसौ स्यात्, कथञ्चिद् वा ? आद्यभेदे भेदत्रयं त्रौकते–किमयं नित्यः, अनित्यः, नित्यानित्यो वा इति ? नित्यश्चेत्; संबन्धिनोरपि नित्यताऽऽपत्तिः, अन्यथा संबन्धस्याप्यनित्यत्वानुषङ्गात् तत्संबन्धिसंबद्धसम्बन्धस्वभावप्रच्युतेः । अथानित्यः; तदा सर्ववाच्यवाचकेष्वेकः, प्रतिवाच्यवाचकं भिन्नो वा ? एकश्चेत्; तर्ह्येकस्मादेव शब्दादशेषपदार्थप्रतिपत्तिप्रसङ्गः । द्वितीयपक्षे तु किमसौ तत्र संबद्धोऽसंबद्धो वा भवेत् ? असम्बद्धश्चेत्; तर्हि घटशब्दादपि पटप्रतीतिः स्यात्, पटशब्दाच्च घटप्रतीतिः, द्वयोरपि वाच्य-वाचकभावयोरुभयत्राविशेषात् । अथ सम्बद्धः; तादात्म्येन, तदुत्पत्त्या वा ? न तावत् तादात्म्येन,

भेदपक्षकक्षीकारात् । नापि तदुत्पत्त्या । यतः किमयं वाच्योत्पत्तिकाले जायेत, वाचकोत्पत्तिकाले, युगपदुभयोरुत्पत्तिकाले, एकस्य प्रथममुत्पादेऽपि यदैव च द्वितीय उत्पद्यते तदैव वा ? नाद्यौ पक्षावक्षूणौ, द्वयाधारत्वेनास्यान्यतरस्याप्यसत्तायामुत्पत्तिविरोधात् । तार्तीयीकविकल्पे तु क्रमेणोत्पदिष्णवः पदार्थाः शब्दाश्च अवाच्या अवाचकाश्च भवेयुः । तुरीयपक्षे तु किमसौ वाच्य-वाचकाभ्यामेव सकाशादुल्लसेत्, अन्यत एव, अन्यतोऽपि वा ? आद्यकल्पनायाम्, अनाकलितसङ्केतस्यापि नालिकेरद्वीपवासिनः शब्दोच्चारणानन्तरमेव पदार्थप्रतीतिः स्यात्, तदानीमेव तस्योत्पादात् । अथोत्पन्नोऽप्यसौ सङ्केताभिव्यक्त एव वाच्यप्रतिपत्तिनिमित्तम् । ननु कार्य-कारणभावविशेष एवाभिव्यङ्ग्याभिव्यञ्जकभावः । तत्र चान्यतोऽपीति विकल्पप्रतिविधानमेव समाधानम् । अथान्यतः सङ्केतादेवायमुत्पद्यते; तदप्यवद्यम्, तदाधार[1]धर्मस्यान्यत एवोत्पत्तिविरोधात् । न चैवं वाच्य-वाचकयोस्तदुत्पत्तिसम्बन्धोऽस्य कथितः स्यात् ।

વાચ્યવાચકભાવ પક્ષ પણ કલ્યાણકારક નથી, કારણ કે આ વાચ્યવાચક ભાવ નામનો સંબંધ વાચ્યવાચકના સ્વભાવરૂપ છે ? કે વાચ્યવાચકથી ભિન્ન ? પહેલો વિકલ્પ એટલે કે–સ્વભાવરૂપ કહો તો વાચ્ય અને વાચકથી ભિન્ન–એવો કોઈ સંબંધ થશે નહિ, પરંતુ વાચ્યવાચક જ રહેશે. બીજો વિકલ્પ સ્વીકારો તો અમે પૂછીએ છીએ કે આ વાચ્યવાચકભાવ–સંબંધ વાચ્યવાચકથી એકાંત ભિન્ન છે? કે કથંચિત્ ભિન્ન છે? પહેલો વિકલ્પ એટલે એકાંત ભિન્ન છે, એમ કહો તો તે સંબંધ નિત્ય છે ? અનિત્ય છે ? કે નિત્યાનિત્ય ? એમ ત્રણ ભેદ–વિકલ્પ થાય છે. તેમાં નિત્ય કહો તો સંબંધીઓને પણ નિત્ય માનવા પડશે, અને એમ નહિ માનો તો સંબંધને પણ અનિત્ય માનવો પડશે, અન્યથા બે સંબંધીઓમાં સંબદ્ધ થઇને રહેવાનો એ સંબંધનો જે સ્વભાવ છે, તેની હાનિ થશે. માટે વાચ્યવાચકથી એકાન્ત ભિન્ન તેના સંબંધને નિત્ય કહી શકશો નહીં. અનિત્ય કહો તો સમસ્ત વાચ્યવાચકમાં તે અનિત્ય સંબંધ એક જ છે કે દરેક વાચ્યવાચકમાં ભિન્ન ભિન્ન છે? એક કહો તો એક જ શબ્દથી સમસ્ત પદાર્થમાં બોધનો પ્રસંગ આવશે. અર્થાત્ વાચ્યવાચકભાવ સંબંધ એક હોઈ કોઇ એક ઘટ શબ્દનો સંબંધ સઘળા પદાર્થ સાથે માનવો પડશે. ઘટ શબ્દથી માત્ર ઘટ પદાર્થનો જ બોધ નહિ થાય. પરંતુ જગતના સમસ્ત પદાર્થોનો બોધ થશે. પણ એ તો અનુભવથી બાધિત હોવાથી સઘળા વાચ્યવાચકમાં એક સંબંધ છે, એમ કહી શકાય નહીં. દરેક વાચ્યવાચકમાં તે સંબંધ ભિન્ન ભિન્ન છે, એમ કહો તો તે સંબંધ દરેક વાચ્યવાચક સાથે સમ્બદ્ધ છે? કે અસમ્બદ્ધ ? અસમ્બદ્ધ હોય તો ઘટ શબ્દથી પટની અને પટશબ્દથી ઘટની પ્રતીતિ થવી જોઇએ, કારણ કે ઘટ અને પટ એ બન્ને અર્થમાં વાચ્યવાચકભાવરૂપ સંબંધની અસમ્બદ્ધતા સમાન જ છે. સમ્બદ્ધ કહો તો તાદાત્મ્યરૂપે સમ્બદ્ધ છે ? કે તદુત્પત્તિરૂપે ? અહીં

[1] धारस्य ध॰ मु अयं पाठः टिप्पणसंमतः

વાચ્યવાચકથી વાચ્યવાચકભાવ રૂપ સંબંધ એકાન્ત ભિન્ન છે, એ પક્ષ સ્વીકારેલ હોવાથી તાદાત્મ્ય પક્ષ સ્વીકારી શકાય નહિ. અને તદુત્પત્તિ પક્ષ પણ સંભવશે નહીં, કારણ કે આ સંબંધની ઉત્પત્તિ વાચ્યના ઉત્પત્તિકાલે થાય છે કે વાચકના ઉત્પત્તિકાલે થાય છે ? કે એકી સાથે બન્નેના ઉત્પત્તિ કાલે થાય છે ? કે એકની ઉત્પત્તિ થયા પછી બીજાની ઉત્પત્તિ થાય ત્યારે ? આમાં પહેલા બે પક્ષો દૂષિત જ છે. કારણ કે સંબંધ વાચ્ય અને વાચક એ બન્નેને આધારે હોવાથી એમાંથી કોઈ એક ન હોય ત્યારે એની ઉત્પત્તિ થઈ શકતી નથી. ત્રીજો પક્ષ પણ ઉચિત નથી કારણ કે અનુક્રમે ઉત્પન્ન થનારા પદાર્થ અને શબ્દ અવાચ્ય અને અવાચક થઈ જશે. અર્થાત્ અર્થની ઉત્પત્તિ થઇ ત્યારે શબ્દ સાથેના સંબંધના અભાવે તે અવાચ્ય અને શબ્દની ઉત્પત્તિ થઈ ત્યારે અર્થ સાથેના સંબંધના અભાવે તે અવાચક બની જશે. ચોથા પક્ષમાં એ સંબંધ વાચ્ય અને વાચકથી જ ઉત્પન્ન થાય છે ? અથવા તે બન્નેથી ભિન્ન એવા અન્ય કારણે જ ઉત્પન્ન થાય ? કે વાચ્ય, વાચક અને અન્યથી પણ ? પહેલો વિકલ્પ માનો તો સંકેતને નહિ જાણનાર નાલિયેરના દ્વીપમાં રહેનાર પુરુષને શબ્દોચ્ચારણ થતાંની સાથે જ પદાર્થજ્ઞાન થવું જ જોઇએ. કારણ કે આ પક્ષમાં વાચ્ય અને વાચક એ બન્નેય વાચ્યવાચકભાવરૂપ સંબંધની ઉત્પત્તિમાં કારણ હોઈ મોજુદ છે, એટલે શબ્દ સંભળાય ત્યારે સંકેત વિના પણ શબ્દાર્થનું જ્ઞાન થઈ જવું જોઈએ.

शंका–વાચ્ય અને વાચકથી ઉત્પન્ન થાય કે તરત એ સંબંધ અર્થપ્રતિપાદક બનતો નથી પણ જ્યારે સંકેતથી એ સંબંધ અભિવ્યક્ત થાય છે ત્યારે જ અર્થનો પ્રતિપાદક બને છે.

समाधान–પણ કાર્યકારણ ભાવથી જુદો કોઈ અભિવ્યંગ્ય–અભિવ્યંજકભાવ તો નથી. એટલે સંકેતથી અભિવ્યક્તિ માનવામાં પણ સંકેતથી ઉત્પત્તિ માનવી જ પડે, અને એમ માનવાથી વાચ્યવાચક અને તેથી અન્ય એટલે સંકેતથી પણ તે સંબંધની ઉત્પત્તિ થઈ એમ માનવું પડે. અને એ માન્યતામાં તો ત્રીજા વિકલ્પનો જે ઉત્તર તે આ પક્ષનો પણ થઇ જશે.

માત્ર સંકેતથી જ એ વાચ્યવાચકભાવ રૂપ સંબંધ ઉત્પન્ન થાય છે–એમ કહેવું તે પણ યોગ્ય નથી કારણ કે વાચ્ય અને વાચક એ સંબંધરૂપ ધર્મના આધાર છે. એટલે તે આધારથી ભિન્ન એવા સંકેતમાત્રથી વાચ્યવાચકભાવરૂપ સંબંધની ઉત્પત્તિ ઘટે નહિ. કારણ કે એમ થાય તો એ સંબંધ તદુત્પન્ન–વાચ્યવાચકોત્પન્ન છે એમ કહેવાય નહીં.

(५०) **अन्यथा सम्बन्धस्याप्यनित्यत्वानुषङ्गा**दिति चेत् सम्बन्धिनौ नित्यौ न भवतः। **तत्सम्बन्धिसम्बद्धसंबन्धस्वभावप्रच्युते**रिति तौ च तौ सम्बन्धिनौ वाच्य-वाचकौ तत्सम्बद्धत्वलक्षणः सम्बन्धस्य स्वभावस्तस्य प्रच्युतिः । **तत्रे**ति वाच्य-वाचकयोः। **वाच्य-वाचकभावयो**रिति वाच्य-वाचकसम्बन्धयोः । **उभयत्राविशेषा**दिति उभयत्र घटे पटे चासम्बद्धत्वाविशेषात् । **अन्यतरस्याप्यसत्तायामि**ति । "द्विष्ठसम्बन्धसंवित्तिर्नैकरूपप्रवेदनात्" । **अन्यतोऽपि**

वेति वाच्य-वाचकाभ्यामप्यन्यतोऽपि । **पदार्थप्रतीतिः स्यादि**ति वाच्यवाचकसम्बन्धस्य प्रतीतिर्भवेत् । **तदाधारधर्मस्ये**ति तौ वाच्य-वाचकावाधारो यस्येति विग्रहः ॥

(टी०) **यतोऽसावि**ति सम्बन्धः शब्दार्थयोः। **स्वभाव** इति अभिन्नः । **तदतिरिक्तो वे**ति भिन्नो वा। **असावि**ति सम्बन्धः । **अन्यथे**ति सम्बन्धिनोरनित्यतायाम् । **तत्सम्बधी**ति तौ च सम्बन्धिनौ च तत्सम्बन्धिनौ, तत्सम्बन्धिभ्यां यः सम्बद्धः [संबन्ध]स्वभावः तत्प्रच्यवनात्तस्य भ्रंशात् । अथ च तैः सम्बन्धिभिः सह यः सम्बद्धसम्बन्धस्वभावः तस्य पतनात् । **असावि**ति सम्बन्धः । **तत्रे**ति पदार्थे । **भेदपक्षे**ति तावत्तादात्म्यमभिन्नभिदङ्गीकारे नाघटीति, न भिन्नपक्षे, सर्वथाभिन्नत्वात्, नालिकेरकपित्थवत् । अत्रापि प्राङ्गेन भिन्नप्रकारस्वीकारपरेण वरीवर्त्यते । **तार्त्तीयीके**ति युगपदुभयोरुत्पत्तिकालस्वोकारात् क्रमोत्पत्तिविरोधः । **असावि**ति सम्बन्धः । **अन्यत** इति सङ्केतात् । **अन्यतोऽपी**ति सङ्केतात् । **अपि**शब्दाद्वाच्यवाचकाभ्यामपि सकाशात् । **अनाकलिते**ति नालिकेरद्वीपवासो नालिकेरमन्तरेण घटादिपदार्थसार्थं न मनुते, व्यवहारबाह्यत्वात्तस्य। **तदानीमि**ति तस्य वाच्यस्य दर्शन एव **तस्ये**ति सम्बन्धस्य ।

(टि०) **तदाधारस्ये**ति वाच्यवाचकाधारस्य **धर्म्मस्ये**ति सम्बन्धस्य। **अन्यत** इति सङ्केतात् ।

अथ सङ्केतसहकृताभ्यां वाच्यवाचकाभ्यामेष जायते इत्यर्थवानन्यतोऽपीति तृतीयः पक्षः कक्षीक्रियते । नन्वसौ सङ्केतः प्रतीते वस्तुनि विधीयेत, अप्रतीते वा ? न तावदप्रतीते, अतिप्रसङ्गसङ्गतेः । नापि प्रतीते, यतस्तत्क्षणिकत्वेन तदानीमेव खरसमीरसमीरिताम्भोधरध्वंसमध्वंसिष्ट इति कुत्र सङ्केतः क्रियेत ? अथ तत्समानजातीयक्षणपरम्पराया विद्यमानत्वात् कथं न सङ्केतगोचरता तस्य ? तदसत् । न खल्वप्रतीतं विद्यमानमपि शब्दगोचरीभूयमुपनेतुं शक्यम् , अतिप्रसक्तेः । यच्च प्रथमं प्रतीतम्, तत् तदानीमेव व्यतीतम् । एवं शब्दोऽपि गवादिः प्रतीतोऽप्रतीतो वा तत्र सङ्केत्येत इति प्राग्वद्दोषाः । सङ्केताभावे च कथं वाच्यवाचकभावोत्पादः ? स्तां वा ते शब्दार्थव्यक्ती क्षणिकत्वपराङ्मुखे, उत्पादयतां च सङ्केतसहकृते वाच्यवाचकभावम्, किन्तु न ते एव व्यवहारकालमनुगच्छतः– इत्यर्थान्तरे शब्दान्तरे च वाच्यवाचकभावोत्पत्तये सङ्केतान्तरं कर्तव्यम् । तथा च व्यवहाराभाव एव भवेत् , प्रतिवाच्यवाचकविशेषं सङ्केतकर्तुरवश्यंभावाभावात् ।

સંકેતના સહકારથી વાચ્ય અને વાચક વાચ્યવાચકભાવ સંબંધને ઉત્પન્ન કરે છે એવા અર્થવાળો ત્રીજો પક્ષ સ્વીકારો તો–તમને પૂછીએ છીએ કે–આ સંકેત પ્રસિદ્ધ વસ્તુમાં કરાય છે ? કે અપ્રસિદ્ધ વસ્તુમાં ? અપ્રસિદ્ધમાં તો અતિપ્રસંગ હોઈ સંકેત થશે નહીં. અર્થાત્ દેશ અને કાલથી વ્યવહિત એવા અપ્રસિદ્ધ પદાર્થમાં પણ સંકેતનો પ્રસંગ આવતો હોઈ તેમ માનવું ઉચિત નથી.

---

१ °धारस्य धर्मस्य इति टिप्पणसम्मतः मूलपाठः ।

પ્રસિદ્ધમાં પણ સંકેત થઇ શકશે નહીં કારણ કે-સર્વ પદાર્થો ક્ષણિક હોવાથી ઉત્પત્તિ કાલમાં જ પ્રચંડ વાયુથી ઉડાડી મૂકેલ મેઘની જેમ નાશ પામી જશે, ત્યારે સંકેત શેમાં કરશો ?

शंका— ભલે પ્રતીત ક્ષણ નષ્ટ થયો, પણ તેના સમાન જાતીય ક્ષણોની પરંપરા તો વિદ્યમાન છે. આ કારણે વસ્તુ સંકેતનો વિષય કેમ નહીં બને ?

समाधान— એ કથન બરાબર નથી. કારણ કે જે વિદ્યમાન હોય છતાં પ્રતીત ન હોય તેને શબ્દનો વિષય બનાવી શકાય નહીં. તેમ કરવામાં અતિપ્રસંગ થશે. એટલે કે દેશ અને કાળથી દૂર એવી અજ્ઞાત વસ્તુમાં પણ સંકેતની શક્યતા સ્વીકારવી પડશે.

વળી, પ્રથમ જેની પ્રતીતિ થઇ તે વસ્તુ તો તત્ક્ષણમાં જ નષ્ટ થઇ ગઈ તો પછી તેમાં સંકેત થાય કેમ ?

આ જ પ્રકારે 'ગાય' આદિ વાચક શબ્દો વિષે પણ સમજવું તે પણ પ્રતીત હોય કે અપ્રતીત, પણ તેમનો સંકેત વાચ્યમાં માનવા જતાં પૂર્વોક્ત દોષોની આપત્તિ છે જ, કારણ કે તેઓ પણ વાચ્યની જેમ ક્ષણિક છે. અને આ પ્રકારે સંકેતનો જ અભાવ છે તો વાચ્યવાચકભાવની ઉત્પત્તિ કેવી રીતે થશે ?

અથવા, શબ્દ અને અર્થ એ બન્ને વ્યક્તિઓ સંકેત ન થાય ત્યાં સુધી ટકી રહે છે અને પછી સંકેતના સહકારથી તેઓ વાચ્યવાચકભાવને ઉત્પન્ન પણ કરે છે-એમ માની લઈએ તો પણ તેમના નષ્ટ થવા સાથે વાચ્યવાચકભાવ પણ નષ્ટ થશે. આથી વ્યવહારકાલમાં તેમનું આગમન ન હોઈ વળી પાછું અન્ય અર્થમાં સંકેત કરવાનું કર્તવ્ય બજાવવું પડશે. આમ કરવા જતાં સમગ્ર વ્યવહારનો જ લોપ થઈ જશે, કારણ કે જે જે શબ્દ અને જે જે અર્થ છે તે સૌ માંટે સંકેતકર્તા મળી શકે એવો સંભવ જ નથી, કારણ કે તે અનંત છે.

(प०) **अतिप्रसङ्गसङ्गतेरि**ति देशकालविप्रकृष्टेऽपि सङ्केतप्राप्तेः । **अतिप्रसक्तेरि**ति देशादिविप्रकृष्टेऽपि सङ्केतप्राप्तेः । **किन्तु न त एव व्यवहारकालमि**त्यादि । **ते** इति ते शब्दाऽर्थव्यक्ती । अत्र च काक्वा व्याख्या ।

(टि०) **अतिप्रसङ्गे**ति देशकालविप्रकृष्टेऽपि सङ्केतप्राप्तेः । **तत्क्षणिके**ति तद् वाच्यम् । **तस्ये**ति वाच्यस्य । **न खल्वप्रतीतमि**ति प्रतीतविनाशानन्तरोत्पन्ना समानजातीयक्षणपरम्परा विद्यमाना[1] प्यप्रतीतैव । सा शब्दगोचरा न स्यात्, **अतिप्रसक्तेरि**ति देशविप्रकृष्टे[2] पि सङ्केतप्राप्तेः । **एवं शब्द** इति प्रतीताऽप्रतीतार्थवत्प्रतीताप्रतीतशब्देपि दोषोद्भावनं भावनीयम् । **स्तां वे**ति भवेताम् । **क्षणिकत्वे**ति अक्षणिके स्थिर इत्यर्थः । **ते एवे**ति शब्दार्थव्यक्ती । सङ्केताभावात्, पूर्वसङ्केतः पूर्वार्थदर्शनेनैव साकं विनष्ट इति भावः ।

अथ सामान्यगोचर एव सङ्केतः क्रियते । तदेव च वाच्यवाचकभावाधिकरणं कालान्तरव्यक्त्यन्तरानुसरणनैपुण्यधरं च, नित्यत्वाद्, व्यक्तिनिष्ठत्वाच्च– इति चेत् । तन्न मनीषिमान्यम्, सामान्यस्याभावात् । कथं प्रतिभासभाजनमपि तन्नास्ति ?—इति चेत् । न, तत्प्रतिभासासिद्धेः । तथाहि–दर्शने परिस्फुटत्वेनासाधारणमेव रूपं प्रथते, न

१ °नापि प्र० मु । २ °ष्टे स० मु । ३ परिस्फुटमसाधारणमेवेति मुपा ।

साधारणम् । अथ साधारणमपि रूपमनुभूयते गौर्गौरिति । तदसाधीयः, शाबलेय-बाहुलेयादितीव्रतीव्रतरगोशब्दादिरूपविवेकेन तस्याप्रतिभासनात् । न च शाबलेयादि-रूपमेव साधारणम्, प्रतिव्यक्तिभिन्नरूपोपलम्भात् । यदि च सामान्याधार एव वाच्य-वाचकभावः, तदा न शब्दात् प्रवृत्तिः स्यात्, ज्ञानमात्रलक्षणत्वात् सामान्यार्थक्रियायाः, तस्याश्च तदैव निष्पन्नत्वात् ।

शंका— વ્યક્તિમાં નહીં પણ સામાન્યમાં જ સંકેત થાય છે. અને સામાન્ય જ વાચ્યવાચકભાવનું અધિકરણ છે. અર્થાત્ સામાન્યમાં વાચ્યવાચકભાવ છે વિશેષમાં નહીં. નિત્ય હોવાથી સામાન્ય કાલાન્તરમાં ટકી રહેવા સમર્થ છે અને તે વ્યક્તિનિષ્ઠ હોવાથી બધી વ્યક્તિઓમાં અનુગત થવા પણ સમર્થ છે.

समाधान— તમારું આ કથન મનીષીને માન્ય થાય તેમ નથી. કારણ કે જગતમાં કોઈ સામાન્ય નામનો પદાર્થ જ નથી.

शंका— પ્રતિભાસ–પ્રત્યક્ષ પ્રતીતિનો વિષય હોવા છતાં 'સામાન્ય નથી' એવું કેમ કહી શકાય ?

समाधान–સામાન્યનો પ્રતિભાસ જ અસિદ્ધ હોઈ પ્રતિભાસના બળે તેનું અસ્તિત્વ સિદ્ધ નથી. કારણ કે દર્શન–નિર્વિકલ્પક પ્રત્યક્ષ પ્રતિભાસમાં તો સ્પષ્ટ-પણે અસાધારણ–વિશેષરૂપ જ જણાય છે, પરંતુ સાધારણ–સામાન્ય જણાતું નથી.

शंका–આ ગાય છે, આ ગાય છે, એ પ્રમાણે સામાન્યરૂપનો પણ પ્રતિભાસ છે. તો તેનો પ્રતિભાસ નથી એમ કેમ કહેવાય ?

समाधान–આ કથન બરાબર નથી. કારણ કે શાબલેય, બાહુલેય આદિ ભિન્ન ભિન્ન ગોવ્યક્તિઓ અને તીવ્ર, તીવ્રતર આદિ શબ્દ–વ્યક્તિઓથી ભિન્ન એવા સામાન્યનો તો પ્રતિભાસ નથી. અર્થાત્ અર્થ કે શબ્દ વ્યક્તિઓનો જ પ્રતિ-ભાસ છે, તેમના સાધારણ રૂપનો તો પ્રતિભાસ નથી.

शंका-શાબલેયાદિ જે રૂપ દેખાય છે તે જ તો સામાન્ય છે.

समाधान–ના. એમ ન કહી શકાય, કારણ કે પ્રતિવ્યક્તિમાં ભિન્ન ભિન્ન રૂપે શાબ-લેયાદિ દેખાય છે. અને સામાન્ય તો બધી વ્યક્તિમાં એક જ હોવું જોઈએ. વળી, જો વાચ્યવાચકભાવનો આધાર સામાન્યને માનવામાં આવે તો શબ્દ સાંભ-ળીને પ્રવૃત્તિ થશે નહીં. કારણ કે સામાન્યની અર્થક્રિયા માત્ર પોતાનું જ્ઞાન કરાવવું તે જ છે. અને તે જ્ઞાન તો શબ્દ સાંભળતાં થઈ જ ગયું છે. તો પછી પ્રવૃત્તિ કેવી રીતે થશે ?

(૫૦) **तदैव निष्पन्नत्वादिति** तदैव ज्ञानमात्रे ।

(टि०) **तदेवे**ति सामान्यम् । **कालान्तरे**ति विशेषभावाधिगामुकम् । सामान्यं हि नित्यं कालान्तरे व्यक्तिगामुकं च । **सामान्यस्ये**ति सामान्यं न मन्यन्ते बौद्धाः, केवलविशेषाङ्गीकारात् । **तथाहीत्यादि** । **दर्शन** इति निर्विकल्पकप्रत्यक्षे, प्रत्यक्षविषयस्य विविक्तपरस्परनिरपेक्षस्वलक्षणस्य तथागतैः प्रतिपन्नत्वात् । **अथ साधारणमि**ति । प्रथमसामान्यदर्शने लोकव्यवहारोक्तौ वा ।

विवेकेनेति विशेषरूपपरिज्ञानेन । **तस्ये**त्ति साधारणस्य । **प्रतिव्यक्ती**ति व्यक्तौ व्यक्तौ श्वेतकृष्ण-रक्तरूपादिप्राप्तेः । **प्रवृत्तिरि**ति वाहदोहादिका क्रिया । **ज्ञानमात्रे**ति सामान्यं ज्ञानमात्रं न त्वर्थ-क्रियासाधकम्, विशेषः क्रियाहेतुर्जैनैरप्यभ्युपगतः । **तस्या** इति सामान्यार्थक्रियायाः । **तदैवे**ति प्रथमगवादिदर्शनसमये वस्तवनिश्चये ।

अथापि सामान्यविशेषोभयाधारोऽसौ स्यात्, तदाऽपि तदेव दूषणम्– "प्रत्येकं यो भवेद् दोषो द्वयोर्भावे कथं न सः ?" इति वचनात् । अथ कथमिदं भवेत् ? न हि स्वतन्त्रौ सामान्यविशेषौ तदधिकरणमभिदध्महे, किन्तु तदुभयात्मकत्वेन जात्यन्तररूपं प्रत्यक्षप्रतीतिसिद्धं कथञ्चिदनुगमव्यावृत्तिमद् वस्तु– इति चेत् । तदिदमपूर्वं किमपि कपटनाटकपाटवप्रकटनम्, सामान्यविशेषोभयात्मकत्वस्य दुर्धरविरोधानुवन्धदुर्गन्धत्वात् ।

एतेनैव च कथञ्चिद्भेदनित्यानित्यत्वपक्षावपि प्रतिक्षिप्तौ लक्षयितव्यौ ।

तद् नाऽऽदिवाक्यं साक्षात्प्रयोजनं जल्पितुमलम् । न हि शब्दाः श्वपाका इव वराकाः स्वलक्षणब्राह्मणं क्षणमपि स्प्रष्टुमर्हन्ति, विकल्पशिल्पिकल्पितार्थमात्रगोचरत्वात् तेषाम् । विकल्पानां चोत्प्रेक्षालक्षणव्यापारपर्यवसितत्वात् । तदुक्तम्–

"विकल्पयोनयः शब्दा विकल्पाः शब्दयोनयः ।
कार्यकारणता तेषां नार्थं शब्दाः स्पृशन्त्यपि ॥"

शंका–તો પછી વાચ્યવાચકભાવ સંબંધ સામાન્ય અને વિશેષ ઉભયમાં રહે છે–એમ માનીએ તો ?

समाधान–એમ માનો તો–'પ્રત્યેકમાં જે દોષ તે બન્નેમાં કેમ ન હોય ?' એ વચન પ્રમાણે સામાન્ય અને વિશેષ બન્ને પક્ષના દૂષણો પ્રાપ્ત થશે.

शंका–જો વૈશેષિકને સંમત પરસ્પર સ્વતન્ત્ર એવાં સામાન્ય અને વિશેષ વાચ્યવાચકભાવ સંબંધનો આધાર ન હોય. પરંતુ સામાન્યવિશેષાત્મક અર્થાત્ સામાન્ય અને વિશેષનું તાદાત્મ્ય ધરાવનાર એક જૂદી જાતિની વસ્તુને– અનુ-વૃત્તિ અને વ્યાવૃત્તિ એ બન્ને રૂપો ધરાવનાર વસ્તુને જ–જો વાચ્યવાચક સંબંધનો આધાર માનવામાં આવે તો પછી પૂર્વોક્ત દોષો કેવી રીતે પ્રાપ્ત થશે ?

समाधान–આ વળી તમે કોઇ નવીન કપટ નાટક રચવાની તમારી કુશળતાનું દિગ્દર્શન કરાવ્યું. કારણ કે સામાન્ય અને વિશેષ ઉભયનું તાદાત્મ્ય ધરાવે એવી વસ્તુ માનવામાં જે વિરોધની દુર્ગન્ધ છે તેનું નિવારણ શકય નથી. અર્થાત્ પર-સ્પર વિરોધી એવા સામાન્ય અને વિશેષનું વસ્તુમાં તાદાત્મ્ય સંભવતું નથી. અને આ જ કારણે કથંચિત ભેદ અને અભેદ પક્ષ, અને કથંચિત્ નિત્ય અને અનિત્ય પક્ષ–એ બન્ને પક્ષો પણ દૂષિત થઈ ગયા એમ સમજી લેવું.

આ પ્રકારે આદિવાક્ય સાક્ષાત્ પ્રયોજનને કહેવાને સમર્થ નથી' એ વસ્તુ સિદ્ધ થઈ. ખરી વાત તો એ છે કે–ચાંડાલની જેવા ગરીબ બિચારા શબ્દો

સ્વલક્ષણ–વસ્તુ–વિશેષરૂપ બ્રાહ્મણને ક્ષણમાત્ર પણ સ્પર્શ કરી શકે એમ છે જ નહીં. કારણ કે–શબ્દો વિકલ્પરૂપી શિલ્પીએ કલ્પેલ અર્થને જ વિષય કરે છે, અને વિકલ્પો તો ઉત્પ્રેક્ષારૂપ વ્યાપારમાં પર્યવસાન પામે છે, અર્થાત્ વિકલ્પો ઉત્પ્રેક્ષા સિવાય કશું જ કરી શકતા નથી. કહ્યું પણ છે—"શબ્દો વિકલ્પરૂપ કારણથી ઉત્પન્ન થાય છે, અને વિકલ્પો શબ્દરૂપ કારણથી ઉત્પન્ન થાય છે, એટલે કે–શબ્દો અને વિકલ્પોનો પરસ્પર કાર્યકારણભાવ છે. પરંતુ શબ્દો અર્થને સ્પર્શ કરતા નથી, અર્થાત્ અર્થ–બાહ્ય વસ્તુ સાથે શબ્દનો કશો જ સંબંધ નથી."

(प०) **असावि**ति वाच्य-वाचकभावः ।

उत्प्रेक्षालक्षणव्यापारपर्यवसितत्वादिति आरोपलक्षणव्यापारपर्यवसितत्वात् ।

(टि०) **असावि**ति वाच्यवाचकभावसम्बन्धः । **तदेवे**ति यत्सामान्याधारे दूषणं विशेषाधारे तदेव, सामान्यविशेषोभयाधारे च तदेव । **स्वतन्त्रावि**ति परस्परनिरपेक्षौ स्वच्छन्दावित्यर्थः । **तदधिके**ति वाच्यवाचकभावसम्बन्धाधिकरणं **नाभिदध्म**हे न प्रतिपादयामः वैशेषिकादिवत् । **तदुभये**ति सामान्यविशेषात्मकत्वेन न केवलं सामान्यम्, न केवला विशेषाः । अत एव जात्यन्तरम्, सामान्यस्य विशेषाणां चानुभवात् प्रत्यक्षसिद्धम् । **कथञ्चिदि**ति अयं घट इत्यनुगमः, घटः पटाद् व्यावृत्त इति व्यावृत्तिः, तद्वत् ।

विकल्पशिल्पीति शिल्पी मलिनजातीयः कारुरिति साभिप्रायम् । शिल्पी हि पदार्थं रचयति । **तेषामि**ति शब्दानाम् ।

§ ४ तदेतदखिलमनिलाऽऽन्दोलिताऽर्कतूलतरलम् । यत एवं वदतस्ते किमादिवाक्योपक्षेपप्रतिक्षेपः काङ्क्षितः ? किं वा कारणान्तरं किमपि तत्करणेऽस्तीति विवक्षितम् ? नाद्यः पक्षः; तत्र तत्र तावकैस्तस्य करणात् । नाप्युत्तरः; तस्य कस्यचिदसत्त्वात् ।

§ ४ જૈન–હે બૌદ્ધ ! તમારું આ સમસ્ત કથન પવનથી ઉડાડેલ આકડાના રૂની જેમ અસ્થિર છે, અર્થાત્ તેથી કશું સિદ્ધ થશે નહીં. કારણ કે આ બધું કહેવામાં તમારી શું એવી આકાંક્ષા છે કે આદિવાક્યની રચનાનો તિરસ્કાર–વિરોધ કરવો અથવા આદિવાક્યની રચનામાં બીજું કાંઈ કારણ તમને ઇષ્ટ છે ? તમારા આચાર્યોએ પણ તે તે ગ્રંથમાં આદિવાક્યની રચના કરેલ હોવાથી પહેલો પક્ષ યુક્ત નથી. અને આદિવાક્યની રચનામાં કાંઈ બીજું કારણ ન હોવાથી, બીજો પક્ષ પણ યોગ્ય નથી.

(टि०) **तदेतत्** सकलं निष्फलम्, कथञ्चित्तादात्म्यस्य शब्दार्थयोः स्वीकारात् । नात्र विरोधावरोधः । मोदको पलकरवालाद्युच्चारणमात्रेपि वदनपूरणचूरणपाटनाद्युपपातः स्यात् । स च न दृश्यतेऽतो

१ °रे तदे° मु । २ °काचल° मु ।

भेदः । मोदकाद्युच्चारणेन पदार्थप्रतीत्याऽभेदः । अथानेकार्थत्वाच्छब्दानां कथं प्रतिनियतपदार्थप्रत्यय इति चेत्; विवक्षातो हि शब्दानां प्रवृत्तिर्न तु स्वच्छन्दतः । अपि च यदि न कश्चित्सम्बन्धः, तत् परमाणुरित्युक्ते स्वलक्षणं कथमभ्युपगम्यते सौगतैः ? वेद्यवेदकभावादिति चेत् ; वाच्यवाचकभावात् शब्दार्थयोरपि प्रत्ययः स्यात् । विस्तरो न्यायावतारादवसेयः । सूरयस्तु भङ्ग्यन्तरेण उत्तरयाञ्चक्रुः ।

यत एवमित्यादि । **किं चे**ति आदिवाक्यकरणे आचार्यकल्पितप्रयोजनादन्यत् कारणमस्तीति ते वक्तुमिष्टम् । **तस्ये**ति आदिवाक्यस्य । **नापि तस्ये**ति कारणान्तरस्य ।

§ ५ अथास्त्येव प्रयोजनार्थिप्रवृत्तिनिमित्तार्थसंदेहोत्पादनं तत् । तथाहि—प्रेक्षितप्रयोजनवाक्यानां प्रयोजनार्थिनां तदुपदर्शितप्रयोजनभावाभावपरामर्शपरः संशयः समाविर्भवति । ततोऽपि च संशयतः सस्यसंपत्त्यादिफले कृष्यादौ कृषीवला इव ते तत्र प्रवर्तन्ते—इति चेत् । तदप्राज्यम्, प्रयोजनवाक्योपन्यासात् प्रागप्यस्य साधकबाधकप्रमाणाभावेन भावात् । अथ तदाऽसौ प्रयोजनसामान्ये सत्त्वासत्त्वाभ्यां संशयः, प्रमातारश्च प्रायः प्रयोजनविशेषार्थिन एव—इति तद्विषयसंशयोत्पादनाय युक्तमेवेदमिति चेत् । न, अस्यापि प्रागेव भावात् । तथाहि—प्रमाता शास्त्रमात्रमप्यालोक्याऽनुभूतप्रयोजनविशेषेण शास्त्रेणाऽस्य वर्णपदवाक्यकृतं साधर्म्यमवधार्य च किमिदमपि सप्रयोजनम्, अप्रयोजनं वा ? सप्रयोजनमपि किमस्मदभिमतेन तेन तद्वत, किं वान्येन ? —इत्यादि वाक्यालोकनं विनापि संदिग्धे । अपि च, त्वन्मते न ध्वनिरर्थाभिधानधुरां दधाति । तत्कथं प्रयोजनविशेषविषयसंदेहोत्पादनेऽपि प्रत्यलः स्यात् ? ॥

§ ५ शंका—આદિવાક્યની રચનામાં તમે જણાવેલ કારણથી જૂદું જ કારણ છે. અને તે છે—અર્થસંદેહ ઉત્પન્ન કરવો, જે પ્રયોજનાર્થી પુરુષની પ્રવૃત્તિમાં નિમિત્ત બને છે. તે આ પ્રમાણે—પ્રયોજન બતાવનાર આદિવાક્ય જોઈને પ્રયોજનાર્થી પુરુષોને આદિવાક્ય દ્વારા પ્રતિપાદિત પ્રયોજન વિષે 'પ્રયોજન છે કે નહિ' એવો સંશય ઉત્પન્ન થાય છે, અને તે સંશયથી પ્રયોજનાર્થીઓ ગ્રન્થમાં પ્રવૃત્તિ કરે છે. કૃષિ—ખેતીનું ફળ ધાન્યની સંપત્તિ છે. એ ફળ નિષ્પત્તિમાં સંશય છતાં જેમ ખેડુત ખેતીમાં પ્રવૃત્તિ કરે છે, તેમ આદિવાક્યથી પ્રયોજનસિદ્ધિમાં સંશય છતાં પ્રવૃત્તિ થશે.

समाधान—એ સંગત નથી. કારણ કે પ્રયોજન વાક્યના ઉપન્યાસ—સ્થાપન પહેલાં પણ સાધકબાધકપ્રમાણનો અભાવ હોવાથી પ્રયોજન વિષે સંશય છે જ.

शंका—આદિવાક્યના ઉપન્યાસ પહેલાં સામાન્ય પ્રયોજન વિષે સંદેહ હોય છે, પણ પ્રમાતા પુરુષ તો પ્રાયઃ વિશેષ પ્રયોજનના અર્થી હોય છે. આથી વિશેષ પ્રયોજન વિષે સંદેહ ઉત્પન્ન કરવા માટે આદિવાક્યની રચના યોગ્ય જ છે.

समाधान—ના, કારણ કે વિશેષ પ્રયોજન વિષે પણ સંદેહ પ્રથમથી જ થઈ શકે છે. તે આ પ્રમાણે—પ્રમાતા શાસ્ત્રમાત્ર જોઈને, પૂર્વે અનુભવેલ પ્રયોજન—

વિશેષવાળા શાસ્ત્રની સાથે વર્ણકૃત, પદકૃત અને વાક્યકૃત સાધર્મ્ય-સાદૃશ્યનો નિશ્ચય કરીને 'આ શાસ્ત્ર પ્રયોજનવાળું છે, કે નથી ?' 'વળી પ્રયોજનવાળું હોય છતાં પણ અમોને ઇષ્ટ એવાં પ્રયોજનવાળું છે, કે કોઈ બીજા પ્રયોજનવાળું છે ?' આ પ્રમાણે આદિવાક્ય જોયા વિના જ સંદેહ થઈ શકે છે. અને એ સંદેહથી તેમાં પ્રવૃત્તિ પણ કરી શકે છે. વળી, તમારા મતે શબ્દ અર્થનું કથન કરી શકતો નથી, તો પછી પ્રયોજનવિશેષવિષયક સંદેહ ઉત્પન્ન કરવાને કઈ રીતે સમર્થ થઇ શકશે ?

प०) **संशयः** [1]**समाऽऽविर्भवती**ति । अर्थसंशयोऽपि प्रवृत्त्यङ्गं अनर्थसंशयोऽपि निवृत्त्यङ्गम् । **अस्ये**ति प्रयोजनभावाभावस्य । **अस्मदभिमतेन तेन तद्व**दित्यत्र **तेने**ति प्रयोजनेन तद्वदिति प्रयोजनवत् । **संदिग्धे** इति संदेहं कुरुते । **प्रत्यलः स्यादि**ति ध्वनिः ।

(टि०) **तदि**ति कारणान्तरम् । **प्रेक्षिते**ति शास्त्रान्तरे विलोकितादिवाक्यानाम् । **तदुपे**ति तेनादिवाक्येनोपदर्शितम् । **तत्रे**ति शास्त्रे । अर्थसंशयः प्रवृत्त्यङ्गम्, अनर्थसंशयस्तु निवृत्त्यङ्गम् । **प्रयोजने**त्यादि । **अस्ये**ति संशयस्य । **असावि**ति संशयः । **सत्त्वे**ति अस्ति नास्ति वेति सन्देहः । **तद्विषये**ति प्रयोजनगोचरसन्देहोत्पादनाय । **इदमि**ति आदिवाक्यम् । **अस्यापी**ति एवंविधस्यापि संशयस्य । **प्रमाते**त्यादि । **अस्ये**ति शास्त्रस्य । **साधर्म्यमि**ति समानताम् । **अस्मदि**ति विशेषशास्त्रेण सह । **तद्वदि**ति प्रयोजनवत् । **सन्दिग्धे** इति सन्देहं कुरुते ।

§६ अर्चटश्चर्चचतुरः पुनराह—इह प्रेक्षावतां प्रवृत्तिः प्रयोजनवत्तया व्याप्ता । ततो यद् निष्प्रयोजनम्, न तत् तैरारम्भणीयम् । यथा काकदन्तपरीक्षा । तथा चैतत्—इति शास्त्रारम्भप्रतिषेधाय प्रयुज्यमानाया व्यापकानुपलब्धेरसिद्धतोद्भावनार्थमादिवाक्यं कर्तव्यमिति ।

§७ तदप्यनुपपन्नम्, वाक्यस्य प्रमाणत्वेनाऽनवस्थिततया प्रयोजनविशेषसद्भावप्रकाशनसामर्थ्यशून्यत्वात् तदसिद्धिमुद्भावयितुमपर्याप्तत्वात् ॥

§૬ અર્ચટ–અહીં ચર્ચામાં ચતુર અર્ચટ કહે છે કે–આ સંસારમાં બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ પ્રયોજનથી વ્યાપ્ત છે. અર્થાત્ જે જે બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિનો વિષય હોય તે સપ્રયોજન હોય. તેથી 'જે પ્રયોજનરહિત હોય તે કાર્યનો બુદ્ધિમાન પુરુષો આરંભ કરતા નથી, જેમ કે–કાગડાના દાંતની પરીક્ષા. આ શાસ્ત્ર પણ પ્રયોજન વિનાનું છે, માટે તેમાં પ્રવૃત્તિ કરવી નહીં' એ પ્રમાણે જ્યારે વ્યાપકાનુપલબ્ધિનો પ્રયોગ કરવામાં આવે એટલે કે વ્યાપક પ્રયોજનનો અભાવ કહેવામાં આવે ત્યારે તેની અસિદ્ધતા બતાવવા માટે આદિવાક્યની રચના કરવી જોઇએ. અર્થાત્ 'આ શાસ્ત્રનો આરંભ ન કરવો જોઇએ, કારણ કે–તે પ્રયોજન રહિત છે.' આ પ્રકારના અનુમાનમાં 'કારણ કે તે પ્રયોજનરહિત છે' એ હેતુ વ્યાપકની અનુપલબ્ધિરૂપ છે, અર્થાત્ 'શાસ્ત્રારંભ' એ વ્યાપ્ય છે, અને 'પ્રયોજન' એ વ્યાપક છે. એટલે 'પ્રયોજનનો અભાવ' એ વ્યાપકની અનુપલબ્ધિ થઇ. આ પ્રકારની વ્યાપકાનુપલબ્ધિ એ હેતુ નથી પણ અસિદ્ધ હેત્વાભાસ છે, એમ

१. °यः ममा° मु ।

સિદ્ધ કરવા માટે આદિવાક્યનો પ્રયોગ કરવો એમ અર્ચટ માને છે, કારણ કે આદિવાક્યમાં ગ્રન્થારંભનું પ્રયોજન નિરૂપાતું હોઈ પ્રયોજનનો અભાવ છે એમ કહી શકાય નહીં.

§જૈન–અર્ચટનું ઉપરોક્ત કથન પણ યોગ્ય નથી, કારણ કે બૌદ્ધમતે તે આદિવાક્ય પોતે જ પ્રમાણરૂપે નિશ્ચિત ન હોવાથી પ્રયોજનવિશેષના સદ્ભાવને જણાવવામાં અસમર્થ હોઈ વ્યાપકાનુપલબ્ધિની અસિદ્ધતા બતાવી શકે નહીં.

(प०) **व्यापकानुपलब्धेरि**ति इह प्रतिषेध्यमारम्भणीयम्, तस्य व्यापकं प्रयोजनवत्त्वम् तस्यानुपलब्धिः निष्प्रयोजनत्वादिति हेतुनोक्ता ।

तदसिद्धिरि(मि)ति व्यापकानुपलब्धेरसिद्धेः(द्धिम्) ।

(टि०) **तथा चे**ति निःप्रयोजनम् । **एतदि**ति प्रकृतशास्त्रम् । **व्यापके**ति इह प्रतिषेध्य[1]मारम्भणीयत्वम्, तस्य व्यापकं प्रयोजनवत्त्वम्, तस्यानुपलब्धिर्निःप्रयोजनत्वादितिहेतुनोक्ता । व्यापकं निवर्त्तमानं हि व्याप्यमादाय निवर्त्तते । प्रयोजनवत्त्वं च व्यापकम् । तन्निवर्त्तने आदिवाक्यस्यापि वैयर्थ्यप्रसङ्गात् । **आदिवाक्यमि**ति । तादात्म्यतदुत्पत्तिलक्षणसम्बन्धविकलतया आदिवाक्यस्याप्रामाण्यं सर्वसौगतसम्मतमेव । अतः प्रमाणरहितमप्यादिवाक्यं विज्ञेयम् । **वाक्यस्ये**त्यादि । **प्रमाणे**ति प्रामाण्येन निश्चयाभावात् । **तदसिद्धिमि**ति व्यापकानुपलब्ध्यसिद्धिमपि ।

§ ८ रामटस्तु प्रकटयति–यद्यपीदं वाक्यमप्रमाणत्वात् प्रयोजनोपस्थापनाद्वारेण निष्प्रयोजनत्वसाधनमसिद्धं विधातुमधीरम् तथापि विदग्धं संदिग्धं कर्तुम् । संदिग्धासिद्धमपि च साधनमगमकमेव । यथा समुच्छलद्धवलधूलिपटलं धूमत्वेन संदिह्यमानं धनञ्जयस्येति ।

§ ९ तदप्यशस्तम्, अनुपन्यस्तेऽपि प्रयोजनवाक्येऽनुभूतपूर्वप्रयोजनविशेषशास्त्रान्तरसाधर्म्यदर्शनेन शास्त्रमात्रादपि निष्प्रयोजनत्वगोचरसंदेहस्य सद्भावात् ।

§૮ रामट–આ વિષે રામટનું કહેવું છે કે–જો કે આદિવાક્ય સ્વયં અપ્રમાણ હોવાથી પ્રયોજનને સિદ્ધ કરીને પ્રયોજનનો અભાવ બતાવનાર હેતુને અસિદ્ધ કરવા ભલે અસમર્થ હોય, પણ હેતુને સંદિગ્ધ કોટિમાં મૂકવા તો સમર્થ છે જ. અને તેથી અસિદ્ધ નહિ પણ સંદિગ્ધાસિદ્ધ તો થશે જ. અને તેથી એ સાધ્યનો ગમક નહિ બને. જેમ કે–આકાશમાં ઊછળતા શ્વેત ધૂળના સમૂહ વિષે ધૂમનો સંદેહ થાય તો તે જેમ અગ્નિનું અનુમાન કરાવી શકતો નથી, તેમ અહીં વ્યાપકાનુપલબ્ધિરૂપ હેતુ સંદિગ્ધાસિદ્ધ હોઇ તે પણ સાધ્યનો અગમક છે. અર્થાત્ અર્ચટને મતે આદિવાક્યની રચના વ્યાપકાનુપલબ્ધિને અસિદ્ધ હેત્વાભાસ બતાવવા તો રામટને મતે તેને સંદિગ્ધાસિદ્ધ હેત્વાભાસ સિદ્ધ કરવા માટે છે.

§૯ રામટનું ઉપર્યુક્ત કથન પણ અપ્રશસ્ત છે. કારણ કે આદિવાક્ય કરેલ ન હોય તો પણ પૂર્વે અનુભવેલ પ્રયોજનવિશેષવાળાં બીજા શાસ્ત્રોનું પ્રકૃતશાસ્ત્રમાં

---

१ °ध्यमानमा° मु ।

સાધર્મ્ય જોઈને શાસ્ત્રમાત્રના દર્શનથી શાસ્ત્રની નિષ્પ્રયોજનતા વિષે સંદેહને અવકાશ રહે જ છે.

(टि०) – **साधनमि**ति हेतुम् । **अगमकमि**ति अनिश्चायकम् । **धनञ्जयस्ये**ति व : । **तद्**पीत्यादिनोत्तरयति जैनः ।

§ १० ननु यद्येवमादिवाक्यं पराक्रियते, न तर्हीदं भवद्भिरपि कर्तव्यमिति चेत् । नैवम् । कर्तव्यं च तं प्रति, यो नान्यथा प्रयोजनं विदाञ्चकार, वाच्यवाचकोत्पत्तिसमयसम्भूष्णुशक्तिस्वभावस्याऽबाधिततथाऽनुभवेन चित्रज्ञानरूपस्पष्टदृष्टान्तावष्टम्भेन च कृतविरोधपरिहारत्वाद् नित्यानित्यस्य वाच्यवाचकाभ्यां कथञ्चिद्भिन्नस्य सामान्यविशेषोभयस्वभाववस्तुगोचरोपरचितसङ्केताभिव्यक्तस्य वाच्यवाचकभावसम्बन्धस्य बलेन शब्दानामर्थस्य प्रतिपादकत्वं प्रतिपद्य प्रामाण्यं चाङ्गीचकार । एतच्च यथास्थानं समर्थयिष्यते । यः पुनरन्यथाऽपि प्रयोजनमजानाद्, यश्च न शब्दविशेषं प्रमाणत्वेनाऽमंस्त, तौ प्रति न कर्तव्यं च–इत्यनेकान्तो विजयते ॥१॥

§૧૦ शंका– આ રીતે જો તમે પણ આદિવાક્યનું ખંડન કરો છો તો તમારે પણ આદિવાક્યની રચના કરવી ન જોઈએ.

समाधान–એમ નથી. જે પુરુષ બીજી રીતે પ્રયોજન જાણી શકતો નથી અને જે શબ્દનું પ્રામાણ્ય સ્વીકારે છે તેને માટે આદિવાક્યની રચના જરૂરી છે. શબ્દ અને અર્થના વાચ્યવાચકભાવરૂપ સંબંધના બળથી જ્યારે શબ્દને અર્થનો પ્રતિપાદક માનવામાં આવે છે, ત્યારે શબ્દપ્રામાણ્યનો સ્વીકાર થાય છે. વાચ્યવાચકભાવરૂપ સંબંધ એ વાચ્ય અને વાચકની શક્તિરૂપ છે. અને તે શક્તિ જ્યારે વાચ્ય અને વાચક ઉત્પન્ન થતા હોય છે ત્યારે જ ઉત્પન્ન થયેલી હોય છે. વળી એ સંબંધ નિત્યાનિત્ય છે. એની નિત્યાનિત્યતાનો અનુભવ અબાધિત છે, કારણ કે ચિત્રજ્ઞાનમાં બે વિરોધી ધર્મોનો અનુભવ સ્પષ્ટપણે થયેલો છે અને તેથી વિરોધનો પરિહાર થઈ જાય છે. એ સંબંધ વાચ્ય અને વાચકથી કથંચિત્ ભિન્ન છે. સામાન્યવિશેષાત્મક વસ્તુ વિષે શબ્દનો જે સંકેત કરવામાં આવે છે તેથી તે વાચ્યવાચકભાવ સંબંધની અભિવ્યક્તિ થાય છે. આ બધી બાબતોનું યથાસ્થાને સમર્થન કરવામાં આવશે.

પણ જે પુરુષ આદિવાક્ય વિના પણ પ્રયોજન જાણતો હોય, તથા જે પુરુષ શબ્દવિશેષને પ્રમાણ માનતો ન હોય, તે બન્ને માટે આદિવાક્યની રચના આવશ્યક નથી. આ રીતે અનેકાન્તવાદ વિજયવંત થાય છે. અર્થાત આચાર્યનો આદિવાક્ય કરવું જ જોઈએ એવો ઐકાન્તિક આગ્રહ નથી પણ પ્રતિપાદ્યની યોગ્યતા જોઈ કરવું કે ન કરવું એવો અનેકાન્ત તેમને ઈષ્ટ છે.

सारांश–બૌદ્ધો શબ્દ અને અર્થનો સંબંધ સ્વીકારતા નથી, તેથી આદિવાક્ય પ્રયોજનનું પ્રતિપાદન કરી શકે છે એમ માનતા નથી, તેથી ધર્મોત્તરાનુસારીએ એવો પક્ષ ઉપસ્થિત કર્યો છે કે- પ્રયોજનનું પ્રતિપાદન કરવું એ આદિ-

વાક્યનું પ્રયોજન નથી, પણ પ્રયોજન વિષયક શંકા ઉપસ્થિત કરવી એ જ આદિવાક્યનું કાર્ય છે. અને એટલા માટે જ આદિવાક્યની રચના છે; એટલે આદિવાક્ય શંકા ઉપસ્થિત કરશે, અને તેથી સંશય હોવા છતાં જેમ ખેડુતો ખેતીમાં પ્રવૃત્તિ કરે છે, તેમ સંશયદ્વારા શાસ્ત્રમાં પ્રવૃત્તિ થશે. એમ તેઓનું માનવું છે. જ્યારે આચાર્ય તેમને જવાબ આપે છે કે આદિવાક્ય વિના પણ સંશયનો સંભવ છે જ. વળી, ધર્મોત્તરાનુસારીના મતે શબ્દ અર્થનું પ્રતિપાદન કરી શકતો નથી તો સંશયોત્પત્તિ કઇ રીતે કરી શકશે ?

'આ શાસ્ત્રમાં પ્રવૃત્તિ ન કરવી, કારણ કે–તેનું કંઈ પ્રયોજન નથી'–આ પ્રકારની વ્યાપકાનુપલબ્ધિ કોઈ ઉપસ્થિત કરે, ત્યારે એ વ્યાપકાનુપલબ્ધિને અસિદ્ધ કરવી એ આદિવાક્યનું પ્રયોજન છે–એમ અર્ચટ માને છે. પણ એ આદિવાક્ય પ્રમાણરૂપ ન હોવાથી વ્યાપકાનુપલબ્ધિની અસિદ્ધિ કઈ રીતે સિદ્ધ કરી શકશે ? એવો આચાર્યે ઉત્તર આપ્યો.

શમટનું કહેવું એવું છે કે આદિવાક્ય સ્વયં પ્રમાણરૂપ ન હોઇ, ભલે વ્યાપકાનુપલબ્ધિને અસિદ્ધ ન કરી શકે, પણ તે હેતુને સંદિગ્ધાસિદ્ધ તો કરશે જ, આથી તે હેતુ શાસ્ત્રમાં થતી પ્રવૃત્તિને સર્વથા રોકી નહીં શકે. આના ઉત્તરમાં આચાર્યે જણાવ્યું છે કે આદિવાક્ય વિના પણ પ્રયોજન વિષે સંદેહ થઇ શકે છે. તો તે-સંદેહ માટે આદિવાક્યની શી જરૂર છે ?

शंका–આદિવાક્ય વિના પણ સંદેહ હોય તો પછી આદિવાક્ય શા માટે ?

समाधान-જે આદિવાક્ય વિના પ્રયોજન જાણી શકતો ન હોય, અને શબ્દ તથા અર્થનો સંબંધ માનવા સાથે જેને પ્રમાણ માનતો હોય, તેને માટે આદિવાક્ય કરવું જોઇએ. પણ જે આદિવાક્ય વિના પણ પ્રયોજન જાણી શકતો હોય, તથા જે શબ્દને પ્રામાણિક માનતો ન હોય તે બન્નેને માટે આદિવાક્ય નિરર્થક છે. એટલે કે આદિવાક્યની રચના શિષ્યાદિની યોગ્યતા જોઇ કરવી કે ન કરવી–એવો અનેકાંત જૈનસંમત છે. ૧.

(પ૦) **विदाञ्चकारे**ति यः प्रामाण्यं चाङ्गीचकारेति वाक्यसमन्वयः ।

शक्तिस्वभावस्येति शक्तिविशेषस्य । **चित्रज्ञानरूपस्पष्टदृष्टान्तावष्टम्भेने**ति । सौगताभिमतेन यथैकस्मिन् चित्रपटे नानावर्णसङ्करेऽपि न ज्ञानविरोधः । **अङ्गीचकारे**ति शब्दानामेव ॥१॥

(टि०) **यद्येव**मिति संशयोत्पादकानभ्युपगमेन निराक्रियते यतोऽनेन संशयोत्पादनमन्तरेण न किमपि प्रयोजनम् । **कर्त्तव्यं चे**त्यादि । **अन्यथे**ति । **यः** श्रोता आदिवाक्यं विना; यः **प्रमाण्यं** चाङ्गीचकारेति वाक्यसमन्वयः । **चित्रज्ञाने**ति पञ्चवर्णालेख्यज्ञानम् । **वाच्यवाचके**ति एतद्विशेष्यपदं प्राच्यानि पष्ठ्यन्तान्यस्य विशेषणानि प्राक्सुगतकल्पितोत्तरसूचकानि । **प्रामाण्यमिति** शब्दानामेव ॥१।

§ १ अथ प्रमाणस्यादौ लक्षणं व्याचक्षते–

स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् ॥ २ ॥

§ २ अत्रे[1] चादग्धदहनन्यायेन यावदप्राप्तं तावद् विधेयम्–इति विप्रतिपन्ना-

१. टिप्पणसंमतः 'तत्र' इति पाठः ।

नाश्रित्य स्वपरेत्यादिकम्, अव्युत्पन्नान् प्रति प्रमाणम्, प्रमाणप्रमेयापलापिनस्तूद्दिश्य द्वयमपि विधेयम्, शेषं पुनरनुवाद्यम् ।

§३ तत्र प्रमाणमिति प्राग्वत् । स्वमात्मा ज्ञानस्य स्वरूपम् । परः स्वस्मादन्यः, अर्थ इति यावत् । तौ विशेषेण यथावस्थितस्वरूपेण अवस्यति निश्चिनोतीत्येवं शीलं यत् तत् स्वपरव्यवसायि ।

§૧ હવે પ્રથમ પ્રમાણનું લક્ષણ કરે છે—

સ્વ-પોતાનો અને પર-અર્થનો નિશ્ચય કરનારું જ્ઞાન પ્રમાણ છે. ૨.

§૨ આ સ્થળે 'અદગ્ધદહન ન્યાય' એટલે કે-જે ન બળ્યું હોય તેને જ બાળવું અર્થાત્ બળેલાને બાળવાનો કાંઈ અર્થ નથી-એ ન્યાયથી જે જ્ઞાત હોય તેને જણાવવું નિરર્થક હોઈ જેટલું અજ્ઞાત હોય તે વિધેય બને છે. આથી વિપ્રતિપન્નની અપેક્ષાએ 'स्वपरव्यवसायिज्ञानं' વિધેય છે, અવ્યુત્પન્ન-શિષ્યોની અપેક્ષાએ 'प्रमाणम्' વિધેય છે, તથા પ્રમાણ અને પ્રમેય બન્નેનો અપલાપ કરનારની અપેક્ષાએ 'प्रमेय' અને 'प्रमाण' બન્ને વિધેય છે. વિધેય સિવાયનું અનુવાદ્ય જાણવું.

§૩ પ્રમાણ શબ્દની વ્યુત્પત્તિ પ્રથમની જેમ જાણવી. સ્વ-એટલે આત્મા. પ્રસ્તુતમાં જ્ઞાનનો આત્મા એટલે જ્ઞાનનું સ્વરૂપ. પર-જ્ઞાનથી ભિન્ન અર્થાત્ અર્થ. આ બન્નેનો વિશેષે કરીને યથાવત્-વાસ્તવિક સ્વરૂપથી નિશ્ચય કરનાર તે સ્વપરવ્યવસાયી.

(टि०) – **त(अ)त्र चे**त्यादि । **यावदप्राप्तमि**ति अगृहीतं विप्रतिपन्नादिभिः । **स्वपरे**ति स्वपरव्यवसायिज्ञानं व्यवस्थापनीयम् । **अव्युत्पन्नानि**ति शिष्यान् । **द्वयमपी**ति प्रणाणं च प्रमेयं च । **शेषमि**ति परेण प्रतिपन्नं स्पष्टार्थमनुवदनीयम् ।

§४ ज्ञायते प्राधान्येन विशेषो गृह्यतेऽनेन इति ज्ञानम् । एतच्च विशेषणम् — अज्ञानरूपस्य व्यवहारधुराधौरेयतामनादधानस्य सन्मात्रगोचरस्य स्वसमयप्रसिद्धस्य दर्शनस्य, सन्निकर्षादेश्चाऽचेतनस्य नैयायिकादिकल्पितस्य प्रामाण्यपराकरणार्थम् ।

§५ तस्याऽपि च प्रत्यक्षरूपस्य शाक्यैर्निर्विकल्पकतया प्रामाण्येन जल्पितस्य, संशयविपर्ययानध्यवसायानां च प्रमाणत्वव्यवच्छेदार्थं व्यवसायीति । स्पष्टनिष्टङ्कचमानपारमार्थिकपदार्थसार्थलुण्टाकज्ञानाद्वैतादिवादिमतमत्यसितुं परेति । नित्यपरोक्षबुद्धिवादिनां मीमांसकानाम्, एकात्मसमवायिज्ञानान्तरप्रत्यक्षज्ञानवादिनां यौगानाम्, अचेतनज्ञानवादिनां कापिलानां च कदाग्रहग्रहं निग्रहीतुं स्वेति ।

§૪ (૧) જેનાથી પ્રધાનરૂપે-મુખ્યપણે પદાર્થનિષ્ઠ વિશેષ-ભેદ ગ્રહણ કરાય તે જ્ઞાન. પ્રસ્તુત લક્ષણમાં પ્રમાણને 'જ્ઞાન' કહેવાનું તાત્પર્ય છે કે સ્વયં જૈનસંમત જ્ઞાનથી ભિન્ન એવું અને જે સન્માત્રને વિષય કરે છે તથા જે વ્યવ-

હારમાં અસમર્થ છે એવું દર્શન પ્રમાણ નથી. તથા નૈયાયિકોએ કલ્પેલ અચેતન-જડ સન્નિકર્ષાદિ પણ પ્રમાણ નથી.

§૫ (૨) બૌદ્ધોએ પ્રમાણરૂપ માનેલ નિર્વિકલ્પક પ્રત્યક્ષ, તથા સંશય, વિપર્યય અને અનધ્યવસાય-એ બધાં જ્ઞાનરૂપ હોવા છતાં પ્રમાણ નથી એમ બતાવવા માટે જ્ઞાનને વ્યવસાયી કહ્યું છે.

(૩) સ્પષ્ટરીતે સિદ્ધ એવા પારમાર્થિક પદાર્થસમૂહના લૂંટારુ અર્થાત્ જ્ઞાનથી 'પર' એવા બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ નહિ માનનાર જ્ઞાનાદ્વૈતવાદી, બ્રહ્માદ્વૈતવાદી વિગેરેના મતનું ખંડન કરવા માટે જ્ઞાનને 'પર'નું વ્યવસાયી કહ્યું છે.

(૪) જ્ઞાન એ નિત્ય પરોક્ષ છે, અર્થાત્ જ્ઞાનનું પ્રત્યક્ષ કદી થતું નથી એમ માનનાર મીમાંસકના; જ્ઞાનનું પ્રત્યક્ષ એક જ આત્મામાં સમવાય સંબંધથી રહેલ અન્ય જ્ઞાન કરે છે એમ કહેનાર યૌગ અર્થાત્ નૈયાયિકોના; તથા જ્ઞાન અચેતન-જડ છે, એવું માનનાર કાપિલ-સાંખ્યોના કદાગ્રહનો નિગ્રહ કરવા માટે પ્રમાણને 'સ્વ' નું વ્યવસાયી કહ્યું છે.

(प०) **स्पष्टनिष्टङ्क्यमाने**त्यादिगद्ये **ज्ञानाद्वैतादिवादिमत**मिति आदिशब्दात् शून्यवादिमतम्। **एकात्मे**त्यादि एकात्मसमवेतं यद् ज्ञानान्तरं तस्य प्रत्यक्षं न पुनरात्मनः प्रत्यक्षं ज्ञानं वदन्तीत्येवंशीलाः तेषां । **यौगाना**मिति नैयायिकानाम् । **कापिलाना**मिति सांख्यानाम् ।

(टि०) **ज्ञायते** इति। ज्ञाने प्राधान्येन विशेषः, गौणत्वेन तु सामान्यम्; दर्शने तु प्राधान्येन सामान्यम्, गौणत्वेन तु विशेषो गृह्यते । **अज्ञानरूपस्ये**ति ज्ञानाद् व्यतिरिक्तस्य न तु जडरूपस्य । **व्यवहारे**ति व्यवहारविमुखस्य, विशेषसाध्यत्वाद्व्यवहारस्य । **सन्मात्रे**ति सत्तामात्रम् । **स्वसमये**ति जिनसमयप्रख्यातस्य । **दर्शनस्ये**ति सामान्यग्राहित्वाद्दर्शनस्य ।

तस्येति ज्ञानस्य । तद्धि निर्व्यवसायं कल्पितं शाक्यैः । **स्पष्टे**ति प्रत्यक्षेण निर्णीयमानम् । ज्ञानाद्वैतेति ब्रह्मवादिमतं निराकर्तुम् । **नित्यपरोक्षे**ति परोक्षा पराभासिनी स्वात्मनि जडा । **एकात्मे**ति न ज्ञानमात्मानमात्मना जानाति, किन्तु ज्ञानं ज्ञानान्तरवेद्यमिति भावः ।

§६ समग्रलक्षणवाक्यं तु परपरिकल्पितस्यार्थोपलब्धिहेतुत्वादेः प्रमाणलक्षणत्वप्रतिक्षेपार्थम्। तथाहि—अर्थोपलब्धेरनन्तरहेतुः, परम्पराहेतुर्वा विवक्षाञ्चक्रे? परम्पराहेतुश्चेत्। तर्हि इन्द्रियवदञ्जनादेरपि प्रामाण्यप्रसङ्गः । अथानन्तरहेतुरिन्द्रियमेव प्रमाणम्, तत् किं द्रव्येन्द्रियम्, भावेन्द्रियं वा ? द्रव्येन्द्रियमप्युपकरणरूपम्, निर्वृत्तिरूपं वा ? न प्रथमम्; तस्य निर्वृत्तीन्द्रियोपष्टम्भमात्रे चरितार्थत्वात् । नापि द्वितीयम्; तस्य भावेन्द्रियेणार्थोपलब्धौ व्यवधानादानन्तर्याऽसिद्धेः । भावेन्द्रियमपि लब्धिलक्षणम्, उपयोगलक्षणं वा ? न पौरस्त्यम्; तस्यार्थग्रहणशक्तिरूपस्यार्थग्रहणव्यापाररूपेण तेन व्यवधानात् । उदीचीनस्य तु प्रमाणत्वेऽस्मल्लक्षितमेव लक्षणमक्षरान्तरैराख्यातं स्यात् । न च—नास्त्येवामूर्तमिन्द्रियमिति भौतिकमेव तत् तत्रानन्तरो हेतुः—इति वक्तव्यम्, व्यापारमन्तरे-

णात्मनः स्वार्थसंवित्फलस्यानुपपत्तेः । न ह्यव्यापृत आत्मा स्पर्शादिप्रकाशकः, सुषुप्तावस्थायामपि प्रकाशप्रसङ्गात् । न च तदानीमिन्द्रियं नास्ति, यतस्तदभावः स्यात् ।

§૬ અને સંપૂર્ણ લક્ષણવાક્ય તો–પરતીર્થિક-નૈયાયિકાદિ અન્ય દાર્શનિકોએ કલ્પેલ–'અર્થની ઉપલબ્ધિ–જ્ઞાનમાં હેતુ તે પ્રમાણ' વિગેરે પ્રમાણના લક્ષણોના ખંડન માટે જાણવું. તે આ પ્રમાણે–'અર્થજ્ઞાનનો હેતુ તે પ્રમાણ'–આમાં હેતુનો અર્થ સાક્ષાત્ હેતુ કે પરંપરાએ હેતુ હોય તે પ્રમાણ છે? પરંપરા હેતુ અર્થાત્ કારણ પ્રમાણ છે–એમ કહો તો ચક્ષુની જેમ અંજનાદિ પણ પ્રમાણ બની જશે. કારણ કે જેમ ચક્ષુ જ્ઞાનમાં કારણ છે, તેમ અંજનાદિ ચક્ષુની નિર્મલતામાં અને નિર્મલતા જ્ઞાનમાં કારણ હોઈ તે જ્ઞાનનું પરંપરાએ કારણ છે જ. સાક્ષાત્કારણરૂપ ઈન્દ્રિયો જ પ્રમાણ છે–એમ કહો તો ઇન્દ્રિય એટલે દ્રવ્યેન્દ્રિય કે ભાવેન્દ્રિયને પ્રમાણ માનશો? દ્રવ્યેન્દ્રિયમાં પણ તે ઉપકરણરૂપ કે નિર્વૃત્તિરૂપ દ્રવ્યેન્દ્રિય સમજવી? 'ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિય પ્રમાણ છે' એવો પ્રથમ પક્ષ તો કહી શકાય તેમ નથી. કારણ કે–તે તો માત્ર નિર્વૃત્તિરૂપ દ્રવ્યેન્દ્રિયને સહાયક બનવામાં જ ચરિતાર્થ છે. 'નિર્વૃત્તિરૂપ દ્રવ્યેન્દ્રિય પ્રમાણ છે' એ બીજો પક્ષ પણ યોગ્ય નથી. કારણ કે તેમાં ભાવેન્દ્રિયનું વ્યવધાન હોઈ તેને સાક્ષાત્કારણ કહી શકાય નહિ. ભાવેન્દ્રિય પ્રમાણ હોય તો–લબ્ધિલક્ષણ ભાવેન્દ્રિય કે ઉપયોગ લક્ષણ ભાવેન્દ્રિય પ્રમાણ છે? લબ્ધિલક્ષણ ભાવેન્દ્રિયને પ્રમાણ કહી શકાશે નહીં. કારણ કે તે અર્થગ્રહણમાં શકિતરૂપ એટલે ક્ષયોપશમરૂપ છે, અને તેમાં તો અર્થગ્રહણવ્યાપારરૂપ એટલે ઉપયોગરૂપ ઇન્દ્રિયનું વ્યવધાન છે. અને ઉપયોગરૂપ ભાવેન્દ્રિયને પ્રમાણ કહો તો–અમોએ પ્રમાણના કરેલ લક્ષણને જ બીજા શબ્દોમાં તમે કહ્યું. માટે અર્થોપલબ્ધિ–અર્થજ્ઞાનમાં સાક્ષાત્ હેતુને પ્રમાણ માનતા હો તો તે હેતુ તમે માનેલ ઇન્દ્રિય નહીં, પણ જ્ઞાન જ છે.

शङ्का–તમે બતાવેલ ઉપયોગ–જ્ઞાનરૂપ ઇન્દ્રિય છે જ નહિ. તેથી ભૂતથી બનેલ ઈન્દ્રિયો અર્થોપલબ્ધિમાં સાક્ષાત્કારણ છે–એમ માનવું જોઈએ.

समाधान–આમ ન કહી શકાય. કારણ કે આત્માના વ્યાપાર વિના સ્વપરજ્ઞાનરૂપ ફલ સિદ્ધ થઈ શકતું નથી. માટે આત્માના વ્યાપારરૂપ ભાવેન્દ્રિયને માનવી જોઇએ. કારણ કે વ્યાપાર રહિત આત્મા સ્પર્શાદિ અર્થનો પ્રકાશક બનતો નથી. અન્યથા નિદ્રાવસ્થામાં વ્યાપારરહિત હોવા છતાં સ્પર્શાદિ અર્થનો તે પ્રકાશક બની જશે, નિદ્રાવસ્થામાં પણ ઈન્દ્રિયો વિદ્યમાન તો છે જ. આથી નિદ્રામાં પણ આત્મા અર્થ પ્રકાશક બનવો જોઇએ. બનતો તો નથી.

(प०)**परपरिकल्पितस्येति** नैयायिकादिपरिकल्पितस्य । **अर्थोपलब्धिहेतुत्वादेरिति** अर्थोपलब्धिहेतुः प्रमाणम् । **परम्पराहेतुर्वेति** प्रामाण्येन । **अञ्जनादेरपीति** तस्यापि चक्षुर्नैर्मल्यकरणादिना अर्थोपलब्धिहेतुत्वात् । **उपकरण[रूप]मिति** इन्द्रियशक्तिरूपम् । **निर्वृत्तिरूपमिति** निर्वृत्तिर्द्विविधा बहिर्निर्वृत्तिः अन्तर्निर्वृत्तिः । बहिर्निर्वृत्तिः श्रोत्रादिषु कर्णशष्कुल्यादिरूपा । अन्तर्निर्वृत्तिस्त्वेवम्–कदम्बपुष्पगोलकाकारं श्रोत्रम् । मसूराकारं चक्षुः । अतिमुक्तकपुष्पाकारं घ्राणेन्द्रियम् । क्षुरप्रसंस्थानं रसनम् । नानाकारं स्पर्शनम् । **अर्थग्रहणशक्तिरूपस्येति** क्षयोपशमरूपस्य । **तेनेति** उपयोगेन ।

तदिति इन्द्रियम्। **तत्रेति** अर्थोपलब्धौ। **न ह्यव्यापृत आत्मे**त्यादि। भवन्मतेऽपि स्पर्शादीनां फलं तावदात्मन एव। **प्रकाशप्रसङ्गादि**ति तदाप्यव्यापृतत्वात्। **तदभाव** इति प्रकाशाभावः।

(टि०)–**अथानन्तरे**त्यादि। **द्रव्येन्द्रिय**मिति द्विविधं द्रव्येन्द्रियं निर्वृत्तिरूपं उपकरण-रूपं च। उपकरणेन्द्रियं विषयग्रहणे सामर्थ्यं च्छेद्यच्छेदने करवालस्येव धारा, यस्मिन्नुपहते निर्वृत्तिसद्भावेपि विपयं न गृह्णातीति उपकरणस्य निर्वृत्तीन्द्रियाधारकृतार्थत्वात्। निर्वृत्तिराकारः। सा च वाह्याभ्यन्तरभेदाद् द्विधा। तत्र वाह्या अनेकप्रकारा। आभ्यन्तरा पुनः क्रमेण श्रोत्रादीनां कादम्बपुष्प–धान्यमसूर२अतिमुक्तकपुष्पचन्द्रिका३क्षुरप्र४नानाकारसंस्थाना ५। लब्ध्युपयोगौ भावेन्द्रियम्। लब्धीन्द्रियं पुनस्तावदावरणक्षयोपशमरूपम्। उपयोगेन्द्रियं यः स्वविषये व्यापारः। **तस्ये**ति लब्धीन्द्रियस्य। **तेने**ति भावेन्द्रियेण उपयोगरूपेण अर्थग्रहणेन। **अस्मल्लक्षित**मिति स्वपरावभास्येव ज्ञानम्। **असूदृश**मिति भवदुक्तम्। **भौतिक**मिति महाभूतोद्भवमेव। **तदि**ति इन्द्रियम्। **तत्रे**ति अर्थोपलब्धौ। **स्वार्थसंविदि**ति स्वपरज्ञानम्। **यत** इति इन्द्रियाभावात्। **तदभाव** इति प्रकाशाभावः।

अथ नेन्द्रियं सत्तामात्रेण तद्धेतुः, किन्तु मनसाऽर्थेन च सन्निकृष्टमिति चेत्। ननु सुषुप्तावस्थायामपि तत्तादृशमस्त्येव, मनसः शरीरव्यापिनः स्पर्शनादीन्द्रियेण, स्पर्शनादेश्च तूलिकादिना सन्निकर्षसद्भावात्। न च अणुपरिमाणत्वाद् मनसः शरीरव्यापित्वमसिद्धम् इति वाच्यम्, तत्र तस्य प्रमाणेन प्रतिहतत्वात्। तथाहि–मनोऽणुपरिमाणं न भवति, इन्द्रियत्वाद्, नयनवत्। न च शरीरव्यापित्वे युगपज्ज्ञानोत्पत्तिप्रसङ्गः, तादृशक्षयोपशमविशेषेणैव तस्य कृतोत्तरत्वात्। इति नैतत्प्रमाणलक्षणमक्षूणम्। आचक्ष्महि च मतपरीक्षापञ्चाशति–

"अर्थस्य प्रमितौ प्रसाधनपटुं प्रोचुः प्रमाणं परे
तेषामञ्जनभोजनाद्यपि भवेद् वस्तु प्रमाणं स्फुटम्।
आसन्नस्य तु मानता यदि तदा संवेदनस्यैव सा
स्यादित्यन्धभुजङ्गरन्ध्रगमवत् तीर्थ्यैः श्रितं त्वन्मतम् ॥१॥" इति।

शङ्का–ઇન્દ્રિયો માત્ર પોતાની સત્તામાત્રથી જ અર્થજ્ઞાનમાં કારણભૂત નથી, પરંતુ મન અને વિષય સાથે જોડાઇને જ તે અર્થજ્ઞાનમાં કારણ છે.

समाधान–નિદ્રાવસ્થામાં પણ શરીરવ્યાપી મનનો સ્પર્શનાદિ ઇન્દ્રિયો સાથે અને ઇન્દ્રિયોનો તલાઈ–રજાઈ આદિ પદાર્થ સાથે સન્નિકર્ષનો સદ્ભાવ તો છે જ, તો નિદ્રાવસ્થામાં જ્ઞાન કેમ નથી થતું?

शङ्का–મન અણુપરિમાણ હોવાથી તે શરીરવ્યાપી નથી.

समाधान–એમ ન કહેવું. કારણ કે મનમાં અણુપરિમાણત્વ અનુમાન પ્રમાણથી બાધિત છે. તે આ પ્રમાણે–મન અણુપરિમાણ નથી, ઇન્દ્રિય હોવાથી, ચક્ષુની જેમ.

शङ्का–પણ મનને શરીરવ્યાપી માનવાથી એકીસાથે સ્પાર્શન, રાસન આદિ અનેક ઇન્દ્રિયજ્ઞાનોની ઉત્પત્તિનો પ્રસંગ થઈ જશે. જ્યારે અનુભવ તો એવો છે કે તે તે જ્ઞાનો ક્રમે કરી થાય છે.

समाधान–ક્ષયોપશમને કારણે જ્ઞાનની ઉત્પત્તિ માનવાથી આનો ઉત્તર થઈ જાય છે. એટલે કે મનનો સંપર્ક બધી ઇન્દ્રિયો સાથે હોવા છતાં જો ક્ષયોપશમ-વિશેષ ન હોય તો જ્ઞાન થતું નથી. આ પ્રમાણે–અર્થજ્ઞાનમાં જે હેતુ હોય તે પ્રમાણ–એવું પ્રમાણનું લક્ષણ નિર્દોષ નથી. આ બાબતમાં અમે 'મતપરીક્ષાપંચાશત્'માં કહ્યું પણ છે કે "નૈયાયિકાદિ અન્ય તીર્થિકો અર્થજ્ઞાનના પ્રસાધનમાં જે કુશળ હોય તેને પ્રમાણ કહે છે, પણ ચક્ષુને નિર્મળ કરનાર અંજન, અને શરીરને પુષ્ટ કરનાર ભોજન વિગેરે પદાર્થ પ્રમાણરૂપ બની જશે, અને અનન્તર–સાક્ષાત્કારણને પ્રમાણ માને તો માત્ર જ્ઞાનમાં જ પ્રમાણતા સિદ્ધ થાય છે. આ પ્રકારે હે ભગવન્ ! આંધળો સર્પ બીલમાં જાય એ ન્યાયે નૈયાયિકાદિ અન્ય તીર્થિકોએ તમારા સિદ્ધાન્તનો જ આશ્રય કર્યો છે."

(प०) **तत्तादृशमस्त्येवेति** मनसाऽर्थेन च सन्निकृष्टम् । **तत्रेति** मनसि । **तस्येति** अणुपरिमाणत्वस्य । [1][**प्रत्यक्षज्ञप्तिकरणत्वादिति** प्रत्यक्षं पञ्चेन्द्रियग्राह्यं ज्ञानं तस्य करणं साधकतमं क्वचित् **करणत्वादिति** पाठः सोऽपि रम्यः] **तस्येति** युगपद् ज्ञानोत्पत्तिप्रसङ्गस्य । **अञ्जनभोजनाद्यपीति** तद्धि अञ्जनभोजनादिकं व्यवहितं कारणम् ।

(टि०) **तद्धेतुरिति** प्रकाशहेतुः । **तदिति** इन्द्रियम् । **तादृशमिति** मनसार्थेन च संसृष्टम् । **तत्रेति** मनसि । **तस्येति** अणुपरिमाणत्वस्य । **युगपदिति** समकालं मनोज्ञानेन्द्रियज्ञानयोरुत्पादप्रसक्तिः ।

अर्थस्येत्यादि । **प्रमिताविति** अर्थोपलब्धौ । **प्रसाधनेति** साधनपटिष्ठो हेतुः **आसन्नस्येति** सन्निकर्षस्य ।

§७ 'अनधिगतार्थाधिगन्तृ प्रमाणम्' इत्यपि प्रमाणलक्षणं न मीमांसकस्य मीमांसामांसलतां सूचयति, प्रत्यभिज्ञानस्याप्रामाण्यप्रसङ्गात् । अथात्रापूर्वोऽप्यर्थः प्रथते, "इदानींतनमस्तित्वं न हि पूर्वधिया गतम्" [श्लो० प्रत्य० २३४] इति चेद् । इदमन्यत्रापि तुल्यम् , उत्तरक्षणसत्त्वस्य प्राक्क्षणवर्त्तिसंवेदनेनावेदनात् । पूर्वोत्तरक्षणयोः सत्त्वस्यैक्यात् कथं तेन तस्यावेदनम् ?–इति चेत् । प्रत्यभिज्ञागोचरेऽपि तुल्यमेतत्, "रजतं गृह्यमाणं हि चिरस्थायीति गृह्यते" इति वचनात् । प्रागेव तद्वेदने च तदिदानीमस्ति, न वा ? कीदृग् वाऽस्ति ? इति तदनन्तरं न कोऽपि सन्दिहीत । ततोऽपार्थकमेवानधिगतेति विशेषणम् , व्यवच्छेद्याभावात् ॥

§७ 'પૂર્વે નહિ જાણેલ પદાર્થને જાણે તે પ્રમાણ'–મીમાંસકોનું આવું પ્રમાણ-લક્ષણ પણ મીમાંસકની મીમાંસાની–વિચારની પુષ્ટિને સૂચવતું નથી. કારણ કે એથી તો પ્રત્યભિજ્ઞાન અપ્રમાણ બની જશે. કારણ કે પ્રત્યભિજ્ઞાન તો પૂર્વે જ્ઞાત અર્થનું જ જ્ઞાન કરાવે છે અર્થાત્ લક્ષણમાં અવ્યાપ્તિ દોષ છે.

शङ्का–પ્રત્યભિજ્ઞાનમાં માત્ર જ્ઞાત જ નહિ પણ અપૂર્વ–પૂર્વે અજ્ઞાત અર્થ પણ ભાસે છે. કારણ કે "આ કાળનું 'અસ્તિત્વ' પૂર્વકાળની બુદ્ધિએ–જ્ઞાને જાણ્યું નથી." આથી પ્રત્યભિજ્ઞાને અપ્રમાણ કહી શકાય નહિ.

---

१. कोष्ठकान्तर्गतपञ्जिकायाः प्रतीकं न लभ्यते मूले ।

समाधान–આવું અપૂર્વજ્ઞાન તો અન્યત્ર–ધારાવાહી જ્ઞાનમાં પણ છે, કારણ કે પ્રત્યેક વસ્તુની ઉત્તરક્ષણની સત્તાને પૂર્વકાલમાં રહેલ જ્ઞાને તો જાણી જ નથી, તો ધારાવાહિ જ્ઞાન પણ अधिगतार्थगन्तृ–જાણેલ અર્થને જાણનાર નહીં, પરંતુ 'अनधिगतार्थाधिगन्तृ' નહીં જાણેલ અર્થને જાણનાર બની જશે.

शंका–પૂર્વ અને ઉત્તર ક્ષણોનું સત્ત્વ–અસ્તિત્વ તો એક જ છે, તો પૂર્વ ક્ષણવર્તી જ્ઞાનદ્વારા ઉત્તર ક્ષણવર્તી અસ્તિત્વ અજ્ઞાત છે એમ કેમ કહેવાય ?

समाधान–જો એમ હોય તો પ્રત્યભિજ્ઞાનના વિષયમાં પણ એમ જ છે. અર્થાત્ પૂર્વકાલીન અસ્તિત્વ અને ઉત્તરકાલીન અસ્તિત્વને એક માનવાથી પ્રત્યભિજ્ઞાન પણ અજ્ઞાત પદાર્થનું જ્ઞાપન નથી કરતું પણ જ્ઞાતનું જ જ્ઞાપન કરે છે, વળી કહ્યું પણ છે કે "જ્યારે રજતનું ગ્રહણ થાય છે, ત્યારે તે રજત ચિરસ્થાયી છે એ પ્રકારે જ ગૃહીત–જ્ઞાત થાય છે." આથી તો તે રજત પ્રથમ જ વિદિત થઈ ગયેલ હોઈ પ્રત્યભિજ્ઞાન વખતે 'તે અત્યારે છે કે નહિ ?' અથવા તો 'તે કેવું છે ?' આવા કોઈ પણ પ્રકારના સંદેહને સ્થાન મળતું નથી. આથી પ્રમાણલક્ષણમાં 'અનધિગત' એ વિશેષણ નિરર્થક છે, કારણ કે તેનું કોઈ વ્યવચ્છેદ્ય નથી.

(टि०) **प्रत्यभिज्ञे**ति स एवायमिति । **अत्रे**ति प्रत्यभिज्ञाने । **इदमन्यत्रापी**त्यादि । **अन्यत्रापी**ति अधिगतार्थाधिगन्तृषु धारावाहिज्ञानेषु । **तेने**ति पूर्वक्षणेन । **तस्ये**ति उत्तरक्षणस्य । **तद्वेदने**ति पूर्वोत्तरक्षणयोर्ज्ञाने । **व्यवच्छेद्ये**ति विशेषणं हि व्यवच्छेदकम् । अस्य व्यवच्छेद्यं नास्ति ।

§ ८ न चाऽव्यापकत्वदोषः प्रकृतलक्षणे, प्रत्यक्षपरोक्षलक्षणव्यक्तिव्यापकत्वात् ।

§ ९ नाप्यतिव्यापकत्वकलङ्कः, संशयाद्यप्रमाणविशेषेष्ववर्तनात् ।

§ १० नाप्यसम्भवसम्भवः, प्रमाणं स्वपरव्यवसायि ज्ञानम्, प्रमाणत्वान्यथानुपपत्तेः—इत्यतस्तत्र स्वपरव्यवसायिज्ञानत्वसिद्धेः ।

§૮ પ્રમાણનું આ લક્ષણ પ્રત્યક્ષ પ્રમાણ અને પરોક્ષ પ્રમાણરૂપ બન્ને વ્યક્તિઓમાં વ્યાપીને રહેતું હોવાથી તેમાં અવ્યાપ્તિ દોષ નથી.

§૯ વળી અપ્રમાણરૂપ સંશયાદિમાં રહેતું ન હોવાથી અતિવ્યાપ્તિ દોષ પણ નથી.

§૧૦ તેમજ 'પ્રમાણ સ્વપરવ્યવસાયી જ્ઞાન છે, કારણ કે અન્યથા પ્રમાણત્વ ઘટી શકતું નથી.' આ પ્રકારના અનુમાનથી પ્રમાણમાં સ્વપરવ્યવસાયી જ્ઞાનત્વની સિદ્ધિ છે. એટલે અસંભવ દોષ પણ નથી.

(प०) **प्रमाणत्वान्यथानुपपत्तेरि**ति । भवति हि धर्मिविशेषे साध्ये धर्मिसामान्यं हेतुः । **तत्रे**ति प्रमाणत्वान्यथानुपपत्त्याख्ये हेतौ ।

(टि०) **न चाव्यापके**त्यादि । **व्यक्ती**ति विशेषः । **अतस्तत्रे**ति प्रमाणे ।

§ ११ अत्र चायं कण्टकोद्धारप्रकारः । तथाहि— न तावदत्र पक्षप्रतिक्षेपदक्षदोषसंश्लेषः । अयं हि भवन् किं प्रतीतसाध्यधर्मविशेषणत्वम्, अनभीप्सितसाध्यधर्मविशेषणता, निराकृतसाध्यधर्मविशेषणत्वम् वा भवेत् ?—इति भेदत्रयी त्रिवलीव तर-

लाक्षीणामुन्मीलति । तत्र न तावत् प्रतीतसाध्यधर्मविशेषणत्वमत्राऽऽख्यायमानं संख्यावतां ख्यातये । यतः प्रसिद्धमेव साध्यं साधयतामेतदुन्मज्जति, आपो द्रवा इत्यादिवत् । न चैतत् प्रमाणलक्षणमद्यापि परेषां प्रसिद्धिकोटिमाटीकिष्ट । नाप्यत्रानभीप्सितसाध्यधर्मविशेषणता भाषणीया । सा हि स्वानभिप्रेतं साध्यं साधयतामधीमतां धावति, शौद्धोदनस्य नित्यत्वसाधनवत् । न चार्हतानामेतत् प्रमाणलक्षणमनाकाङ्क्षितम् । नापि निराकृतसाध्यधर्मविशेषणत्वमत्रोपपत्तिपद्धतिप्रतिबद्धतां दधाति । तद्धि प्रत्यक्षेण, अनुमानेन आगमेन वा साध्यस्य निराकरणाद् भवेत् । न चैतद् 'अनुष्णस्तेजोऽवयवी', 'नास्ति सर्वज्ञः,' 'जैनेन रजनिभोजनं भजनीयम्' इत्यादिवत् प्रत्यक्षानुमानागमादिभिर्बाधासम्बन्धवैधुर्यं दधानमीक्ष्यते । तस्माद् नाऽत्र दोषः पक्षस्य सूक्ष्मोऽप्युत्प्रेक्षितुं पार्यते ।

§૧૧ આ અનુમાનમાં કંટકોદ્ધાર આ પ્રકારે છે—

પ્રમાણ લક્ષણને સિદ્ધ કરનાર આ અનુમાનમાં પક્ષનું નિરાકરણ કરનાર પક્ષદોષ નથી. અહીં પક્ષમાં જો દોષ હોય તો તે સાધ્યધર્મની પ્રસિદ્ધિ, સાધ્યધર્મની અનિષ્ટતા અથવા સાધ્યધર્મનું પ્રમાણદ્વારા નિરાકરણ–આમ ચપલાક્ષીની ત્રિવલી જેવા આ ત્રણમાંથી કયો દોષ છે ?

અહીં આ અનુમાનમાં સાધ્યધર્મ પ્રસિદ્ધ છે, એમ કહેવામાં આવે તો તે વિદ્વાનોના યશ માટે નથી. કારણ કે સાધ્ય પ્રથમથી સિદ્ધ હોય તો જ આ દોષ લાગે. જેમકે કોઇ કહે કે–'પાણી દ્રવણશીલ છે' તો આ વસ્તુ સિદ્ધ જ છે, તેથી સાધ્ય બનતી નથી, પણ અહીં જણાવેલ પ્રમાણ લક્ષણ તો અત્યાર સુધી વિપક્ષીને કોઇ પણ રીતે સિદ્ધ નથી.

વળી અહીં 'સાધ્યધર્મ અનિષ્ટ છે'–એમ પણ કહેવાય નહિ. કારણ કે આવું ત્યારે જ બને કે જ્યારે મૂર્ખ માણસ પોતાને અનિષ્ટ હોય એવું જ સાધ્ય સિદ્ધ કરતો હોય. જેમકે–બૌદ્ધો નિત્યતાની સિદ્ધિ કરે તો તે પોતાને અનિષ્ટની સિદ્ધિ કરતા હોઇ આ દોષથી ગ્રસ્ત થાય છે. પણ ઉપર જણાવેલ પ્રમાણ લક્ષણ જૈનોને અનિષ્ટ નથી પણ ઇષ્ટ જ છે, એટલે એ દોષ પણ નથી.

તેમજ અહીં 'સાધ્ય પ્રમાણથી નિરાકૃત છે' એમ કહેવું તે પણ યુક્તિયુક્ત નથી. કારણ કે પ્રત્યક્ષ, અનુમાન, કે આગમ પ્રમાણથી સાધ્યધર્મનું ખંડન થયું હોય તો આ દોષ આવે. જેમકે–અગ્નિ ઉષ્ણ નથી' અહીં 'અનુષ્ણત્વ' સાધ્ય પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. 'જગતમાં કોઇ સર્વજ્ઞ નથી'–અહીં સર્વજ્ઞત્વાભાવ અનુમાનથી બાધિત છે. 'જૈનોએ રાત્રિભોજન કરવું જોઈએ'–અહિં રાત્રિભોજન આગમબાધિત છે. આ પ્રકારે તે તે ધર્મોનો પક્ષમાં અભાવ સિદ્ધ થાય છે. તેમ પ્રમાણલક્ષણના સાધક આ અનુમાનમાં પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે 'સ્વપરવ્યવસાયી જ્ઞાનત્વ' ધર્મનો અભાવ જોવાતો નથી. અર્થાત્ પ્રમાણલક્ષણસાધક અનુમાનના 'પ્રમાણ'રૂપ પક્ષમાં 'સ્વપર' ઇત્યાદિ ધર્મ બાધિત નથી. માટે પ્રમાણલક્ષણસાધક આ અનુમાનમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ પક્ષદોષ કલ્પી શકાશે નહિ.

(टि०) - **अयं हीति** दोषसंश्लेषः । **अत्रेति** विद्वज्जनसदसि । **संख्यावतामिति** विदुषां तार्किकाणां प्रसिद्धये ।

नापि हेतोः । स खल्वसिद्धता, विरुद्धता, व्यभिचारो वा भवेत् ? यदि तावदसिद्धता, तदाऽपि किमन्यतरासिद्धिः, उभयासिद्धिर्वा भवेत् ? अन्यतरासिद्धिश्चेत् । तदाऽपि वादिनः, प्रतिवादिनो वाऽन्यतरस्येयमसिद्धिः स्यात् ? यदि वादिनः, तदा किं स्वरूपद्वारेण, आश्रयद्वारेण, भिन्नाधिकरणताद्वारेण, पक्षैकदेशद्वारेण, प्रतिज्ञार्थैकदेशद्वारेण वाऽसौ स्यात् ? स्वरूपद्वारेण चेत् । तत्किं हेतुस्वरूपे विप्रतिपत्तेः, अप्रतिपत्तेः, सन्देहाद् वा ? न प्राच्यः प्रकारः सारः, प्रमाणत्वाख्यहेतुस्वरूपे समस्तप्रामाणिकपरिषदामविवादात् । नाऽपि द्वितीयः प्रमाणस्वरूपमप्रतिपद्यमानस्य वादिनोऽप्रामाणिकत्वप्रसङ्गात् । नापि तृतीयः, सर्वथैवानिर्णीतप्रमाणस्वरूपस्य प्रतिपत्तुस्तत्र सन्देहानुत्पादात् । न खलु सकलकालमनाकलितस्थाणुत्वस्य स्थाणुत्वपुरुषत्वोल्लेखी सन्देहः कस्याऽपि संपद्यते । तत्स्वरूपप्रतिपत्तौ वा क्वचित् कथं सर्वथा प्रमाणस्वरूपे संशयः स्यात् ? आश्रयासिद्धिव्यधिकरणासिद्धी तु वादिनो जैनस्य दोषावेव न संमतौ, अस्ति सर्वज्ञः सुनिश्चिताऽसम्भवद्बाधकप्रमाणत्वात्, उदेष्यति शकटं कृत्तिकोदयात्—इत्यादेर्गमकत्वेन स्वीकृतत्वात् । संमतत्वे वा न तयोरत्रावकाशशङ्काशङ्कुसंकथा, प्रमाणस्य धर्मिणः सकलवादिनामविवादास्पदत्वात्, प्रमाणत्वहेतोस्तत्र वृत्तिनिर्णयाच्च । पक्षैकदेशासिद्धताऽपि नात्र साधीयस्तां दधाति । सा हि संपूर्णपक्षाव्यापकत्वे सति संभविनी । सचेतनास्तरवः स्वापात्—इत्यादिवत् । न चैतदत्रास्ति । नाप्यनित्यः शब्दोऽनित्यत्वादित्यादिवत् प्रतिज्ञार्थैकदेशासिद्धताऽभिधानीया, तस्यास्तत्त्वतः स्वरूपासिद्धिरूपत्वात् । अन्यथा धर्मिणोऽपि हेतुत्वे तत्प्रसङ्गात् । स्वरूपासिद्धिश्चात्र न यथा स्थेमानमास्तिघ्नुते, तथाऽनन्तरमेव न्यरूपि । इति न वादिनः साधनमसिद्धमेतत् । नापि प्रतिवादिनः, तत्राप्येवंप्रकारप्रकारकल्पनाप्रबन्धस्य प्रायः समानत्वात् । अत एव वादिप्रतिवाद्युभयस्यापि नासिद्धमिदम् । एवं च कथमिदं साधनमसिद्धिसम्बन्धं दधीत ?

વળી અહીં હેતુદોષ નથી. જો હોય તો તે અસિદ્ધતા, વિરુદ્ધતા કે વ્યભિચાર છે? અસિદ્ધતા દોષ હોય તો શું તે અન્યતરાસિદ્ધ કે ઉભયાસિદ્ધ છે? અન્યતરાસિદ્ધ હોય તો તે વાદીને છે કે પ્રતિવાદને? વાદીને અસિદ્ધ છે તો તે શું સ્વરૂપાસિદ્ધિ–હેતુના સ્વરૂપની અસિદ્ધિને કારણે, આશ્રયની અસિદ્ધિને કારણે, હેતુ અને સાધ્યના અધિકરણો ભિન્ન હોવાને કારણે, પક્ષના એક દેશમાં અસિદ્ધિને કારણે કે પછી પ્રતિજ્ઞારૂપ અર્થનો એકદેશરૂપ હેતુ બની જાય છે એ કારણે છે? જો હેતુના સ્વરૂપની અસિદ્ધિ છે તો તે શું હેતુના સ્વરૂપ વિષે વિપ્રતિપત્તિ અર્થાત્ વિવાદ છે તેથી કે તેનું જ્ઞાન નથી તેથી કે તેમાં સંદેહ હોવાથી?

---

१. प्रकारो विकल्पः —**मुटि**

અહીં સમસ્ત પ્રામાણિકોને 'પ્રમાણત્વ' હેતુના સ્વરૂપમાં તો કશી જ વિપ્રતિપત્તિ–વિવાદ નથી. તેથી તે કારણે હેતુને સ્વરૂપાસિદ્ધ કહી શકાય નહિ. અને પ્રમાણના સ્વરૂપને જ નહિ જાણનાર વાદી તો અપ્રામાણિક બની જતો હોઈ પ્રમાણના અજ્ઞાનના કારણે પણ હેતુને અસિદ્ધ કહી શકશે નહીં. વળી પ્રમાણના સ્વરૂપમાં સંદેહને કારણે પણ હેતુ અસિદ્ધ નથી. કારણ કે જેણે કોઈ પણ પ્રકારે પ્રમાણનો નિશ્ચય કર્યો નથી તેવા પ્રમાતા પુરુષને તો પ્રમાણના સ્વરૂપ વિષે સંદેહ થાય જ નહીં. જેમ કે– ત્રણે કાલમાં સ્થાણુ–ઠૂંઠાને નહિ જાણનાર કોઈ પણ પ્રમાતાને ' આ સ્થાણું–ઠૂંઠું છે કે પુરુષ ? ' એવો સંદેહ થતો જ નથી. અને જેણે કોઈક વખતે પ્રમાણનો નિર્ણય કર્યો હોય તેવા પ્રમાતાને પણ પ્રમાણ વિષે સર્વથા સંશય થવાનો તો અવકાશ જ નથી. અર્થાત્ કોઈ વખત થવાનો સંભવ છે. આશ્રયની અસિદ્ધિને કારણે તથા હેતુ અને સાધ્યના અધિકરણો ભિન્ન હોવાને કારણે હેતુની અસિદ્ધિ તો અમને જૈનને દોષરૂપે સંમત જ નથી. કારણ કે ' સર્વજ્ઞનું અસ્તિત્વ છે, કારણ કે તેમાં બાધક પ્રમાણનો અસંભવ સુનિશ્ચિત છે '–આ અનુમાનની પૂર્વે હેતુનો આશ્રયભૂત ધર્મી ' સર્વજ્ઞ ' પ્રમાણથી અસિદ્ધ છતાં તે વિકલ્પ વડે સિદ્ધ હોઈ પ્રસ્તુતમાં હેતુને જૈનોએ સાધ્યનો ગમક–સિદ્ધ કરનાર માનેલ છે. તેવી જ રીતે ' શકટનો ઉદય થશે, કારણ કે કૃત્તિકાનો ઉદય છે '–આ અનુમાનમાં પણ નૈયાયિકાદિઓએ કલ્પેલ વ્યધિકરણાસિદ્ધિ નામનો દોષ જણાય છે, કારણ કે–સાધ્યધર્મ શકટનો ઉદય એ શકટમાં, અને કૃત્તિકાનો ઉદય કૃત્તિકામાં છે. છતાં પણ અહીં જૈનમતે હેતુ સાધ્યનો સાધક છે. અથવા આશ્રયાસિદ્ધિ અને વ્યધિકરણાસિદ્ધિ એ બન્નેને દોષ માનવામાં આવે તો પણ પ્રકૃત અનુમાનમાં આ બન્ને દોષોના અવકાશની શંકારૂપ ખીલીનું નડતર નથી. કારણ કે–પ્રમાણરૂપ ધર્મીના અસ્તિત્વમાં કોઈ પણ વાદીને વિવાદ નથી. અને પ્રમાણરૂપ ધર્મીમાં પ્રમાણત્વ હેતુની વૃત્તિનો દરેકને નિશ્ચય છે.

પક્ષૈકદેશાસિદ્ધતા એટલે કે પક્ષના એકદેશમાં અસિદ્ધિનો દોષ આ અનુમાનમાં નથી. કારણ કે હેતુ સંપૂર્ણ પક્ષમાં ન રહે તો એટલે કે પક્ષના કોઈ ભાગમાં હેતુ હોય અને કોઈ ભાગમાં ન હોય ત્યારે આ દોષ પ્રાપ્ત થાય છે. જેમકે- ' વૃક્ષો સચેતન છે, નિદ્રાવાળા હોવાથી. ' આ અનુમાનમાં બધા જ વૃક્ષોમાં નિદ્રા દેખાતી ન હોવાથી અને માત્ર થોડામાં જ તે દેખાતી હોવાથી આ દોષ આવે છે. પરંતુ પ્રકૃત અનુમાનમાં આ પ્રમાણત્વ હેતુ તો પ્રમાણરૂપ સંપૂર્ણ પક્ષમાં વ્યાપીને રહેલ હોવાથી તે દોષ આમાં નથી. વળી 'શબ્દ અનિત્ય છે, કારણકે તે અનિત્ય છે'–આ અનુમાનમાં 'શબ્દ અનિત્ય છે' એ પ્રતિજ્ઞામાં જે સાધ્ય છે તે, અને હેતુ એક હોવાથી એ હેતુને પ્રતિજ્ઞાર્થૈકદેશાસિદ્ધ નામનો અસિદ્ધ હેત્વાભાસ કહેવામાં આવે છે. પણ ખરી રીતે તે સ્વરૂપાસિદ્ધ છે. અન્યથા જ્યારે ધર્મીનો હેતુ તરીકે નિર્દેશ થાય ત્યારે તેને પણ પ્રતિજ્ઞાતાર્થૈકદેશાસિદ્ધ કહેવો પડશે. અને સ્વરૂપાસિદ્ધિ દોષ તો અહીં ઘટી શકતો નથી તે તો અમે આ પહેલા જ જણાવેલ છે. માટે વાદીની અપેક્ષાએ આ હેતુ અસિદ્ધ નથી. તેવી જ રીતે પ્રતિવાદીને

પણ આ અસિદ્ધ નથી. કારણ કે, આ પ્રકારે કરાતાં વિકલ્પો તેને વિષે પણ પ્રાયઃ સમાન જ છે. આ પ્રકારે 'પ્રમાણત્વ' હેતુ અન્યતરાસિદ્ધ પણ નથી. અને એટલા જ માટે પ્રમાણત્વ હેતુ ઉભયાસિદ્ધ-વાદિપ્રતિવાદી ઉભયને અસિદ્ધ પણ નથી. તો એ હેતુ કઇ રીતે અસિદ્ધતાના દોષને ધારણ કરે ?

(૫૦) **क्वचित् कथं सर्वथा प्रमाणस्वरूपे संशयः स्यादि**ति। अपि त्वेकदेशेनैव स्यात्। **तत्प्रसङ्गादिति** प्रतिज्ञातार्थैकदेशासिद्धताप्रसंङ्गाद्।

(टि०) **तत्किं हे**त्वित्यादि। **विप्रतिपत्तेरि**ति विपर्ययात्। **अप्रतिपत्तेरि**ति अनध्यवसायात्। **तत्रे**ति प्रणाणस्वरूपे। **तत्स्वरूपे**ति प्रमाणस्वरूपप्रतिपत्तौ वा क्वचित्सन्देहेपि। **अस्ति सर्वज्ञ** इति विकल्पसिद्धस्यापि धर्म्मिणः सिद्धत्वाज्जैनस्य। **प्रमाणत्वे**ति प्रमाणात्वादिति लक्षणस्य **हेतोः**। **तत्रेति** प्रमाणे वर्त्तननिश्चयात्। **पक्षैके**त्यादि। **से**ति पक्षैकदेशाऽसिद्धता। **तस्या** इति प्रतिज्ञार्थैकदेशाऽसिद्धतायाः। **धर्म्मिण** इति नित्यः शब्दो नित्यत्वादित्यत्र नित्यत्वस्य साधनत्वे प्रमाणं स्वपरव्यसायि ज्ञानं प्रमाणत्वादितिवत्। **तत्प्रसङ्गादि**ति प्रतिज्ञार्थैकदेशासिद्धताप्रसक्तेः। **आस्तिघ्नुते** इति ष्टिघ् आस्कन्दने आङ्पूर्वः स्वादिः "उपसर्गेण हि धात्वर्थो वलादन्यत्र नीयते" इति वचनात् स्थिरत्वमाश्रयति।

नापि विरुद्धताबन्धकीसंपर्ककलङ्कितमेतत्, विपक्षाद् व्यावृत्तत्वात्।

नापि व्यभिचारपिशाचसंचारदुस्संचरम्। यतो निर्णीतविपक्षवृत्तित्वेन, सन्दिग्धविपक्षवृत्तित्वेन वाऽत्र व्यभिचारः प्रोच्येत? न तावदाद्येन, अनित्यः शब्दः प्रमेयत्वादित्यादिवद् विपक्षे वृत्तिनिर्णयाभावात्। स्वपरव्यवसायिज्ञानस्य हि विपक्षः संशयादिर्घटादिश्च। न च तत्र कदाचन प्रमाणता वरिवर्ति। नापि द्वितीयेन, विवादापन्नः पुमान् सर्वज्ञो न भवति, वक्तृत्वात्–इत्यादिवद् विपक्षे वृत्तिसन्देहस्यासंभवात्, संशयघटादिभ्यः प्रमाणत्वव्यावृत्तेर्निर्णीतत्वात्। तन्नानैकान्तिकत्वलक्षणमपि दूषणमत्रोपढौकते। इति न हेतोरपि कलङ्ककलिकाऽपि प्रोन्मीलति।

વિરુદ્ધતારૂપ બંધકી–અસદાચરણવાળી સ્રીવિશેષના સંબંધથી આ 'પ્રમાણત્વ' હેતુ દૂષિત છે અર્થાત્ આ હેતુમાં વિરુદ્ધતા દોષ છે–એમ પણ ન કહી શકાય. કારણ કે આ હેતુ વિપક્ષમાં રહેતો નથી.

તેમજ આ હેતુ વ્યભિચારરૂપ પિશાચને કારણે દુઃસંચર–લંગડો પણ નથી. અર્થાત આ હેતુમાં વ્યભિચાર દોષ પણ નથી. કારણ કે વ્યભિચાર હોય તો નિર્ણીતવિપક્ષવૃત્તિ–વિપક્ષમાં નિશ્ચિતરૂપે હેતુની વૃત્તિ હોવાથી વ્યભિચાર છે કે સંદિગ્ધવિપક્ષવૃત્તિ–વિપક્ષમાં હેતુની વૃત્તિનો સંદેહ હોવાથી વ્યભિચાર છે? આદ્ય વિકલ્પ અર્થાત્ નિર્ણીતવિપક્ષવૃત્તિને કારણે વ્યભિચાર નહીં કહી શકાય. કારણ કે 'શબ્દ અનિત્ય છે, કારણ કે તે પ્રમેય છે'–આ અનુમાનમાં જેમ વિપક્ષરૂપ નિત્ય એવા આકાશાદિમાં 'પ્રમેયત્વ' હેતુની વૃત્તિનો નિર્ણય છે, તેમ 'પ્રમાણત્વ' હેતુની વિપક્ષમાં વૃત્તિનો નિર્ણય નથી. કારણ કે 'સ્વપર–

વ્યવસાયી જ્ઞાનના વિપક્ષમાં સંશયાદિ અને ઘટાદિ છે. તેમાં–પ્રમાણુત્વ હેતુ કદી પણ રહેતો નથી. બીજો વિકલ્પ–અર્થાત્ 'વિપક્ષમાં વૃત્તિનો સંદેહ' એને કારણે પણ અહીં વ્યભિચાર નથી. કારણ કે—'વિવાદનો વિષય બનેલ આ પુરુષ સર્વજ્ઞ નથી.' કારણ કે તે વકતા છે'–આ અનુમાનમાં વિપક્ષ છે સર્વજ્ઞ, તેમાં 'વકતૃત્વ છે કે નહીં'—આ પ્રમાણે સંશય થતો હોવાથી વૃત્તિ સંદિગ્ધ છે, તેમ પ્રમાણુત્વ હેતુ વિષે નથી.તેની તો સંશય અને ઘટાદિ જેવા વિપક્ષોમાં વૃત્તિનો અભાવ નિર્ણીત છે. માટે પ્રમાણુત્વ હેતુમાં વ્યભિચાર પણ નથી. આ પ્રમાણે અસિદ્ધ વિરુદ્ધ અને વ્યભિચારરૂપ દોષોમાંથી કોઈ પણ દોષ આ હેતુમાં નથી.

(प०) **विपक्षे वृत्तिसन्देहस्यासम्भवादि**ति विपक्षे उपलखण्डे

(टि०) – **स्वपरव्यवसायीत्यादि** । **संशयादिरि**ति स्वपरव्यवसायिनो विपक्षः संशयादिः । ज्ञानस्य तु विपक्षो घटादिः । **न च तत्रे**ति संशयादौ घटादौ वा.

निदर्शनं पुनर्नोपदर्शितमेवात्र, इति न तद्दोषोद्धारसंरम्भः। भवतु वा तदपि व्यतिरेकरूपं संशयघटादि । न चात्र कश्चिद् दूषणकणः । स खल्वसिद्धसाध्यव्यतिरेकः, असिद्धसाधनव्यतिरेकः, असिद्धोभयव्यतिरेकः, सन्दिग्धसाध्यव्यतिरेकः, सन्दिग्धसाधनव्यतिरेकः, सन्दिग्धोभयव्यतिरेकः, अव्यतिरेकः, अप्रदर्शितव्यतिरेकः, विपरीतव्यतिरेको वा स्यात् ? तत्र न तावदाद्याः षट्, घटादौ साध्यसाधनव्यतिरेकस्य स्पष्टनिष्टङ्कनात् । नापि सप्तमः, व्याप्त्याऽत्र व्यतिरेकनिर्णयात् । नाप्यष्टमनवमौ, यत्र न स्वपरव्यवसायिज्ञानत्वं न तत्र प्रमाणत्वमिति व्यतिरेकोपदर्शनात् । इत्यतो निष्कलङ्कादनुमानात् तल्लक्षणसिद्धेरनवद्यमिदं लक्षणम् ॥२॥

પ્રમાણ લક્ષણને સિદ્ધ કરનાર અનુમાનમાં દૃષ્ટાંત આપેલ નથી. તેથી દૃષ્ટાંત દોષના ઉદ્ધારનો પ્રયત્ન પણ અમે કરતા નથી. અથવા 'જે સ્વપરવ્યવસાયી જ્ઞાન નથી તે પ્રમાણ પણ નથી,જેમકે સંશય અને ઘટાદિ. આ પ્રમાણે સંશય અને ઘટાદિને વ્યતિરેક દૃષ્ટાન્તરૂપ માની લેવામાં આવે તો પણ આ સ્થળે દૂષણનો અંશ પણ નથી, કારણ કે આ વ્યતિરેક દૃષ્ટાંતમાં દોષ કલ્પવામાં આવે તો તે–૧ અસિદ્ધ–સાધ્યવ્યતિરેક, ૨ અસિદ્ધસાધનવ્યતિરેક, ૩ અસિદ્ધોભયવ્યતિરેક, ૪ સંદિગ્ધ-સાધ્યવ્યતિરેક, ૫ સંદિગ્ધસાધનવ્યતિરેક, ૬ સંદિગ્ધોભયવ્યતિરેક, ૭ અવ્યતિરેક, ૮ અપ્રદર્શિતવ્યતિરેક, કે ૯ વિપરીતવ્યતિરેક છે ? વ્યતિરેક દૃષ્ટાંતરૂપ સંશય અને ઘટાદિમાં–સાધ્ય અને સાધનનો અભાવ સ્પષ્ટ પ્રતીયમાન થતો હોવાથી પહેલા છ દોષો તો છે જ નહીં. વ્યાપ્તિદ્વારા સાધ્ય અને સાધનના અભાવનો નિર્ણય હોવાથી સાતમો દોષ પણ નથી. વળી જે સ્વપર વ્યવસાયી વિજ્ઞાન નથી તે પ્રમાણ પણ નથી–એ પ્રમાણે વ્યતિરેક વ્યાપ્તિનું ઉપદર્શન કરાયું જ છે. અને તેમાં વિપર્યય પણ નથી, તેથી આઠમો અને નવમો દોષ પણ નથી.

આ પ્રમાણે નિષ્કલંક અનુમાનથી પ્રમાણનું લક્ષણ સિદ્ધ થતું હોવાથી સૂત્રોકત પ્રમાણનું લક્ષણ નિર્દોષ છે. ૨.

(टि०) **स खल्विति** असिद्धः साध्याभावो यस्य । व्यतिरेकः अभाव उच्यते । **विपरीतव्यतिरेको** यथा यत्र न प्रमाणत्वं न तत्र स्वपरव्यवसायिज्ञानत्वमिति साधनोपसंहरणपूर्वसाध्यस्योपसंहारः । **अनुमानादिति** प्रमाणत्वलक्षणात् । **तल्लक्षणेति** प्रमाणलक्षणसिद्धेः । **लक्षणमिति** स्वपरव्यवसायित्वरूपम् ॥२॥

अथात्रैव ज्ञानमिति विशेषणं समर्थयन्ते—

अभिमतानभिमतवस्तुस्वीकारतिरस्कारक्षमं हि प्रमाणम् । अतो ज्ञानमेवेदम् ॥३॥

વળી, દૃશ્ય અને વિકલ્પ્યના એકત્વનો અધ્યવસાય દર્શનથી થાય છે કે વિકલ્પથી કે કોઈ બીજા જ્ઞાનથી થાય છે? દર્શનથી તો થાય નહીં, કારણ કે-દર્શનરૂપ શ્રોત્રિય-વૈદિકબ્રાહ્મણ અધ્યવસાયરૂપ ચાંડાળને સ્પર્શ કરે એવો સંભવ જ નથી, કારણ-કે-દર્શન નિર્વિકલ્પ હોઈ કદી અધ્યવસાયરૂપ હોતું જ નથી, અને તે વિકલ્પ્યને વિષય પણ કરતું નથી. અને જો વિષય ન કરે તો દૃશ્ય અને વિકલ્પ્યનો એકત્વાધ્યવસાય દર્શન કેવી રીતે કરે? વિકલ્પથી પણ એકત્વાધ્યવસાય થાય નહીં, કારણ કે-વિકલ્પરૂપ રાક્ષસ દૃશ્યરૂપ રામને કબજે કરવા-વિષય કરવામાં અસમર્થ છે, તો એકત્વાધ્યવસાય કેવી રીતે થાય? જ્ઞાનાન્તરથી પણ એકત્વાધ્યવસાય થાય નહીં, કારણ કે-એ જ્ઞાનાન્તરને નિર્વિકલ્પ માનવામાં આવે કે સવિકલ્પ માનવામાં આવે તો પણ તે દૃશ્ય અને વિકલ્પ્ય એ બન્નેને તો વિષય કરી શકે જ નહીં, અને બન્નેને વિષય કર્યા વિના એકત્વાધ્યવસાય સંભવશે જ નહીં. તે માટે અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે-જે જ્ઞાન જે પદાર્થને વિષય કરતું નથી તે જ્ઞાન તે પદાર્થનું ઐક્ય કરવામાં કુશળ-સમર્થ હોતું નથી, જેમકે-ઘટજ્ઞાન એ વૃક્ષ અને શિંશપાને વિષય કરતું નથી, તેથી વૃક્ષ અને શિંશપાનું એકત્વ કરવાને સમર્થ પણ નથી, એ જ રીતે દૃશ્ય અને વિકલ્પ્યને વિષય નહિ કરનારું જ્ઞાન પણ દૃશ્ય અને વિકલ્પ્યનો એકત્વાધ્યવસાય કરવા સમર્થ નથી. આ પ્રકારે વ્યવસાયજનક હોવાથી પ્રત્યક્ષમાં પ્રામાણ્ય યુક્તિપૂર્વક સિદ્ધ થઈ શકતું નથી.

(५०) **दृश्यविकल्प(कल्प्य)योरि**ति दर्शनविषयविकल्पविषययोः ।

निर्विकल्पकसविकल्पकयुगलानतिक्रमेणेत्यादि । [1]यद्वि ज्ञानान्तरं परिकल्प्यते तन्निर्विकल्पकं वा भविष्यति सविकल्पकं वा भविष्यति । एतद् युगलं नातिक्रामति । निर्विकल्पकं चेत्, दृश्यं विषयः । सविकल्पकं चेत्, तर्हि विकल्प्यं विषयः ।

---

१ यद्विज्ञा° मु ।

(टि०) **अन्यतरस्ये**ति द्वयोर्मध्यादेकस्य । **सतत्त्वमि**ति स्वरूपं न द्वितीयस्य विरोधात् । **एप** इति उपचरितैकत्वाध्यवसायः । **किञ्च तदेके**ति तयोः दृश्यविकल्प्ययोरेकीकरणम् । **न च तस्ये**ति दर्शनस्य । **विकल्प्यमि**ति वस्तु । **तदुभये**ति तत् दृश्यविकल्प्योभयमगोचरोऽविषयो यस्य । **तथाही**त्यादि । **यदि**ति ज्ञानं कर्तृ । **यदि**ति वस्तु ।

कथं चैतत् क्षणक्षयस्वर्गप्रापणशक्त्यादावप्यनुरूपं विकल्पं कदाचिद् नोत्पादयति ? स्वविकल्पवासनाबलसमुज्जृम्भमाणाक्षणिकत्वादिसमारोपानुप्रवेशादिति चेत् । तदपेशलन्, नीलादावपि तद्विपरीतसमारोपप्रसक्तेः । कथमन्यथा विरुद्धधर्माध्यासात तद्दर्शनभेदो न भवेत् ? न ह्यनंशं दर्शनं क्वचित् समारोपाक्रान्तं, क्वचिन्नेति वक्तुं युक्तम् ।

अथ तत्तद्व्यावृत्तिवशादनंशस्यापि दर्शनस्य तथा परिकल्पनाददोषः, समारोपाक्रान्तेभ्यो हि व्यावृत्तमसारोपाक्रान्तम्, असमारोपाक्रान्तेभ्यस्तु व्यावृत्तं समारोपाक्रान्तं तदुच्यत इति । तदप्यसूपपादम्, यतो व्यावृत्तिरपि वस्त्वंशं कञ्चिदाश्रित्य कल्प्येत, अन्यथा वा ? अन्यथा चेत्, चित्रभानुरप्यचन्द्रव्यावृत्तिकल्पनया चन्द्रतामाद्रियेत । वस्त्वंशाश्रयणपक्षे तु सिद्धो विरुद्धधर्माध्यासः । तथाहि–तद्दर्शनं येन स्वभावेन समारोपाक्रान्तेभ्यो व्यावर्तिष्ट, न तेनैवाऽसमारोपाक्रान्तेभ्योऽपि, येन चाऽमीभ्यो व्यावर्तत, न तेनैव तेभ्योऽपि, तयोर्द्वयोरपि व्यावृत्तयोरैक्यापत्तेः । यदि पुनः स्वभावभेदोऽपि वस्तुनोऽतत्स्वभावव्यावृत्त्या कल्पित एवेति मतम्, तदा कल्पितस्वभावान्तरकल्पनायामनवस्था स्थेमानमास्तिघ्नुवीत । ततो न व्यवसायजननादस्य प्रामाण्यमनुगुणम्, किन्तु व्यवसायस्वभावत्वादेव । एवं प्रामाण्यसहचरं समारोपपरिपन्थित्वमपि वाच्यम् ॥७॥

વળી, એ નિર્વિકલ્પકજ્ઞાન ક્ષણુક્ષય અને સ્વર્ગપ્રાપણશક્તિમાં પણ કોઇ વખત અનુરૂપ વિકલ્પને શા માટે ઉત્પન્ન કરતું નથી ?

બૌદ્ધ—ક્ષણિકાદિ વિષે અનાદિકાલીન વાસનાના બળથી ઉત્પન્ન થનાર 'આ:અક્ષણિકાદિરૂપ છે' એવો સમારોપ–ભ્રાન્તિ થઇ જવાના કારણે ક્ષણુક્ષય અને સ્વર્ગપ્રાપણશક્તિ વિષે નિર્વિકલ્પજ્ઞાન અનુરૂપ વિકલ્પ ઉત્પન્ન કરી શકતું નથી.

જૈન—આ યોગ્ય નથી, કારણ કે–ક્ષણિકત્વથી અભિન્ન એવા નીલાદિના દર્શનમાં પણ નીલાદિ વિષે વિપરીત સમારોપ–ભ્રાન્તજ્ઞાનનો પ્રસંગ આવશે, અને એમ ન માનો તો– એટલે કે–નીલાદિમાં સમારોપ નથી અને ક્ષણુક્ષયાદિમાં સમારોપ છે, એમ માનો તો વિરુદ્ધધર્મનો અધ્યાસ થવાથી દર્શનમાં ભેદ કેમ નહીં થાય ? અર્થાત્ સમારોપ વિનાનું અને સમારોપવાળું એમ બે દર્શન માનવાં પડશે, કારણ કે–નિરંશ–અખંડ નીલાદિદર્શન કોઈ એક વિષયમાં સમારોપથી આક્રાન્ત અને બીજા કોઇ વિષયમાં સમારોપથી અનાક્રાંત છે, એમ કહેવું તે તો યુક્ત નથી.

બૌદ્ધ—દર્શન નિરંશ હોવા છતાં તેમાં તે તે વ્યાવૃત્તિના બળથી તે તે પ્રકારની કલ્પના કરવામાં આવતી હોઇ તેમાં કંઇ દોષ નથી, કારણ કે–એક જ દર્શન સમારોપાક્રાન્તથી વ્યાવૃત્ત હોવાથી અસમારોપાક્રાન્ત કહેવાય છે. અને અસમારોપાક્રાન્તથી વ્યાવૃત્ત હોવાથી સમારોપાક્રાન્ત કહેવાય છે. આમ વ્યાવૃત્તિના ભેદને કારણે નિરંશદર્શનમાં સમારોપ અને અસમારોપ ઘટી શકે છે.

જૈન—આ ઘટના પણ યુક્તિયુક્ત નથી, કારણ કે વ્યાવૃત્તિભેદ પણ કોઈ વસ્તુના અંશની અપેક્ષા રાખીને છે કે અપેક્ષા વિના છે? વ્યાવૃત્તિ જો વસ્ત્વંશની અપેક્ષા રાખતી ન હોય તો–અચન્દ્રથી વ્યાવૃત્ત ચિત્રભાનુ–અગ્નિ ચન્દ્રતાને પામશે અર્થાત્ તે અગ્નિ પણ ચન્દ્ર કહેવાશે. અને જો વસ્તુના અંશની અપેક્ષા હોય તો વિરુદ્ધધર્મનો આશ્રય થયો. તે આ પ્રમાણે--નીલાદિદર્શન જે સ્વભાવ દ્વારા સમારોપાક્રાન્ત વસ્તુના અંશોથી વ્યાવૃત્ત છે, તે જ સ્વભાવ દ્વારા અસમારોપાક્રાન્ત વસ્તુના અંશોથી વ્યાવૃત્ત નથી, અને જે સ્વરૂપે અસમારોપાક્રાન્ત વસ્તુના અંશોથી વ્યાવૃત્ત છે, તે જ સ્વરૂપે સમારોપાક્રાન્ત વસ્તુના અંશોથી વ્યાવૃત્ત નથી. કારણ કે– એક જ સ્વભાવ વડે વ્યાવૃત્તિ માનવામાં આવે તો–તે બન્ને વ્યાવૃત્ત વસ્તુઓ એક બની જશે. વળી વસ્તુના સ્વભાવભેદને પણ અતત્સ્વભાવરૂપ વ્યાવૃત્તિને કારણે કલ્પિત જ માનવામાં આવે તો–આ પ્રકારે કલ્પિત સ્વભાવાન્તરની કલ્પનામાં અનવસ્થા આવશે.

આ પ્રકારે 'વ્યવસાયને ઉત્પન્ન કરવાથી નિર્વિકલ્પક પ્રત્યક્ષમાં પ્રામાણ્ય છે' એમ કહેવું યોગ્ય નથી, પરંતુ 'વ્યવસાયસ્વભાવાત્મક હોવાથી જ પ્રત્યક્ષમાં પ્રામાણ્ય છે એમ કહેવું, એ યુક્તિસંગત છે. આ જ પ્રમાણે પ્રામાણ્યના સહચર 'સમારોપપરિપન્થિત્વ' ને કારણે પણ પ્રત્યક્ષ પ્રમાણને વ્યવસાય સ્વભાવરૂપ કહેવું જોઇએ. ॥ ૭ ॥

(प०) **स्वविकल्पवासनावलसमुज्जृम्भमाणे**त्यादि । 'मदीयेयं योषिद्' 'अहमेनामुद्वक्ष्यामि' 'अहमेनामुपभोक्ष्ये' इत्यादि । **तथा परिकल्पनाद्**िति सांशत्वपरिकल्पनात् ॥७॥

(टि०)**कथं चैतद्**िति निर्विकल्पकम्। **स्वविकल्पे**ति स्वविकल्पार्थमनाद्यविद्यावलेनोल्लसमानो योऽक्षणिकत्वादिसमारोपो भ्रान्तिज्ञानं तस्यानुप्रवेशात् । **नीलादावपी**ति निर्विकल्पकदर्शनेऽपि । **तद्विपरीते**ति नीलादिदर्शनाद्विपरीतो विकल्पस्तस्य । **कथमन्यथे**ति नीलादौ क्षणक्षयादौ चेत्समारोपानुप्रवेशो न तुल्यः । **तद्दर्शने**ति नीलादिदर्शनम् । **अथ तत्तद्व्यावृत्ती**ति अन्यापोहसामर्थ्यात् । **तथे**ति भेदपरिकल्पनात् । **अदोष** इति भेदस्य । **वस्त्वंशमि**ति दर्शनम् । **ततो न व्यवसाये**ति विकल्पोत्पादकत्वात् । **अस्ये**ति निर्विकल्पकप्रत्यक्षस्य ॥७॥

समारोपपरिपन्थित्वादित्युक्तमिति समारोपं प्ररूपयन्ति–

अतस्मिँस्तदध्यवसायः समारोपः ॥८॥

अतत्प्रकारे पदार्थे तत्प्रकारतानिर्णयः समारोप इत्यर्थः ॥८॥

પૂર્વસૂત્રમાં 'સમારોપનું વિરોધી' એમ કહેવામાં આવ્યું છે એટલે 'સમારોપ'નું હવે નિરૂપણ કરે છે—

અતત્માં તત્પ્રકારનો અધ્યવસાય તે 'સમારોપ' છે. ॥ ૮ ॥

તે પ્રકારનું જે ન હોય તેમાં તે પ્રકારનો નિર્ણય કરવો તે સમારોપ કહેવાય છે ॥ ૮ ॥

अथैनं प्रकारतः प्रकटयन्ति—

स विपर्ययसंशयानध्यवसायभेदात् त्रेधा ॥९॥

उत्तानार्थमदः ॥९॥

સમારોપના પ્રકારનું પ્રકટન—

સમારોપના ત્રણ ભેદ છે—૧ વિપર્યય, ૨ સંશય અને ૩ અનધ્યવસાય ૯.

આ સૂત્રનો અર્થ સ્પષ્ટ છે. ૯.

अथोद्देशानुसारेण विपर्ययस्वरूपं तावत् प्ररूपयन्ति—

विपरीतैककोटिनिष्टङ्कनं विपर्ययः ॥१०॥

§१ विपरीताया अन्यथास्थिताया एकस्या एव कोटेर्वस्त्वंशस्य निष्टङ्कनं निश्चयनं विपर्यय इति ॥१०॥

ઉદ્દેશના અનુસારે પ્રથમ વિપર્યયનું સ્વરૂપ નિરૂપવામાં આવ્યું છે—

§ ૧ વિપરીત એવી એક કોટિનો નિર્ણય કરવો તે વિપર્યય છે. ૧૦.

વિપરીત એટલે કે અન્યથારૂપે રહેલ એક જ કોટિ એટલે વસ્તુનો એક જ અંશ. તેનો નિર્ણય કરવો તે વિપર્યય છે. ૧૦

(टि०)- **अथोद्देशे**ति । उद्देशः समासतो निर्देशो व्यासतः ।

अत्रोदाहरन्ति—

यथा शुक्तिकायामिदं रजतमिति ॥११॥

§ १ यथेत्युदाहरणोपन्यासार्थः, अग्रेऽपि सर्वत्र । शुक्तिकायामरजताकारायाम् 'इदं रजतम्'इति रजताकारतया ज्ञानं विपर्ययो विपरीतख्यातिरित्यर्थः । इतिशब्द उल्लेखार्थः अग्रेऽपि । उदाहरणसूत्रं चेदम्—अन्येषामपि प्रत्यक्षयोग्यविषयविपर्ययाणां पीतशङ्खज्ञानादीनाम्, तदितरप्रमाणयोग्यविषयविपर्ययाणां हेत्वाभासादिसमुत्थज्ञानानां चोपलक्षणार्थम् ।

§२ अत्र विवेकाख्यातिवादी वदति 'विवादास्पदम्—इदं रजतम्'इति प्रत्ययो न वैपरीत्येन स्वीकर्तव्यः, तथा विचार्यमाणस्य तस्यानुपपद्यमानत्वात् । यद् यथा विचार्यमाणं नोपपद्यते, न तत् तथा स्वीकर्तव्यम्, यथा—स्तम्भः कुम्भरूपतयेति ।

न चेदं साधनमसिद्धिमधारयत् । तथाहि—किमिदं प्रत्ययस्य वैपरीत्यं स्यात्—अर्थक्रियाकारिपदार्थाप्रत्यायकत्वम्, अन्यथा प्रथनं वा ? आद्ये भेदे, विवादास्पदप्रत्ययप्रत्यायिते पदार्थे किमर्थक्रियामात्रमपि नास्ति, तद्विशेषसाध्या वा सा न विद्यते ? नाद्यः पक्षः,

शुक्तिसाध्यायास्तस्या भावात् । द्वितीये तु ज्ञानकाले सा नास्ति, कालान्तरेऽपि वा ? ज्ञानकाले तावत् तथ्यकलधौतबोधेऽपि क्वापि सा नास्त्येव । कालान्तरे तु प्रचुरतरसमीरसमीरणाशुष्यपायिपयोबुद्बुदबोधेऽपि सा न विद्यत एव । तन्नार्थक्रियेत्यादिपक्षः क्षेमकारः ।

तत्पुरस्सरपक्षे तु, तथाविधवैपरीत्यं तस्य स्वेनैव, पूर्वज्ञानेन, उत्तरज्ञानेन वाऽवसीयेत ? । न स्वनैव, तेन स्वस्य वैपरीत्यावसाये प्रमातुः प्रवृत्त्यभावप्रसङ्गात् । अथ पूर्वज्ञानेन ; किं स्वकालस्थेन, तत्कालस्थेन वा ? नाद्येन, तत्काले वैपरीत्यास्पदसंवेदनस्यासत्त्वात् । नापि द्वितीयेन, ज्ञानयोर्यौगपद्यासंभवात् ।

अथोत्तरज्ञानेन, तत्किं विजातीयम्, सजातीयं वा स्यात् ? विजातीयमप्येकसन्तानम्, भिन्नसन्तानं वा ? भेदद्वयेऽपि घटज्ञानं पटज्ञानस्य वैपरीत्यावसायि भवेत् । सजातीयमप्येकविषयम्, भिन्नविषयं वा ? एकविषयमप्येकसन्तानम्, भिन्नसन्तानं वा ? द्वयमपीदं संवाददत्तहस्तावलम्बं कथं वैपरीत्यावबोधधुराधौरेयतां दधीत ? भिन्नविषयमप्येकसन्तानम्, भिन्नसन्तानं वा ? उभयत्रापि पटज्ञानं पटान्तरज्ञानस्य तथा भवेत् ।

अथ न सर्वमेवोत्तरज्ञानं प्राक्तनस्याऽन्यथात्वावबोधबद्धकक्षम्, किन्तु यदेव बाधकत्वेनोल्लसति । ननु किमिदं तस्य तद्बाधकत्वम्—तदन्यत्वम्, तदुपमर्दकत्वम्, तस्य स्वविषये प्रवर्तमानस्य प्रतिहन्तृत्वम्, प्रवृत्तस्यापि फलोत्पादप्रतिबन्धकत्वं वा ? प्राचि पक्षे, मिथ्याज्ञानमपि तस्य बाधकं स्यात्, अन्यत्वस्योभयत्राऽविशेषात् । द्वितीये घटज्ञानं पटज्ञानस्य बाधकं स्यात्, तस्यापि तदुपमर्देनोत्पादात् । तृतीये, न प्रवृत्तिस्तस्य तेन प्रतिहन्तुं शक्या, यत्र क्वचन गोचरे प्रागेव प्रवृत्तत्वात् । तुरीयेऽपि, न फलोत्पत्तिस्तस्य तेन प्रतिबन्धुं पार्यते, उपादानादिसंविदोऽपि प्रथममेव समुत्पन्नत्वात् ।

किञ्च, विपरीतप्रत्यये रजतमसच्चकास्ति, सद् वा ? असच्चेत् । असत्ख्यातिरेवेयं स्यात् । सच्चेत् । तत्रैव, अन्यत्र वा ? यदि तत्रैव, तदा तथ्यपदार्थख्यातिरेवेयं भवेत् । अन्यत्र तु सतः कथं तत्र प्रतीतिः, पुरस्सरगोचर एव चक्षुरादेर्व्यापारात् ? दोषमाहात्म्यादिति चेत् । न, दोषाणामिन्द्रियसामर्थ्यकदर्थनमात्रचरितार्थत्वेन विपरीतकार्योत्पत्तिं प्रत्यकिञ्चित्करत्वात् । ततस्तथा विचार्यमाणस्य तस्यानुपपद्यमानत्वमसिध्यदेव ।

नापि व्यभिचारि, विपक्षादत्यन्तं व्यावृत्तेः । अत एव न विरुद्धमपि । ततः सत्यमेवैतत् संवेदनद्वयम्—इदमिति प्रत्यक्षम्, रजतमिति तु स्मरणम् । करणोद्भवदोषवशाच्छुक्तिरजतयोः प्रत्यक्षस्मरणयोश्च भेदाप्रतिभासाद् भेदाख्यातिरियमुच्यत इति ॥

તેનું ઉદાહરણ—
યથા છીપમાં 'આ રજત-ચાંદી છે' એવુ જ્ઞાન થવું તે. ૧૧.

§ ૧ સૂત્રમાં 'यथा' શબ્દ ઉદાહરણના ઉપન્યાસ માટે છે. હવે પછીના સૂત્રોમાં જ્યાં જ્યાં 'यथा' શબ્દ આવે તે ઉદાહરણ માટે જાણવો. રજતના આકાર વિનાની છીપમાં 'આ રજત–ચાંદી છે,' એટલે કે રજતાકારવાળી છે એવું જે ભાન તે વિપર્યય અર્થાત્ વિપરીતખ્યાતિ કહેવાય છે–એમ સૂત્રનો અર્થ સમજવો. અહીં સૂત્રમાં इति શબ્દ ઉલ્લેખ–જ્ઞાનનો પ્રકાર બતાવવા માટે છે. હવે પછીના સૂત્રોમાં પણ इति શબ્દ ઉલ્લેખના અર્થનો સૂચક જાણવો. આ સૂત્રને માત્ર ઉદાહરણ સૂત્ર સમજવું, એટલે તે પ્રત્યક્ષને યોગ્ય વિષયમાં થનાર પીતશંખાદિ વિપર્યય જ્ઞાનોનું અને પ્રત્યક્ષથી ભિન્ન પરોક્ષ પ્રમાણને યોગ્ય વિષયમાં થનાર હેત્વાભાસાદિથી ઉત્પન્ન થનાર વિપર્યય જ્ઞાનોનું સૂચન કરવા માટે છે–એમ સમજવું.

§ ૨ આ બાબતમાં વિવેકાખ્યાતિવાદી (**પ્રાભાકર**) આ પ્રમાણે કહે છે—વિવાદાસ્પદ છીપમાં 'આ રજત છે' એવું જે જ્ઞાન છે, તેને વિપર્યય–વિપરીત–ખ્યાતિ કહેવી ન જોઈએ. કારણ કે–વિચાર કરતાં તે જ્ઞાન વિપર્યયરૂપે સિદ્ધ થઈ શકતું નથી અને જે પદાર્થ વિચારતાં જે રીતે સિદ્ધ ન થાય તે રીતે તેને સ્વીકારવો ન જોઈએ. જેમકે–જે સ્તંભ છે તે વિચાર વડે કુંભરૂપે સિદ્ધ થતો નહીં હોવાથી કુંભરૂપે માન્ય થતો નથી.

'વિચાર કરતાં તે જ્ઞાન વિપર્યયરૂપે સિદ્ધ થઈ શકતું નથી'–આ હેતુ અસિદ્ધ નથી, એટલે કે વિચારથી વિપર્યય સિદ્ધ થતો નથી, તે આ પ્રમાણે–જ્ઞાનમાં વૈપરીત્ય એટલે શું ? જ્ઞાન વડે અર્થક્રિયાકારિપદાર્થનો પ્રત્યય નથી થતો એ વૈપરીત્ય કે અન્યથાપ્રથન એટલે કે જે રૂપે હોય તેથી વિપરીતરૂપે જ્ઞાન થવું તે વૈપરીત્ય છે ? પ્રથમ પક્ષ માનો તો–વિવાદાસ્પદ જ્ઞાનથી જાણેલ પદાર્થમાં અર્થક્રિયાનો જ અભાવ છે કે પદાર્થવિશેષ રજતથી સાધ્ય એવી અર્થક્રિયા નથી ? શુક્તિ–છીપથી સાધ્ય અર્થક્રિયા વિદ્યમાન હોવાથી પહેલો પક્ષ યોગ્ય નથી. બીજા પક્ષે પૂછવાનું કે તે અર્થક્રિયા જ્ઞાનકાળે નથી કે કાલાન્તરમાં પણ નથી ? જ્ઞાનકાળમાં નથી એમ કહો તો–સત્યરજતના જ્ઞાન પ્રસંગે પણ જ્ઞાનકાલે ક્યાંઈ અર્થક્રિયા નથી. કાલાન્તરમાં પણ નથી એમ કહો તો–અતિપ્રચંડ વાયુના વેગથી જલદી નાશ પામનાર પાણીના પરપોટાઓમાં પણ તે નથી કારણ કે જ્ઞાન પછી તરત જ પરપોટાઓનો જ નાશ થઈ ગયેલ હોવાથી તેની અર્થક્રિયા સંભવતી જ નથી. માટે અર્થક્રિયાવિષયક આ વિકલ્પ કંઈ પણ ઇષ્ટસાધક નથી.

તે પછીના બીજા વિકલ્પ અન્યથાપ્રથન વિષે પૂછવાનું કે–તે રજતજ્ઞાનની તેવા પ્રકારની વિપરીતતા સ્વયં તે જ્ઞાન પોતે જ જાણે છે કે તેના પહેલાનું જ્ઞાન જાણે છે કે તેના પછીનું જ્ઞાન જાણે છે ? જ્ઞાન પોતે જ જો પોતાનું વૈપરીત્ય જાણતું હોય તો પ્રમાતાની પ્રવૃત્તિ થાય જ નહીં. માટે જ્ઞાન પોતે પોતાનું વૈપરીત્ય જાણે છે એમ કહેવાય નહીં. તેની પહેલાંના જ્ઞાનથી વૈપરીત્ય જણાય છે, એમ માનો તો–તે પૂર્વકાલિકજ્ઞાન પોતાના અસ્તિત્વ કાલે એટલે કે–વિપર્યયજ્ઞાનોત્પત્તિ થયા પહેલાં જ વિપર્યયને જાણે છે કે વિપર્યય જ્ઞાનના કાળમાં ? પોતાના અસ્તિત્વકાળમાં તે જ્ઞાન વિપર્યય જાણી શકશે નહીં, કારણ કે–તે કાળે વિપર્યયના

આશ્રયભૂત જ્ઞાનનો જ અભાવ છે, અર્થાત્ વિપર્યય જ્ઞાન પોતે છે જ નહીં તો–વિપર્યયનું જ્ઞાન કેમ બને ? બીજો પક્ષ પણ કહી શકાશે નહીં, કારણ કે–એકી સાથે બે જ્ઞાન હોતાં નથી. ઉત્તરજ્ઞાન–તેની વિપરીતતા જાણે છે એમ કહો તો–તે ઉત્તરજ્ઞાન વિજાતીય છે કે સજાતીય ? વિજાતીય હોય તો–તે એક સંતાન–એક જ પુરુષનું છે કે ભિન્ન સંતાનનું–ભિન્ન પુરુષનું ? આ બન્ને પ્રકારમાં ઘટજ્ઞાન દ્વારા પટજ્ઞાનની વિપરીતતાનો નિશ્ચય પ્રાપ્ત થશે. સજાતીય કહો તો–તે એકવિષયવાળું છે કે ભિન્નવિષયવાળું ? એકવિષયવાળું પણ એક સંતાનનું છે કે ભિન્નસંતાનનું છે ? આ બન્ને પ્રકારનું જ્ઞાન તો સંવાદરૂપ હોઈ હાથના ટેકારૂપ છે, તેથી જ્ઞાનગત વિપર્યયના બોધની ધુરાને ધારણ કેમ કરી શકે ? અર્થાત્ એ બન્ને પ્રકારનાં જ્ઞાનો સંવાદી બનતાં હોઈ વિપર્યય સિદ્ધ કરી શકે નહીં. ભિન્નવિષયવાળું પણ એક સંતાનનું કે ભિન્ન સંતાનનું ? આ બન્ને પક્ષમાં એક પટજ્ઞાન બીજા પટના જ્ઞાનના વિપર્યયને સિદ્ધ કરી દેશે, પણ આવા પ્રસંગમાં પરસ્પર બાધા હોતી નથી, તેથી ત્યાં તેમને વિપર્યયના સાધક મનાય નહીં.

જૈન—બધાં ઉત્તરજ્ઞાનો પૂર્વજ્ઞાનની વિપરીતતાનાં બોધક નથી, પરંતુ જે જ્ઞાન બાધકરૂપે ઉત્પન્ન થયું હોય તે જ પૂર્વજ્ઞાનની વિપરીતતાનું બોધક છે.

પ્રાભાકર–અહીં બાધકરૂપતા એટલે શું ? બાધક એટલે જે તદન્ય હોય અર્થાત્ તેથી ભિન્ન હોય તે, કે તદુપમર્દક–એટલે તેને દબાવી દેનાર હોય તે, કે તેને પોતાના વિષયમાં પ્રવૃત્ત થવા ન દે તે, કે સ્વવિષયમાં પ્રવૃત્ત પૂર્વજ્ઞાનને ફલ ઉત્પન્ન કરવામાં જે પ્રતિબન્ધક હોય તે–અર્થાત્ તેના ફળને જે ઉત્પન્ન થવા ન દે તે ? આ ચાર પ્રકારમાંથી પહેલો પ્રકાર માનો તો મિથ્યાજ્ઞાન પણ પૂર્વજ્ઞાનનું બાધક થઈ જશે, કારણ કે–તે મિથ્યાજ્ઞાન અન્ય સમ્યગ્જ્ઞાન જેમ જ પૂર્વજ્ઞાનથી ભિન્ન તો છે જ. બીજા પ્રકારમાં ઘટજ્ઞાન પટજ્ઞાનનું બાધક થશે, કારણ કે–ઘટજ્ઞાન પટજ્ઞાનનો ઉપમર્દ કરીને ઉત્પન્ન થાય છે. ત્રીજા પ્રકાર વિષે કહેવાનું કે પૂર્વજ્ઞાનની પ્રવૃત્તિ કોઇને કોઇ વિષયમાં થઈ ચૂકી જ છે, માટે ઉત્તરજ્ઞાન પૂર્વજ્ઞાનની પ્રવૃત્તિનું ઘાતક– પ્રતિબંધક થઇ શકતું નથી. ચોથા પ્રકાર વિષે કહેવાનું કે–ઉત્તરજ્ઞાનથી પૂર્વજ્ઞાનની ફલોત્પત્તિનો પ્રતિબન્ધ થવો શક્ય નથી, કારણ કે–ઉપાદાન બુદ્ધયાદિરૂપ ફલ તો પહેલાંથી જ થઈ ગયેલ છે. અર્થાત્ ઉત્તરજ્ઞાન ફલનો પ્રતિબંધ કરે તે પહેલાં જ વસ્તુજ્ઞાન પછી તે વિષેની હેયોપેયાદિ બુદ્ધિ તો ઉત્પન્ન થઇ જ ગઇ હોય છે. તેથી ઉત્તરજ્ઞાનથી તેનો પ્રતિબન્ધ થવો અશક્ય છે.

વળી, વિપરીત જ્ઞાનમાં રજતનું જે ભાન થાય છે તે અસત્ રજતનું થાય છે કે સત્ રજતનું ? અસત રજતનું ભાન થયું હોત તો–આ અસત્ખ્યાતિ થઇ, એટલે કે અસતનું ભાન થયું. અને સત્ રજતનું ભાન થતું હોય તો –તે તે જ સ્થળે સત્ છે કે અન્ય સ્થળે ? જો તે જ સ્થળે સત્ હોય તો–એ તથ્ય પદાર્થની ખ્યાતિ જ થઇ અર્થાત્ યથાર્થજ્ઞાન જ થયું. અને જો અન્ય સ્થળમાં તે સત્ હોય તો ત્યાં (સમક્ષ) તેનું જ્ઞાન કેવી રીતે થાય ? કારણ કે ચક્ષુ આદિ

ઇન્દ્રિયોનો વ્યાપાર સન્મુખ રહેલા પદાર્થોમાં જ થાય છે પણ અસન્મુખમાં થતો નથી.

શંકા—ચક્ષુ આદિ ઇન્દ્રિયગત દોષના પ્રભાવથી અન્યત્ર રહેલ રજત અન્યત્ર જણાય છે.

સમાધાન—તે યોગ્ય નથી કારણ કે–દોષો તો ઇન્દ્રિયોના સામર્થ્ય ને નાશ કરવામાં જ ચરિતાર્થ થતા હોઇ વિપરીતકાર્યોત્પત્તિમાં તો તે અકિંચિત્કર છે. એટલે 'વિચાર કરતાં તે જ્ઞાન વિપરીત સિદ્ધ થઈ શકતું નથી' અમારો એ હેતુ સિદ્ધ જ છે.

આ હેતુ વ્યભિચારી પણ નથી, કારણ કે- વિપક્ષથી અત્યન્ત વ્યાવૃત્ત પૃથગ્ છે અને વિપક્ષમાંથી અત્યન્તવ્યાવૃત્ત છે માટે વિરુદ્ધ પણ નથી.

માટે છીપમાં 'આ રજત છે' એવું જે જ્ઞાન છે, તે પ્રત્યક્ષ અને સ્મરણ ઉભય સ્વરૂપે સત્ય જ છે, કારણ કે–એ જ્ઞાન 'આ' (इदम्) અંશમાં તો પ્રત્યક્ષ છે. અને 'રજત' અંશમાં સ્મરણ છે. પરંતુ ઇન્દ્રિયોમાં ઉત્પન્ન થયેલા દોષના વશથી શુક્તિ અને રજત તથા પ્રત્યક્ષ અને સ્મરણનો ભેદ–વિવેક ન જણાવાથી આ ભેદાખ્યાતિ (ભેદનું અજ્ઞાન) અથવા વિવેકાખ્યાતિ કહેવાય છે, પણ વિપર્યય કહેવાતો નથી.

(पृ०) **इति शब्द उल्लेखार्थ** इति उल्लेखो रीतिः । **इतरप्रमाणे**त्यादि इतरशब्देनात्र परोक्षस्याख्या ।

विवेकाख्यातिवादीति भेदाप्रतिभासनवादी । **अर्थक्रियाकारिपदार्थाऽप्रत्यायकत्वमि**ति साध्ये अर्थक्रियाकारिणं पदार्थं न प्रत्येति न परिच्छिनत्ति । **पदार्थे** इति रजतरूपे । **तद्विशेषसाध्ये**ति विवादास्पदप्रत्ययसाध्या । **शुक्तिसाध्याया** इति कुङ्कुमनिक्षेपादिकायाः । **द्वितीये** **त्वि**ति तद्विशेषसाध्येत्यस्मिन् । **तावत् तथ्यकलधौतबोधेऽपी**ति न केवलं विपरीतबोधे । **क्वापि सा नास्त्येवे**ति **सा** क्रिया । **आशुव्यपायिपयोबुद्बुदबोधेऽपी**ति बुद्बुदेष्वपयस्सु बुद्बुदज्ञानमपि चाक्षुषं विनष्टम् । अतो ज्ञानस्य कालान्तरम् ।

तत्पुरस्सरपक्षे त्विति अन्यथाप्रथनपक्षे । **वैपरीत्यावसाये** इति । तत् स्वस्य वैपरीत्यमवस्यति स्वयमेवेति विकल्पे । **पूर्वज्ञानेने**ति विपरीतज्ञानात् पूर्वज्ञानेन । **स्वकालस्थेने**ति पूर्वकालस्थेन । **तत्कालस्थेने**ति वैपरीत्यकालस्थेन । **तत् किमि**त्यादि **तदुत्तरज्ञानम्** ।

विजातीयमिति आदौ [1]पटज्ञानं पश्चात् [2]घटज्ञानमिति विजातीयम् । **सजातीयमि**ति आदौ पटज्ञानं पश्चादपि पटज्ञानमिति सजातीयम् ।

एकसन्तानमिति एकप्रमातृगतम् । **भिन्नसन्तानमि**ति भिन्नप्रमातृगतम् । **पटज्ञानस्य वैपरीत्यावसायि भवेदि**ति । यद्यदुत्तरज्ञानं तेन तेन पाश्चात्यस्य वैपरीत्यमवसीयते । ततश्च [3]घटज्ञनेनोत्तरेण [4]पटज्ञानस्य पाश्चात्यस्य वैपरीत्यमवसीयताम्[5] । **एकविषयमि**ति एकं पटं पश्यति । **भिन्नविषयमि**ति बहून् पटान् पश्यति । **संवाददत्तहस्तावलम्बमि**ति स्वविषयनियतम् । **तथा भवेदि**ति वैपरीत्यावसायि भवेत् ।

१ घट मु । २ पट मु । ३ पट° ल । ४ पट° ल । ५ °यते ल ।

सर्वमेवेति पटज्ञानम् । **प्राक्तनस्ये**ति पटान्तरज्ञानस्य । **मिथ्याज्ञानमपी**ति न केवलं सत्यज्ञानम् । **प्रागेव प्रवृत्तत्वादि**ति उत्तरज्ञानात् प्राक् । **उपादानादिसंविदोऽपी**ति । यदैव तज्ज्ञानमुत्पन्नमुपादित्साऽपि तदैव जाता ।

तत्रैवेति विपरीतप्रत्यये । **अन्यत्रे**ति टङ्कशैलादौ । **तदा तथ्यपदार्थख्याति**रिति सत्ख्यातिरेव । **पुरस्सरगोचर एवे**ति पुरोवर्तिपदार्थगोचर एव । **विपरीतकार्योत्पत्ति**मिति अन्यत्र सतो रजतस्य तत्र चकासनं विपरीतकार्योत्पत्तिः । **तथा विचार्यमाणस्ये**ति तथा वैपरीत्येन विचार्यमाणस्य । **तस्ये**ति विपरीतप्रत्ययस्य । **व्यभिचारी**ति अनैकान्तिकम् ।

(टि०)- **उदाहरणसूत्र**मित्यादि । **तदितरे**ति प्रत्यक्षेतरम् ।

अत्र **विवेकाख्यातिवादी** प्रभाकरः । **तद्विशेषे**ति तेन पदार्थेन विशेषेण रजतलक्षणेन साध्या साऽर्थक्रिया । **तस्या** इति अर्थक्रियायाः । **से**ति अर्थक्रिया । **तत्पुर** इत्यादि । **तथे**ति अन्यथा प्रथनरूपम् । **तस्ये**ति रजतज्ञानस्य । **स्वेनैवे**ति तत्कालोत्पन्नरजतज्ञानेन । **पूर्वज्ञानेने**ति तस्मात्तत्कालपूर्वकालोत्पन्नेन । **अथ पूर्वे**ति भ्रान्तिज्ञानपूर्वकालभावि यत्तत्पदार्थविषयेन ज्ञानेन । **तत्काले**ति उत्तरज्ञानकालस्थेन । **तत्काले** इति पूर्वज्ञानकाले । **ज्ञानयो**रिति ज्ञानद्वयमेककाले न सम्भवति, "जुगवं दो नत्थि उवओगा" इति वचनात् । आदौ घटज्ञानं पश्चात् पटज्ञानमिति **विजातीयम्** । आदौ पटज्ञानं पश्चादपि पटज्ञानमिति **सजातीयम्** ।

एकसन्तानमिति एकपुरुषस्थज्ञानसन्तानम् । **उभयत्रापी**ति । **तथे**ति वैपरीत्यावसायि जायेत । **इदं तस्ये**ति पूर्वज्ञानस्य । **तदि**ति उत्तरज्ञानम् । **तस्ये**ति पूर्वज्ञानस्य । **उभयत्रे**ति मिथ्याज्ञाने सत्यज्ञाने च । **तस्यापी**ति घटज्ञानस्यापि । **तदुपमर्दने**ति पटज्ञानोपमर्देन । **तस्ये**ति पूर्वज्ञानस्य । **तेने**ति बाधकस्वभावेनोत्तरज्ञानेन । **न फलोत्पत्ति**रित्यादि । **तस्ये**ति पूर्वज्ञानस्य । **तेने**ति उत्तरज्ञानेन । **उपादाने**ति अर्थग्रहणादिज्ञानस्य । **अन्यत्रे**ति हट्टपट्टादौ । **तत्रे**ति विपरीतप्रत्यये । **असिध्यदेवे**ति सिद्धमेवेत्यर्थः । **विपक्षादि**ति स्वीकर्तव्यलक्षणात् । **अत एवे**ति विपक्षादत्यन्तव्यावृत्तेरेव । **एतत्संवेदने**ति एतत्प्रत्यक्षस्मरणज्ञानोभयम् ।

§३ अत्राभिदध्महे—ये तावत् साधनासिद्धिविध्वंसनाय व्यधायिषत विकल्पाः, तत्र शुक्त्यादिरूपतयाऽन्यथास्थितार्थस्यान्यथारजताद्यर्थप्रकारेण यत्प्रथनं तत्स्वरूपं वैपरीत्यं 'नेदं रजतम्' इत्येवं तदुपमर्दतः पश्चादुज्जृम्भमाणेन बाधकेनाऽवधार्यत इति ब्रूमः । तथा च अन्यथाप्रथनोत्तरज्ञानतदुपमर्दकत्वविकल्पाभ्यां शेषं तु विकल्पनिकुरम्बं तुण्डताण्डवाडम्बरविडम्बनामात्रफलमेव ।

अथ विजातीयं सजातीयं वा तदित्यादिप्रकारेषु किमुत्तरं ते स्यात् ? ननु वितीर्णमेव । अस्तु यत्किञ्चित् । तदुपमर्देन चेदुत्पद्यते, तदा तदखिलं बाधकं सत् तस्य तथात्वमाविष्करोतीति ।

उपमर्दश्च न प्रध्वंसः, यतः पटज्ञानप्रध्वंसेनोत्पद्यमानस्य घटज्ञानस्य बाधकत्वं स्यात् । किन्तु तत्प्रतिभातवस्त्वसत्त्वख्यापनम्—'यन्मदीयवेदने रजतमिति प्रत्यभात्, तद् रजतं न भवत्येव' इति ।

अपि च, भेदाख्यातावपि प्रत्यक्षस्मरणयोर्भेदाख्यानं किं स्वेनैव वेद्यते ?—इत्यादि सकलविकल्पपेटकमाटीकत एव—इति स्ववधाय कृत्योत्थापनमेतद् भवतः ।

જૈન–તમારા અનુમાનના હેતુની અસિદ્ધતા દોષને દૂર કરવાને તમોએ જે વિકલ્પો કર્યા તેમાં અમારું કહેવું એમ છે કે–અન્યરૂપે અર્થાત્ છીપ આદિરૂપે રહેલ પદાર્થનું અન્યરૂપે એટલે રજતાદિરૂપે જે જ્ઞાન તે જ વિપર્યય છે, અને તેનું અવધારણ-નિશ્ચય 'આ રજત નથી' એવું જ્ઞાન જે તેનો ઉપમર્દ કરી બાધકરૂપે ઉત્પન્ન થાય છે, તે વડે થાય છે. આથી કરીને અન્યથાપ્રથન અને ઉત્તરજ્ઞાન તેનું ઉપમર્દક છે, આ બે વિકલ્પો સિવાયનો વિકલ્પસમૂહ મુખની વાચાળતાના આડંબરરૂપ હોઇ માત્ર વિડમ્બનારૂપ છે. અર્થાત્ વ્યર્થ છે.

शंका—તે વિજાતીય છે કે સજાતીય ? વિગેરે વિકલ્પો વિષે તમારો શો ઉત્તર છે ?

समाधान—ઉત્તર અપાઈ જ ગયો છે. તે ગમે તેવું હો, પણ જો તે તેનો ઉપમર્દ કરી ઉત્પન્ન થતું હોય તો તે સઘળું એનું બાધક થઈને પૂર્વજ્ઞાનના વૈપરીત્યને પ્રગટ કરે છે.

અને ઉપમર્દ એ પ્રધ્વંસ નથી કે જેથી કરીને પટજ્ઞાનનો પ્રધ્વંસ કરી ઉત્પન્ન થતું ઘટજ્ઞાન પટજ્ઞાનનું બાધક થઈ જાય. પણ ઉપમર્દનો અર્થ તો એ છે કે–પ્રથમ જ્ઞાનમાં પ્રતિભાત વસ્તુની અસત્તાનું ભાન કરાવવું એટલે કે–'મારા જ્ઞાનમાં જે રજત જણાયું છે તે રજત નથી જ.' આ પ્રકારનું જ્ઞાન થવું તે છે.

વળી, ભેદાખ્યાતિ વિષે પણ પ્રત્યક્ષ અને સ્મરણનું ભેદાખ્યાન 'શું સ્વતઃ જણાય છે' ઈત્યાદિ તમે કરેલ સમસ્ત વિકલ્પસમૂહ લાગુ પડે છે, અને આમ કરીને તમોએ પોતે જ પોતાના વધ માટે આ વિકલ્પસમૂહરૂપ કૃત્યા–મારી–મરકીનું ઉત્થાપન કરેલ છે.

(प०) **पश्चादुज्जृम्भमाणेन बाधकेनावधार्यते** इति उत्तरज्ञानेनावधार्यते ।

तदखिलमिति विजातीयं वा सजातीयं वा । **तथात्वमिति** वैपरीत्यम् । **तत्प्रतिभातवस्त्वसत्त्वख्यापनमिति** असत्त्वख्यापनमुपमर्दः ।

स्ववधाय कृत्योत्थापनमेतदिति । यथा कश्चित् कृत्यां मारिमु[1]त्थापयति । सा चोत्थिता सती तमेव हन्ति ।

(टि०) **अथ विजातीयमित्यादि** । **तदिति** उत्तरज्ञानम् । **ते** इति हे समाधानवादिन् तव । **तस्येति** रजतमिति प्रत्ययस्य । **तथात्वमिति** वैपरीत्यम् । **किन्तु तत्प्रतीति** तेन पूर्वज्ञानेन **प्रतिभातं** प्रतिभासितं यद् **वस्तु** तस्य **असत्त्वख्यापनम्** ।

अपि चेत्यादि । **भेदाख्याताविति** विवेकाख्यातावपि ।

अथ प्रकृतज्ञाने रजतप्रतिभाने कथं तेन शुक्तिकाऽपेक्ष्येत ? तन्न, संवृतस्वाकारायाः समुपात्तरजताकारायाः शुक्तिकाया एवात्र प्रतिभानात् । वस्तुस्थित्या

---

१ °मुपस्था° ल । २ अथ पूर्वानुभूतरजतप्रतिभाने मुपा ।

हि शुक्तिरेव सा, त्रिकोणत्वादिविशेषग्रहणाभावात्तु संवृतस्वाकारा, चाकचिक्यादिसाधारणधर्मदर्शनोपजनितरूप्यस्मरणाऽऽरोपितरजताकारत्वाच्च समुपात्तरजताकारा इत्यभिधीयते । यत् खलु यत्र कर्मतया चकास्ति तत् तत्राऽऽलम्बनम् । एतच्च शृङ्गग्राहिकया निर्दिश्यमानायां शुक्तौ समस्त्येव । सैव हि दोषवशात् तथा प्रतिभाति ।

दृष्टं च दोषवशाद् विपरीतकार्योत्पादकत्वम् । यथाक्षिप्तमन्दाक्षलक्ष्मीकायाः कुलपक्ष्मलाक्ष्यास्तद् तद् विरुद्धवीक्षणभाषणादि । त्वयाऽपि चैतदङ्गीकृतमेव, प्रकृतरजतस्मरणस्याऽनुभूतरजतदेशानुसारिप्रवृत्तिजनकत्वौत्सर्गिककार्यपरिहारेण पुरोदेश एव प्रवृत्तिजनकत्वस्वीकारात् । भेदाऽग्रहणं सहकारिणमपेक्ष्य प्रकृतरजतस्मरणस्य तदविरुद्धमिति चेत् । दोषान् सहकारिणोऽपेक्ष्य हृषीकस्यापि तत् तथास्तु ।

शंका—પ્રસ્તુતમાં 'આ રજત છે' એવું પ્રતિભાન–જ્ઞાન છે તો તે જ્ઞાન છીપની અપેક્ષા કઈ રીતે રાખે ?

समाधान—આ શંકા ન કરવી કારણ કે–પોતાના સ્વરૂપને ઢાંકી દઈ રજત રૂપને સ્વીકારનાર છીપનું જ 'આ રજત છે' એ પ્રકારે પ્રતિભાન–જ્ઞાન થાય છે, એટલે ખરી રીતે તો એ છીપ જ છે, પણ છીપમાં રહેલ ત્રિકોણત્વાદિ વિશેષ ધર્મોનું ગ્રહણ–જ્ઞાન ન થવાથી તે છીપે પોતાના વિશેષસ્વરૂપને ઢાંકી દીધું છે એમ કહેવાય, અને ચાકચિક્યાદિ–ચળકાટ વિગેરે છીપ અને રજતના સાધારણ ધર્મોના દર્શનથી ઉત્પન્ન થતાં રજતસ્મરણના કારણે છીપ ઉપર રજતાકારનો આરોપ થઈ જવાથી છીપે રજતાકારને ધારણ કર્યો છે એમ કહેવાય. અર્થાત્ સમક્ષમાં છીપ છતાં રજતનું જ્ઞાન થાય છે, તે સાધારણ ધર્મોને કારણે છે. આ પ્રકારે રજતજ્ઞાનમાં છીપની અપેક્ષા છે. જે પદાર્થ જે જ્ઞાનમાં કર્મરૂપે જણાય છે, તે પદાર્થ તે જ્ઞાનમાં આલંબન–વિષય–જ્ઞેય કહેવાય છે. અને આંગળીથી નિર્દેશ કરાતી છીપ અહીં આલંબન છે જ, અને તે જ છીપ નેત્રદોષના કારણે રજતરૂપે જણાય છે.

દોષના બળથી વિપરીત કાર્યોત્પત્તિ થાય છે તે અનુભવસિદ્ધ છે, જેમકે–લજ્જારૂપ શોભાનો ત્યાગ કરનારી કુલબાલિકા(કુલાંગના)માં પણ વ્યવહારવિરુદ્ધ જોવું બોલવું વિગેરે વિરુદ્ધકાર્યોત્પત્તિ લજ્જાત્યાગરૂપ દોષના બળથી દેખાય છે. અને તમોએ પણ દોષના વશથી વિપરીતકાર્યોત્પત્તિ માનેલી જ છે. કારણ કે–પ્રસ્તુતમાં રજતસ્મરણ અનુભવેલ રજતના દેશમાં ઔત્સર્ગિક પ્રવૃત્તિ કરાવવાને બદલે સન્મુખ દેશમાં પ્રવૃત્તિની ઉત્પત્તિ કરાવે છે, એમ તમે સ્વીકારો છો.

પ્રાભાકર—પ્રકૃત રજતસ્મરણના સહકારમાં જ્યારે ભેદાગ્રહણ હોય છે, ત્યારે આવી વિરુદ્ધ પ્રવૃત્તિની ઉત્પત્તિ બની શકે છે, તેમાં કશો વિરોધ નથી.

જૈન—અમે પણ એમ કહીશું કે–ઇન્દ્રિય પણ જ્યારે દોષસહકૃત હોય ત્યારે વિરુદ્ધજ્ઞાન ઉત્પન્ન કરે છે.

(प०) **अथ प्रकृतज्ञाने**¹[इ]त्यवधार्यते । **रजतप्रतिभाने** इति मौलपाठः । पूर्वानुभूतरजतप्रतिभाने इति पाठान्तरम् । पूर्वानुभूतं टङ्कशिलादिकम् । **तेनेति** विवादास्पदप्रत्ययेन । **शुक्तिकापेक्ष्येते**ति शुक्तिकापेक्षा न युक्तेत्यर्थः । तस्मात् सत्यमेवैतत् संवेदनद्वयमिति भावार्थः । **तन्नेति** विपर्ययज्ञाने रजतप्रतिभासनं न । **अत्र प्रतिभानादि**त्यतोऽग्रे एतदेव व्याख्यातीति गम्यम् । **कर्मतये**ति देवदत्तः शुक्तिशकलं रजतरूपं पश्यति । **शृङ्गग्राहिकये**ति अङ्गुलिनिर्देशेन ।

त्वयापि चैतदङ्गीकृतमेवेति शुक्तेरालम्बनत्वम् ।

(टि०)– **कथं तेने**ति रजतज्ञानेन । **एवात्रे**ति रजतज्ञानप्रदेशे । **यत्खल्वि**ति **यद्** वस्तु **यत्र** ज्ञाने यथा घटे ज्ञानं जानाति, यथा ज्ञाने घटं जानाति इत्यत्र दृश्यते । **तदि**ति वस्तुचकासनम् । **तत्रे**ति ज्ञाने । **एतच्चे**ति वस्त्वालम्बनम् । **शृङ्गे**ति अङ्गुलीनिर्देशेनेत्यर्थः । **सैवे**ति शुक्तिः । **दोषे**ति नेत्रदोषः । **तथे**ति रजतत्वेन । **औत्सर्गिके**ति मुख्यम् । **भेदाग्रहणमि**ति इदं रजतमिति प्रत्ययज्ञाने प्रत्यक्षस्मरणयोः । **तदि**ति पुरोदेशे प्रवृत्तिजनकत्वं विपरीतकार्योत्पादकत्वं वा । **हृषीकस्ये**ति इन्द्रियस्य । **तदि**ति पुरोदेशे प्रवृत्तिजनकत्वम् । **तथे**ति अविरुद्धम् ।

किञ्च, प्रत्यभिज्ञानेन रजतसंवित्तेः शुक्तिगोचरत्वमवस्थाप्यते–यदेव मम रजतत्वेन पूर्वमचकात्, तदेवेदं शुक्तिशकलम्––इत्येवं तस्योत्पादात् । अनुमानेन च–विवादपदं रजतज्ञानं शुक्तिगोचरम्, तत्रैव प्रवर्तकत्वाद्, यदेवं तदेवं यथा सत्यरजतज्ञानं रजतगोचरम्––इति विचारेण वैपरीत्यस्योपपत्तेरसिद्धिदुर्गन्धमेव त्वत्साधनमिति स्थितम् ।

यच्चोक्तम्–शुक्तिरजतयोः प्रत्यक्षस्मरणयोश्च भेदाप्रतिभासादिति, तत्र भेदाप्रतिभासस्तुच्छः कश्चिदुच्येत, अभेदप्रतिभासो वा ? । नाद्यः, प्राभाकरैरभावानभ्युपगमात् । नापि द्वितीयः, विपरीतख्यातिप्रसक्तेः भिन्नयोरभेदेन प्रतिभासात् ।

अथ भेदो व्यावर्तकधर्मयोगः, तस्य चाप्रतिभासः, साधारणधर्मप्रतिभास इति चेत् । न, शुक्तिज्ञाने सत्येऽपि तस्य भावाद्, दीप्रतादेस्तत्राऽपि प्रतिभासात् । अथ न तत्र तस्यैव प्रतिभासः, त्रिकोणतादिव्यावर्तकधर्माणामपि प्रतिभासादिति चेत् । तर्हि सावधारणः साधारणधर्मप्रतिभासः प्रकृतरजतबोधेऽपि नास्त्येव, रजतगतस्य रजतत्वस्यैव, शुक्तिगतस्य त्वनियतदेशकालस्मर्यमाणरजतासंभविनियतदेशकालत्वस्य व्यावर्तकधर्मस्य प्रतिभानादिति । ग्रहणस्मरणसंवित्ती अपि स्वसंविदिते प्राभाकराणाम् । ते च यदि स्वरूपेण प्रतिभातः, तदा न रजतार्थिनस्तथा प्रवृत्तिः स्यात् ।

अथ ग्रहणं स्मरणरूपतया प्रतिभाति, तदा विपरीतख्यातेरस्पष्टतया प्रतिभानम्, अनुभूतरजतदेशे प्रवृत्तिश्च स्यात् । अथ स्मरणं ग्रहणरूपतया, तदाऽपि विपरीतख्यातिरेव । प्रभूतं चात्र वक्तव्यम्, तच्चोक्तमेव बृहद्वृत्तौ वितत्य श्रीपूज्यैः ॥ ११ ॥

વળી, પ્રત્યભિજ્ઞાન દ્વારા પણ પ્રકૃત રજતજ્ઞાનનો વિષય શુક્તિ–છીપ હતી એમ સિદ્ધ થાય છે, કારણ કે–જે પદાર્થ મને પહેલાં રજતરૂપે જણાયો હતો

---

१ °ज्ञानेन ल । २ °स्यैव मु ।

તે જ પદાર્થ આ શુક્તિશકલ–છીપનો ટુકડો છે–આ પ્રકારે પ્રત્યભિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. અને અનુમાનથી પણ શુક્તિ જ વિષયરૂપે સિદ્ધ થાય છે– 'વિવાદાસ્પદ રજતજ્ઞાનનો વિષય શુક્તિ છે, કારણ કે–શુક્તિમાં જ તે પ્રવર્તક છે; જે જ્ઞાન જેમાં પ્રવર્તક હોય તે જ્ઞાનનો તે પદાર્થ વિષય હોય છે, જેમકે–સત્યરજત-જ્ઞાન રજતમાં પ્રવર્તક હોવાથી રજતવિષયક છે.'–આ પ્રકારના વિચાર વડે વૈપરીત્યની સિદ્ધિ થતી હોવાથી 'વિચાર કરતાં તે જ્ઞાન વિપરીત થઈ શકતું નથી' આ તમારો હેતુ અસિદ્ધિ નામના દોષથી દૂષિત છે, એ સિદ્ધ થયું.

વળી, છીપ અને રજત તથા પ્રત્યક્ષ અને સ્મરણના ભેદનું ગ્રહણ ન થવાથી જે ભેદાપ્રતિભાસ તમોએ કહ્યો છે, તે ભેદાપ્રતિભાસ તુચ્છ–અભાવરૂપ છે કે અભેદના પ્રતિભાસરૂપ છે? પહેલો પક્ષ યોગ્ય નથી કારણ કે–પ્રભાકરને અનુસરનાર મીમાંસકો તુચ્છ અભાવને માનતા નથી. બીજો પક્ષ પણ યોગ્ય નથી કારણ કે–ભિન્ન પદાર્થોને અભિન્નરૂપે જાણવામાં વિપરીતખ્યાતિ થઈ જશે.

शंका—ભેદ એટલે વ્યાવર્ત્તકધર્મનો યોગ–સંબંધ છે. તેનો અપ્રતિભાસ એટલે ચાકચિક્ય આદિ સાધારણધર્મનો પ્રતિભાસ એ છે.

समाधान—આમ નથી; કારણ કે–જ્યારે સત્ય શુક્તિજ્ઞાન થાય છે ત્યારે પણ એ સાધારણ ધર્મનો પ્રતિભાસ તો છે જ, એટલે કે–તે વખતે ચાકચિકયાદિ સાધારણ ધર્મોનો પણ પ્રતિભાસ છે. આથી સાધારણ ધર્મના પ્રતિભાસને ભેદાપ્રતિભાસ કહી શકાય નહીં.

शंका—પણ સત્ય શુક્તિજ્ઞાનમાં માત્ર સાધારણ ધર્મનો જ પ્રતિભાસ છે, એમ નથી પણ તેમાં તો ત્રિકોણત્વાદિ વ્યાવર્તક એટલે શુક્તિને અન્યથી ભિન્ન કરનારા ધર્મોનો પણ પ્રતિભાસ છે, તેથી તે જ્ઞાનને ભેદાપ્રતિભાસ કહી શકાય નહીં પણ ભેદપ્રતિભાસી કહેવું જોઇએ.

समाधान—આનો અર્થ એ થયો કે–જ્યાં માત્ર સાધારણ ધર્મનો પ્રતિભાસ હોય ત્યાં ભેદાપ્રતિભાસ છે, પણ એવો માત્ર સાધારણધર્મનો પ્રતિભાસ તો પ્રકૃત-રજતજ્ઞાનમાં પણ નથી એટલે કે–શુક્તિમાં થતા રજતજ્ઞાનમાં પણ નથી; કારણ કે–સ્મરણના વિષયભૂત રજતનો વ્યાવર્તકધર્મ માત્ર રજતત્વ જ્ઞાત થાય છે. પણ શુક્તિગત જે રજતત્વરૂપ વ્યાવર્તક ધર્મનું જ્ઞાન થાય છે તે રજતત્વ તો સ્મરણના વિષયભૂત રજતનો ધર્મ સંભવે નહીં. કારણ કે સ્મરણ વિષયભૂત રજત દેશકાળમાં નિયત નથી, જ્યારે આ રજતત્વ તો દેશકાળમાં નિયત છે. અર્થાત્ આ જ્ઞાનમાં સાધારણ અને અસાધારણ એમ બન્ને ધર્મનો પ્રતિભાસ છે. વળી અસાધારણ ધર્મમાં પણ સ્મૃતથી જુદો જ અસાધારણ ધર્મ અનુભવાય છે; કારણ કે–સ્મરણમાં જે ધર્મનું સ્મરણ થાય છે તેમાં દેશકાલથી તે નિયત હોતો નથી જ્યારે અનુભવાતો ધર્મ દેશકાલથી નિયત હોય છે. વળી, પ્રત્યક્ષ અને સ્મરણ એ બન્ને જ્ઞાનો પણ પ્રાભાકર(મીમાંસક)ના મતમાં સ્વસંવિદિત છે, એટલે જો તે બન્ને પોતપોતાના સ્વરૂપે જ ભાનમાં આવતાં હોય તો રજતાર્થી પુરુષની સામે પડેલી છીપમાં પ્રવૃત્તિ થશે નહીં.

(प०) **अथ प्रकृतज्ञाने**[1][इ]त्यवधार्यते । **रजतप्रतिभाने** इति मौलपाठः । पूर्वानुभूतरजतप्रतिभाने इति पाठान्तरम् । पूर्वानुभूतं टङ्कशिलादिकम् । **तेनेति** विवादास्पदप्रत्ययेन । **शुक्तिकापेक्ष्येते**ति शुक्तिकापेक्षा न युक्तेत्यर्थः । तस्मात् सत्यमेवैतत् संवेदनद्वयमिति भावार्थः । **तन्नेति** विपर्ययज्ञाने रजतप्रतिभासनं न । **अत्र प्रतिभानादि**त्यतोऽग्रे एतदेव व्याख्यातीति गम्यम् । **कर्मतये**ति देवदत्तः शुक्तिशकलं रजतरूपं पश्यति । **शृङ्गग्राहिकये**ति अङ्गुलिनिर्देशेन ।

त्वयापि चैतदङ्गीकृतमेवेति शुक्तेरालम्वनत्वम् ।

(टि०)– **कथं तेने**ति रजतज्ञानेन । **यत्रात्रे**ति रजतज्ञानप्रदेशे । **यत्खल्विति यद्** वस्तु **यत्र** ज्ञाने यथा घटे ज्ञानं जानाति, यथा ज्ञाने घटं जानाति इत्यत्र दृश्यते । **तदि**ति वस्तुचकासनम् । **तत्रे**ति ज्ञाने । **एतच्चे**ति वस्त्वालम्बनम् । **शृङ्गे**ति अङ्गुलीनिर्देशेनेत्यर्थः । **सैवे**ति शुक्तिः । **दोषे**ति नेत्रदोषः । **तथे**ति रजतत्वेन । **औत्सर्गिके**ति मुख्यम् । **भेदाग्रहणमि**ति इदं रजतमिति प्रत्ययज्ञाने प्रत्यक्षस्मरणयोः । **तदि**ति पुरोदेशे प्रवृत्तिजनकत्वं विपरीतकार्योत्पादकत्वं वा । **हृषीकस्ये**ति इन्द्रियस्य । **तदि**ति पुरोदेशे प्रवृत्तिजनकत्वम् । **तथे**ति अविरुद्धम् ।

किञ्च, प्रत्यभिज्ञानेन रजतसंवित्तेः शुक्तिगोचरत्वमवस्थाप्यते—यदेव मम रजतत्वेन पूर्वमचकात्, तदेवेदं शुक्तिशकलम्—इत्येवं तस्योत्पादात् । अनुमानेन च—विवादपदं रजतज्ञानं शुक्तिगोचरम्, तत्रैव प्रवर्तकत्वाद्, यदेवं तदेवं यथा सत्यरजतज्ञानं रजतगोचरम्—इति विचारेण वैपरीत्यस्योपपत्तेरसिद्धिर्दुर्गन्धमेव त्वत्साधनमिति स्थितम् ।

यच्चोक्तम्—शुक्तिरजतयोः प्रत्यक्षस्मरणयोश्च भेदाप्रतिभासादिति, तत्र भेदाप्रतिभासस्तुच्छः कश्चिदुच्येत, अभेदप्रतिभासो वा ? । नाद्यः, प्राभाकरैरभावानभ्युपगमात् । नापि द्वितीयः, विपरीतख्यातिप्रसक्तेः भिन्नयोरभेदेन प्रतिभासात् ।

अथ भेदो व्यावर्तकधर्मयोगः, तस्य चाप्रतिभासः, साधारणधर्मप्रतिभास इति चेत् । न, शुक्तिज्ञाने सत्येऽपि तस्य भावाद्, दीप्रतादेस्तत्राऽपि प्रतिभासात् । अथ न तत्र तस्यैव प्रतिभासः, त्रिकोणतादिव्यावर्तकधर्माणामपि प्रतिभासादिति चेत् । तर्हि सावधारणः साधारणधर्मप्रतिभासः प्रकृतरजतबोधेऽपि नास्त्येव, रजतगतस्य रजतत्वस्यैव[2], शुक्तिगतस्य त्वनियतदेशकालस्मर्यमाणरजतासंभविनियतदेशकालत्वस्य व्यावर्तकधर्मस्य प्रतिभानादिति । ग्रहणस्मरणसंवित्ती अपि स्वसंविदिते प्राभाकराणाम् । ते च यदि स्वरूपेण प्रतिभातः, तदा न रजतार्थिनस्तथा प्रवृत्तिः स्यात् ।

अथ ग्रहणं स्मरणरूपतया प्रतिभाति, तदा विपरीतख्यातेरस्पष्टतया प्रतिभानम्, अनुभूतरजतदेशे प्रवृत्तिश्च स्यात् । अथ स्मरणं ग्रहणरूपतया, तदाऽपि विपरीतख्यातिरेव । प्रभूतं चात्र वक्तव्यम्, तच्चोक्तमेव बृहद्वृत्तौ वितत्य श्रीपूज्यैः ।११।।

વળી, પ્રત્યભિજ્ઞાન દ્વારા પણ પ્રકૃત રજતજ્ઞાનનો વિષય શુક્તિ–છીપ હતી એમ સિદ્ધ થાય છે, કારણ કે–જે પદાર્થ મને પહેલાં રજતરૂપે જણાયો હતો

१ °ज्ञानेन ल । २ °स्यैव मु ।

તે જ પદાર્થ આ શુક્તિશકલ–છીપનો ટુકડો છે–આ પ્રકારે પ્રત્યભિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. અને અનુમાનથી પણ શુક્તિ જ વિષયરૂપે સિદ્ધ થાય છે–'વિવાદાસ્પદ રજતજ્ઞાનનો વિષય શુક્તિ છે, કારણ કે–શુક્તિમાં જ તે પ્રવર્તક છે; જે જ્ઞાન જેમાં પ્રવર્તક હોય તે જ્ઞાનનો તે પદાર્થ વિષય હોય છે, જેમકે–સત્યરજતજ્ઞાન રજતમાં પ્રવર્તક હોવાથી રજતવિષયક છે.'–આ પ્રકારના વિચાર વડે વૈપરીત્યની સિદ્ધિ થતી હોવાથી 'વિચાર કરતાં તે જ્ઞાન વિપરીત થઈ શકતું નથી' આ તમારો હેતુ અસિદ્ધિ નામના દોષથી દૂષિત છે, એ સિદ્ધ થયું.

વળી, છીપ અને રજત તથા પ્રત્યક્ષ અને સ્મરણના ભેદનું ગ્રહણ ન થવાથી જે ભેદાપ્રતિભાસ તમોએ કહ્યો છે, તે ભેદાપ્રતિભાસ તુચ્છ–અભાવરૂપ છે કે અભેદના પ્રતિભાસરૂપ છે? પહેલો પક્ષ યોગ્ય નથી કારણ કે–પ્રભાકરને અનુસરનાર મીમાંસકો તુચ્છ અભાવને માનતા નથી. બીજો પક્ષ પણ યોગ્ય નથી કારણ કે–ભિન્ન પદાર્થોને અભિન્નરૂપે જાણવામાં વિપરીતખ્યાતિ થઈ જશે.

शंका—ભેદ એટલે વ્યાવર્ત્તકધર્મનો યોગ–સંબંધ છે. તેનો અપ્રતિભાસ એટલે ચાકચિક્ય આદિ સાધારણધર્મનો પ્રતિભાસ એ છે.

समाधान—આમ નથી; કારણ કે–જ્યારે સત્ય શુક્તિજ્ઞાન થાય છે ત્યારે પણ એ સાધારણ ધર્મનો પ્રતિભાસ તો છે જ, એટલે કે–તે વખતે ચાકચિક્યાદિ સાધારણ ધર્મોનો પણ પ્રતિભાસ છે. આથી સાધારણ ધર્મના પ્રતિભાસને ભેદાપ્રતિભાસ કહી શકાય નહીં.

शंका—પણ સત્ય શુક્તિજ્ઞાનમાં માત્ર સાધારણ ધર્મનો જ પ્રતિભાસ છે, એમ નથી પણ તેમાં તો ત્રિકોણત્વાદિ વ્યાવર્તક એટલે શુક્તિને અન્યથી ભિન્ન કરનારા ધર્મોનો પણ પ્રતિભાસ છે, તેથી તે જ્ઞાનને ભેદાપ્રતિભાસ કહી શકાય નહીં પણ ભેદપ્રતિભાસી કહેવું જોઈએ.

समाधान—આનો અર્થ એ થયો કે–જ્યાં માત્ર સાધારણ ધર્મનો પ્રતિભાસ હોય ત્યાં ભેદાપ્રતિભાસ છે, પણ એવો માત્ર સાધારણધર્મનો પ્રતિભાસ તો પ્રકૃતરજતજ્ઞાનમાં પણ નથી એટલે કે–શુક્તિમાં થતા રજતજ્ઞાનમાં પણ નથી, કારણ કે–સ્મરણના વિષયભૂત રજતનો વ્યાવર્તકધર્મ માત્ર રજતત્વ જ્ઞાત થાય છે. પણ શુક્તિગત જે રજતત્વરૂપ વ્યાવર્તક ધર્મનું જ્ઞાન થાય છે તે રજતત્વ તો સ્મરણના વિષયભૂત રજતનો ધર્મ સંભવે નહીં. કારણ કે સ્મરણ વિષયભૂત રજત દેશકાળમાં નિયત નથી, જ્યારે આ રજતત્વ તો દેશકાળમાં નિયત છે. અર્થાત્ આ જ્ઞાનમાં સાધારણ અને અસાધારણ એમ બન્ને ધર્મનો પ્રતિભાસ છે. વળી અસાધારણ ધર્મમાં પણ સ્મૃતથી જુદો જ અસાધારણ ધર્મ અનુભવાય છે, કારણ કે–સ્મરણમાં જે ધર્મનું સ્મરણ થાય છે તેમાં દેશકાલથી તે નિયત હોતો નથી જ્યારે અનુભવાતો ધર્મ દેશકાલથી નિયત હોય છે. વળી, પ્રત્યક્ષ અને સ્મરણ એ બન્ને જ્ઞાનો પણ પ્રાભાકર(મીમાંસક)ના મતમાં સ્વસંવિદિત છે, એટલે જો તે બન્ને પોત પોતાના સ્વરૂપે જ ભાનમાં આવતાં હોય તો રજતાર્થી પુરુષની સામે પડેલી છીપમાં પ્રવૃત્તિ થશે નહીં.

शंका—પ્રત્યક્ષ સ્મરણરૂપે જણાય છે, એટલે પ્રવૃત્તિ સંભવશે.

समाधान—પણ આમ માનવામાં વિપરીતખ્યાતિનું પ્રતિભાન અસ્પષ્ટરૂપે માનવું પડશે, અને પૂર્વે અનુભવેલ રજત સ્થળમાં પ્રવૃત્તિ સ્વીકારવી પડશે.

शंका—સ્મરણ પ્રત્યક્ષરૂપે જણાય છે, આથી ઉક્તદોષ નિવૃત્ત થશે.

समाधान—તો વિપરીતખ્યાતિ જ થશે.

આ વિષયમાં ઘણું કહેવા જેવું છે, પણ તે બૃહદ્‌વૃત્તિ-સ્યાદ્વાદરત્નાકરમા પૂજ્યપાદ વાદિદેવસૂરિએ વિસ્તારથી કહેલ જ છે. ११.

(प०) **तस्योत्पादादिति ।** शुक्तिगोचरत्वोत्पादात् । **अनुमानेने**ति शुक्तिगोचरत्वमव स्थाप्यते । **तदेवमिति** यद्यत्रैव प्रवर्त्तकं तत्तद्गोचरम् ।

तुच्छ इति निरुपाख्यकोऽर्थः—अभावः । अनेन प्रसज्यनञ् लक्षितः । **अभेदप्रतिभासो** वेत्यनेन पर्युदासः ।

"पर्युदासः सदृग्ग्राही प्रसज्यस्तु निषेधकृत् ।"
द्वौ नञौ हि समाख्यातौ पर्युदासप्रसज्यकौ ॥१॥

व्यावर्त्तकधर्मयोग इति व्यावर्त्तको धर्मस्त्रिकोणत्वादिः । **तस्ये**ति साधारणधर्मस्य । **तस्यैवे**ति दीप्रतादेरेव । **सावधारण** इति निश्चितः । **साधारणधर्मप्रतिभास** इति दीप्रतादिः ॥११॥

(टि०) **तस्ये**ति प्रत्यभिज्ञानस्य । **अनुमानेने**त्यादि । **तत्रै**वेति । शुक्तिकायामेव । [1]**यदेवं तदेवमिति** यद् यत्रैव प्रवर्तकं तत् तद्गोचरम् ।

भेदाप्रतिभास इति प्रसज्यनञ्ज्ञाप्यं प्रतिषेधमात्रम् । **तुच्छ** इति अभावरूपः । **व्यावर्त्तके**ति व्यावर्त्तको धर्म्मस्त्रिकोणत्वादिः । **सत्येऽपि तस्ये**ति साधारणधर्म्मप्रतिभासस्य चाकचिक्यादिरूपस्य । **अथ न तत्रे**ति सत्येपि शुक्तिज्ञाने । **तस्यैवे**ति [2]साधारणधर्मस्यैव प्रतिभासः **ग्रहणे**त्यादि । शुक्तिकायामिदं रजतमिति मिथ्याज्ञानलक्षणे । अयमर्थः—यथा सत्ये शुक्तिज्ञाने दीप्रतादिसाधारणधर्म्माणां त्रिकोणत्वादिव्यावर्त्तकधर्म्माणां च प्रतिभासस्तथात्र शुक्तौ इदं रजतमिति मिथ्याज्ञानेपि उभयेषां प्रतिभासः, न केवलः साधारणधर्म्मप्रतिभास इति । **ते** इति ग्रहणस्मरणसंवित्ती । [**[1]अथ ग्रहणमित्यादि**]शुक्तेर्ग्रहणं रजतस्य स्मरणम् । यदि ग्रहणस्य स्मरणरूपता भवति तदा स्मरणस्येव ग्रहणपर्यायस्य प्रत्यक्षस्य अस्पष्टतया प्रतिभासः [स्यात्],स्पष्टश्च प्रतिभासः,विशदं प्रत्यक्षमिति वचनात् । **अनुभूतेत्यादि** प्रत्यक्षस्मरणयोरेकरूपतायां सत्यां प्रत्यक्षस्य अनुभूतरजतदेशे स्मरणविषये प्रवृत्तिः प्राप्नोतीति भावः ॥११॥

अथ संशयं लक्षयन्ति—

साधकबाधकप्रमाणाभावादनवस्थितानेककोटिसंस्पर्शि ज्ञानं संशयः ॥१२॥

उल्लिख्यमानस्थाणुत्वपुरुषत्वाद्यनेकांशगोचरयोः साधकबाधकप्रमाणयोरनुपलम्भादनवधारितनानांशावलम्बिविधिप्रतिषेधयोरसमर्थं संवेदनं संशय इत्यर्थः, समिति समन्तात् सर्वप्रकारैः शेत इवेति व्युत्पत्तेः ॥१२॥

---

१ अत्र मुद्रिते-तत्रैवेति यद्यत्रैव प्रवर्त्तकं तत्तद्गोचरम् । **तदेवमिति** शुक्तिगतम् । **यथा सत्ये**ति । शुक्तिगतम् । २. साधारणधर्मप्रतिभासस्यैव–मु ।

સંશયનું લક્ષણ -

સાધક કે બાધક પ્રમાણના અભાવને કારણે નિશ્ચય વિનાનું અનેક અંશોને સ્પર્શ કરનારું જ્ઞાન સંશય કહેવાય છે. ૧૨

§ ૧ 'આ સ્થાણુ છે કે પુરુષ ?' આ પ્રકારે અનેક અંશોને વિષય કરનાર જ્ઞાનમાં તે તે અંશનું સાધક પ્રમાણ કે બાધક પ્રમાણ ઉપલબ્ધ ન હોવાથી તે જ્ઞાન અનિશ્ચિતરૂપે અનેક અંશોને વિષય કરે છે, તેથી તે કોઈ એકની વિધિ કે નિષેધ કરવામાં સમર્થ બનતું નથી. આથી આવા જ્ઞાનને સંશય કહેવામાં આવે છે. सम-समन्तात्-સર્વપ્રકારે (ચોતરફ), शय સૂઈ જવા જેવી સ્થિતિ તે સંશય-આ સંશય શબ્દની વ્યુત્પત્તિ છે. ૧૨

(१०) समिति समन्तात् सर्वप्रकारैः शेत इवेति व्युत्पत्तेरिति । [1]सम्यक् शेते आत्माऽस्मिन्निति तु मलयगिरिमिश्राः ॥१२॥

(टि०) शेत इति आत्माऽस्मिन्निति ॥१२॥

उदाहरन्ति–

यथाऽयं स्थाणुर्वा पुरुषो वा ॥१३॥

व्यक्तम् । अयं च प्रत्यक्षविषये संशयः । परोक्षविषये तु यथा–काऽपि विपिनप्रदेशे शृङ्गमात्रदर्शनात् 'किं गौरयं स्यात् गवयो वा ?' इत्यादि ॥१३॥

સંશયનું ઉદાહરણ—

જેમકે-આ ઠૂંઠું છે કે પુરુષ? ૧૩.

§ ૧ સૂત્રનો અર્થ સ્પષ્ટ હોવાથી વિશેષ વ્યાખ્યા કરી નથી પણ સૂત્રમાં કહેલ સંશયનું આ ઉદાહરણ પ્રત્યક્ષ વિષયક છે અને જંગલના કોઈ પ્રદેશમાં શીંગડું જોવાથી 'આ ગાય હશે કે ગવય ?'-સંશયનું આ ઉદાહરણ પરોક્ષ-વિષયક છે, એમ જાણવું. ૧૩

अथाऽनध्यवसायस्वरूपं प्ररूपयन्ति–

किमित्यालोचनमात्रमनध्यवसायः ॥१४॥

§१ अस्पृष्टविशिष्टविशेषं किमित्युल्लेखेनोत्पद्यमानं ज्ञानमात्रमनध्यवसायः प्रोच्यते । समारोपरूपत्वं चाऽस्यौपचारिकम् अतस्मिंस्तदध्यवसायस्य तल्लक्षणस्याऽभावात् । समारोपनिमित्तं तु यथार्थापरिच्छेदकत्वम् ॥१४॥

અનધ્યવસાયનું લક્ષણ—

'અરે આ શું છે ?' એવું આલોચનામાત્ર જ્ઞાન અનધ્યવસાય છે. ૧૪.

§ ૧ વિશિષ્ટ વિશેષના સ્પર્શથી રહિત, 'કંઈક' એવા ઉલ્લેખ સહિત ઉત્પન્ન થતું જ્ઞાનમાત્ર-અનધ્યવસાય કહેવાય છે, 'અતત્‌માં તત્‌નો અધ્યવસાય'-એવું સમારોપનું લક્ષણ અહીં અનધ્યવસાયમાં ઘટતું નથી. માટે અનધ્યવસાયને

१ 'रिति । स सम्यं' मु

સમારોપ ઉપચારથી કહેવાય છે. તે એટલા માટે કે અનધ્યવસાયમાં યથાર્થનો પરિચ્છેદ (જ્ઞાન) થતો નથી. ૧૪.

(१०) **समारोपनिमित्तमि**ति समारोपोऽपि किमपि निमित्तमपेक्ष्य प्रवर्त्तते। यथा माणवके अग्नित्वं समारोपितं परमतिकोपनत्वादिना तैक्ष्ण्यं मनसि विमृश्य ॥१४॥

उदाहरन्ति—

यथा गच्छत्तृणस्पर्शज्ञानम् ॥१५॥

§१ गच्छतः प्रमातुस्तृणस्पर्शविषयं ज्ञानमन्यत्राऽऽसक्तचित्तत्वात् 'एवं जातीयकमेवं-नामकमिदं वस्तु' इत्यादिविशेषानुल्लेखि 'किमपि मया स्पृष्टम्' इत्यालोचनमात्रमित्यर्थः। प्रत्यक्षयोग्यविषयश्चायमनध्यवसायः। एतदुदाहरणदिशा च परोक्षयोग्यविषयोऽप्य-नध्यवसायोऽवसेयः। यथा—कस्यचिदपरिज्ञातगोजातीयस्य पुंसः क्वचन वननिकुञ्जे सास्नामात्रदर्शनात् पिण्डमात्रमनुमाय 'को नु खल्वत्र प्रदेशे प्राणी स्यात् ?'—इत्यादि ॥१५॥

અનધ્યવસાયનું ઉદાહરણ—

જેમકે ગમન કરતા પુરુષને ઘાસના સ્પર્શનું જ્ઞાન. ૧૫

§૧ ગમન કરતા પ્રમાતા-પુરુષને ઘાસના સ્પર્શનું જે જ્ઞાન એટલે કે-ચિત્ત બીજે સ્થળે આસક્ત હોવાથી આ પદાર્થ અમુક ધર્મવાળો છે, કે અમુક નામનો છે વિગેરે વિશેષ-ભેદનો ઉલ્લેખ નહીં કરનારું, પણ મને કોઈ વસ્તુનો સ્પર્શ થયો, એ પ્રમાણે આલોચનામાત્ર-જ્ઞાનમાત્ર-આ પ્રમાણે આ સૂત્રનો અર્થ સમજવો. સૂત્રમાં જણાવેલ અનધ્યવસાયનું ઉદાહરણ પ્રત્યક્ષયોગ્યવિષયક અનધ્ય-વસાયનું છે. અને ઉદાહરણના આ દિશાસૂચનથી પરોક્ષયોગ્યવિષયક અનધ્ય-વસાય પણ જાણવો, જેમકે-ગોજાતિને (ગાયને) નહીં જાણનાર પુરુષ કોઇ વનપ્રદેશમાં ગળાની ગોદડી (સાસ્ના) માત્ર જોવાથી માત્ર પિંડનું અનુમાન કરીને 'અહીં કયું પ્રાણી હશે ?' ઇત્યાદિ જાણે તેને અનધ્યવસાય જાણવો. ૧૫.

अथ प्रमाणलक्षणसूत्रोपात्तं परशब्दं व्याख्यान्ति—

ज्ञानादन्योऽर्थः परः ॥१६॥

§१ ज्ञानाद् ग्राहकात् सकाशाद्, अन्यो ग्राह्यतया पृथग्भूतोऽचेतनः सचेतनो वा अर्थोऽर्थक्रियार्थिभिरर्थ्यमानः परः परशब्दवाच्यः ॥

§२ अत्र शून्यवादिनः कतिपयविकल्पाटोपोच्चण्डतुण्डमुत्स्वप्नायन्ते—अहो ! आर्हताः ! किं ज्ञानम्, कश्चार्थः ? ग्राहकमन्तर्ज्ञानम्, ग्राह्योऽर्थः बाह्योऽर्थ इति चेत्। कस्य ज्ञानं ग्राहकम् ? अर्थस्य चेत्। अर्थ एवानर्थमूलम्, तर्हि स एवोन्मूलनीयः। तथाहि—किमयमणुरूपः, स्थूलस्वरूपः, तदुभयस्वभावः, अनुभयस्वभावो वा ?

§३ अणुरूपश्चेत् । कुतोऽणूनामवधारणम् ? प्रत्यक्षाद्, अनुमानाद् वा । प्राचि पक्षे, किं योगिप्रत्यक्षाद्, अस्मदादिप्रत्यक्षाद् वा ? धुर्यः श्रद्धामात्राऽवधार्यः । द्वितीयस्तु, अनुभूतिपराभूतः । न हि वयम् 'अयं परमाणुः, अयं परमाणुः' इति स्वप्नेऽपि प्रतीमः । 'स्तम्भोऽयं कुम्भोऽयम्' इत्येवमेव नः सदैव संवेदनोदयात् । अथाऽनुमानात् परमाणुप्रवेदनम् । किमवधृतसाध्यसाधनसंबन्धात्, तदितरस्माद् वा ? न तावत् तदितरस्मात्, अतिप्रसङ्गसङ्गमात् । प्राचिकप्रकारे तु संबन्धाऽवधारणं प्रत्यक्षेण, अनुमानेन वा ? न प्रत्यक्षेण, अणूनामतीन्द्रियत्वेन तैः सहाऽविनाभावस्य क्वापि लिङ्गे ग्रहीतुमशक्यत्वात् । अनुमानेनाऽपि तेनैव, अनुमानाऽन्तरेण वा तदवधारणम् ? न तावत् तेनैव, परस्पराऽऽश्रयप्रसङ्गात्—सति हि सम्बन्धावधारणे तदनुमानोत्थानम्, सति चास्मिंस्तदवधारणमिति । अनुमानाऽन्तरमपि गृहीतप्रतिबन्धम्, अगृहीतप्रतिबन्धमेव वा प्रवर्तेत ?—इत्याद्यावृत्तावनवस्थादौस्थ्योपस्थापनम् । तद् नानुमानादपि परमाणुप्रतीतिः ।

પ્રમાણુના લક્ષણુમાં ગ્રહણુ કરેલ 'પર' શબ્દની વ્યાખ્યા—

જ્ઞાનથી ભિન્ન પદાર્થ તે પર કહેવાય છે. ૧૬.

§ ૧ ગ્રાહક જ્ઞાનથી અન્ય એટલે ગ્રાહ્ય જે અર્થ, તે પર કહેવાય છે. તે અર્થક્રિયાર્થી દ્વારા અભીપ્સિત હોઈ અર્થ કહેવાય છે, અને તે સચેતન કે અચેતન હોય છે.

§ ૨ આ વિષયમાં શૂન્યવાદી કેટલાક વિકલ્પોના ગર્વથી વાચાલ બની સ્વપ્નમાં આ પ્રમાણે બકે છે—

અહો ! હે જૈનો ! જ્ઞાન એ કયો પદાર્થ છે ? અને અર્થ પણ કયો પદાર્થ છે ? અન્તરમાં રહેલ ગ્રાહક તે જ્ઞાન છે, અને બાહ્યસ્વરૂપ ગ્રાહ્ય તે અર્થ છે—એમ હોય તો અમે તમને પૂછીએ છીએ કે—જ્ઞાન કોનું ગ્રાહક છે ? જ્ઞાન અર્થનું ગ્રાહક છે, જો એમ હોય તો—અર્થ એ જ અનર્થનું મૂલ કારણુ છે. તેથી તે અર્થ જ ઉન્મૂલનીય—ખંડનીય છે. અને તે આ પ્રમાણે—અર્થ અણુરૂપ છે, સ્થૂલરૂપ છે, ઉભય સ્વરૂપ છે કે અનુભયસ્વરૂપ છે ?

§ ૩ અણુસ્વરૂપ હોય તો—અણુઓનો નિશ્ચય પ્રત્યક્ષથી થાય છે, કે અનુમાનથી ? પ્રત્યક્ષથી થતો હોય તો—યોગિપ્રત્યક્ષથી છે કે આપણા પ્રત્યક્ષથી ? યોગિપ્રત્યક્ષથી અણુનો નિશ્ચય થાય છે, એમ માનો તો—તે માત્ર શ્રદ્ધાથી જ આદરણીય છે. આપણા પ્રત્યક્ષથી અણુનો નિશ્ચય થાય છે, એ પક્ષ તો—અનુભવથી બાધિત છે, કારણુ કે—આપણે સ્વપ્નમાં પણુ 'આ પરમાણુ છે,' 'આ પરમાણુ છે' એવો અનુભવ કરતા નથી, પરંતુ 'આ સ્તંભ છે' 'આ કુંભ છે'—એ પ્રકારે જ આપણુને હમેશા અનુભવ થાય છે. માટે પ્રત્યક્ષથી પરમાણુની સિદ્ધિ થતી નથી. અનુમાનથી અણુનું જ્ઞાન છે, એમ કહો તો—સાધ્યસાધનના સંબંધનો નિશ્ચય

કરીને અનુમાનથી અણુનું જ્ઞાન છે કે સાધ્યસાધનના સંબંધના નિશ્ચય કર્યા વિના અનુમાનથી અણુનું જ્ઞાન છે ? સાધ્યસાધનના સંબંધનો નિશ્ચય કર્યા વિના અનુમાનથી અણુનું જ્ઞાન થશે નહીં, કારણ કે–તેમાં અતિપ્રસંગ છે. અર્થાત્ વ્યાપ્તિ વિના પણ જો અનુમાન થતું હોય તો ગમે તે હેતુથી ગમે તે સાધ્ય સિદ્ધ થઈ જાય. અને જો સાધ્યસાધનના સંબંધનો નિશ્ચય કરીને અણુનું અનુમાન થાય છે– એમ માનવામાં આવે તો તે સંબંધનો નિશ્ચય પ્રત્યક્ષથી થાય છે કે અનુમાનથી? પ્રત્યક્ષથી તો થાય નહીં, કારણ કે–અણુઓ અતીન્દ્રિય હોવાથી તેની સાથે કોઈ પણ લિંગ–હેતુનો અવિનાભાવ–વ્યાપ્તિરૂપ સંબંધનું ગ્રહણ કરવું તે અશક્ય છે. અને અનુમાનથી માનવામાં પરસ્પરાશ્રય દોષ છે, કારણ કે–સંબંધનો નિશ્ચય હોવાથી અનુમાનની ઉત્પત્તિ, અને અનુમાન હોવાથી સંબંધનો નિશ્ચય, એ રીતે પરસ્પરાશ્રય દોષ છે. અન્ય અનુમાન માનો તો–તે અનુમાનનો સંબંધ ગૃહીત છે કે અગૃહીત? એમ ફરી ફરીને તે જ પ્રશ્નોની આવૃત્તિ થતી હોવાથી અનવસ્થા દોષ ઉપસ્થિત થાય છે. માટે અનુમાનથી પણ પરમાણુની પ્રતીતિ થઈ શકતી નથી.

(प०) **अचेतनः सचेतनो वे**ति अचेतनो घटादिः, सचेतनो गवादिः ।

न तावत् तदितरस्मादतिप्रसङ्गसङ्गमादिति । अनवधृतसाध्यसाधनसम्बन्धादप्यनुमानात् साध्यसंसिद्धौ 'स श्यामः, तत्पुत्रत्वात्', 'धवलः प्रासादः, काकस्य कार्ष्ण्यात्' इत्यादीनामपि गमकत्वप्रसङ्गः । **प्राचिकप्रकारे** इति अवधृतसाध्यसाधनसम्बन्धप्रकारे । **सम्बन्धावधारणमि**ति सम्बन्धः केन प्रमाणेनावधारित इति आशयः । **अणूनामतीन्द्रियत्वेने**ति । क्षितिधरकन्धरान्तरितो हि वह्निः प्रत्यक्षोऽस्ति यः कश्चित् तमारोहति सोऽवश्यं साक्षात् कुरुते । अमी च परमाणवोऽतीन्द्रियास्तैः सहाविनाभावो दुर्घटः । **अविनाभावस्ये**ति सम्बन्धस्य । **तदवधारणमि**ति सम्बन्धावधारणम् ।

(टि०) [**अतिप्रसङ्गसंगमात्** इति] अनवधृतसाध्यसाधनसम्बन्धादप्यनुमानात्साध्यसिद्धौ स श्यामः, तत्पुत्रत्वात्; धवलः प्रासादः काकस्य कार्ष्ण्यादित्यादीनामपि गमकत्वप्रसङ्गः ।

किञ्च, अमी परमाणवो नित्या वा स्युः, अनित्या वा ? नित्याश्चेत् । किमर्थक्रियाकारिणः, अकिञ्चित्करा वा ? उदीचीनस्तावत्पक्षः क्षोदीयान्, अन्तरिक्षवृक्षवत् तेषामसत्त्वापत्तेः । अर्थक्रियाकारित्वे तु तेषां क्रमेण युगपद् वा ? क्रमेण चेत् । किं स्वभावाभेदेन, तद्भेदेन वा ? स्वभावाभेदभिदायाम्, ते येनैव स्वभावेन प्राच्यं कार्यमर्जयन्ति, तेनैवोत्तरमपि, यद्वा येनैवोत्तरम्, तेनैव प्राच्यमपि ? प्रथमे, प्रथमकार्यकाल एवोत्तरस्याप्युत्पत्तिप्रसक्तिः । तद्वद् द्वितीये द्वितीयकार्यकाल एव प्रथमस्याऽपि प्रभवप्राप्तिः । तद्वदेव स्वभावभेदपक्षे क्षणिकत्वापत्तिः, तल्लक्षणत्वात् क्षणभङ्गुरतायाः । युगपत्पक्षे, सकृदेव सकलस्वकार्यकार्यपुञ्जस्याऽर्जितत्वाद् द्वितीयादिक्षणे तेषामसत्त्वं स्याद् । तद् नाऽमी नित्याः ।

વળી, આ પરમાણુઓ નિત્ય છે કે અનિત્ય? નિત્ય હોય તો–તે અર્થક્રિયાકારી છે કે કંઈ પણ નહીં કરનારા ? પરમાણુ કંઈ પણ કરનારા નથી એ

બીજો પક્ષ તો ક્ષુદ્ર–તુચ્છ છે, કારણ કે–કંઈપણ નહીં કરનારા આકાશના વૃક્ષ જેમ અસત્ છે, તેમ આ પરમાણુઓમાં પણ અસત્ત્વની આપત્તિ આવશે. અને જો પરમાણુ અર્થક્રિયાકારી હોય તો–તેમનું અર્થક્રિયાકારિત્વ ક્રમથી છે કે યુગપત્–એકી સાથે? ક્રમથી કહો તો–સ્વભાવના ભેદ વિના કે સ્વભાવનો ભેદ કરીને તે અર્થક્રિયા કરે છે? સ્વભાવના ભેદ વિના જો અર્થક્રિયા માનવામાં આવે તો શું જે સ્વભાવ વડે પહેલું કાર્ય કર્યું તે જ સ્વભાવથી ઉત્તર–બીજું કાર્ય કરે છે? કે જે સ્વભાવથી ઉત્તર કાર્ય કરે છે તે જ સ્વભાવથી પહેલું કાર્ય કરે છે? પ્રથમ પક્ષમાં તો પૂર્વકાર્ય વખતે જ ઉત્તરકાર્યની ઉત્પત્તિનો પ્રસંગ આવશે, કારણ કે એક જ સ્વભાવથી બન્નેની નિષ્પત્તિ છે. તેવી જ રીતે બીજા પક્ષમાં પણ ઉત્તર કાર્યોત્પત્તિના સમયે જ પૂર્વકાર્યની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. એ જ રીતે સ્વભાવભેદ પક્ષમાં પરમાણુઓને ક્ષણિકત્વની આપત્તિ આવશે, કારણ કે–સ્વભાવભેદ એ જ ક્ષણભંગુરતાનું લક્ષણ છે. આ રીતે નિત્યપરમાણુઓમાં ક્રમથી અર્થક્રિયાકારિત્વ સિદ્ધ થઈ શકતું નથી અને યુગપત્ અર્થક્રિયાકારિત્વ માનો તો–પરમાણુઓ પોતાને કરવા લાયક સમસ્ત કાર્યસમૂહને એકી સાથે ઉત્પન્ન કરી દેશે, તો દ્વિતીયાદિ ક્ષણે અર્થક્રિયાકારિત્વનો અભાવ થતાં તેઓ અસત્ થઈ જશે. માટે પરમાણુઓ નિત્ય નથી.

(प०) **क्षोदीयानि**ति क्षुद्रोऽसार इत्यर्थः । **तद्वदि**ति प्राच्यकार्यवत्

(टि०) **तेषामि**ति परमाणूनाम् । **असत्त्वमि**ति यतोऽर्थक्रियाकारित्वं [सत्त्वं] नः संमतम् ।

अनित्याश्चेत्–क्षणिकाः, कालान्तरस्थायिनो वा? क्षणिकाश्चेत्। किमकस्माद् भवन्ति, कारणाद् वा कुतोऽपि? अकस्माच्चेत्। ननु किमिह कारणप्रतिषेधमात्रम्, भवनप्रतिषेधः, स्वात्महेतुकत्वम्, निरुपाख्यहेतुकत्वं वा विवक्षितम्? आद्ये, भवनस्यानपेक्षत्वेन सदा सत्त्वस्याऽसत्त्वस्य वा प्रसक्तिः—"नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात्" [प्र० वा० १. ८२] इत्युक्तेः । द्वितीये, प्रागिव पश्चादपि नाऽमी भवेयुः । तृतीये, कथमुत्पत्तिस्तेषाम्, स्वयमसतां स्वोत्पत्तौ व्यापारव्याहतेः । तुरीये प्रागपि सत्त्वापत्तेस्तेषां सनातनत्वं स्यात् । कारणाद् भवनपक्षे तु स्थूलं किञ्चित् तेषां कारणम्, परमाणव एव वा? न स्थूलम्, परमाणुरूपार्थपक्षस्यैव कक्षीकारात् । परमाणवश्चेत् । ते किं सन्तः, असन्तः, सदसद्रूपाः, अनुभयस्वभावा वा स्वकार्याणि कुर्युः? सन्तश्चेत् । किमुत्पत्तिक्षण एव, द्वितीयादिक्षणेऽपि वा? नाद्यः, तदानीमुत्पत्तिमात्रव्यग्रत्वात् तेषाम् । अथ "भूतिर्येषां क्रिया सैव कारणं सैव चोच्यते" इति वचनाद् भवनमेव तेषामुत्तरोत्पत्तौ कारणतेति चेत् । एवं तर्हि रूपाणवो रसाणूनाम्, ते च तेषामुपादानं स्युः, उभयत्र भवनाविशेषात् । न द्वितीयः, क्षणक्षयक्षयापत्तेः । अथाऽसन्तस्ते तदुत्पादकाः, तर्हि तत्सत्ताक्षणमेकमपहाय सर्वदा तदुत्पादप्रसङ्गः, तद्भवनस्य

सर्वदाऽविशेषात् । सदसद्रूपपक्षस्तु दुर्निरोधविरोधानुबन्धदुर्धरः—यदि हि ते सन्तः कथमसन्तः ? तथा चेत् कथं सन्तः ? अनुभयस्वभावभेदोऽप्यसाधुः, विधिप्रतिषेधयोरेकतरप्रतिषेधेऽन्यतरस्यावश्यंभावात् । तन्नाणवः क्षणिकाः सूक्ष्ममनीषामार्गमैयरुः ।

नापि कियत्कालस्थायिनः, क्षणिकपक्षोपक्षिप्तप्रतीकारस्याऽत्राऽप्यवतारात् । किञ्च, कियत्कालस्थायिनोऽप्यमी किमर्थक्रियापराङ्मुखाः, तत्कारिणो वा भवेयुः ? प्रथमभिदायाम्, अम्बरोद्भवाम्भोरुहसौरभवदसत्त्वापत्तिः । उदग्विकल्पे, किमसद्रूपम्, सद्रूपम्, उभयरूपम्, अनुभयरूपं वा ते कार्यं कुर्वीरन् ? असद्रूपं चेत् । कथं करिकेसरकलापादेरपि न करणम् ? सद्रूपं चेत् । कथं तस्य करणम ? सतोऽपि करणे कथं कदाचित् क्रियाविरतिः ? तृतीयतुरीयभेदौ तु प्राक्प्रोक्तसदसद्रूपादिभेदवद् भञ्जनीयौ । तन्नाणुरूपोऽर्थः सर्वथा स्थेमानमातेनिवान् ।

પરમાણુઓને અનિત્ય માનો તો–તે ક્ષણિક છે કે કાલાન્તરસ્થાયી ? ક્ષણિક કહો તો–અકસ્માત્ અર્થાત્ કોઈ પણ કારણ વિના તે પરમાણુઓની ઉત્પત્તિ હોય છે કે કોઈ પણ કારણથી હોય છે ? અકસ્માત્ કહો તો–તેમાં કારણનો પ્રતિષેધમાત્ર વિવક્ષિત છે કે ભવન–ઉત્પત્તિનો પ્રતિષેધ વિવક્ષિત છે કે સ્વાત્મહેતુકત્વ એટલે કે પોતે જ પોતાનો હેતુ છે, એમ વિવક્ષિત છે કે નિરુપાખ્યહેતુકત્વ એટલે કે આદિ અન્તની સંજ્ઞા રહિત એવો શાશ્વત હેતુ વિવક્ષિત છે ? આદ્ય વિકલ્પમાં ઉત્પત્તિમાં કોઈ પણ કારણની અપેક્ષા ન હોવાથી "અન્યની અપેક્ષા નહિ કરવાથી તે અહેતુક સદૈવ સત્ કે અસત્ બની જશે"–એ વચનને આધારે પરમાણુઓને નિત્ય સત્ત્વ કે નિત્ય અસત્ત્વનો પ્રસંગ આવશે. ઉત્પત્તિના નિષેધરૂપ બીજો વિકલ્પ માન્ય હોય તો–પરમાણુઓની ઉત્પત્તિ જેમ પહેલાં ન હતી તેમ પાછળથી પણ તેઓની ઉત્પત્તિ થશે નહીં. ત્રીજા વિકલ્પમાં પરમાણુઓની ઉત્પત્તિ જ કઈ રીતે થશે ? કારણ કે-સ્વયં અવિદ્યમાન પદાર્થો પોતાની ઉત્પત્તિમાં વ્યાપાર કરે એ અસંભવ છે. ચોથા વિકલ્પમાં પહેલાં પણ સત્તાની આપત્તિ હોવાથી પરમાણુઓ સનાતન–નિત્ય થઈ જશે. માટે અકસ્માત્ ભવન–ઉત્પત્તિ પક્ષ કહી શકશો નહિ. કોઈ પણ કારણથી પરમાણુઓની ઉત્પત્તિ થાય છે એ પક્ષમાં પ્રશ્ન છે કે પરમાણુઓની ઉત્પત્તિનું કારણ શું કોઈ સ્થૂલ છે કે પરમાણુઓ જ છે ? 'પરમાણુરૂપ અર્થ છે' એ પક્ષ સ્વીકારેલ હોવાથી પરમાણુના કારણ તરીકે સ્થૂલ કહી શકશો નહીં. પરમાણુઓને કારણ કહો તો–સત્સ્વરૂપ પરમાણુઓ પોતાનું કાર્ય કરે છે કે અસત્સ્વરૂપ કે સદસત્સ્વરૂપ (ઉભયરૂપ) કે અનુભયસ્વરૂપ પરમાણુઓ પોતાનું કાર્ય કરે છે ? સત્સ્વરૂપ કહો તો–ઉત્પત્તિક્ષણે સ્વકાર્ય કરે છે કે દ્વિતીયાદિ ક્ષણે પણ ? આદ્ય પક્ષ તો યોગ્ય નથી, કારણ કે–સ્વોત્પત્તિકાલે તો પરમાણુઓ પોતાની ઉત્પત્તિમાં જ વ્યગ્ર હોવાથી સ્વકાર્ય કરી શકતા નથી.

शंका—"જે પદાર્થો ઉત્પન્ન થાય છે, તેમની જે ભૂતિ (ઉત્પત્તિ) છે, તે જ ક્રિયા અને તે જ કારણ કહેવાય છે"–આ વચનને આધારે એમ કહી શકાય કે–તેઓની ઉત્પત્તિ તે જ ઉત્તર ઉત્પત્તિમાં કારણ કહેવાય છે.

समाधान—જો એમ હોય તો રૂપાણુઓ રસાણુઓના અને રસાણુઓ રૂપાણુઓના ઉપાદાનકારણ થઈ જશે, કારણ કે–બન્ને સ્થળે ઉત્પત્તિમાં ભેદ નથી.

દ્વિતીયાદિ ક્ષણે સત્‌થી કાર્યોત્પત્તિ થાય છે, એ દ્વિતીય પક્ષ પણ પ્રશંસનીય નથી કારણ કે- તેમ માનવા જતાં તમારા ક્ષણક્ષય પક્ષના જ ક્ષયની આપત્તિ આવશે. અર્થાત્ વસ્તુ ક્ષણિક નહીં રહે. અસત્સ્વરૂપ હોવા છતાં પરમાણુઓ કાર્યના ઉત્પાદક છે, એમ કહો તો તેઓનો એક સત્તા ક્ષણ છોડીને સર્વદા કાર્યોત્પત્તિનો પ્રસંગ આવશે. કારણ કે–એક સત્તાક્ષણ સિવાય સર્વદા તેમની અસદ્રૂપતામાં કાંઈ વિશેષ–ફેર નથી, સદ્-અસત્સ્વરૂપ–ઉભયસ્વરૂપ પક્ષ તો મુશ્કેલીથી રોકી શકાય એવા વિરોધના સંબંધથી દુર્ધર (દુઃખે કરીને ધારણ કરી શકાય તેવો) છે, કારણ કે–પરમાણુઓ જો સત્ છે તો અસત્ કઈ રીતે હોઈ શકે ? અને જો અસત્ હોય તો તે સત્ કઈ રીતે હોઈ શકે ? અનુભયસ્વભાવ પક્ષ પણ સંગત નથી કારણ કે–વિધિ અને પ્રતિષેધમાંથી કોઈ એકના પ્રતિષેધથી બીજાની અવશ્ય સિદ્ધિ થાય છે. તેથી અણુઓ સૂક્ષ્મબુદ્ધિથી વિચારતાં ક્ષણિકરૂપે સિદ્ધ થઈ શકતા નથી.

પરમાણુ કિયત્કાલસ્થાયી છે, એ પણ સિદ્ધ થઈ શકતું નથી, કારણ કે–ક્ષણિક પક્ષના ખંડન માટે કહેલી યુક્તિઓ અહીં પણ અવતરી શકે છે. અર્થાત્ પૂર્વોક્ત દોષોથી પરમાણુ કિયત્કાલસ્થાયી પણ સિદ્ધ થઈ શકતા નથી. વળી, કિયત્કાલસ્થાયી પરમાણુઓ અર્થક્રિયારહિત છે કે અર્થક્રિયાકારી ? પહેલા પક્ષમાં ગગનારવિંદની સુગંધિની જેમ પરમાણુઓમાં અસત્ત્વની આપત્તિ આવશે. બીજો વિકલ્પ માનો તો–તે પરમાણુઓ અસદ્રૂપકાર્યને કરે છે, સદ્રૂપકાર્યને કરે છે, ઉભયરૂપ કાર્યને કરે છે, કે અનુભયરૂપ કાર્યને કરે છે ? અસદ્રૂપકાર્યને કરે છે એમ માનો તો–હાથીની કેશવાળી વિગેરે કાર્યો કેમ ન કરે ? સદ્રૂપ કાર્યને કરે છે એમ માનો તો–જે પ્રથમથી જ સત્ છે એવા સત્કાર્યનું કરવું કઈ રીતે સંગત થશે ? વળી સત્કાર્યને પણ ફરીથી કરવામાં આવે તો શું કોઈ પણ વખતે ક્રિયાનો વિરામ થશે ? ત્રીજો અને ચોથો વિકલ્પ તો પૂર્વે કહેલ સદસદ્રૂપાદિ ભેદ–વિકલ્પની જેમ બુદ્ધિમાન પુરુષોએ સ્વયં ખંડન કરવા યોગ્ય છે. તેથી કરીને અણુરૂપ અર્થ સર્વથા–કોઈ પણ યુક્તિ દ્વારા સિદ્ધ થઈ શકતો નથી.

(पं०)अनपेक्षत्वेनेति कारणस्यापेक्षा नास्ति । **नित्यं सत्त्वमित्यादि** श्लोकार्द्धम् । उत्तरार्धं तु– "अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः ॥१॥

सन्तश्चेदिति । स्वकार्यं कुर्युरिति योगः । **क्षणक्षयक्षयापत्तेरिति** क्षणिकपक्षस्य चर्च्यमानत्वात् ।

(टि०) **ननु किमिहेत्यादि। भवनप्रतिषेध** इति कस्मादपि न भवतीत्यर्थः । **निरुपाख्येति** आद्यन्तोपाख्यानरहितत्वात्सनातनः शाश्वत इत्यर्थः। **नित्यं सत्त्वमिति। अहेतोरिति** निर्हेतुकपदार्थस्य। **अन्येति** कारणाभावात्। **अथ भूतिरित्यादि** । **सैवेति** अन्यवस्तूनां कारणं सैव भूतिरेव । **ते**

चेति रसाणवः । **तेषामिति** रूपाणूनाम् । **अथासन्त** इत्यादि । **तत्सत्तेति** यस्मिन् क्षणे तेषां सत्त्वमभूत् तदपहाय द्वितीयादिक्षणेषु तेषामसत्त्वात् ।

§४ नापि स्थूलरूपः, यतस्तादृशोऽप्यसौ नित्यः, अनित्यो वा स्यात् ? न तावद् नित्यः, परमाणुनित्यतानिराकरणानुसारेणास्यापि व्यपासितुं शक्यत्वात् । नाप्यनित्यः, यतस्तस्य समुत्पादे स्थूलमेव किञ्चित् कारणम्, अणवो वा ? प्राच्यः पक्षः स्थवीयान्, स्थूलाद्वैतवादस्य वावदूकानां वदितुमयुक्तत्वात्, सूक्ष्मापेक्षयैव स्थूलस्य व्यवस्थानात्, कुवलापेक्षया कुवलयस्येव ।

§५ अथाणवस्तत्कारणम्, तर्हि तदग्रेतनस्तदुभयस्वभावार्थपक्षः कक्षीकृतः स्यात् । अस्त्वयमेवेति चेत् । तर्हि ते निरतिशयाः, सातिशया वा स्थूलमर्थं प्रथयेयुः ? आद्ये भेदे, भूर्भुवःस्वस्त्रयीकुहरकोणकुट्टितैकैकपरमाणुभिर्विशकलितैरपि सदैव तदुत्पादनप्रसङ्गः । द्वितीये तु, कस्तेषामतिशयः—एकदेशावस्थितिः, संयोगः, क्रिया वा ? प्रथमपक्षे, क्षोणीमण्डलाऽऽलम्बिपरिमण्डलैः स्थूलैककार्यक्रियाप्रसक्तिः, तस्यैकदेशरूपत्वात् । अथ यावति प्रदेशे कतिपयेऽपि परमाणवः कार्यमेकमर्जयन्ति तावानेवैकः प्रदेशः, न सकलमिलामण्डलम् इति चेत् । तर्हीतरेतराश्रयपिशाचप्रवेशः सिद्धे हि कार्ये देशैक्यसिद्धिः, तत्सिद्धौ च तत्सिद्धिरिति । संयोगश्चेदतिशयः—स किं नित्यः, अनित्यो वा ? यदि नित्यः, तदा सदाऽपि तदुत्पाद्यकार्योत्पादप्रसङ्गः । अनित्यश्चेत् । किमन्यत एव, तेभ्योऽपि वा प्रादुःष्यात् ? नाद्यो भेदः, तदाधारधर्मस्याऽन्यत एवोत्पत्तिविरोधात् । द्वितीये तु, तदुत्पत्तावपि निरतिशयाः, सातिशया वा ते व्याप्रियेरन् ? प्राचि, प्राचीन एव दोषः । द्वितीये तु, अतिशयोत्पत्तावप्यतिशयान्तरेण भाव्यम्, तत्रापि तेन—इत्यनवस्थाकदर्थनम् ।

§૪ સ્થૂલરૂપ અર્થ પણ યુક્તિદ્વારા સિદ્ધ થઇ શકતો નથી, કારણ કે-સ્થૂલ અર્થ પણ નિત્ય છે કે અનિત્ય ? નિત્ય તો કહી શકશો નહીં કારણ કે-પરમાણુની નિત્યતાના ખંડનની જેમ સ્થૂલની નિત્યતાનું પણ ખંડન થઈ શકે છે. અનિત્ય પણ કહી શકો નહીં કારણ કે સ્થૂલ અર્થની ઉત્પત્તિમાં સ્થૂલ અર્થ કારણ છે કે પરમાણુઓ ? પ્રથમ પક્ષ તો અત્યંત સ્થૂલ-અસાર છે, કારણ કે-સ્થૂલાદ્વૈતવાદ-સ્થૂલાદ્વૈતપક્ષ તો વાચાલ પુરુષો દ્વારા પણ કથન કરવાને યોગ્ય નથી, કારણ કે-સૂક્ષ્મની અપેક્ષાએ જ સ્થૂલની વ્યવસ્થા (સિદ્ધિ) થાય છે. જેમકે-કુવલ-(બોર)ની અપેક્ષાએ કુવલય-પોયણું સ્થૂલ છે. અણુઓ કારણ છે એમ કહો તો-આ સ્થૂલાર્થ પક્ષ પછીનો જે 'તદુભય સ્વભાવાર્થ' પક્ષ છે, તેનો સ્વીકાર કર્યો કહેવાશે. સ્થૂલ અને અણુ એમ તદુભય-

---

१ बदरापेक्षया कुवलयस्य स्थूलत्वम् ।

સ્વભાવ અર્થ છે એ પક્ષ જ સ્વીકારીએ છીએ એમ કહો તો—નિરતિશય પરમાણુઓ સ્થૂલાર્થને ઉત્પન્ન કરશે કે સાતિશય પરમાણુઓ ? પહેલો પક્ષ માનો તો—સ્વર્ગ મર્ત્ય ને પાતાલ એ ત્રણ લોકરૂપ ગુફાના ખુણાઓમાં ઠાંસી ઠાંસીને ભરેલા છૂટા એકેક પરમાણુથી પણ સર્વદા સ્થૂલકાર્યની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. બીજો પક્ષ માનો તો—પરમાણુઓમાં કયો અતિશય છે ? એક દેશમાં રહેવારૂપ કે સંયોગરૂપ કે ક્રિયારૂપ અતિશય છે ? પહેલો પક્ષ માનો તો—પૃથ્વીમંડળરૂપ એક દેશમાં રહેનાર પરમાણુઓથી સ્થૂલ એક કાર્યના ઉત્પાદનો પ્રસંગ આવશે, કારણ કે—નિખિલ પૃથ્વીમંડળ પણ એકદેશ છે.

शंका—જેટલા પ્રદેશમાં રહીને પરમાણુઓ એક કાર્યને ઉત્પન્ન કરે, તે એકદેશ કહેવાય છે, પરંતુ સકલ પૃથ્વીમંડળ એકદેશરૂપ નથી.

समाधान—એમ માનો તો—ઇતરેતરાશ્રય નામનો દોષ આવશે, કારણ કે-કાર્યની સિદ્ધિ થાય પછી એકદેશની સિદ્ધિ, અને એકદેશની સિદ્ધિ થયા પછી કાર્યની સિદ્ધિ થશે.

સંયોગરૂપ અતિશય કહો તો— તે સંયોગ નિત્ય છે કે અનિત્ય ? જો નિત્ય હોય તો—સંયોગથી ઉત્પાદ્ય કાર્યોની સર્વદા ઉત્પત્તિનો પ્રસંગ આવશે. જો અનિત્ય હોય તો—તે સંયોગ અન્યથી જ ઉત્પન્ન થાય છે કે પરમાણુઓથી પણ ઉત્પન્ન થાય છે ? આદ્ય ભેદ કહી શકશો નહીં, કારણ કે—પરમાણુ એ સંયોગનો આધાર હોવાથી તે સંયોગની પરમાણુથી ભિન્ન વસ્તુથી જ ઉત્પત્તિ માનવામાં વિરોધ છે, કારણ કે—એમ હોય તો પછી તે સંયોગનો આધાર પરમાણુ ન બને. અર્થાત્ ઘટમાં રહેલ રૂપાદિ ધર્મની ઉત્પત્તિમાં કેવલ અગ્નિ સંયોગાદિ જ કારણ નથી, પરંતુ ઘટ પણ કારણ છે, તેવી જ રીતે અણુમાં રહેલ સંયોગરૂપ અતિશયમાં અણુ પણ અવશ્ય કારણ હોવું જોઈએ. બીજા પક્ષમાં સંયોગરૂપ અતિશયની ઉત્પત્તિ માટે નિરતિશય પરમાણુઓ વ્યાપાર કરશે કે સાતિશય પરમાણુઓ ? પહેલા પક્ષમાં પૂર્વોક્ત (નિરંતર કાર્યોત્પત્તિરૂપ) દોષ આવશે. બીજા પક્ષમાં એક અતિશયની ઉત્પત્તિમાં બીજો અતિશય જોઇશે, અને બીજાની ઉત્પત્તિમાં ત્રીજાની જરૂર પડશે, અને એ રીતે એક બીજાની પાછળ અતિશયો ચાલી આવતાં અનવસ્થા દોષની પીડા ઊભી થશે.

(प०) तदुत्पत्तावपि निरतिशयाः सातिशया वा ते व्याप्रियेरन्निति यथा हि ते घटादिकं कार्यमुत्पादयन्तोऽ[1]प्यऽतिशयम[2]पेक्षिष्यन्ते, एवं संयोगमुत्पादयन्तोऽप्यतिशयमपेक्षिष्यन्ते ।

(टि०) क्षोणीमण्डलेत्यादि । परिमण्डलैरिति समस्तपरमाणुभिः एककार्यस्य क्रिया विधानम्, तस्याः प्रसङ्गः । तस्येति स्थूलकार्यस्य । यथा ते घटादिकं कार्यमुत्पादयन्तोऽतिशयमपेक्षन्ते एवं संयोगमुत्पादयन्तोऽप्यतिशयमु(म)पेक्षिष्यन्ते ।

किञ्च, अयं संयोगस्तत्स्वभावभूतः तत्पृथग्भूतो वा । प्राच्ये, परमाणव एव, न कश्चित् संयोगो नाम । द्वितीये तु, सर्वथा पृथग्भूतः, कथञ्चिद् वा ? कथञ्चित्पक्षस्तावद्

---

१ 'न्तोऽति' ल । २ 'पेक्ष्यन्ते ल ।

विरोधबाधितः । सर्वथापक्षे तु, संबद्धः, असंबद्धो वा तत्रासौ स्यात् ? असंबद्धविधायां तेषामेष इति संबन्धायोगः । संबद्धस्तु, संयोगेन, समवायेन, तादात्म्येन, तदुत्पत्त्या, अविष्वग्भावेन वा ? न संयोगेन, तस्य गुणरूपे संयोगे संभवाभावात्, "निर्गुणा गुणाः" इति वचनात् । न समवायेन, यतो यावदयमेकं संयोगमेकत्र संबन्धयति, तावदन्यत्राऽप्येनं किं न संबन्धयेत्, अस्य सर्वत्रैक्यात् ? न तादात्म्येन, भेदपक्षकक्षीकारात् । नापि तदुत्पत्त्या, परमाणुभ्यः संयोगोत्पादस्य प्रागेव व्यपास्तत्वात् । नाप्यविष्वग्भावेन, तस्य कथञ्चित् तादात्म्यरूपत्वात् । अत्र च कथञ्चिदित्यन्धपदम्, विरोधावरोधदुर्धरत्वात् ।

किञ्च, अयं संयोगः सर्वात्मना, एकदेशेन वाऽणूनां प्रणिगद्येत ? । प्रथमे, पिण्डोऽणुमात्रः स्यात् । द्वितीये, षट्केन युगपद्योगात् परमाणोः षडंशता स्यात्; इति परमाणुकथाऽप्यस्तमियात् । तन्न संयोगोऽतिशयः । एतेन क्रियारूपातिशयपक्षोऽपि प्रतिक्षिप्तः ।

વળી સ્થૂલાર્થરૂપ કાર્યની ઉત્પત્તિમાં પરમાણુનો જે સંયોગ નામનો અતિશય તમોએ સ્વીકારેલ છે, તે પરમાણુઓના સ્વભાવભૂત છે કે પરમાણુઓથી ભિન્ન? પ્રથમ વિકલ્પમાં પરમાણુઓ જ થયા પરંતુ સંયોગ નામનો બીજો પદાર્થ સિદ્ધ થયો નહીં. દ્વિતીય વિકલ્પમાં સર્વથાપૃથગ્ભૂત છે કે કથંચિત્ પૃથગ્ભૂત? કથંચિત્ પૃથગ્ભૂત પક્ષ તો–વિરોધથી બાધિત છે. સર્વથા પૃથગ્ભૂત પક્ષમાં પરમાણુઓમાં આ સંયોગાતિશય સમ્બદ્ધ છે કે અસમ્બદ્ધ? અસમ્બદ્ધ છે, એમ માનો તો–'પરમાણુઓનો આ સંયોગ છે' એમ કહી શકશો નહીં. સર્વથા પૃથગ્ભૂત હોવા છતાં સમ્બદ્ધ છે, એમ માનો તો તે સંયોગાતિશય–સંયોગ, સમવાય, તાદાત્મ્ય, તદુત્પત્તિ કે અવિષ્વગ્ભાવમાંથી કયા સંબંધથી સમ્બદ્ધ છે? સંયોગથી કહી શકશો નહીં, કારણ કે–"ગુણમાં ગુણ નથી" એ વચનથી ગુણરૂપ સંયોગને વિષે બીજા સંયોગગુણનો અસંભવ છે. સમવાય પણ કહી શકશો નહીં, કારણ કે–સર્વત્ર સમવાય એક જ હોવાથી જે વખતે સમવાય એક પદાર્થમાં એક સંયોગનો સંબંધ કરાવે છે, તે જ વખતે તે સંયોગનો બીજે સંબંધ કેમ નહીં થાય? સંયોગ સર્વથા પૃથગ્ભૂત છે, એ ભેદપક્ષ સ્વીકારેલ હોવાથી તાદાત્મ્ય–અભેદ પણ કહી શકશો નહીં. પરમાણુઓથી સંયોગોત્પત્તિનું ખંડન તો અમે આ પ્રકરણમાં પહેલાં જ કરેલ છે, માટે તદુત્પત્તિ કહી શકશો નહીં. અવિષ્વગ્ભાવ પણ કહી શકશો નહીં. કારણ કે–અવિષ્વગ્ભાવ એ કથંચિત્–તાદાત્મ્યરૂપ છે, તેમાં 'કથંચિત્' શબ્દ ઉભય અંશનો સૂચક હોવાથી વિરોધનો સંબંધ દુર્ધર હોઈ અંધપદ–પ્રકાશ રહિત છે, અર્થાત્ કથંચિત્ તાદાત્મ્ય માનવામાં વિરોધ છે, તેથી તે અસંગત છે.

વળી આ સંયોગ પરમાણુઓમાં સર્વાત્મરૂપે–સંપૂર્ણપણે છે કે એકદેશથી? પ્રથમ વિકલ્પમાં પરમાણુઓનો પિંડ અણુમાત્ર થઈ જશે. બીજા વિકલ્પમાં એક

१ तत्र सु ।

પરમાણુ સાથે બેઠી સાથે છ પરમાણુઓનો સંબંધ હોવાથી પરમાણુના છ અંશોની કલ્પના કરવી પડશે. એટલે કે–એક પરમાણુના છ ભાગ થશે, અને એમ થતાં પરમાણુની કથા–પરમાણુવાદ પણ રહેશે નહીં, માટે સંયોગરૂપ અતિશય કહી શકશો નહીં સંયોગસ્વરૂપ અતિશયના ખંડનથી ક્રિયારૂપ અતિશય પક્ષ પણ ખંડિત થયેલ જાણવો.

(પ૦) [1]**अत्र च कथञ्चिदित्यन्धपदमिति** उभयांशग्राहकत्वेनानिर्णायकत्वात् ।

(टि०) **न समवायेने**त्यादि। **अयमि**ति समवायः। **एकत्रे**ति पदार्थे । **पदमि**ति सम्बन्धम्। **अस्ये**ति समवायस्य। **तस्ये**ति अविष्वग्भावस्य । **तत्रे**ति अविष्वग्भावे । **अन्धपदमि**ति प्रकाशरहितं निस्तेजस्कमन्धलमिति लोकेपि प्रसिद्धः ।

किञ्च, अयं स्थूलोऽवयवी निराधारः, साधारो वा ? न तावद् निराधारः, साधारप्रतीतिविरोधात् । साधारश्चेत् । किमेकावयवाधारः, अनेकावयवाधारो वा ? प्रथमे, प्रतीतिविरोधः । तथाहि–प्रतीतिरिहाऽवयवेष्ववयवीति, नावयवेऽवयवीति । अथानेकावयवाधारः, तत्राप्यविरोध्यनेकावयवाधारः, विरोध्यनेकावयवाधारो वा ? न प्राच्यः, चलाचलस्थूलास्थूलनीलानीलादिरूपाणामवयवानां विरोधप्रतीतेः । अथ द्वितीयः, तर्हि नैकः स्थूलोऽवयवी स्यात्, विरुद्धधर्माध्यासात् ।

अपि च, असौ तेषु वर्तमानः सामस्त्येन, एकदेशेन वा वर्तेत ? सामस्त्येन वृत्तौ, एकस्मिन्नेवावयवे परिसमाप्तत्वादनेकावयववृत्तित्वं न स्यात् । एकदेशेन वृत्तौ, निरंशत्वं तस्योपगतं विरुध्येत । सांशत्वे वा तेऽप्यंशास्ततो भिन्नाः, अभिन्ना वा भवेयुः ? भिन्नत्वे, पुनरप्यनेकांशवृत्तेरेकस्य सामस्त्यैकदेशविकल्पानतिक्रमादनवस्था । अभिन्नत्वे, न केचिदंशाः स्युः–इति न तदुभयस्वभावार्थपक्षोऽपि संगतिशृङ्गसङ्गमगात् ॥

વળી, આ સ્થૂલ અવયવી આધાર રહિત છે કે આધાર યુક્ત ? નિરાધાર તો કહી શકશો નહીં, કારણ છે–અનુભવમાં આવતી આધારની પ્રતીતિ વિરુદ્ધ થઈ જશે, અર્થાત્ નિરાધાર હોય તો આધારનો અનુભવ ન થવો જોઈએ. સાધાર કહો તો –તેનો આધાર એક અવયવ છે કે અનેક અવયવો છે? પ્રથમ પક્ષમાં પ્રતીતિનો વિરોધ છે. કારણ કે–'અવયવોમાં અવયવી છે'–એવી પ્રતીતિ તો થાય છે, પરંતુ 'અવયવમાં અવયવી છે' એવી પ્રતીતિ નથી. અનેક અવયવો આધાર છે એમ કહો તો–અવિરોધી અનેક અવયવો આધાર છે કે વિરોધી અનેક અવયવો? પ્રાચ્યવિકલ્પ તો યોગ્ય નથી કારણ કે–અવયવીના ચલ–અચલ, સ્થૂલ–અસ્થૂલ, નીલ–અનીલ, ઇત્યાદિ અનેક અવયવોમાં વિરોધ તો પ્રસિદ્ધ જ છે. બીજો વિકલ્પ સ્વીકારો તો એટલે કે અવયવીને વિરુદ્ધધર્મોનો આશ્રય સ્વીકારવામાં આવે તો તે સ્થૂલ અવયવી એકરૂપે સિદ્ધ થઈ શકશે નહીં.

---

[1] तत्र ल ।

વળી, આ સ્થૂલાવયવી પ્રત્યેક અવયવમાં સંપૂર્ણતયા સર્વાંશે વ્યાપ્ત થઈ રહે છે કે એકદેશ વડે? સંપૂર્ણતયા રહે છે એમ કહો તો–એક અવયવમાં જ તે સમાપ્ત થઈ જતો હોઈ અનેક અવયવમાં રહી શકશે નહીં. એકદેશ વડે કહો તો–તમોએ અવયવીને જે નિરંશ માનેલ છે, તેને વિરોધ આવશે અને જો સ્થૂલાવયીને સાંશ માનો તો–તેના અંશો અવયવીથી ભિન્ન છે કે અભિન્ન? ભિન્ન માનો તો–ફરીથી પણ 'અવયવીના તે અંશો સંપૂર્ણતયા–સર્વદેશથી તેમાં રહે છે કે એકદેશથી?' એ પ્રમાણે વિકલ્પોની આવૃત્તિ થવાથી અનવસ્થા આવશે. અંશોને અભિન્ન માનો તો અંશો જ સિદ્ધ નહીં થાય. માટે તદુભયસ્વભાવરૂપ અર્થ પક્ષ પણ સંગતિના શ્રૃંગ–શિખરના સંગને પ્રાપ્ત થતો નથી અર્થાત્ આ પક્ષ પણ અસંગત હોઈ સિદ્ધ થઈ શકતો નથી.

(પ૦) **साधारप्रतीतिविरोधादि**ति अवयवलक्षणाधारदर्शनात् । **चलाचलस्थूलास्थूलनीलानीलादिरूपाणामि**ति आदिशब्दादावृतानावृतादि ।

(टि०) **साधारे**ति अवयवलक्षणाधारदर्शनात् । **अपि चासावि**ति स्थूलावयवी । **तेष्वि**ति अवयवेषु । **तस्योपगतमि**ति अवयविनोऽङ्गीकृतम्, **तत** इति अवयविनः सकाशात् ।

§६ अनुभयस्वभावभेदोऽप्युपेक्षाक्षेत्रं प्रेक्षाणाम्, परमाणुस्थूलयोः परस्परप्रतिषेधात्मकत्वेनान्यतरप्रतिषेधे तदितरविधेरवश्यंभावात् । इति नार्थः कश्चिद् विचारचूलामालम्बते ॥

§ ६ અનુભયસ્વભાવ પક્ષ પણ બુદ્ધિશાલી પુરુષને ઉપેક્ષણીય છે, કારણ કે–પરમાણુ અને સ્થૂલ પરસ્પર નિષેધાત્મક હોવાથી એકનો નિષેધ કરવાથી બીજાની અવશ્ય સિદ્ધિ થાય છે. આમ અર્થ કોઇ પણ યુક્તિથી સિદ્ધ થઈ શકતો નથી.

§७ तदभावे तद्ग्राहकतया संमतं ज्ञानमपि तथैव ।

किञ्च, एतदर्थसमकालम्, तद्भिन्नकालं वा तद्ग्राहकं कल्प्येत? प्राक्कल्पनायाम्, त्रिलोकीतल्पोपगता अपि पदार्थास्तत्र प्रथेरन्, समकालत्वाविशेषात् । तदन्यप्रकारे तु, निराकारम्, साकारं वा तत् स्यात्? प्रथमे, प्रतिनियतपदार्थपरिच्छेदानुपपत्तिः । द्वितीये तु, किमयमाकारो व्यतिरिक्तः, अव्यतिरिक्तो वा ज्ञानात्? अव्यतिरेके, न कश्चिदाकारो नाम; तथा च निराकारप्रकारप्रकाशितः परीहारः । व्यतिरेके, चिद्रूपः, अचिद्रूपो वाऽयं भवेत्? चिद्रूपश्चेत् तदानीमाकारोऽपि वेदकः स्यात्, तथा चायमपि निराकारः, साकारो वा तद्वेदको भवेत्? इत्यावर्तनेनाऽनवस्था । अथाचिद्रूपः; किमज्ञातः, ज्ञातो वा तज्ज्ञापकः स्यात् । प्राचीने, चैत्रस्येव मैत्रस्याऽप्यसौ तज्ज्ञापकः स्यात् । तदुत्तरे तु, 'निराकारेण, साकारेण वा ज्ञानेन तस्यापि ज्ञानं स्यात्' इत्याद्यावृत्तावनवस्थैव । इति न ज्ञानमपि किञ्चिच्चतुरचेतोगोचरे संचरति । ततः सर्वशून्यतैव परं तत्त्वमवास्थित । इति सर्वापलापिविकल्पसंक्षेपः ॥

§ ૭ બાહ્યરૂપ ગ્રાહ્ય અર્થ જ સિદ્ધ નથી, તો પછી તેના ગ્રાહક તરીકે માનેલ આભ્યન્તર જ્ઞાન પણ તે જ રીતે સિદ્ધ થઈ શકશે નહીં.

વળી, અર્થના ગ્રાહક તરીકે મનાતા જ્ઞાનને અર્થના સમકાળે કલ્પો છો કે ભિન્નકાળે? સમકાલ પક્ષમાં ત્રણે લોકમાં રહેલ સમગ્ર પદાર્થોનો બોધ થવો જોઇએ, કારણ કે–તે બધા પદાર્થો સમાન ભાવે જ્ઞાનના સમકાલીન છે. અર્થ અને જ્ઞાનને ભિન્નકાલમાં માનવામાં આવે તો–જ્ઞાન નિરાકાર છે કે સાકાર? જ્ઞાન નિરાકાર હોય તો–પ્રતિનિયત પદાર્થનો પરિચ્છેદ–જ્ઞાન સિદ્ધ થઈ શકશે નહીં, કારણ કે–જેમ અવિષયનો આકાર જ્ઞાનમાં નથી તેમ વિષયનો પણ નથી. અને જ્ઞાનને સાકાર માનો તો–તે આકાર જ્ઞાનથી ભિન્ન છે કે અભિન્ન? અભિન્ન પક્ષમાં તો જ્ઞાનથી ભિન્ન એવો આકાર સિદ્ધ થઈ શકશે નહીં. તેથી નિરાકાર પક્ષમાં જણાવેલ દોષથી આનું પણ ખંડન જાણી લેવું. જ્ઞાનનો આકાર જ્ઞાનથી ભિન્ન છે, એ પક્ષમાં–આ આકાર ચિદ્રૂપ કે અચિદ્રૂપ? આકારને ચિત્–જ્ઞાનરૂપ કહો તો–આકાર પણ જ્ઞાનની જેમ વેદક–જાણનાર–જ્ઞાન થઇ જશે અને તે રીતે એ જ્ઞાનરૂપ આકાર પણ નિરાકારરૂપે અર્થનો વેદક છે કે સાકારરૂપે?— આ પ્રમાણે વિકલ્પોનું આવર્તન થવાથી અનવસ્થા દોષ આવશે. આકારને અચિત્–અજ્ઞાનરૂપ કહો તો–સ્વયં અજ્ઞાત એવો આકાર અર્થનો જ્ઞાપક છે કે સ્વયં જ્ઞાત એવો આકાર અર્થનો જ્ઞાપક છે? પ્રથમ પક્ષમાં આકાર ચૈત્રની જેમ મૈત્રને પણ અર્થજ્ઞાપક થશે. ઉત્તર પક્ષમાં પણ આકારનું જ્ઞાન નિરાકારજ્ઞાનથી થશે કે સાકારજ્ઞાનથી? એ પ્રકારે વિકલ્પોના આવર્તનથી અનવસ્થા આવશે. માટે જ્ઞાન પણ ચતુર પુરુષના ચિત્તનો વિષય બનતું નથી. અર્થાત્ જ્ઞાન પણ સિદ્ધ થઈ શકતું નથી. તેથી કરીને 'સર્વશૂન્યતા' એ જ એક પરમતત્ત્વ રહ્યું. આ પ્રમાણે સર્વાપલાપી–શૂન્યવાદી બૌદ્ધના વિકલ્પોનો સંક્ષેપ કહ્યો છે.

(टि०) **तदभाव** इति अर्थाभावे,, **तद्ग्राहकेति** अर्थग्राहकतया। **तथैवेति** विचार–चूलाऽनालम्बनमेव। **किञ्चैतदर्थेत्यादि**। **एतदिति** ज्ञानम्। **तद्ग्राहकमिति** अर्थग्राहकम्, **तत्रेति** ज्ञाने। **तदग्र्येति** तद्भिन्नकालपक्षे **तदिति** ज्ञानम्। **तथा चेति** एवं सति आकारप्रतिषेधे सति, **अयमिति** आकारः। **तथा चेति** आकारस्यापि अर्थप्रकाशत्वे सति, **अयमपीति** आकारोऽपि। पुनरपि पूर्वविकल्पावर्त्तनात् अपिशब्दप्रयोगः। **तद्वेदक** इति अर्थज्ञापकः। **तज्ज्ञापक** इति अर्थवेदकः। **असाविति** आकारः। **तदुत्तरे** इति ज्ञातपक्षे। **तस्यापीति** आकारस्यापि। अत्रापि अपि·शब्दः प्राग्वत्,

§ ८ तदेतदखिलमनल्पपलालपूलकूटकल्पमप्रतिमोत्तरकृशानुकणमात्रसाध्यम्, तथा हि–इदं प्रमाणमूलमालप्येत, अन्यथा वा? अन्यथा चेत्। उत्तिष्ठोत्तिष्ठ तर्हि कथमकृथाः प्रामाणिकपर्षदीह प्रवेशम्? प्रमाणमूलं चेत्। ननु प्रमाणमर्थरूपम्, ज्ञानरूपं वा भवेत्? इत्यादिस्वमार्गणैरेव मर्माविद्भिर्विद्धः कथमुच्छ्वसितुमपि शक्नोषि? कथं च

प्रमाणाभ्युपगमे शून्यसिद्धिः ? शून्यरूमेव प्रमाणमिति चेत् । तर्हि शून्यतासिद्धिरपि शून्यैव–इति न शून्यसिद्धिः स्यात् । अभ्यधिष्महि च—

"शून्ये मानमुपैति चेद् ननु तदा शून्यात्मता दुःस्थिता
नो चेत् तर्हि तथापि किं न सुतरां शून्यात्मता दुःस्थिता ? ।
वन्ध्या मे जननीत्यमुष्य सदृशीमप्याश्रयन् शून्यतां
शङ्के दुःशकसाहसैकरसिकः स्वामिन् ! असौ सौगतः" ॥१॥

अथेत्थमेव विचारयतां यदा न किञ्चत् संगतिं गाते, तदा शून्यमेव तत्त्वमवतिष्ठत इति चेत् । तदेतत् प्रबलशृङ्खलस्खलितांह्रेरुत्प्लवनप्रागल्भ्याभ्यसनम् । यतः—

विचारो वस्तुरूपश्चेत् किं सिध्येत् सर्वशून्यता ? ।
विचारोऽवस्तुरूपश्चेत् किं सिध्येत् सर्वशून्यता ॥१॥

§ ८ જૈન—સર્વાપલાપી શૂન્યવાદી બૌદ્ધનું ઉપરોક્ત સઘળુંયે કથન-ઘણા પલાલ (ઘાસવિશેષ)ના પૂળાના ઢગલા સમાન છે અને તે અપ્રતિમ ઉત્તરરૂપ અગ્નિકણ માત્રથી સાધ્ય (ખંડનીય) છે. અને તે આ પ્રમાણે–હે શૂન્યવાદિન્ ! તમારું આ સઘળુંયે કથન પ્રમાણમૂલક છે અર્થાત્ પ્રમાણથી સિદ્ધ છે કે અન્યથા અર્થાત્ પ્રમાણથી સિદ્ધ નથી ? પ્રમાણથી સિદ્ધ નથી એમ કહો તો-ઊઠ, ઉઠ, આ પ્રામાણિક પુરુષોની પર્ષદા–સભામાં પ્રવેશ કેમ કર્યો ? પ્રમાણમૂલક કહો તો તે પ્રમાણ અર્થરૂપ છે કે જ્ઞાનરૂપ ?–ઇત્યાદિ તમે કરેલ વિકલ્પોરૂપી મર્મનો છેદ કરનાર બાણોથી વીંધાઇને ઊંચો શ્વાસ પણ કઇ રીતે લઈ શકશો અને પ્રમાણને માનવાથી શૂન્યતાની સિદ્ધિ પણ કઇ રીતે થશે ?

શૂન્યવાદી—તો પછી પ્રમાણ પણ શૂન્યરૂપ જ છે.

જૈન—જો એમ હોય તો શૂન્યતાની સિદ્ધિ પણ શૂન્ય થઈ જશે, એટલે કે–શૂન્યતાની સિદ્ધિ નહીં થાય. અમે કહ્યું પણ છે કે–શૂન્યવાદી જો શૂન્યમાં પ્રમાણ સ્વીકારે તો શૂન્યની સિદ્ધિ થઇ શકતી નથી અને જો શૂન્યમાં પ્રમાણ ન માને તો વળી શું શૂન્યરૂપતા અત્યન્ત અસિદ્ધ નહીં થાય ? 'મારી માતા વાંઝણી છે' એ કથનની જેમ અસંભવિત શૂન્યતાવાદનો આશ્રય કરતો–શૂન્યતાવાદનું કથન કરતો આ બૌદ્ધ, હે પ્રભો ! અશક્ય સાહસમાં જ રસિક છે, એવી શંકા મને થાય છે.

शंका—પણ ઉપર પ્રમાણે વિચારતાં કોઇ પણ પદાર્થ સંગત (સિદ્ધ) થતો નથી, તેથી શૂન્ય જ એક તત્ત્વરૂપે સિદ્ધ થઈ જાય છે.

समाधान - તમારું આ કથન તો પ્રબલ સાંકળથી જકડેલ પગવાળો પુરુષ કૂદવાનો ઉત્સાહપૂર્વક અભ્યાસ કરે તેના જેવું છે, કારણ કે જો 'વિચાર' વસ્તુ (પદાર્થ) રૂપ હોય તો સર્વશૂન્યતા કઈ રીતે સિદ્ધ થઇ શકશે ? જો વિચાર વસ્તુ (પદાર્થ)-રૂપ નથી, તો પણ સર્વશૂન્યતા કઈ રીતે સિદ્ધ થઈ શકશે ?

(टि०) **तदेतदखिलमित्यादि** । **मर्माविद्भिरिति** व्यध ताडने मर्म्मन्पूर्वः । मर्माणि व्यधतीति क्विप् । न हि वृतिवृषिव्यधिरुचिसहितनिषु क्विबन्तेषु प्रादिकारकाणामेव दीर्घ इति दीर्घत्वं ग्रहिज्यावयिव्यधीत्यादिना सम्प्रसारणं वेर्लोपः पदान्ते मर्मच्छेदकैः ।.

शून्येमानमित्यादि । यदि प्रमाणमेव शून्यं तव मतं प्रमाणशून्यत्वात् शून्यतासिद्धिरप्यसिद्धा प्रमाणस्यासिद्धत्वात् । यदि प्रमाणं न शून्यं ततः प्रमाणसत्त्वे सर्वशून्यवादः सापवादतां दधाति । उक्तं च–

"बुद्धस्य नास्ति देवत्वं मोहाच्छून्याभिधायिनः ।
प्रमाणसिद्धे शून्यत्वे शून्यवादकथा वृथा ॥"

गाते इति गाङ् गतौ ते आते अन्ते त्रिषु वचनेषु समानम् । अत्र त्वेकवचनेन निर्देशः ।

§९ न च तवाऽमून्यर्थज्ञानदूषणान्यपि सूपपादानि, यस्मादुभयस्वभाव एवार्थ इति नः पक्षः । न चाणुभ्यः स्थूलोत्पादः सर्वत्र स्वीक्रियते; यतस्तत्कार्यकारणभावमात्रवित्रासनेनाऽर्थकथा विश्राम्येत्, स्थूलादपि सूत्रपटलादेः स्थूलस्य पटादेः प्रादुर्भावविभावनात्, आत्माऽऽकाशादेरपुद्गलकार्यत्वकक्षीकाराच्च । यत्र पुनरणुभ्यस्तदुत्पत्तिः, तत्र तत्तत्कालादिसामग्रीसव्यपेक्षक्रियावशात् प्रादुर्भूतं कथञ्चित्पृथग्भूतं संयोगातिशयमपेक्ष्येयमविरुद्धैव ।

केवलं कथञ्चिदिति किञ्चन त्वच्चेतस्तुदति । तत्रेयं प्रतिक्रिया–एकेनैव हि रूपेण भेदाभेदयोरभिधाने विरोधनिरोधः स्यात् । न चैवमिह, पर्यायरूपतया भेदस्य द्रव्यरूपतया चाऽभेदस्य भणनात् । त्वयाऽपि च 'प्रमाणप्रमेयतत्त्वं नास्त्येव' इत्येकमेव वचनं स्वपरपक्षावपेक्ष्य साधकं बाधकं वा कक्षीकृतमेव ।

§ ९ વળી, તમોએ અર્થ અને જ્ઞાનમાં જે દૂષણો કહ્યાં તે યુક્તિસિદ્ધ નથી, કારણ કે–અમારા મતે અર્થ ઉભયસ્વભાવ–સ્થૂલ અને અણુરૂપ જ છે, અને અમે સર્વત્ર અણુઓથી જ સ્થૂલોત્પત્તિ સ્વીકારતા નથી કે જેથી તેના કાર્યકારણભાવના ખંડન માત્રથી અર્થકથા–અર્થસ્વીકારવાનો વાદ વિશ્રામ પામી જાય. એટલે કે સમાપ્ત થઇ જાય. કારણ કે–સ્થૂલ–જાડા સૂત્રસમૂહથી પણ સ્થૂલ–જાડા વસ્ત્રની ઉત્પત્તિ દેખાય છે. અને વળી, આત્મા, આકાશાદિને પુદ્ગલના કાર્યરૂપે અમે સ્વીકારતા પણ નથી. વળી, જ્યાં અણુઓથી કાર્યની ઉત્પત્તિ છે, ત્યાં પણ કાલાદિ સામગ્રીની અપેક્ષાથી ઉત્પન્ન થયેલ ક્રિયાવડે સંયોગરૂપ અતિશય પરમાણુઓમાં કથંચિત્ ભિન્નરૂપે ઉત્પન્ન થાય છે. અને એવા સંયોગથી સ્થૂલકાર્યની ઉત્પત્તિ માનવામાં કશો જ વિરોધ નથી.

અમે સંયોગને કથંચિત્ ભિન્ન કહ્યો છે તેટલા માત્રથી તમારું ચિત્ત ખેદ પામતું હોય તો તેનો અમે ઇલાજ બતાવીએ છીએ કે–એક જ ધર્મથી ભેદાભેદ કહેવામાં આવે તો વિરોધરૂપ બાધક થાય, પરંતુ અહીં એમ નથી, કારણ કે–પર્યાયરૂપે ભેદ અને દ્રવ્યરૂપે અભેદ કહેલ છે. વળી તમો પણ જ્યારે 'પ્રમાણ અને

પ્રમેયરૂપ તત્ત્વ નથી' એમ કહો છો ત્યારે તે વચન સ્વપક્ષની અપેક્ષાએ સાધક અને પરપક્ષની અપેક્ષાએ બાધક છે. આમ એક જ વચન સાધક અને બાધક હોવા છતાં વિરોધ નથી, એટલે કે–તમે પણ અપેક્ષાભેદ સ્વીકારો જ છો.

(પ૦) **तत्तत्कालादिसामग्रीसव्यपेक्षक्रियावशादिति** कालस्वभावनियतिपुरुषाकाराः कालादय उच्यन्ते । अथवा क्षेत्रकालभावलक्षणा सामग्री । भावः स्निग्धरूक्षत्वादिः[1] । चलनक्रियासंयोगो– [ऽत्र] चलनक्रियापूर्वकः । यथाऽङ्गुल्योः ।

पर्यायरूपतया भेदस्य द्रव्यरूपतया चाऽभेदस्य भणनादिति । पूर्वं हि तेषां परमाणूनां संयोगाख्यः पर्यायो नासीत् । पश्चात् तत्तत्कालादिसामग्रीसव्यपेक्षक्रियावशात् प्रादुर्भूतः । स च तेभ्यो न सर्वथाऽभिन्नः । यद्धि यस्माद् अभिन्नं तत् तस्य स्वभावभूतं स्यात् । स्वभावश्च न कदाचिदपि व्यपैति । यथा परमाणोः परमाणुत्वम् । व्यपयन्ति च पर्यायाः । अन्यच्च द्रव्यं त्रिकालावस्थायि, पर्यायाश्च वार्त्तमानिकाः । द्रव्यमाधारः, पर्यायाश्चाधेयाः । तस्मान्न सर्वथाऽभिन्नः । न च सर्वथा भिन्नः, कथञ्चिदभिन्नोऽपि । यावता त एव परमाणवः संयोगरूपतया परिणमन्ति, न पुनः संयोगः पृथग्भूतोऽतोऽभेदोऽपि । **कक्षीकृत एवेति** । एतावता त्वयाऽपि कथञ्चित्पक्षोऽङ्गीकृतः ।

(टि०) **यस्मादुभयेति** अणुभ्यः स्थूलेभ्यो वा समुत्पद्यते इति द्वयम् । **न** इति अस्माकम् । अणुभ्यः स्थूलोत्पत्तिः, स्थूलेभ्यश्च स्थूलोत्पत्तिः । आत्माकाशादिः पदार्थः अपौद्गलिकोऽपि प्रथमानः प्रतीयते । **यत्र पुनरित्यादि** । **तत्कालादीति** । *पूर्वं हि तेषां परमाणूनां संयोगाख्यः पर्यायो नासीत्, पश्चात्तत्कालादिसामग्रीसव्यपेक्षक्रियावशात् प्रादुर्भूतः । स च तेभ्यो न सर्वथा भिन्नः, स्वभावभूतत्वात् । अन्यच्च द्रव्यं त्रिकालावस्थायि, पर्यायाश्च वार्त्तमानिकाः । द्रव्यमाधारः, पर्यायाश्चाधेयास्ततस्मान्न सर्वथाऽभिन्नः, किन्तु भिन्नः । न च सर्वथा भिन्नः, कथंचिदभिन्नोपि, यावता त एव परमाणवः संयोगरूपतया परिणमन्ति । न पुनः संयोगः पृथग्भूतः । * **इयमिति** उत्पत्तिः ।

विरोधेति विरोधेन निरोधः । **पर्यायेति** क्रमभाविधर्म्मरूपतया । **न प्राच्ये प्रसङ्ग** इति षडंशतालक्षणं दूषणम् । **तथेति** षडंशताप्रकारतया ।

याऽपि परमाणोः षडंशताऽऽपत्तिरुक्ता, साऽप्ययुक्ता, यतोऽत्रांशशब्दस्य संबन्ध-निबन्धनशक्तिस्वरूपोऽर्थो[2] विवक्ष्येत, अवयवलक्षणो वा ? न प्राच्ये प्रसङ्गः संगतः, तथाऽस्माभिस्तदभ्युपगमात् । द्वितीये तु, नास्त्यविनाभावः, तत्तच्छक्तिमात्रेणैव तत्तत्पर-माणुसंबन्धस्य प्रतिषेद्धुमशक्यत्वात् ।

વળી, તમોએ પરમાણુની બાબતમાં તે છ અંશવાળો થઈ જશે એવી જે આપત્તિ આપી છે તે પણ યુક્તિયુક્ત નથી, કારણ કે–તમારે અંશ શબ્દનો અર્થ સંબંધનું કારણ–શક્તિ એ વિવક્ષિત છે કે અવયવરૂપ વિવક્ષિત છે? પ્રાચ્ય પક્ષમાં ષડંશતાની આપત્તિ સંગત નથી, કારણ કે–અમોએ પરમાણુના શક્તિરૂપ અંશો સ્વીકારેલ છે. બીજા પક્ષમાં તો અવિનાભાવ નથી, કારણ કે–વિભિન્ન શક્તિથી વિભિન્ન પરમાણુઓ સાથે એક પરમાણુનો સમ્બન્ધ થતો હોય તો તે નિવારી શકાય તેમ નથી. ભાવાર્થ એ છે કે–એક પરમાણુનો અનેક પર-

१ °क्षादिः क । २ सम्बन्धनिबन्धनं श° मु । * एतच्चिह्नान्तर्गतः पाठो मुद्रिते एव ।

માણુ સાથે સંબંધ થવા માત્રથી તે સાવયવ થઈ ગયો એવી વ્યાપ્તિ નથી. સાવયવ થયા વિના તે શક્તિથી અનેક પરમાણુ સાથે સંબદ્ધ થઈ શકે છે. શક્તિ એ જ અવયવનું બીજું નામ હોય તો અમને કાંઈ વાંધો નથી, પણ શક્તિથી અવયવ કોઈ જુદી વસ્તુ હોય તો તે પ્રસ્તુતમાં સિદ્ધ થઈ શકતો નથી. કારણ કે–શક્તિને કારણે જ અન્ય પરમાણુ સાથે સંબંધ ઘટતો હોવાથી તેનાથી ભિન્ન અવયવ માનવો અનાવશ્યક છે.

(प०) **सम्बन्धनिबन्धनशक्तिस्वरूप** इति संयोगनिमित्तघटोत्पादनसामर्थ्यस्वरूपः। **न प्राच्ये प्रसङ्ग** इति। अनिष्टापादनं हि प्रसङ्गः। **तदभ्युपगमादि**ति सांशताङ्गीकारात्। **तत्तच्छक्तिमात्रेणैवे**ति इतरपरमाणुसम्बन्धनशक्तिः। **तत्तत्परमाणुसम्बन्धस्य प्रतिषेद्धुमशक्यत्वादि**ति। तैस्तैः परमाणुभिः सह विवक्षितपरमाणोर्यः सम्बन्धः स प्रतिषेद्धुमशक्यः। केन? सा सा या या शक्तिस्तत्परमाणुसम्बन्धलक्षणा, तन्मात्रेण शक्तिरूपेण सावयवताऽस्ति न साक्षात्। कथमन्यथा पश्चादपि इतरपरमाणुसम्बन्धे सावयवता स्यात् क्रोडीकृतचुञ्चुनखपक्षाद्यवयवाण्डकरसन्यायेन?

(टि०) **तदभ्युपगमादि**ति परमाण्वङ्गीकाराद्। **नास्त्यविनाभाव** इति अवयवेषु सत्सु संबन्धो भवति नान्यथेत्ययं *यतः अवयवैरेव परमाणुरात्मानं करोति–नात्राविनाभावः। तैस्तैः परमाणुभिः सह विक्षितपरमाणोर्यः संबन्धः स प्रतिषेद्धुमशक्यः। केन? **तत्तच्छक्तिमात्रेणैवे**ति सा सा या या शक्तिस्तत्तत्परमाणुसम्बन्धनलक्षणा तन्मात्रेण शक्तिरूपेण सावयवतास्ति, न साक्षात्। कथमन्यथा पश्चादपि इतरपरमाणुसम्बन्धे सावयवता स्यात् क्रोडीकृतचुञ्चुनखपक्षाद्यवयवाण्डकरसन्यायेन।*

यदपि 'निराधारः' इत्यादि न्यगादि, तत्रापि कथञ्चिद्विरोध्यविरोध्यनेकावयवाविष्वग्भूतवृत्तिरवयव्यभिधीयते। तत्र च यद् विरोध्यनेकावयवाधारतायां विरुद्धधर्माध्यासनमभ्यधायि, तत्कथञ्चिदुपेयत एव तावत्, अवयवात्मकस्य तस्यापि कथञ्चिदनेकरूपत्वात्।

यच्चोपन्यस्तम्–'सामस्त्येन, एकदेशेन वा' इत्यादि, तत्रापि विकल्पद्वयानभ्युपगम एवोत्तरम्, अविष्वग्भावेनावयविनोऽवयवेषु वृत्तेः स्वीकारात्।

વળી, 'નિરાધાર છે કે સાધાર?' વિગેરે જે કંઈ કહ્યું તે વિષે કથંચિત્ વિરોધી અને અવિરોધી એવા અનેક અવયવમાં અવિષ્વગ્ભાવે કથંચિત્ અભેદરૂપે અવયવી છે, એમ અમે કહીએ છીએ અને તેમાં જે વિરોધી અનેકાવયવોને આધાર માનવામાં વિરુદ્ધ ધર્મના આશ્રયની આપત્તિ તમે આપી, તો પણ તે અમે અપેક્ષાને આધારે માનીએ છીએ જ, કારણ કે–અનેક અવયવાત્મક અવયવી કથંચિત્ અનેકરૂપ પણ છે જ.

વળી, 'અવયવી પ્રત્યેક અવયવમાં સર્વદેશથી છે કે એક દેશથી?' એમ બે વિકલ્પો કર્યા તે બન્નેનો અસ્વીકાર એ જ તેનો ઉત્તર છે. કારણ કે–અવિષ્વગ્ભાવ–કથંચિત્ તાદાત્મ્યથી અવયવોમાં અવયવીની વૃત્તિ અમો માનીએ છીએ.

* एतच्चिह्नान्तर्गतः पाठो मुद्रिते एव।

(प०) **कथञ्चिदनेकरूपत्वादि**ति । न चैतत् तन्त्रान्तरीयैः सह विरुद्धम्, वैशेषिकैरपि एकस्मिन्नवयविनि बहूनां खण्डावयविनामङ्गीकारात् ।

(टि०) **अवयवी**ति स्थूलोऽवयवी । **उपेयते** इति अङ्गीक्रियत एव । **तस्ये**ति स्थूलावयविनः । [1]वैशेषिकैरपि एकस्मिन्नवयविनि बहूनां खण्डावयविनामङ्गीकारात् । **अविष्वग्भावेने**ति कथञ्चित्तादात्म्येन ।

यच्च 'अर्थसमकालम्' इत्याद्युक्तम्, तत्रापि विकल्पद्वयमपि स्वीक्रियत एव, अस्मदादिप्रत्यक्षं हि योग्यसमकालार्थाऽऽकलनकुशलम्, स्मरणमतीतस्य, शाब्दानुमाने त्रैकालिकस्याऽप्यर्थस्य परिच्छेदके। निराकारं चैतद् द्वयमपि। न चातिप्रसङ्गः। तद्ग्रहणपरिणामश्चेदाकारः, तदभ्युपगच्छामः; स्वज्ञानावरणवीर्यान्तरायक्षयोपशमविशेषवशादेवाऽस्य नैयत्येन प्रवृत्तेः। शेषविकल्पनिकुरुम्बडम्बरेऽस्वीकार एव तिरस्कारः ।

निरस्ता शून्यता सेयमाशाः शाक्य! वसन्त्यमूः ।
उन्मीलय चिराद् नेत्रे कौतुकालोकनोत्सुके ॥१॥

વળી 'જ્ઞાન અર્થના સમકાળે છે?' વિગેરે જે કંઈ કહ્યું ત્યાં અમે બન્ને વિકલ્પોનો સ્વીકાર કરીએ છીએ, કારણ કે–આપણા જેવા–ચર્મચક્ષુથી જોનારાનું પ્રત્યક્ષ, યોગ્ય એવા સમકાળમાં રહેલ પદાર્થને જાણવામાં કુશળ–સમર્થ છે; સ્મરણ અતીતકાળમાં રહેલ પદાર્થને જાણવામાં કુશળ છે; જ્યારે શાબ્દ–આગમ અને અનુમાન ત્રણે કાળમાં રહેલ પદાર્થને જાણવામાં કુશળ છે, અને તે બન્ને જ્ઞાન –સમકાલિક કે અસમકાલિક નિરાકાર છે અને છતાં સર્વ પદાર્થને જાણવારૂપ અતિપ્રસંગ અહીં નથી. અને જો 'અર્થગ્રહણપરિણામ' એ જ જ્ઞાનનો આકાર છે એમ સ્વીકારતા હો–તો તે અમે માનીએ છીએ, કારણ કે–સ્વજ્ઞાનાવરણીય અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમવિશેષને કારણે જ્ઞાનનો એ પરિણામ પદાર્થ-વિશેષમાં નિયત બને છે. અને બાકીના વિકલ્પસમૂહરૂપ આડમ્બરનો અસ્વીકાર એ જ અમારો ઉત્તર છે. અર્થાત્ બાકીના વિકલ્પો યુક્તિસંગત નથી, તેથી અમે સ્વીકારતા નથી. તો હે શાક્ય ! આ શૂન્યતા તો ખંડિત થઈ ગઈ છે, અને દિશાઓ વિદ્યમાન છે, માટે લાંબા કાળથી કૌતુક જોવાને ઉત્સુક તારા નેત્રોને ખોલ.

(प०) **शाब्दानुमाने त्रैकालिकस्यापी**ति साध्यसाधनयोर्हि प्रतिबन्धं मनसि निश्चित्यानुमानप्रयोक्ता त्रिकालवेदी भवति । **निराकारं चैतद् द्वयमपी**ति । **तद्ग्रहणपरिणामश्चेदाकारस्तदभ्युपगच्छामः** ।

निरस्ता शून्यतेत्यादि पद्ये **निरस्ता** मया । **कौतुकालोकनोत्सुके** इति । त्वया हि शून्यं सर्वमिति कृत्वा नेत्रे निमीलिते । तच्च न, यतः सर्वा अपि दिशो वसन्ति ।

(टि०) **समकाले**ति वार्तमानिकम् । **शाब्दे**ति आगमः । [2]साध्यसाधनयोः सम्बन्धहेतुशक्तिरूपेण प्रतिबन्धं मनसि निश्चित्यानुमानप्रयोक्ता त्रिकालवेदी भवति अर्थसमकालं तद्भिन्नकाले वा । **अतिप्रसङ्ग** इति अनियतपरिच्छेदापत्तिः । **अस्ये**ति ज्ञानस्य ।

---

१ °विनः । अविष्व° पु । २ आगमः । अस्येति पु ।

§१० अथ ब्रह्मवादिवावदूका वदन्ति—युक्तं यदेष सकलापलापी पापीयानपासे, आत्मब्रह्मणस्तात्त्विकस्य सत्त्वात् । न च—सरलसालरसालप्रियालहिन्तालतालतमालप्रवालप्रमुखपदार्थसार्थोऽप्यहमहमिकया प्रतीयमानः कथं न पारमार्थिकः स्यात् ?–इति वक्तव्यम् , तस्य मिथ्यारूपत्वात् । तथाहि—प्रपञ्चो मिथ्या, प्रतीयमानत्वात् । यदेवं तदेवं यथा शुक्तिशकले कलधौतम् , तथा चायम् , तस्मात्तथा ॥

§ १०. અત્યંત વાચાલ બ્રહ્મવાદી હવે આ વિષયમાં પોતાની માન્યતા રજૂ કરે છે– એક માત્ર સકલ પદાર્થનો અપલાપ કરતો હોવાથી આ પાપી શૂન્યવાદીને પરાસ્ત કર્યો તે ઘણું જ સારું કર્યું, કારણ કે પારમાર્થિક આત્મબ્રહ્મ વિદ્યમાન છે.

शंका—'હું આ રહ્યો' 'હું આ રહ્યો' એ પ્રમાણે પ્રતીયમાન–પ્રત્યક્ષ પ્રતીતિ–થી સિદ્ધ એવા સરલ, સાલ, રસાલ, પ્રિયાલ, હિન્તાલ, તાલ, તમાલ, પ્રવાલરૂપ પદાર્થ સમૂહ તાત્ત્વિક–પારમાર્થિક કેમ નહીં ?

समाधानः—એવી શંકા ન કરવી, કારણ કે–તે સઘળું મિથ્યા રૂપ છે. તે આ પ્રમાણે–પ્રપંચ (સંસાર; ભેદ) મિથ્યા છે, પ્રતીયમાન (પ્રતીતિનો વિષય) હોવાથી, જે પ્રતીયમાન હોય તે મિથ્યા હોય છે, જેમ કે–છીપમાં રજત પ્રતીયમાન હોવાથી મિથ્યા છે, પ્રપંચ–સંસાર પણ પ્રતીયમાન છે, માટે તે મિથ્યા છે,

(टि०) **नच सरलेत्यादि तस्येति** तालतमालादितरुणतरतरुपर्व्वतादिपदार्थसार्थस्य ।

§११ तदेतदेतस्य न तर्कवितर्ककार्कश्यं सूचयति । तथाहि-मिथ्यात्वमत्र कीदक्षमाकाङ्क्षितं सूक्ष्मदृशा–किमत्यन्तासत्त्वम् , उताऽन्यस्यान्याकारतया प्रतीतत्वम् , आहोस्विदनिर्वाच्यत्वम् ? इति भेदत्रयी त्रिनेत्रनेत्रत्रयीव ढौकते । प्राचि पक्षद्वये, त्वदनङ्गीकारः परीहारः । तार्तीयीकविकल्पे तु, किमिदमनिर्वाच्यत्वं नाम ?–किं निरुक्तिविरह एव, निरुक्तिनिमित्तविरहः, निःस्वभावत्वं वा ? न प्रथमः कल्पः कल्पनार्हः, सरलोऽयं सालोऽयमिति निश्चितोक्तेरनुभवात् । नापि द्वितीयः, निरुक्तेर्हि निमित्तं ज्ञानं वा स्यात् , विषयो वा ? न प्रथमस्य विरहः, सरलसालादिसंवेदनस्य प्रतिप्राणि प्रतीतेः । नापि द्वितीयस्य, यतो विषयः किं भावरूपो नास्ति, अभावरूपो वा ? प्रथमकल्पनायाम् , असत्ख्यात्यभ्युपगमप्रसङ्गः । द्वितीयकल्पनायां तु सत्ख्यातिरेव । उभावपि न स्त इति चेत् । ननु भावाभावशब्दाभ्यां लोकप्रतीतिसिद्धौ तावभिप्रेतौ, विपरीतौ वा ? प्रथमपक्षे तावत्, यथोभयोरेकत्र विधिर्नास्ति, तथा प्रतिषेधोऽपि, परस्परविरुद्धधर्मयोर्मध्यादेकतरविधिनिषेधयोरन्यतरनिषेधविधिनान्तरीयकत्वात् । द्वितीयपक्षे तु, न काचित् क्षतिः, न ह्यलौकिकविषयसद्भावनिवृत्तावपि लौकिकज्ञानविषयनिवृत्तिः, तन्निरुक्तिनिवृत्तिर्वा ।

निःस्वभावत्वपक्षेऽपि, निसः प्रतिषेधार्थत्वे स्वभावशब्दस्याऽपि भावाभावयोरन्यतरार्थत्वे पूर्ववत् प्रसङ्गः । प्रतीत्यगोचरत्वं निःस्वभावत्वमिति चेत् । अत्र विरोधः– प्रपञ्चो न प्रतीयते चेत् , कथं धर्मितया, प्रतीयमानत्वं च हेतुतयोपाददे ? तथोपादाने वा कथं न प्रतीयते ? यथा प्रतीयते न तथेति चेत् । तर्हि विपरीतख्यातेरभ्युपगमः स्यात् ।

§ ૧૧. બ્રહ્મવાદીઓનું ઉપર્યુક્ત કથન તર્કની વિચારણામાં સૂક્ષ્મતાનું સૂચક નથી. તે આ પ્રમાણે-સૂક્ષ્મદૃષ્ટિવાળા હે બ્રહ્મવાદિન્ ! અહીં તમને મિથ્યાત્વ એટલે શું ઇષ્ટ છે?-અત્યન્ત (સર્વથા) અસત્ત્વરૂપ કે અન્યરૂપે પ્રતીતિરૂપ કે અનિર્વાચ્યત્વરૂપ ઇષ્ટ છે ? આ પ્રમાણે મહાદેવના નેત્રત્રયની જેમ ત્રણ વિકલ્પો થાય છે. તેમાં પહેલા બે પક્ષ તો તમે સ્વીકારતા નથી, એ જ તેનો પરિહાર–ઉત્તર છે. 'અનિર્વાચ્યત્વ' નામનો ત્રીજો વિકલ્પ માનો તો–પૂછીએ છીએ કે–'અનિર્વાચ્યત્વ' એટલે શું ? નિરુક્તિવિરહ–એટલે કે–તેના પ્રતિપાદક શબ્દનો અભાવ છે કે નિરુક્તિના નિમિત્તનો વિરહ છે કે નિઃસ્વભાવરૂપ છે ? પ્રથમવિકલ્પ તો કલ્પના કરવા લાયક નથી, કારણ કે–આ સરલ છે, આ સાલ છે, એ પ્રમાણે નિશ્ચિત ઉક્તિ–શબ્દવ્યવહારનો અનુભવ તો થાય છે. બીજો વિકલ્પ પણ કહી શકશો નહીં કારણ કે–નિરુક્તિનું નિમિત્ત જ્ઞાન છે કે વિષય ? જ્ઞાનનો વિરહ–અભાવ તો કહી શકશો નહીં, કારણ કે–સરલ સાલ વિગેરે વિષયક જ્ઞાન દરેક પ્રાણીને પ્રતીત–પ્રસિદ્ધ છે. વિષયનો અભાવ પણ કહી શકશો નહીં, કારણ કે એ વિષે પ્રશ્ન છે કે ભાવરૂપ વિષય નથી કે અભાવરૂપ વિષય નથી ? પ્રથમ કલ્પના માનો તો–અસત્ખ્યાતિના સ્વીકારનો પ્રસંગ આવશે. બીજી કલ્પના માનો તો સત્ખ્યાતિ જ થઈ. અને જો ભાવરૂપ કે અભાવરૂપ એ બન્ને પ્રકારનો વિષય નથી, એમ માનો તો ભાવ અને અભાવ શબ્દથી, તમને ભાવ અને અભાવ એ બન્ને લોકપ્રસિદ્ધ માન્ય છે કે લોકમાં અપ્રસિદ્ધ અલૌકિક ? પ્રથમ પક્ષમાં જેમ બન્નેની એક સ્થળે વિધિ ન ઘટે, તેમ એક સ્થળે નિષેધ પણ ન ઘટે, કારણ કે–પરસ્પર વિરુદ્ધ ધર્મોમાંથી એકનો વિધિ કે નિષેધ તે બીજાના નિષેધ કે વિધિ સાથે અવિનાભૂત (સહચર) છે. બીજા પક્ષમાં કોઇ જાતની ક્ષતિ–હાનિ નથી, કારણ કે–હજારો અલૌકિક (લોકોત્તર) પદાર્થો નિવૃત્ત થઇ જવા છતાં લૌકિક જ્ઞાનના વિષયની નિવૃત્તિ, કે લૌકિક નિરુક્તિની નિવૃત્તિ થતી નથી. નિઃસ્વભાવ પક્ષમાં "निस्" અવ્યય નિષેધાર્થક હોઈ અને स्वभाव શબ્દ ભાવ કે અભાવ બેમાંથી એકનો વાચક હોય તો પહેલાના જેવો જ દોષ આવશે. અને જો પ્રતીતિની અવિષયતા એ નિઃસ્વભાવતા હોય તો–વિરોધ આવશે. કારણ કે–પ્રપંચ પ્રતીયમાન ન હોય તો પ્રપંચનું ધર્મી તરીકે અને પ્રતીયમાનત્વનું હેતુ તરીકે ઉપાદાન–ગ્રહણ કઈ રીતે કર્યું ? અને ધર્મી તરીકે ઉપાદાન કર્યું તો અપ્રતીયમાન કઈ રીતે થાય ?

शंका:—પ્રપંચ જેવો પ્રતીયમાન થાય છે તેવો નથી.

समाधानः—એમ માનો તો વિપરીતખ્યાતિના સ્વીકારનો પ્રસંગ આવશે.

(५०) **कथं धर्मितया, प्रतीयमानत्वं च हेतुतयापाददे** इति। प्रसिद्ध एव हि धर्मी क्रियते।

(टि०) **तदेतद्**िति। एतद्व्यवहारप्रतिपन्नपदार्थसार्थस्य मिथ्याप्ररूपणेन कदर्थनम्। **एतस्ये**ति ब्रह्मवादिनः। किन्तु वावदूकतामेव वेदयति। **न प्रथमस्ये**ति ज्ञानस्य। **न द्वितीयस्ये**ति विषयस्य विरह इति सम्बन्धः।

ननु भावेत्यादि। **तावि**ति भावाभावौ। **विपरीतावि**ति अलौकिकौ। **प्रतिषेधोपी**ति नास्तीति शेषः। **परस्परे**ति भावाभावयोः। **नान्तरीये**ति अविनाभावित्वात्। **तन्निरुक्ती**ति लौकिकनिश्चितोक्तिनिषेधः। **निस** इति षष्ठ्यन्तं पदं कलापके[1] निरिति सिद्धम्। **स्वभावे**ति भावस्वरूपोऽभावस्वरूपो वा स्वभावः॥ **अन्यतरे**ति भावाभावयोर्मध्यादेकनिषेधे परेण भवितव्यम्। **तथोपादान** इति धर्म्मित्वोपादाने। यतः प्रसिद्ध एव हि धर्म्मी क्रियते।

§१२ किञ्च, इयमनिर्वाच्यता प्रपञ्चस्य प्रत्यक्षेण प्रत्यक्षेपि—'सरलोऽयम्' इत्याद्याकारं हि प्रत्यक्षं प्रपञ्चस्य सत्यतामेव व्यवस्यति, सरलादिप्रतिनियतपदार्थ-परिच्छेदात्मनस्तस्योत्पादात्, इतरेतरविविक्तवस्तूनामेव च प्रपञ्चवचोवाच्यत्वेन संमतत्वात्।

अथ कथमेतत्प्रत्यक्षं पक्षप्रतिक्षेपकम्? तद्धि विधायकमेवेति तथा तथा ब्रह्मैव विदधाति, न पुनः प्रपञ्चसत्यतां प्ररूपयति। सा हि तदा प्ररूपिता स्याद्, यदीतरस्मिन्नितरेषां प्रतिषेधः कृतः स्यात्। न चैवम्, निषेधे कुण्ठत्वात् प्रत्यक्षस्येति चेत्। तदयुक्तम्, यतो विधायकमिति कोऽर्थः? इदमिति वस्तुस्वरूपं गृह्णाति, नान्यस्वरूपं प्रतिषेधति प्रत्यक्षमिति चेत्। मैवम्। अन्यरूपनिषेधमन्तरेण तत्स्वरूप-परिच्छेदस्याप्यसंपत्तेः—पीतादिव्यवच्छिन्नं हि नीलं नीलमिति गृहीतं भवति, नेतरथा। यदेदमिति वस्तुस्वरूपमेव गृह्णाति प्रत्यक्षमित्युच्यते, तदाऽवश्यमपरस्य प्रतिषेधमपि तत् प्रतिपद्यत इत्यभिहितमेव भवति, केवलवस्तुस्वरूपप्रतिपत्तेरेवान्यप्रतिषेधप्रतिपत्ति-रूपत्वात्।

अपि च, विधायकमेव प्रत्यक्षमिति नियमस्याऽङ्गीकारे विद्यावदविद्याया अपि विधानं तवाऽनुपद्यते। सोऽयमविद्याविवेकेन सन्मात्रं प्रत्यक्षात् प्रतियन्नेव 'न निषेधकं तत्' इति ब्रुवाणः कथं स्वस्थः? इति सिद्धं प्रत्यक्षबाधितः पक्ष इति।

अनुमानबाधितश्च—प्रपञ्चो मिथ्या न भवति, असद्विलक्षणत्वात्। य एवं स एवं यथा आत्मा। तथा चाऽयम्। तस्मात्तथेति। प्रतीयमानत्वं च हेतुर्ब्रह्मात्मना

१ कलापकेन निरिति हे।

व्यभिचारी। स हि प्रतीयते, न च मिथ्या। अप्रतीयमानत्वे तु, अस्य तद्गोचरवचनानामप्रवृत्तेर्मूकतैव तत्र वः श्रेयसी[1] स्यात्।

दृष्टान्तश्च साध्यविकलः, शुक्तिशकलकलधौतेऽपि प्रपञ्चाऽन्तर्गतत्वेनाऽनिर्वचनीयतायाः साध्यमानत्वात्।

§ १२ વળી, પ્રપંચની આ અનિર્વાચ્યતા પ્રત્યક્ષ પ્રમાણથી ખંડિત થયેલી છે, અર્થાત્ આ સરલ છે, એવા પ્રકારનું પ્રત્યક્ષ પ્રમાણ પ્રપંચની સત્યતાનો જ નિશ્ચય કરે છે, કારણ કે-સરલાદિ પ્રતિનિયત પદાર્થના જ્ઞાનરૂપે પ્રત્યક્ષ (પ્રમાણ)ની ઉત્પત્તિ થાય છે, અને પરસ્પર ભિન્ન વસ્તુઓ જ 'પ્રપંચ' શબ્દના વાચ્ય તરીકે સર્વ કોઈને સંમત છે.

शंकाः—આ પ્રત્યક્ષ (પ્રમાણ) પક્ષનું પ્રતિક્ષેપક-નિષેધક કઈ રીતે થઈ શકે ? કારણ કે-પ્રત્યક્ષ તો વિધાયક છે, માટે તે તે પ્રકારે બ્રહ્મનું જ વિધાન કરે છે, પરંતુ પ્રપંચની સત્યતાનું નિશ્ચાયક નથી, કારણ કે- પ્રપંચની સત્યતા તો ત્યારે સિદ્ધ થયેલ કહેવાય જો ઇતરમાં ઇતરનો-(સરલમાં તમાલનો) પ્રતિષેધ કર્યો હોય, પણ તે બને નહીં કારણ કે- પ્રત્યક્ષ નિષેધ કરવામાં સમર્થ નથી.

समाधानः—એમ માનવું ઉચિત નથી. કારણ કે-'વિધાયક' પદનો તમે શું અર્થ કરો છો ? 'આ છે' એ પ્રમાણે વસ્તુરૂપને પ્રત્યક્ષ ગ્રહણ કરે છે, પણ અન્ય વસ્તુનો નિષેધ કરતું નથી, તે માટે તે વિધાયક છે-એમ કહો તે ઉચિત નથી, કારણ કે-અન્યપદાર્થના સ્વરૂપનો નિષેધ કર્યા સિવાય સ્વસ્વરૂપનો નિશ્ચય પણ થઇ શકતો નથી. પીતાદિથી વ્યવચ્છિન્ન-ભિન્ન રૂપે જ્ઞાત થયેલું 'નીલ' નીલ તરીકે ગૃહીત (પ્રત્યક્ષ) થાય છે, પરંતુ પીતાદિથી ભિન્ન રૂપે જ્ઞાત થયું ન હોય તો તે નીલ કહેવાતું નથી. જ્યારે તમે એમ કહો છો કે-'આ છે' એ પ્રકારે વસ્તુસ્વરૂપને જ પ્રત્યક્ષ ગ્રહણ કરે છે, ત્યારે પ્રત્યક્ષ તેથી અન્ય પદાર્થના પ્રતિષેધને પણ અવશ્ય ગ્રહણ કરે છે, એ પણ અર્થાત્ કહેવાઈ જ ગયું છે, કારણ કે-કેવલ વસ્તુના સ્વભાવરૂપનો જે નિશ્ચય છે તે જ અન્યના પ્રતિષેધના નિશ્ચયરૂપ છે.

વળી, પ્રત્યક્ષ વિધાયક જ છે એ નિયમ સ્વીકારશો તો વિદ્યાની જેમ અવિદ્યાની પણ વિધિ જ તમારે માનવી પડશે. તે આ પ્રમાણે-આ બ્રહ્મવાદી સંસારોપાદાન રૂપ અવિદ્યાનો પ્રત્યક્ષથી પ્રતિષેધ કરીને માત્ર સત્તાને સ્વીકારે છે, છતાં પ્રત્યક્ષને નિષેધક નથી માનતો, તો તે કઇ રીતે સ્વસ્થ (શાંત-સ્થિર) હોઇ શકે ? માટે પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે, એ સિદ્ધ થયું.

અને અનુમાનથી પણ બાધિત છે. તે આ પ્રમાણે-પ્રપંચ મિથ્યા નથી, અસત્‌થી વિલક્ષણ હોવાથી. જે અસત્‌થી વિલક્ષણ હોય, તે મિથ્યા ન હોય, જેમ કે-આત્મા. આ પ્રપંચ પણ અસત્‌થી વિલક્ષણ છે, માટે મિથ્યા નથી. વળી, પ્રપંચને મિથ્યા સિદ્ધ કરવા તમોએ જે 'પ્રતીયમાન હોવાથી' એવો જે હેતુ કહ્યો છે, તે વ્યભિચારી છે, કારણ કે-બ્રહ્મ પ્રતીયમાન છે છતાં મિથ્યા નથી, અને જો બ્રહ્માત્માને

१ श्रेयसे मुपा।

અપ્રતીયમાન માનો તો– બ્રહ્માત્માને વિષે બ્રહ્મવિષયક શબ્દોની પ્રવૃત્તિ જ નહીં થાય. તો તે વિષયમાં તમારે મૂંગા રહેવું એ જ કલ્યાણકારી છે.

વળી, તમોએ 'છીપના ટુકડામાં ચાંદી' એ પ્રમાણે તમારા અનુમાનમાં જે દૃષ્ટાંત આપ્યું છે તે સાધ્યરહિત છે, કારણ કે–શુક્તિશકલ વિષેનું રજત પણ પ્રપંચની અન્તર્ગત હોવાથી તેની અનિર્વાચ્યતા સિદ્ધ નથી પણ સાધ્યમાન છે.

(प०) प्रत्यक्षेपीति प्रतिक्षिप्ता ।

तद्धि विधायकमेवेति :—

" आहुर्विधातृ प्रत्यक्षं न निषेद्धृ विपश्चितः ।
नैकत्व आगमस्तेन प्रत्यक्षेण प्रबाध्यते ॥१॥" [ब्रह्मसिद्धि २.१]

तथा तथेति घटादिविवर्त्तरूपेण । **ब्रह्मैवेति** कर्मतापन्नं ब्रह्म । **अन्यप्रतिषेधप्रतिपत्तिरूपत्वादिति** । मुण्डभूतले घटाभावग्रहणवत् । येन हि पदास्खलनादिना मुण्डभूतलं गृहीतम्, घटाभावोऽपि तेन गृहीतः ।

(टि०) **प्रत्यक्षेपीति** निराकारि । **तस्येति** प्रत्यक्षस्य । **वाच्यत्वेनेति** घटादिविवर्तरूपेण । **पक्षेति** प्रपञ्चो मिथ्या इत्येतस्य पक्षस्य । **तद्धीति** प्रत्यक्षम् । **विधायकमिति** ब्रह्मलक्षणप्रकृतपक्षजनकमेव । **तथा तथेति** प्रत्यक्षं कर्तृ तेन तेन प्रकारेण विचार्यमाणम् । **ब्रह्मैव** कर्म्मतापन्नम् । **सा हीति** प्रपञ्चसत्यता । [1]**तथेति** । निषिद्धा भवेत् । **यदीतरस्मिन्निति** सरले, **इतरेषामिति** तमालादीनाम् । **न चैवमिति** प्रत्यक्षेण प्रतिषेधो न कृतः, प्रत्यक्षस्य निषेधकुण्ठत्वात् । **तदाऽवश्यमित्यादि** । **तदिति** प्रत्यक्षम् । ***प्रतिपद्यत** इति मुण्डभूतले घटाभावग्रहणवत् । येन पदास्खलनादिना मुण्डभूतलं गृहीतम्, घटाभावोपि तेन गृहीतः ।* **केवलेति** । **प्रतिपत्तेर्दर्शनस्यैव** । **विवेकेनेति** निरासेन ।

प्रतियन्निति जानन् प्रतिपूर्वकः इण् गतौ । प्रत्येती(प्रतियन्नि)ति शतृप्रत्ययः । "गमनार्था धातवः सर्वेऽपि ज्ञानार्थाः" इति वचनादवगच्छन्नित्यर्थः । **तदिति** प्रत्यक्षम् ।

प्रपञ्चो मिथ्येत्यादि । **स हीति** ब्रह्मात्मा । **अस्येति** ब्रह्मात्मनः । **तद्गोचरेति** ब्रह्मविषयः ।

§१२ किञ्च, इदमनुमानं प्रपञ्चाद् भिन्नम्, अभिन्नं वा ? यदि भिन्नम्, तर्हि सत्यम्, असत्यं वा ? यदि सत्यम्, तर्हि तद्वदेव प्रपञ्चस्यापि सत्यत्वं स्यात् । अथाऽसत्यम्: तत्रापि शून्यम्, अन्यथाख्यातम्, अनिर्वचनीयं वा ? आद्यपक्षद्वयेऽपि न साध्यसाधकत्वम्, नृशृङ्गवच्छुक्तिकलधौतवच्च । तृतीयपक्षोऽप्यक्षमः, अनिर्वचनीयस्याऽसंभवित्वेनाभिहितत्वात् ।

व्यवहारसत्यमिदमनुमानम्, अतोऽसत्यत्वाभावात् स्वसाध्यसाधकमिति चेत् । किमिदं व्यवहारसत्यं नाम ? व्यवहृतिर्व्यवहारो ज्ञानं तेन चेत् सत्यम्, तर्हि पारमार्थिकमेव तत् । तत्र चोक्तो[2] दोषः । अथ व्यवहारः शब्दस्तेन सत्यम् । ननु

१ अत्र 'तथेति निषिद्धा भवेदिति' असंगतं भाति । * चिह्नान्तर्गतः पाठः मुद्रित एव ।
२ चोक्तदोषः इति टिप्पणसंमतः पाठः ।

शब्दोऽपि सत्यस्वरूपः, तदितरो वा ? यद्याद्यः, तर्हि तेन यत्सत्यं तत्पारमार्थिकमेवेति तदेव दूषणम् । अथाऽसत्यस्वरूपः शब्दः । कथं ततस्तस्य सत्यत्वं नाम ? न हि स्वयमसत्यमन्यस्य सत्यत्वव्यवस्थाहेतुः, अतिप्रसङ्गात् । अथ कूटकार्षापणे सत्यकार्षापणोचितक्रयविक्रयव्यवहारजनकत्वेन सत्यकार्षापणव्यवहारवदसत्येऽप्यनुमाने सत्यव्यवहार इति चेत् । तर्ह्यसत्यमेव तदनुमानम् । तत्र चोक्तो दोषः । अतो न प्रपञ्चाद्भिन्नमनुमानमुपपत्तिपदवीमापेदानम् ।

नाप्यभिन्नम्, प्रपञ्चस्वभावतया तस्यापि मिथ्यात्वप्रसक्तेः । मिथ्यारूपं च तत्कथं नाम स्वसाध्यं साधयेत् ? इत्युक्तमेव । एवं च प्रपञ्चस्य मिथ्यात्वासिद्धेः कथं परमब्रह्मणस्तात्त्विकत्वं स्यात्, यतो बाह्याऽर्थाभावो भवेदिति ? ॥१६॥

§ ૧૩ વળી, તમારું 'પ્રપંચ મિથ્યા છે' ઇત્યાદિ અનુમાન પ્રપંચથી ભિન્ન છે કે અભિન્ન ? ભિન્ન હોય તો–તે અનુમાન સત્ય છે કે અસત્ય ? સત્ય હોય તો–તે અનુમાનની જેમ પ્રપંચ પણ સત્ય થઇ જશે. અર્થાત્ અદ્વૈતવાદ સિદ્ધ નહીં થાય. અનુમાન અસત્ય હોય તો–તે શૂન્ય છે, અન્યથાખ્યાત છે કે અનિર્વચનીય ? પહેલા બે પક્ષમાં તો અનુમાન અનુક્રમે 'પુરુષશૃંગ' જેવું અને 'છીપમાં રજત' જેવું થઇ જશે. એટલે સાધ્યને સિદ્ધ કરી શકશે નહીં. ત્રીજો પક્ષ પણ સમર્થ નથી, કારણ કે–અનિર્વચનીયતા પોતે જ સંભવતી નથી એ પ્રમાણે અમે પહેલાં જ કહી ગયા છીએ.

शंका—પૂર્વોક્ત અનુમાન વ્યવહારથી સત્ય છે, એથી કરીને તે અસત્ય નથી માટે તે સાધ્યનું સાધક છે.

समाधान—એમ પણ બને નહીં કારણ કે–વ્યવહારે સત્ય એટલે શું ?વ્યવહૃતિ–વ્યવહાર એટલે જ્ઞાન અને તેને કારણે સત્ય એમ જો હોય તો અનુમાન પારમાર્થિક સત્ય જ થયું, અને તેમાં દોષ કહી ચૂક્યા છીએ. અને જો વ્યવહાર એટલે શબ્દ હોય અને તેનાથી સત્ય હોય તો તે શબ્દ સત્યસ્વરૂપ છે કે અસત્યસ્વરૂપ ? જો સત્યસ્વરૂપ હોય તો તેનાથી સત્ય તે પારમાર્થિક સત્ય થયું અને તેમાં પૂર્વોક્ત દૂષણ છે. અને જો શબ્દ અસત્યસ્વરૂપ હોય તો, તેવા શબ્દથી અનુમાનની સત્યતા કઈ રીતે સિદ્ધ થશે ? કારણ કે–સ્વયં અસત્ય હોય તે બીજાની સત્યતા સિદ્ધ કરવાને હેતુ બનતો નથી. તેમ છતાં માનવામાં તો અતિપ્રસંગ દોષ થશે. એટલે કે હેતુના સાચા–ખોટાપણાનો વિવેક જ નહીં રહે.

शंका—ખોટા સિક્કા વડે પણ ખરીદ–વેચાણ વ્યવહાર સિદ્ધ થતો હોઈ તેને સાચો સિક્કો કહેવાય છે. તેમ અસત્ય અનુમાનથી પણ સાધ્ય સિદ્ધ થતું હોઇ તેને સત્ય કહી શકાય.

समाधान—જો એમ હોય તો અનુમાન અસત્ય જ થયું અને તેમાં દોષ કહી ચૂક્યા છીએ. માટે પ્રપંચથી ભિન્ન અનુમાન યુક્તિમાર્ગને પામતું નથી,

અર્થાત્ સિદ્ધ થઈ શકતું નથી.

અને અનુમાનને પ્રપંચથી અભિન્ન માનવામાં આવે તો-તે પ્રપંચસ્વરૂપ હોવાથી પ્રપંચની જેમ મિથ્યા બની જશે. આ પ્રકારે અનુમાન મિથ્યા થવાથી તે સ્વસાધ્યને કઇ રીતે સિદ્ધ કરશે ? એ વાત પહેલાં કહેવાઇ ગઈ છે. આ રીતે પ્રપંચમાં મિથ્યાત્વ સિદ્ધ ન હોવાથી પરમ બ્રહ્મની તાત્ત્વિકતા પણ કઇ રીતે સિદ્ધ થશે, જેથી કરી બાહ્ય અર્થનો અભાવ સિદ્ધ થાય ? ૧૬.

(पं०) **नृशृङ्गवदिति** शून्यम्। **शुक्तिकलधौतवदिति** अन्यथाख्यातम् ॥१६॥

(टि०) **तद्वदेवेति** सत्यानुमानवदेव । प्रतीयमानत्वादेव हेतोर्यथाऽनुमानमिदं सत्यम् , तथा प्रपञ्चोपि प्रतीयमानत्वादेव सत्योऽस्त्वित्यर्थः । **नृशृङ्गेति** शून्यत्वे नृश्रृङ्गदृष्टान्तः । अन्यथाख्यातत्वे शुक्तिशकले कलधौतमिति निदर्शनम् ।

तत्र चोक्तदोष इति प्रपञ्चसत्यतालक्षणः । यद्यनुमानं व्यवहारसत्येन सत्यम्, व्यवहारसत्येन प्रपञ्चोपि सत्यः स्यात् इति भावार्थः । **तदितर** इति सत्यादितरोऽलीक इत्यर्थः । **तदेवेति** प्रपञ्चसत्यतालक्षणम् । **तत** इति शब्दात् । **तस्येत्यनुमानस्य** ।

आपेदानमिति प्रपेदे । **तस्येति** अनुमानस्य। **तदित्यनुमानम्** ॥१६॥

प्रमाणत्वाभिमतज्ञानस्य स्वव्यवसायीति विशेषणं व्याख्यान्ति—

स्वस्य व्यवसायः स्वाभिमुख्येन प्रकाशनम्, बाह्यस्येव तदाभिमुख्येन, करिकलभकमहमात्मना जानामि ॥१७॥

§१ यथा बाह्याभिमुख्येन बाह्यानुभवनेन प्रकाशनं बाह्यव्यवसायो ज्ञानस्य, तथा स्वाभिमुख्येन प्रकाशनं स्वव्यवसायः । अत्रोल्लेखः—करिकलभकमित्यादि । यथा करिकलभकमिति प्रमेयस्य, अहमिति प्रमातुः, जानामीति प्रमितेः प्रतिभासः, तथा आत्मनेति प्रमाणत्वाभिमतज्ञानस्याऽप्यवत्स्येवेति भावः ॥१७॥

પ્રમાણ તરીકે સ્વીકારેલ જ્ઞાનના 'स्वव्यवसायि' વિશેષણની વ્યાખ્યા—

બાહ્ય પદાર્થના અભિમુખ થવાથી જ્ઞાન જેમ બાહ્ય પદાર્થનો વ્યવસાય કરે છે, તેમ સ્વપ્રતિ અભિમુખ થવાથી જ્ઞાન સ્વનો વ્યવસાય કરે છે, જેમ કે-હું મારી જાતે હાથીના બચ્ચાને (મદનીયાને) જાણું છું. ૧૭.

§ ૧ જેમ બાહ્યાભિમુખ થવાથી એટલે કે બાહ્ય પદાર્થના અનુભવથી થતું પ્રકાશન એ જ્ઞાનનો બાહ્ય વ્યવસાય છે, તેમ સ્વપ્રતિ અભિમુખ થવાથી એટલે કે- સ્વના અનુભવથી થનારું પ્રકાશન તે સ્વવ્યવસાય છે. જેમ કે-'હું મારી જાતે હાથીનાં બચ્ચાંને જાણું છું.' આ પ્રકારની પ્રતીતિમાં જેમ 'હું' એ પ્રમાતા-કર્તાની પ્રતીતિ છે, 'હાથીના બચ્ચાંને' એ પ્રમેય-કર્મની પ્રતીતિ છે અને 'જાણું છું' એ પ્રમિતિ- ક્રિયાની પ્રતીતિ છે, તેમ 'મારી જાતે' એ પ્રમાણરૂપે અભિમત જ્ઞાનની પણ પ્રતીતિ છે જ. ૧૭.

(टि०) **प्रमितेरिति** परिच्छेदस्य । **प्रमाणत्वेति** स्वपरव्यवसायिनः ॥१७॥

स्वव्यवसायमेव स्पष्टदृष्टान्तप्रकटनेन निष्टङ्कयन्ति—

कः खलु ज्ञानस्याऽऽलम्बनं बाह्यं प्रतिभातमभिमन्यमानस्तदपि तत्प्रकारं नाभिमन्येत, मिहिरालोकवत् ? ॥१८॥

§१ तदपीति ज्ञानमपि, तत्प्रकारमिति स प्रतिभातत्वलक्षणः प्रकारः प्रतिनियतं स्वरूपं यस्य तत् तत्प्रकारं प्रतिभातमित्यर्थः । यथैव हि गिरिनगरगहनादिकं मिहिरालोकस्य विषयं प्रतिभातमभिमन्यमानैर्मिहिरालोकोऽपि प्रतिभातोऽभिमन्यते लौकिकपरीक्षकैः, तद्वज्ज्ञानस्य विषयं कुम्भादिकं प्रतिभातमभिमन्यमानैस्तैर्ज्ञानमपि प्रतिभातं स्वीकर्तव्यमिति ।

સ્પષ્ટ દૃષ્ટાંત જણાવીને 'સ્વવ્યવસાયી' વિશેષણનું સમર્થન—

સૂર્યપ્રકાશની જેમ જ્ઞાનના બાહ્ય આલમ્બનને પ્રતિભાત માનનાર એવો કોણ હશે જે તેને પણ તે પ્રકારનું ન માને ? ૧૮.

§૧ તેને પણ—જ્ઞાનને પણ, તે પ્રકારનું એટલે કે પ્રતિભાત રૂપે નિયત સ્વરૂપવાળું. સૂર્યપ્રકાશના વિષયભૂત પર્વતાદિ પદાર્થોને પ્રતિભાત માનનાર લૌકિકો અને પરીક્ષકોએ સૂર્યપ્રકાશને પણ પ્રતિભાત માનેલ છે, તેમ જ્ઞાનના વિષય ઘટાદિ પદાર્થને પ્રતિભાત માનનાર લૌકિકો અને પરીક્ષકોએ જ્ઞાનને પણ પ્રતિભાત માનવું જોઈએ.

§२ अत्रेयं भट्टचट्टघट्टना—ननु न स्वसंवेदनं वेदनस्य सुन्दरम्, स्वात्मनि क्रियाविरोधात्—इत्यस्य पारोक्ष्यमेवाक्षूणं कक्षीकरणीयम् ।

§३ तदेतदरमणीयम् । यतः—किमुत्पत्तिः, ज्ञप्तिर्वा स्वात्मनि विरुध्येत ? यद्युत्पत्तिः, सा विरुध्यताम् । न हि ज्ञानमात्मानमुत्पादयतीति वयमध्यगीष्महि । अथ ज्ञप्तिः, नेयमात्मनि विरोधमदीधरत्, तदात्मनैव ज्ञानस्य स्वकारणकलापादुत्पादात्, प्रकाशात्मनेव प्रदीपकलिकालोकस्य ।

अथ प्रकाशात्मनैव प्रदीपालोकोऽयमुदयमाशिवानिति परप्रकाशकोऽस्तु, आत्मानमप्येतावन्मात्रेणैव प्रकाशयतीति तु कौतस्कुती नीतिः ?—इति चेत् । तत्किं तेनाऽप्रकाशितेनैव वराकेण स्थातव्यम्, आलोकान्तराद् वा प्रकाशेनाऽस्य भवितव्यम् ? प्रथमे, प्रत्यक्षबाधा । द्वितीयेऽपि सैवाऽनवस्थापत्तिश्च ।

§४ अथ नाऽसौ स्वमपेक्ष्य कर्मतया चकास्ति—इत्यस्वप्रकाशकः स्वीक्रियते, प्रकाशरूपतया तूत्पन्नत्वात् स्वयं प्रकाशत एवेति चेत् । अनेनैव सुधामद्धि । न हि वयमपि ज्ञानं कर्मतयैव प्रतिभासमानं स्ववेद्यमावेदयामहि, ज्ञानं स्वयं प्रतिभासत इत्यादावकर्मकस्य तस्य चकासनात् । यथा तु ज्ञानं जानामीति कर्मतयाऽपि तद् भाति तथा प्रदीपः स्वं प्रकाशयतीत्ययमपि तथा प्रथत एव ।

---

१ यथा मु ।

"दीपवन्नोपपद्येत विश्ववस्तुप्रकाशनम् ।
अनात्मवेदने ज्ञाने जगदान्ध्यं प्रसज्यते ॥"

[1]**अस्ये**ति प्रदीपालोकस्य। **असावि**ति प्रदीपालोकः । **कर्मतये**ति यथा [2]दीपो दीपं जानाति । **तस्ये**ति ज्ञानस्य ।

§५ अथावयवैरालोकावयवी प्रकाश्यत इत्यस्वप्रकाशक एवायमिति चेत्। ननु तेऽपि केन प्रकाशनीयाः? अवयविनेति चेत्। नन्वमीषां परस्परगोचरज्ञानजनने सहकारित्वमेव तावत्प्रकाशकत्वमुच्यते । तच्चामीषामज्ञातानाम्, ज्ञातानां वा स्यात्? नाज्ञातानाम् । एवं ह्यनालोकित एव प्रदीपकुड्मलाऽऽलोकोऽपि कदाचित् कलशकुलिशादीन् ज्ञापयेत् । ज्ञातानां चेत् । इतरेतराश्रयापत्तिः—ज्ञाता खल्ववयवा अवयविनं ज्ञापयेयुः, सोऽपि च ज्ञात एव तान् ज्ञापयेदिति । अथ तेषामप्यवयवानामवयवित्वाद् निजावयवैर्ज्ञप्तिः करिष्यते, तदानीमनवस्था । अथ पर्यन्ते केचिदवयवाः स्वयमेवात्मानं ज्ञापयेयुः; तर्हि ज्ञानमपि स्वयमेवात्मानं निश्चिनोतीति किं न कक्षीकुरुषे ?

§५ शंका –પ્રકાશરૂપ અવયવી પોતે પોતાનો પ્રકાશ કરે છે એમ નહીં પણ પ્રકાશરૂપ અવયવીનું પ્રકાશન તેના અવયવો વડે થાય છે, માટે તે સ્વ-પ્રકાશક છે એમ ન કહેવાય.

સમાધાન—એમ માનો તો–અમે પૂછીએ છીએ કે–તેના અવયવોનો પ્રકાશક કોણ છે ? જો અવયવોનો પ્રકાશક અવયવી છે એમ કહો તો અવયવો અવયવીના, અને અવયવી અવયવોના પ્રકાશમાં–એમ પરસ્પર સહકારી બને છે એવો ફલિતાર્થ થાય છે. તો તેમાં અમે પૂછીએ છીએ કે–અજ્ઞાત અવયવો પ્રકાશક છે કે જ્ઞાત અવયવો ? અજ્ઞાત અવયવો અવયવીના પ્રકાશક છે એમ તો કહી શકશો નહીં, કારણ કે–તો પછી આપણે દીવાનું તેજ ન જોયું હોય છતાં પણ તે કલશ કુલિશાદિ પદાર્થોનું પ્રકાશક બની જાય, પણ એમ તો બનતું નથી. અને જો જ્ઞાત અવયવો પ્રકાશક હોય તો–ઇતરેતરાશ્રય દોષ આવશે, કારણ કે–અવયવો જ્ઞાત હોય તો અવયવીનો બોધ કરાવે અને અવયવી જ્ઞાત હોય તો અવયવોનો બોધ કરાવે. અને જો અવયવો સ્વયં પણ પોતાના અવયવોની અપેક્ષાએ અવયવીરૂપ હોવાથી તેમનો પોતાના અવયવો વડે પ્રકાશ થાય છે, એમ કહો તો અનવસ્થા દોષ આવશે. જો એમ માનો કે–છેલ્લા કેટલાક અવયવો પોતાનો પોતે જ પ્રકાશ કરશે તો–જ્ઞાન પણ પોતે પોતાનો નિશ્ચય કરે છે એવું કેમ સ્વીકારતા નથી ?

(टि०) **ननु तेऽपी**ऽति अवयवाः । **नन्वमीषामि**ति अवयवानामवयविनश्च। अवयवप्रकाशमन्तरेणावयव्यप्रकाशकः । [3]अवयविप्रकाशादृते अवयवा निस्तेजस्काः । अत एव सहकारित्वम् । **तच्चे**ति प्रकाशनम् । **अमीषामित्य**वयवानाम् ।

---

१ तस्य पु । २ प्रदीपो पु । ३ अवयवप्र० मु ।

§६ कथं च पारोक्ष्ये ज्ञानस्य ज्ञानं स्यात्? अन्यथाऽनुपपद्यमानार्थप्राकट्यरूपार्थसमुत्थापितार्थापत्तेरिति चेत्। ननु तदर्थप्राकट्यमात्मधर्मः, ज्ञानधर्मः, अर्थधर्मो वा भवेत्? नाद्यः प्रकारः, प्रभाकरकक्षापञ्जरप्रवेशप्रसङ्गात्। न द्वैतीयीकः, ज्ञानस्य क्षणिकत्वेन तत्क्षण एव क्षीणत्वादुपरितनक्षणोत्पदिष्णोस्तस्य तद्धर्मत्वविरोधात्। नाऽपि तार्तीयीकः, तथात्वे हि चैत्रस्येव मैत्रस्यापि स पदार्थः प्रकटः स्यात्। अथ यस्यैव ज्ञानेन जनयाम्बभूवेऽसौ, तस्यैव तत्प्रकटनम्। तद् दुर्घटम्, घटस्य प्रतिनियतप्रमातृप्रबोधितप्रदीपाङ्कुरप्रकटितस्याऽप्यनियतैर्दर्शनात् तन्नियमानुपपत्तेः।

§ ६ વળી જ્ઞાનને પરોક્ષ માનવાથી તેનું જ્ઞાન કઇ રીતે થશે? જો જ્ઞાન ન હોય તો અર્થપ્રાકટ્યરૂપ અર્થ અનુપપન્ન બની જાય અર્થાત્ ઘટે નહીં, માટે તે અર્થપ્રાકટ્યરૂપ અર્થને આધારે ઉપસ્થિત થતી અર્થાપત્તિને કારણે જ્ઞાનનું જ્ઞાન થશે. અર્થાત્ આપણને અર્થ પ્રકટ થયો તે જ્ઞાન વિના સંભવે નહીં માટે જ્યારે પણ અર્થ પ્રકટ થાય ત્યારે જ્ઞાન હોવું જ જોઇએ. જો એમ માનો તો તેવા પ્રકારનું જ્ઞાન થાય ત્યારે અર્થપ્રાકટ્ય આત્મધર્મ છે, જ્ઞાન ધર્મ છે કે અર્થધર્મ છે? જો આત્મધર્મ કહો તો–પ્રભાકરના મતને સ્વીકારવાનો પ્રસંગ આવશે. જ્ઞાનધર્મ માનો તો જ્ઞાન ક્ષણિક હોવાથી તે જ ક્ષણે નાશ પામી જવાથી ત્યાર પછી બીજી ક્ષણે ઉત્પન્ન થનાર અર્થપ્રાકટ્યને તેનો ધર્મ માનવામાં વિરોધ છે, કારણ કે–ધર્મી વિના ધર્મ હોય નહીં. અને જો તે અર્થપ્રાકટ્ય અર્થનો ધર્મ હોય તો–ચૈત્રની જેમ મૈત્રને પણ તે અર્થ પ્રકટ થઈ જશે, કારણ કે–અર્થપ્રાકટ્ય બન્નેને માટે સમાન છે.

शंका–જે પુરુષના જ્ઞાનથી અર્થપ્રાકટ્યરૂપ અર્થધર્મ ઉત્પન્ન થયો હોય તે પુરુષને જ તે અર્થ પ્રકટ થાય છે, બીજાને નહીં આવો નિયમ છે.

समाधान–એ નિયમ ઘટવો મુશ્કેલ છે, કારણ કે–પ્રતિનિયત (વ્યક્તિગત કોઈ એક) પ્રમાતાએ સળગાવેલ દીવાના પ્રકાશથી પ્રકટ થયેલ ઘડાને અનેક પુરુષો જોઇ શકે છે. માટે તમારો તે નિયમ યુક્તિયુક્ત નથી.

(प०) **तस्य तद्धर्मत्वविरोधा**दिति। **तस्या**र्थप्राकट्यस्य। **तस्य** विनष्टस्य ज्ञानस्य **धर्मस्तद्धर्म**स्तद्भावस्तस्मात्।

(टि०) **कथञ्चे**त्यादि। **पारोक्ष्ये**ति ज्ञानस्य परोक्षत्वेऽङ्गीकृते सति ज्ञानमेव कथं ज्ञायत इत्यर्थः। **अन्यथे**ति अन्यथा ज्ञानाविनाभाविनी उपपद्यमाना पदार्थप्राकट्यलक्षणा अर्थेन कार्येण निष्पादिता या अर्थापत्तिस्तस्याः। **प्रभाकरे**ति प्राकट्यस्यात्मधर्म्मत्वं प्रभाकरैराश्रियेत, न भट्टैः। **ज्ञानस्य क्षणिकत्व** इति। मीमांसका हि ज्ञानं क्षणिकमभ्युपगच्छेयुः। **उपरितने**ति द्वितीयक्षणोत्पत्तिशीलस्य। तस्य विनष्टस्य ज्ञानस्य धर्मस्**तद्धर्म्म**स्तस्य भावस्तत्त्वम्। **तस्ये**ति अर्थप्राकट्यस्य। **तद्धर्मत्वे**ति ज्ञानधर्म्मत्वे विरोधात्। **तथात्व** इति अर्थधर्मत्वे। **अथ यस्ये**त्यादि। **असावि**ति अर्थप्राकट्यरूपोऽर्थधर्मः।

अस्तु वैतत्, तथाप्ययमर्थधर्मो जडः, चिद्रूपो वा भवेत्? यदि जडः, कथमर्थदर्शनं स्यात्? अर्थदर्शनं ह्यर्थदृष्टिरर्थज्ञप्तिरुच्यते । जडत्वे तु प्राकट्यस्य कथमिदं घटेत? ज्ञानप्रमाणशब्दयोश्चैवं सामानाधिकरण्यमसूपपादम् । यतो ज्ञायते ज्ञप्तिर्जन्यते येन तद् ज्ञानमाम्नायते । प्राकट्यस्य च जडत्वेनाऽज्ञप्तिरूपत्वे कथं तज्जनकं प्रमाणं ज्ञानं व्यपदिश्येत? चिद्रूपश्चेत् । स्वसंवेद्यः, वेदनान्तरवेद्यो वा? यदि स्वसंवेद्यः, तर्हि "कृतश्च शीलविध्वंसो न चाऽनङ्गः शमं गतः" इति न्यायः समायातः—स्वात्मनि क्रियाविरोधाद् विज्ञाने स्वसंवित्तिप्रतिक्षेपपातकं कृत्वाऽपि प्राकट्ये तस्याः स्वयं स्वीकारात् ।

(टि०) **प्रत्यक्षबाध** इत्यादि। **पक्षे** इति चक्षुः रश्मिवदित्येवंरूपे। **तवैवेति** तव तर्काभिप्रायेण प्रथमं प्रत्यक्षविरुद्धे पक्षे हेतुः कालात्ययापदिष्टः ॥२३॥ **अनुद्भवे**त्यादि। **तत्रेति** नेत्रे। **एतस्येति** नेत्रस्य ॥२४॥ **आलोके**त्यादि। आलोकसहकारिकारणबलात्। **अस्येति** चक्षुषः। **एतत्सचिवस्येति** आलोकसहकारिणः ॥२५॥ **अथास्त्वि**त्यादि। **उत्तेजितमिति** प्रकाशितम्। **अस्येति** कुट्यादेः। **तथा चेति** कुड्यादिप्रकाशने। **त्वदुपज्ञ** इति तव उपज्ञा यत्र। **अद्वैतेति** सर्वत्र तैजसवादः। तथा अद्वैतवादे आलोकसाचिव्यवशाद्भवता त्रिभुवनभवनकोणभाविभावानां तैजसत्वमेव प्रतिपन्नम् ॥२६॥

उत्पद्यन्ते तरणिकिरणश्रेणिसंपर्कतश्चेत्
तत्रोद्भूताः सपदि रुचयो लोचने रोचमानाः।
यद् गृह्यन्ते न खलु तपनालोकसंपत्प्रतान-
स्तस्मिन् हेतुर्भवति हि दिवा दीपभासामभासः ॥२७॥

अत्रेयं प्रतिक्रिया—

मुष्टिग्राह्ये कुवलयदलश्यामलिम्नाऽवलिप्ते
स्फीते ध्वान्ते स्फुरति चरतो घूककाकोदरादेः।
किं लक्ष्यन्ते क्षणमपि रुचो लोचने[1] नैव यस्मा-
दालोकस्य प्रसरणकथा काचिदप्यत्र नास्ति ॥२८॥

નૈયાયિક—સૂર્યના સંપર્કથી નેત્રમાં ઉદ્‌ભૂત રૂપવાળી રશ્મિઓ–કિરણો જલદીથી ઉત્પન્ન તો થાય છે પરંતુ નેત્રમાં ઉદ્‌ભૂત રૂપવાળી રશ્મિઓ પ્રત્યક્ષ થતી નથી તેમાં કારણ સૂર્યપ્રકાશનો વિસ્તાર છે. કારણ કે લોકમાં પણ દિવસે સૂર્યપ્રકાશને કારણે ઉદ્‌ભૂતરૂપવાળા દીપકનો પણ પ્રકાશ ઝાંખો થઇ જાય છે. ૨૭.

જૈન–તો રાત્રે જ્યારે મુષ્ટિગ્રાહ્ય–અત્યંતગાઢ અને કમળદળની જેવો શ્યામરૂપ અંધકાર હોય ત્યારે તેમાં ફરતાં ઘૂવડ અને સર્પાદિના નેત્રનાં કિરણો એક ક્ષણ માટે પણ કેમ દેખાતાં નથી ? અર્થાત્ તમારા મતાનુસાર નેત્રકિરણોના પ્રત્યક્ષનો પ્રતિબંધક સૂર્ય પ્રકાશનો પ્રસાર છે પણ રાત્રે તો સૂર્ય કોઇ પણ

1 °चनेनैव मु।

પ્રકારે સંભવતો જ નથી તેથી અંધકારમાં ફરતાં સર્પાદિના નેત્રમાં રહેલી પ્રભા પ્રત્યક્ષ થવી જોઇએ. પણ તે પ્રત્યક્ષ થતી તો નથી. એટલે માનવું જોઈએ કે નેત્રમાં પ્રભા છે જ નહીં ૨૮.

(प०) **तत्रेति** नयने । **चेदेवं** ब्रूषे **तत्र** नयने **तरणिकिरणश्रेणीसम्पर्कतो रुचय उद्भूता** उत्कटा **उत्पद्यन्ते** परं ता **रुचयो यल्लोचने रोचमाना खलु न गृह्यन्ते** इति योगः । **तस्मिन्न**ग्रहणे **तपनालोकसम्पत्प्रतानो हेतुः** । रविकिरणहतानां तेषां चक्षूरश्मीनां न दर्शनमिति सम्बन्धः ॥२७॥ **काकोदरादेरि**ति सर्पादेः । **किं लक्ष्यन्ते** इत्यादि । **किं नैव लक्ष्यन्ते** इति संटङ्कः ॥२८॥

(टि०) **मुष्टीत्यादि** । **अत्रेति** निशीथे ॥२८॥

उत्पत्तिरुद्भूततयाऽथ तासां तत्रैव यत्राऽस्ति रविप्रकाशः ।
काकोदरादेरपि तर्हि नैताः कीटप्रकाशे कुशला भवेयुः ॥२९॥

अविवरतिमिरव्यतिकरपरिकरिताऽपवरकोदरे क्वचन ।
वृषदंशदृशि न दृष्टा मरीचयः किमु कदाचिदथ ? ॥३०॥

अत एव विलोकयन्ति सम्यक् तिमिराङ्कूरकरम्बितेऽपि कोणे ।
मूषकपरिपन्थिनः पदार्थाञ्ज्वलनालोकविजृम्भणं विनैव ॥३१॥

अत्रोत्तरम्—

चाकचिक्यप्रतीभासमात्रमत्रास्ति वज्रवत् ।
नांशवः प्रसरन्तस्तु प्रेक्ष्यन्ते सूक्ष्मका अपि ॥३२॥

मार्जारस्य यदीक्षणप्रणयिनः केचिद् मयूखाः सखे !
विद्येरन् न तदा कथं निशि भृशं तच्चक्षुषा प्रेक्षिते ।
प्रोन्मीलत्करपुञ्जपिञ्जरतनौ संजातवस्तुन्दुरे
प्रोज्जृम्भेत तवाऽपि हन्त ! धिषणा दीप्रप्रदीपाद् यथा ? ॥३३॥

कृशतरतया तेषां नो चेदुदेति मतिस्तव
प्रभवति कथं तस्याऽप्यस्मिन्नसौ निरुपप्लवा ? ।
घटननिपुणा साक्षात् प्रेक्षाविधौ हि ततिस्त्विषां
न खलु न समा धीमन् ! सा चोभयत्र विभाव्यते ॥३४॥

अमूदृग्मूषिकारीणां तस्मादस्ति स्वयोग्यता ।
यया तमस्यपीक्षन्ते न चक्षू रश्मिवत् पुनः ॥३५॥

इत्थं न चक्षुषि कथञ्चिदपि प्रयाति
संसिद्धिपद्धतिमियं खलु रश्मिवत्ता ।

तस्मात् कथं कथय तार्किक ! चक्षुषः स्यात्
प्राप्यैव वस्तुनि मतिप्रतिबोधकत्वम् ? ॥३६॥

નૈયાયિક—જ્યાં સૂર્યપ્રકાશ હોય ત્યાં જ નેત્રકિરણોમાં ઉદ્ભૂત રૂપની ઉત્પત્તિ છે. એટલે કે રાત્રે નેત્રના કિરણોમાં ઉદ્ભૂત-રૂપ નથી તેથી તે દેખાતા નથી.

જૈન—જો એમ હોય તો તે અનુદ્ભૂત રૂપવાલી નેત્રરશ્મિઓ સર્પાદિકને કીટાદિનો બોધ કરાવવામાં પણ સમર્થ નહીં થાય, કારણ કે રાત્રે સૂર્ય ન હોઇ રશ્મિ ઉદ્ભૂત રૂપયુક્ત નથી. ૨૯.

નૈયાયિક—રશ્મિઓ સૂર્ય વિના ભલે રાત્રે ઉદ્ભૂતરૂપવાળી ન હોય છતાં હે જૈન ! અત્યંતગાઢ અંધકારવાળા ઓરડામાં ફરતી બિલાડીના નેત્રમાં શું તમે કોઇ પણ વખત કિરણો નથી જોયાં ? ૩૦.

ઉદ્ભૂતરૂપવાળી રશ્મિઓ હોવાથીજ અંધકારથી વ્યાપ્ત ઘરના ખૂણામાં, અગ્નિ વિગેરેના પ્રકાશ વિના પણ બિલાડી પદાર્થને જોઈ શકે છે. ૩૧.

જૈન—ગાઢ અંધકારમાં બિલાડીનાં નેત્રમાં કિરણો દેખાય છે, એવું તમારું ઉપરોક્ત કથન યુક્તિયુક્ત નથી. કારણ કે જેમ વજ્રમાં ચળકાટનું ભાન થાય છે, તેમ બિલાડી આદિના નેત્રમાં પણ માત્ર ચળકાટનું ભાન થાય છે, પરંતુ નેત્ર-માંથી ચોતરફ ફેલાતા સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ કિરણો જોવામાં આવતાં નથી. ૩૨.

વળી, હે મિત્ર નૈયાયિક ! જો બિલાડીનાં નેત્રમાં કિરણો હોય અને તે પ્રસરતાં હોય તો રાત્રે પ્રદીપાદિના કિરણોથી વ્યાપ્ત થયેલ ઘટ-પટાદિ પદાર્થ જણાય છે, તેમ બિલાડી-આદિના નેત્રકિરણોથી વ્યાપ્ત હોવાના કારણે ઉંદર પીળા શરીરવાળો તમને શા માટે નથી દેખાતો ? ૩૩.

નૈયાયિક—બિલાડીના નેત્ર કિરણો અતિકૃશ હોવાથી તે કિરણોથી વ્યાપ્ત શરીરવાળા ઉંદરનું જ્ઞાન અમને થતું નથી.

જૈન—તો પછી અતિકૃશ કિરણોની સહાયથી ઉંદરનું જ્ઞાન વિના હરકતે બિલાડીને કેમ થાય છે ? અર્થાત્ તેને પણ તેનો બોધ થવો ન જોઇએ, કેમકે પ્રત્યક્ષ જ્ઞાન કરાવવામાં કુશલ એવા કિરણોમાં અસમાનતા છે, એમ તો તા કહી શકશો જ નહિ. એટલે કે—જો બન્ને માટે કિરણો સરખાં જ હોય તો પછી એકને જ્ઞાન થાય અને બીજાને ન થાય એમ કેમ કહેવાય ? ૩૪.

માટે બિલાડીના નેત્રમાં એવી યોગ્યતા જ છે, કે જેથી તે અંધકારમાં પણ જોઈ શકે છે. પરંતુ તેનાં નેત્રો રશ્મિવાળાં નથી. ૩૫.

આ રીતે વિચારતાં ચક્ષુમાં કોઈ પણ રીતે રશ્મિવત્તા સિદ્ધ થઇ શકતી નથી, તો હે તાર્કિક ! ચક્ષુ પદાર્થને પ્રાપ્ત થઈને બોધજનક છે, એ કઇ રીતે સિદ્ધ થશે ? અર્થાત્ ચક્ષુની પ્રાપ્યકારિતા સિદ્ધ નથી. ૩૬.

(૫૦) **एता इति** रुचयः ॥२९॥ **किमु कदाचिद्**येति। अहो जैन किं न दृष्टा मरीचय इति पृच्छा ॥३०॥ **तच्चक्षुषेति** मार्जारचक्षुषा। अत्र काव्ये **तत्रापि धिषणा कथं न प्रोज्जृम्भे**

तेति संयोगः ॥३३॥ **तस्यापीति** श्रोतोरपि। **अस्मिन्निति** मूषिके । **मतिप्रतिबोधकत्वमिति** प्रत्यक्षलक्षणमतिजनकत्वम् ॥३६॥

(टि०) **उत्पत्तिरित्यादि** । **उद्भूततया** बाहुल्यतया। **तासामिति** रुचीनाम्। **तत्रैवेति** प्रदेशे । **काकादरादेरिति** सर्प्पप्रमुखस्य । **एता** इति रुचयः ॥२९॥ **अविवरेत्यादि** परवचनमेतत् । **वृषदंशेति** दंशदशने । **वृषान्** मूषकान् **दशतीति** कर्म्मण्यण् मार्ज्जारस्तन्नेत्रे । **न दृष्टा** इति अपि तु दृश्यन्ते एव ॥३०॥ **अत एवेत्यादि अत** इति मरीचिचयप्रभावादेव । **तिमिरेति** अन्धकारबहुलेपि। **मूषकपरीति** मार्ज्जारः ॥३१। **चाकचिक्येत्यादि** । **अत्र** चक्षुषि ॥३२॥ **कृशतरेत्यादि** । **तेषामिति** रश्मीनाम्। **तस्यापीति** बिडालस्य । **अस्मिन्निति** उन्दरे। **असाविति** मतिः। **सा चेति** त्विषां सन्ततिः । **उभयत्रेति** त्वच्चक्षुषि ओतुचक्षुषि च ॥३४॥ **इत्थमित्यादि** । **तार्किकेति** षट्तर्कभाषापरितर्ककर्कशमते इति सोल्लुण्ठवचनम्। **प्रतिबोधकत्वमिति** ज्ञानोत्पादकत्वम् ॥३६॥

बहिरर्थग्रहौन्मुख्यं बहिष्कारणजन्यता ।
स्थायित्वं वा बहिर्देशे किं बाह्येन्द्रियता भवेत् ॥३७॥

तत्रादिमायां भिदि चेतसा स्यादेतस्य हेतोर्व्यभिचारचिह्नम् ।
अप्राप्यकारि प्रकरोति यस्माद् मन्दाकिनीमन्दरबुद्धिमेतत् ॥३८॥

दोषः स एवोत्तरकल्पनायां यदात्मनः पुद्गल एष बाह्यः ।
चेतश्च तस्मादुपजायमानमेतद् बहिष्कारणजन्यताभृत् ॥३९॥

चेतः सनातनतया कलितस्वरूपं
सर्वापकृष्टपरिमाणपवित्रितं च ।
प्रायः प्रियः प्रणयिनीप्रणयातिरेका-
देतत् करोति हृदये न तु तर्कतज्ज्ञाः ॥४०॥

एतदत्र वितती क्रियमाणं प्रस्तुतेतरदिव प्रतिभाति ।
विस्तराय च भवेदिति चिन्त्यं तद् विलोक्य गुरुगुम्फितवृत्तिम् ॥४१॥

पक्षे तृतीये विषयप्रदेशः शरीरदेशो यदि वा बहिः स्यात् ।
स्थायित्वमाद्ये विषयाश्रितत्वं यद्वा प्रवृत्तिर्विषयोन्मुखी स्यात् ? ॥४२॥

प्राचीनपक्षे प्रतिवाद्यसिद्धिकलङ्कपङ्कः समुपैति हेतोः ।
स्याद्वादिना यत् प्रतिवादिनाऽस्य नाऽङ्गीकृतं मेयसमाश्रितत्वम् ॥४३॥

વળી, હે **નૈયાયિક** ! તમોએ ચક્ષુમાં પ્રાપ્યકારિત્વ સિદ્ધ કરવાને તમારા અનુમાનમાં 'બાહ્યેન્દ્રિયરૂપ હોવાથી' એવો હેતુ કહ્યો તો તેમાં 'બાહ્યેન્દ્રિયરૂપ' નો તમને શો અર્થ અભિપ્રેત છે ? 'બાહ્ય ઘટપટાદિ પદાર્થનો બોધ કરાવવામાં સન્મુખતા–તત્પરતા' એ બાહ્યેન્દ્રિયતાનું લક્ષણ છે ? કે બાહ્ય કારણોથી જન્યત્વ છે કે બાહ્યદેશમાં સ્થિતિ એ બાહ્યેન્દ્રિયત્વ છે ? ૩૭.

પ્રથમ પક્ષમાં એટલે કે બાહ્ય પદાર્થના જ્ઞાનમાં અભિમુખ હોય તે જો બાહ્યેન્દ્રિય કહેવાય તો મનને પણ બાહ્યેન્દ્રિય કહેવું જોઈએ. કારણ કે–મન અપ્રાપ્યકારિ હોવા છતાં પણ મેરૂપર્વત, ગંગા નદી આદિ બાહ્ય પદાર્થોનું જ્ઞાન કરાવે છે. ૩૮.

બીજા પક્ષમાં એટલે કે બાહ્ય કારણથી જન્ય હોવાથી બાહ્યેન્દ્રિય કહેવાતી હોય તો પણ તે જ દોષ છે એટલે કે, મનવડે હેતુમાં વ્યભિચાર આવશે. કારણ કે પુદ્ગલ આત્માથી બાહ્ય છે, અને મન પુદ્ગલ વર્ગણાથી ઉત્પન્ન થાય છે, માટે મન પણ બાહ્યકારણજન્ય તો છે જ અને છતાં તે અપ્રાપ્યકારી છે. ૩૯.

નૈયાયિક—મન નિત્ય છે અને અણુરૂપ છે તેથી તે બાહ્ય કારણજન્ય કહેવાય નહીં.

જૈન—તમારૂં આ કથન કામી પુરુષ સ્રીના પ્રેમથી માની લ્યે તો ભલે માની લ્યે પણ તર્ક જાણનાર બુદ્ધિશાળી પુરુષ તો કદી પણ નહીં માને. ૪૦.

આ સ્થળે મનનો નિત્યાનિત્યત્વનો વિચાર અપ્રસ્તુત જેવો છે. વળી, તેનો વિચાર વિસ્તારથી કરવો પડે માટે અહીં વિશેષ લખતા નથી. તો જિજ્ઞાસુ પુરુષોએ અમારા ગુરુજીએ રચેલ 'સ્યાદ્વાદરત્નાકર' નામની વૃત્તિ જોઈ વિચારી લેવું. ૪૧.

'બાહ્યપ્રદેશમાં સ્થાયિત્વ–સ્થિતિ કરે' તે 'બાહ્યેન્દ્રિય' એ ત્રીજા પક્ષમાં બાહ્યપ્રદેશ એટલે વિષયપ્રદેશ માનો છો કે શરીરપ્રદેશ ? 'વિષયપ્રદેશમાં સ્થિતિ' એ પ્રથમ પક્ષનો અર્થ 'વિષયને આશ્રિત' એ છે કે 'વિષયોન્મુખી પ્રવૃત્તિ' છે ? ૪૨.

'વિષયપ્રદેશમાં સ્થિતિ'નો અર્થ 'વિષયને આશ્રિત' એવો હોય તો પ્રતિવાદ્યસિદ્ધિ (અન્યતરાસિદ્ધિ) નામનો દોષ આવશે, કારણ કે–સ્યાદ્વાદમતાવલમ્બી પ્રતિવાદિએ ચક્ષુને વિષયાશ્રિત માનેલ નથી. ૪૩.

(प०) **तर्कतज्ज्ञा** इति । नित्यानित्यं मनः, शुभाशुभचिन्ताहेतुस्वभावात् ; मनोऽणुपरिमाणं न भवति करणत्वाल्लोचनादिवत्–एवंप्रायःप्रयोगविदुराः ।।४०।।

(टि०) **तत्रादिमायामि**त्यादि । **तत्रे**ति बाह्येन्द्रियत्वादिति हेतौ । **एतदि**ति मनः ।।३८।। **दोषः स एवे**त्यादि । **एष** इति चेतोवर्गणारूपः । **तस्मादि**ति पुद्गलात् ।।३९।। अथैवं मन्यसे–चेतो नित्यम् । ततः कथंकारं कारणजन्यं स्यादित्याशङ्क्याह–**चेतः सनातने**त्यादि । **सनातने**ति नित्यतया–तन्मते चेतो नित्यमित्यर्थः । **सर्वापकृष्टे**ति अणुपरिमाणं मनः ।।४०।। **प्राचीने**त्यादि । **अस्ये**ति विषयाश्रितत्वरूपस्य हेतोः ।।४३।।

पक्षे तथा साधनशून्यताऽस्मिन् दृष्टान्तदोषः प्रकटः पटूनाम् ।
जिह्वेन्द्रियं नार्थसमाश्रितं यद् विलोकयामासुरमी कदाचित् ।।४४।।
द्वितीयकल्पे किमसौ प्रवृत्तिरर्थाभिमुख्येन विसर्पणं स्यात् ? ।
आश्रित्य किं वा विषयप्रपञ्चं प्रतीतिसंपत्प्रतिबोधकत्वम् ? ।।४५।।

पक्षे पुरश्चारिणि सिद्धिवन्ध्यं स्यात् साधनं जैनमतानुगानाम्।
यस्माद् न तैर्लोचनरश्मिचक्रमङ्गीकृतं वस्तुमुखं प्रसर्पत् ॥४६॥
निदर्शनस्य स्फुटमेव दृष्टं वैकल्यमत्रैव हि साधनेन।
पदार्थसार्थं प्रति यद् न सर्पज्जिह्वेन्द्रियं केनचिदिष्टपूर्वम् ॥४७॥
पक्षान्तरे तु व्यभिचारमुद्रा किं चेतसा नैव समुज्जजृम्भे ?।
यस्मात् तदप्राप्य सुपर्वशैलस्वर्गो समुत्पादयति प्रतीतिम् ॥४८॥

વળી, આ પક્ષમાં જિહ્વેન્દ્રિયરૂપ દૃષ્ટાંત સાધનશૂન્ય હોઇ તે દૃષ્ટાંતાભાસ થશે, કારણ કે કુશલ પુરુષોએ જિહ્વાને કદીપણ વિષયને આશ્રિત હોય એ રીતે જોઇ નથી. ૪૪.

વિષયોન્મુખી પ્રવૃત્તિ કરે તે બાહ્યેન્દ્રિય છે, એ બીજો પક્ષ કહો તો વિષયોન્મુખી પ્રવૃત્તિ એટલે વિષયની સન્મુખ વિસર્પણ–ગમન છે કે વિષય પ્રપંચની અપેક્ષા રાખીને બોધજનક થવું તે છે? ૪૫.

પ્રથમ વિકલ્પમાં જૈન મતાનુસારે હેતુમાં અસિદ્ધિ (અન્યતરાસિદ્ધ) નામનો દોષ છે કારણ કે જૈનોએ પદાર્થ તરફ ગમન કરતું નેત્રગત રશ્મિચક્ર સ્વીકાર્યું નથી. ૪૬.

વળી, જિહ્વેન્દ્રિયનું પણ વિષય તરફ ગમન કોઈએ પણ માનેલ નથી. માટે દૃષ્ટાંતમાં પણ સાધનશૂન્યતા નામનો દોષ સ્પષ્ટ જણાય છે. ૪૭.

બીજા વિકલ્પમાં શું મનથી વ્યભિચાર નથી? કારણ કે મન વિષયપ્રપંચની અપેક્ષા રાખવા છતાં મેરૂપર્વત સ્વર્ગાદિ પદાર્થને પ્રાપ્ત કર્યા વિના જ તેમનું જ્ઞાન કરાવે છે. ૪૮.

(पं०) **अर्थसमाश्रितमि**ति अर्थाधेयम्। ॥४४॥ **आश्रित्येति** उद्दिश्य। ॥४५॥ **पुरश्चारिणीति** प्रथमे ॥४६॥

(टि०) **पक्षे पुर** इत्यादि। **साधनमि**त्यर्थाभिमुख्येन विसर्पणं जैनानामसिद्धम्। **तैरि**ति जैनैः ॥४६॥

शरीरस्य बहिर्देशे स्थायित्वं यदि जल्प्यते।
बाह्येन्द्रियत्वमत्र स्यात् संदिग्धव्यभिचारिता ॥४९॥
अप्राप्तार्थपरिच्छेदेनाऽपि सार्धं न विद्यते।
हेतोर्बाह्येन्द्रियत्वस्य विरोधो बत कश्चन ॥५०॥
क्वचित् साध्यनिवृत्त्या तु हेतुव्यावृत्तिदर्शनात्।
प्रतिबन्धप्रसिद्धिश्चेत् तदाऽत्रापि कथं न सा ? ॥५१॥
रसनस्पर्शनघ्राणश्रोत्रान्येन्द्रियताबलात्।
चक्षुरप्राप्यविज्ञातृ मनोवत् प्रतिपद्यताम् ॥५२॥

साध्यव्यावृत्तितोऽत्रापि हेतुव्यावृत्तिरीक्षिता ।
न च कश्चिद् विशेषोऽस्ति येनैकत्रैव सा मता ॥५३॥
बाह्येन्द्रियत्वं सकलङ्कमेवं न तार्किकान् प्रीणयितुं तदीष्टे ।
भ्रूविभ्रमो दुर्भगभामिनीनां वैदग्ध्यभाजो भजते न चेतः ॥५४॥

શરીરના બાહ્ય દેશમાં રહે તે બાહ્યેન્દ્રિય એમ કહો તો હેતુમાં સંદિગ્ધ-વ્યભિચાર–અનૈકાન્તિક દોષ આવશે. ૪૯.

કારણ કે આવા બાહ્યેન્દ્રિયત્વ હેતુને અપ્રાપ્યકારિત્વ સાથે કોઈ જાતનો વિરોધ નથી. ૫૦.

નૈયાયિક–કોઇ કોઈ ઠેકાણે સાધ્યનિવૃત્તિને કારણે સાધનનિવૃત્તિને લઇને પણ વ્યાપ્તિ સિદ્ધ થાય છે, તો તે પ્રમાણે જે પ્રાપ્યકારી નથી તે બાહ્યેન્દ્રિય પણ નથી જેમ કે મન—આમ વ્યાપ્તિની સિદ્ધિ શા માટે ન થાય ? ૫૧.

જૈન—તે જ પ્રકારે ચક્ષુમાં પણ અપ્રાપ્યકારિત્વની સિદ્ધિ સ્વીકારશે. અર્થાત્ એ જ ન્યાયે ચક્ષુમાં પણ અપ્રાપ્યકારિત્વની સિદ્ધિ થશે. ૫૧.

જેમ કે–ચક્ષુ અપ્રાપ્યકારી છે, કારણ કે રસન-સ્પર્શન-ઘ્રાણ અને શ્રોત્ર ઇન્દ્રિયથી ભિન્ન ઇન્દ્રિય તે છે, મનની જેમ. ૫૨.

અમારા આ અનુમાનમાં પણ તમારા અનુમાનની જેમ સાધ્યાભાવને કારણે સાધનાભાવ સિદ્ધ થઈ શકે છે તેથી તમારા અને અમારા અનુમાનમાં કંઈ પણ ફેર નથી, કે જેથી કરીને તમારા અનુમાનમાં સાધ્યની વ્યાવૃત્તિથી હેતુની વ્યાવૃત્તિ દ્વારા સાધ્યની સિદ્ધિ થાય, અને અમારા અનુમાનમાં ન થાય. સારાંશ એ છે કે વ્યાપ્તિની સિદ્ધિ એકાદ દૃષ્ટાંતથી નહીં પણ સર્વવિપક્ષોમાંથી હેતુની વ્યાવૃત્તિ હોય તો જ થાય છે. તમે માત્ર એક મનમાં જ હેતુની વ્યાવૃત્તિ બતાવી વ્યાપ્તિ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો તે બરાબર નથી. ૫૩.

આથી અભાગિની(વિધવા) સ્ત્રીના કટાક્ષો ઉત્તમ (સાધુ) પુરુષના ચિત્તને મોહ પમાડી શકતા નથી, તેમ તમારો આ હેતુ સકલંક સંદિગ્ધવ્યભિચારી હોવાથી તાર્કિક પુરુષોને પ્રસન્ન કરવા સમર્થ નથી. ૫૪.

(प०) **संदिग्धव्यभिचारित्वे**ति अनैकान्तिकत्वम् ॥४९॥ **अप्राप्तार्थपरिच्छेदेनापी**ति अप्राप्यकारित्वेनापि ॥५०॥ **क्वचिदिति** यत् प्राप्यकारि न भवति, तद् बाह्येन्द्रियमपि न भवति, यथा मनः । एवंविधे जैनोक्ते व्यावृत्तिप्रधाने साधने । **अत्रापीति** उत्तरपद्येन वक्ष्यमाणे प्रयोगे । **सेति** प्रतिबन्धप्रसिद्धिः ॥५१॥ **सकलंकमति** संदिग्धानैकान्तिकत्वदूषितम् ॥५२॥

(टि०) **अप्राप्तार्थे**त्यादि । चक्षुरप्राप्य विषये मतिं करोति, बाह्येन्द्रियत्वाज्जिह्वावदित्यपि हेतोर्न विरोधः ॥५०॥ **क्वचित्साध्ये**त्यादि । तन्मते हि[1] विपक्षव्याप्तावपि [2]साधनव्यावृत्तेः पूर्वं साध्यव्यावृत्तिरिष्यते । अतः **क्वत्साध्ये**ति प्राप्यकारित्वव्यावृत्त्या **हेतोरि**ति बाह्येन्द्रियत्वस्य । यत्प्राप्यकारि न स्यात् तद्बाह्येन्द्रियमपि न, यथा मनः । एवं विधे व्यावृत्तिप्रधाने साधने । **प्रतिबन्धे**ति । **प्रतिबन्धस्या**विनाभावस्य **प्रसिद्धिः** । **अत्रापी**ति चक्षुरप्राप्यकारीत्येवंरूपे । **सेति** प्रतिबन्धप्रतिपत्तिः । अस्मन्मतेऽयं स्वभावो विपक्षे साध्यव्यावृत्तिपूर्वा साधननिवृत्तिः ॥५१॥ **साध्य-**

---

१ विपक्षे व्या० मु । २ साधनस्य व्यावृत्तिपूर्वं सा० मु ।

व्यावृत्तीत्यादि। **से**ति प्रतिबन्धप्रसिद्धिः। तावकानुमाने आस्माकीने च समाना उभयोर्विशेषाभावात् ॥५३॥ **सकलङ्कमि**ति सन्दिग्धानैकान्तिकत्वदूषितम् ॥५४॥

किञ्चाऽत्र संसूचितमादिशब्दात् वृत्ते पुरश्चारिणि कारकत्वम्।
यत् प्राप्यकारित्वसमर्थनाय नेत्रस्य तत् काणदृगञ्जनाभम् ॥५५॥
यस्मादिदं मन्त्रजपोपसर्पत्प्रोद्दामरामाव्यभिचारदोषात्।
उत्तालवेतालकरालकेलीकलङ्कितश्रीकमिवाऽवभाति ॥५६॥

વળી, 'ચક્ષુ પ્રાપ્યકારી છે, બાહ્યેન્દ્રિયાદિરૂપ હોવાથી' આ પ્રમાણે ચક્ષુમાં પ્રાપ્યકારિત્વની સિદ્ધિ માટે કહેલ હેતુમાં આદિ શબ્દથી 'કારકત્વ' રૂપ હેતુનું સૂચન કર્યું છે પણ તે કાણી આંખને આંજવાની જેમ વ્યર્થ છે. ૫૫.

કારણ કે આ 'કારકત્વ' હેતુમાં મન્ત્રજાપથી નજીક આવતી ઉદ્ધત સ્ત્રીથી વ્યભિચાર છે, માટે તે ઉત્કટ મહોન્મત્ત વેતાલની ભયંકર ક્રીડાથી કલંકિત થયેલી શોભાવાળો જણાય છે. ૫૬.

(પ૦) **पुरश्चारिणी**ति चक्षुः प्राप्येत्यस्मिन् ॥५५॥

(टि०) **कारकत्वमि**ति यत्कारकं तत्प्राप्यकारीति व्याप्तिः ॥५५॥ **यस्मादिदमि**ति **यस्मादि**ति कारणात्। **इदमि**ति कारकत्वम्। मन्त्रः [अ]प्राप्यकारी, रामाद्याकर्षणकारकत्वात्। अत एवानैकान्तिकोऽयं हेतुः ॥५६॥

तथाहि—

कनकनिकषस्निग्धां मुग्धां मुहुर्मधुरस्मितां
चटुलकुटिलभ्रूविभ्रान्तिं कटाक्षपटुच्छटाम्।
त्रिजगति गतां कश्चिद् मन्त्री समानयति क्षणात्
तरुणरमणीमाराद् मन्त्रान् मनोभुवि संस्मरन् ॥५७॥
कश्चिदत्र गदति स्म यत् पुनर्मन्त्रमन्त्रणगवी समानयेत्।
युक्तमेव मदिरेक्षणादिकं तेन नाऽभिहितदूषणोदयः ॥५८॥
मन्त्रस्य साक्षाद् घटना प्रियादिना परम्परातो यदि वा निगद्यते ?।
साक्षात् न तावद् यदयं विहायसो ध्वनिस्वरूपस्तव संमतो गुणः ॥५९॥
ततोऽस्य तेनैव समं समस्ति संसक्तिवार्ता न तु पक्ष्मलाक्ष्या।
अथाऽक्षरालम्बनवेदनं स्याद् मन्त्रस्तथाऽप्यस्त्वियमात्मनैव ॥६०॥

તે આ પ્રમાણે-મનમાં મંત્રનો જપ કરનાર કોઈ માંત્રિક પુરુષ ત્રણ જગતમાં કોઇ પણ સ્થળે રહેલી, સુવર્ણની કસોટી સમાન સ્નિગ્ધ, ભોળી, વારંવાર મધુર હાસ્ય કરતી, ચપલ અને વક્રભ્રુકુટિના વિલાસવાળી કટાક્ષની સુંદર છટાવાળી સ્રીને દૂરથી પણ ક્ષણવારમાં ખેંચી લાવે છે. અહિં મંત્રમાં 'કારકત્વ' તો છે, પણ પ્રાપ્યકારિત્વ નથી. માટે આ હેતુ વ્યભિચારી છે. ૫૭.

નૈયાયિક—આ વિષયમાં અમારું કહેવું એમ છે કે-મંત્રમાં યોજાયેલ વાણી સ્ત્રીને ખેંચી લાવે છે. માટે ઉપર કહેલ વ્યભિચાર દોષ આવશે નહીં. ૫૮.

જૈન—એમ કહો તો પૂછીએ છીએ કે-સ્ત્રીની સાથે મંત્રનો સંબંધ સાક્ષાત છે કે પરંપરાએ? સાક્ષાત્ સંબંધ તો સંભવે નહીં. કારણકે મંત્ર શબ્દરૂપ છે, અને તમો શબ્દને આકાશનો ગુણ માનો છો. ૫૯.

માટે આ શબ્દરૂપ મન્ત્રનો સાક્ષાત્ સંબંધ તો આકાશ સાથે જ ઘટી શકે છે, પરંતુ સ્ત્રી સાથે ઘટી શકે નહીં.

નૈયાયિક-અક્ષરોના આલમ્બનથી ઉત્પન્ન થયેલ જ્ઞાન એ જ મંત્ર છે.

જૈન-એમ માનો તો જ્ઞાન આત્માનો ગુણ છે. માટે જ્ઞાનરૂપ મન્ત્રનો સાક્ષાત્ સંબંધ આત્મા સાથે જ થશે, પરંતુ સ્ત્રી સાથે નહીં થાય આથી મંત્રનો સાક્ષાત્સંબંધ સ્ત્રી સાથે છે, એમ કહી શકશો નહીં. ૬૦.

(प०) **आरादिति** दूरात् ॥५७॥ **युक्तमिति** सम्बद्धम् ॥५८॥ **अस्येति** शब्दस्य। **तेनैवेति** विहायसा ॥६०॥

(टि०) **कश्चिदत्रे**त्यादि । **युक्त**मिति सम्बद्धमेव । **मदिरे**ति नारीप्रभृतिकम् । **तेने**ति कारेणन भवद्भि**रभिहितमु**क्तं **दूषणं** तस्योद्**यो** न ॥५८॥ **मन्त्रस्ये**त्यादि । **विहायस** इति आकाशस्य। शब्दो ह्यम्बरगुणो भवतः सम्मतः । यो यस्य गुणः स तेनैव सम्बद्धो भवति नान्येन ॥५९॥ **ततोऽस्ये**त्यादि । **ततः** कारणा**दस्ये**ति ध्वनिरूपस्य मन्त्रस्य [1]**तेने**ति आकाशेन । **वेदन**मिति ज्ञानम् । **इय**मिति संसक्तिवर्त्ता । ज्ञानमात्मगुणः । अत एवात्मसम्बद्धो भवतु ॥६०॥

अथापि मन्त्रस्य निवेद्यते त्वया संसक्तिरेतत्पतिदेवताऽऽत्मना ।
संतोषपोषप्रगुणा च सा प्रियां प्रियं प्रति प्रेरयति स्वयोगिनीम् ॥६१॥

ब्रूमहेऽत्र ननु देवताऽऽत्मना मन्त्रवर्णविसरस्य का घटा ?।
अम्बरस्य गुण एष तत् कथं देवताऽऽत्मनि भजेत सङ्गतिम् ? ॥६२॥

आश्रयद्वारतोऽप्यस्य संसर्गो नास्ति सर्वथा ।
व्यापकद्रव्ययोर्यस्मात् संसर्गो नाऽमुना मतः ॥६३॥

व्यापकेषु वदति व्यतिषङ्गं यस्तु तेन मनसा ध्वनिना च ।
वीतवस्तुविषयेण विमृश्यः स्पष्ट एव विलसन् व्यभिचारः ॥६४॥

अयस्कान्तादनेकान्तस्तथाऽत्र परिभाव्यताम् ।
आक्षेपश्च समाधिश्च ज्ञेयौ रत्नाकरादिह ॥६५॥

---

१. 'अनेन' इति सर्वासु प्रतिषु ।

कारकत्वमपि तद् न शोभते प्राप्यकारिणि यदीक्षणे मतम् ।
प्राप्य वस्तु वितनोति तद् मतिं नैव चक्षुरिति तत्त्वनिर्णयः ॥६६॥
अद्रिचन्द्रकलनेषु येत्यदः प्राक् प्ररूपितमुपैति नो घटाम् ।
रश्मिसंचयविपञ्चितं हि तत् ते च तत्र [1]नितरां व्यपाकृताः ॥६७॥

નૈયાયિક–મંત્રનો સાક્ષાત્સંબંધ એના સ્વામી (અધિષ્ઠાયક) દેવ સાથે છે, અને દેવનો સંબંધ સ્ત્રી સાથે છે. એટલે મંત્રોચ્ચારથી પ્રસન્ન થયેલ તે દેવતા પોતાસાથે સંબંધવાળી સ્ત્રીને મંત્ર ભણનાર પુરુષ પ્રત્યે પ્રેરણા કરે છે–એમ પરંપરા સંબંધ છે. ૬૧.

જૈન–આ વિષયમાં તમને પૂછીએ છીએ કે–મન્ત્રાક્ષરોના સમૂહનો દેવના આત્મા સાથે કયો સંબંધ છે? કારણ કે તમારા મતાનુસાર આ મન્ત્રાક્ષરોનો સમૂહ શબ્દરૂપ હોવાથી આકાશનો ગુણ છે, તો પછી દેવને વિષે મન્ત્રનો સંબંધ છે, એ કથન કઈ રીતે સંગત થશે? અર્થાત્ નહીં થાય. ૬૨

નૈયાયિક–શબ્દોનો આશ્રય આકાશ છે, અને તે વ્યાપક છે. તો તે આકાશ દ્વારા શબ્દરૂપ મન્ત્રાક્ષરોના સમૂહનો દેવના વ્યાપક આત્મા સાથે સંબંધ થશે.

જૈન–એમ પણ તમે કહી શકશો નહીં, કારણ કે–વ્યાપક દ્રવ્યોનો પરસ્પર સંસર્ગ તમોએ માનેલ નથી. ૬૩.

વળી (નવીન નૈયાયિકાદિ કે વૈશેષિકાદિ) જેઓ વ્યાપક દ્રવ્યોનો પણ પરસ્પર સંયોગ સંબંધ માને છે, તેઓના મતે પણ અતીત વસ્તુને વિષય કરનાર મન અને શબ્દ વડે હેતુમાં સ્પષ્ટ વ્યભિચાર દેખાય છે. અર્થાત્ જે વસ્તુ નષ્ટ થઈ ગઈ તેની સાથેના સંસર્ગનો અસંભવ છતાં મન અને શબ્દ તેના બોધના કારક છે. ૬૪. વળી આ કારકત્વ હેતુમાં લોહચુંબક વડે પણ વ્યભિચાર છે, કારણ કે, ચુંબક શક્તિ લોહચુંબકમાં સ્થિત હોઈ લોહને અપ્રાપ્ત છતાં દૂરગત લોહનું આકર્ષણ કરે છે, આ અંગે શંકા અને સમાધાન, વિગેરે જિજ્ઞાસુ બુદ્ધિમાનોએ સ્યાદ્વાદરત્નાકર(પૃ. ૩૩૦–૩૧)માંથી જાણી લેવાં. ૬૫

માટે ઉપર મુજબ વિચારતાં ચક્ષુમાં પ્રાપ્યકારિત્વની સિદ્ધિ માટે અપાતો આ કારકત્વ હેતુ જરાએ શોભાસ્પદ નથી, તેથી કરીને ચક્ષુ પદાર્થને પ્રાપ્ત કર્યા વિના જ જ્ઞાન કરાવે છે, એ અબાધિત સિદ્ધાન્ત જાણવો. ૬૬.

વળી પર્વત અને ચંદ્રજ્ઞાનમાં તમોએ જે કાલવિલમ્બ (શ્લોક ૩) કહ્યો હતો તે પણ યુક્તિયુક્ત નથી કારણ કે–રશ્મિચક્રને માનવાથી આ કથન થઈ શકે છે, પરંતુ ચક્ષુમાં તે રશ્મિચક્રનું અમોએ સર્વથા ખંડન કરી નાંખેલ છે. ૬૭.

(૧૦) **अथापीति** परम्परापक्षस्योपक्षेपः । **स्वयोगिनीमिति** स्वसम्बद्धाम् ॥६१॥ **आश्रयद्वारत** इति । शब्दस्याश्रयो ह्याकाशः । स च सर्वव्यापी । **अस्येति** मन्त्रवर्णविसरस्य ॥६३॥ **व्याप-**

1 तत्र किमपि व्य० **मुपा** । ।

केचिदिति आत्मादिषु । **यस्त्विति** मनसः प्राप्यकारित्ववादी वैशेषिकादिः । **व्यभिचार** इति कारकत्वहेतोरनैकान्तिकत्वम् । को भावः ? अतीतवस्तुविषयस्य मनसः शब्दस्य च यद्यपि चिन्तकत्वेनार्थप्रकाशकत्वेन च कारकत्वमस्ति तथापि प्राप्यकारित्वं नास्ति विषयस्यातीतत्वात् ॥६४॥ **अयस्कान्तादनेकान्त** इति । स हि कारकमस्ति परं अप्राप्यकारी । **अत्रेति** कारकत्वहेतौ ॥६५॥ **मतमिति** भवतां इष्टम् । **प्राप्य वस्त्वित्यादि** चक्षुः कर्तृ **वस्तु प्राप्य मतिं नैव वितनोतीति** योजना ॥६६॥ **तत्रेति** नयने ॥६७॥

(टि०) **अथापीत्यादि** । **पततपतीति** एतस्य मन्त्रस्याधिष्ठातृदेव्या । **सेति** अधिष्ठात्री । **स्वयोगिनीमित्या**त्मसम्बद्धाम् ॥६१॥ **आश्रयेत्यादि** । परम्परापक्षस्य परिहारः । **आश्रयस्य** गगनस्य **द्वारेण** मंत्रवर्णविसरो गगने संसज्यते, अकाशं पक्ष्मलाक्ष्या इत्यपि नघटते । **व्यापकेति** आकाशात्मनोः । **अमुनेति** भवदाचार्येण ॥६३॥ **व्यापकेष्वित्यादि** । **व्यतिषङ्गमिति** संयोगम् । **तेनेति** भवतां चतुर्णां मध्ये केनापि । **य** इति मनसः प्राप्यकारित्ववादिवैशेषिकादिः । **मनसेति** अप्राप्यकार्यपि मनो ध्वनिश्च कारकम् । **व्यभिचारः** कारकत्वाख्यहेतोः । कारकत्वहेतोरनैकान्तिकत्वम् । को भावः ? अतीतवस्तुविषयस्य मनसः, शब्दस्य च, यद्यपि चिन्तकत्वेनार्थप्रकाशकत्वेन च कारकत्वमस्ति, तथापि प्राप्यकारित्वं नास्ति, विषयस्यातीतत्वात् । अयस्कान्तो हि कारकमस्ति परमप्राप्यकारी ॥६४–६५॥ **अद्रिचन्द्रेत्यादि** । **ते** इति रश्मयः । **तत्रेति** चक्षुषि । **व्यपाकृता** इति पूर्वोक्तप्रकारेण निराकृताः ॥६७॥

§ ६ किञ्च,

चक्षुरप्राप्य धीकृद् व्यवधिमतोऽपि प्रकाशकं यस्मात् ।
अन्तःकरणं यद्वद् व्यतिरेके स्यात् पुना रसना ॥६८॥

अथ द्रुमादिव्यवधानभाजः प्रकाशकत्वं ददृशे न दृष्टौ ।
ततोऽप्ययं हेतुरसिद्धतायां धौरेयभावं विभराम्बभूव ॥६९॥

एतन्न युक्तं शतकोटिकाचस्वच्छोदकस्फाटिकभित्तिमुख्यैः ।
पदार्थपुञ्जे व्यवधानभाजि संजायते किं नयनाद् न संवित् ? ॥७०॥

दम्भोलिप्रमृति प्रभिद्य भिदुराश्चेद् रोचिषश्चक्षुषः
संसर्गोपगताः पदार्थपटलीं पश्यन्ति तत्र स्थिताम् ।
एवं तर्हि समुच्छलन्मलभरं भित्त्वा जलं तत्क्षणात्
तेनाऽप्यन्तरितस्थितीननिमिषानालोकयेयुर्न किम् ? ॥७१॥

विध्यातास्तेन ते चेद् विमलजलभरात् किं भजन्ते न शान्ति
किञ्चाऽम्भः काचकूपोदरविवरगतं निष्पतेत् तत् तदानीम् ।
दीपश्चेद् नैष तूर्णं यदयमुदयते नूतनव्यूहरूपः
सर्पेयुस्तर्हि नैताः कथमपि रुचयो लोचनस्यापि तस्मिन् ॥७२॥

भवति परिगमश्चेद् वेगवत्त्वादमीषां
कतिपयकलयाऽस्तु क्षीरपातस्तदानीम् ।
न च भवति कदाचिद् बुद्बुदस्यापि तस्मात्
प्रपतनमिति युक्तस्तस्य नाशः क्रिमाशु ? ॥७३॥

किञ्च,

कलशकुलिशप्राकारादित्रिविष्टपकन्दरा–
कुहरकलितं विश्वं वस्तु प्रतिक्षणभङ्गुरम् ।
ज्वलनकलिकावत् किन्त्वस्मिन् निरन्तरताभ्रमः
प्रभवति वदन्नित्थं शाक्यः कथं प्रतिहन्यते ? ॥७४॥
तस्थौ स्थेमा तदस्मिन् व्यवधिमदमुना प्रेक्ष्यते येन सर्वं
तत् सिद्धा नेत्रबुद्धिर्व्यवधिपरिगतस्यापि भावस्य सम्यक् ।
कुड्यावष्टब्धबुद्धिर्भवति किमु न चेद् नेदृशी योग्यताऽस्य
प्राप्तस्यापि प्रकाशे प्रभवति न कथं लोचनाद् गन्धबुद्धिः ? ॥७५॥
किं वा न प्रतिभासते शशधरे कर्मापि तद्रूपवद्
दूराच्चेद् विलसत् तदस्य हृदये लक्ष्येत किं लाञ्छनम् ? ।
तस्माच्चक्षुषि योग्यतैव शरणं साक्षी च नः प्रत्यय-
स्तत् तर्कप्रगुण ! प्रतीहि नयनेष्वप्राप्य धीकर्तृताम् ॥७६॥

§ ६ વળી, ચક્ષુ અપ્રાપ્યકારી અર્થાત્ પદાર્થને પ્રાપ્ત થયા વિના જ્ઞાન કરાવનારી છે, વ્યવધાનવાળા પદાર્થોને પણ જણાવતી હોવાથી, મનની જેમ. આ અન્વયી–સાધર્મ્ય દૃષ્ટાન્ત છે. અને વ્યતિરેકી–વૈધર્મ્ય દૃષ્ટાન્ત તરીકે અહીં જીભ જાણવી. ૬૮.

નૈયાયિક–ઝાડ વિગેરેથી વ્યવધાનવાળા પદાર્થોનું ચક્ષુ પ્રકાશક–જ્ઞાપક નથી, માટે તેમાં અપ્રાપ્યકારિત્વનો સાધક 'વ્યવધાનવાળા પદાર્થોને પણ જણાવતી હોવાથી' એ હેતુ સ્વરૂપાસિદ્ધ છે. ૬૯.

જૈન–તમારું આ કથન યુક્તિયુક્ત નથી, કારણ કે–મણિ, કાચ, સ્વચ્છ જળ અને નિર્મળસ્ફટિકની ભીંત વગરેથી વ્યવધાનવાળા પદાર્થોનું જ્ઞાન શું નેત્રથી નથી થતું ? અર્થાત્ થાય છે, માટે અમારો હેતુ સ્વરૂપાસિદ્ધ નથી. ૭૦.

નૈયાયિક–ચક્ષુના કિરણો વજ્ર, મણિ, જળ, સ્ફટિકાદિ પદાર્થોને ભેદવાનાં સ્વભાવવાળાં છે, તેથી તે પદાર્થોને ભેદીને પદાર્થને પ્રાપ્ત થઈને તેનો બોધ કરાવે છે.

જૈન–જો એમ હોય તો–ઉછળતા મલિન પાણીને ભેદીને તેમાં રહેલ માછલાંઓનો બોધ નેત્ર કેમ કરાવતાં નથી ? ૭૧.

---

१ °रावत्रि° मु ।

નૈયાયિક–મલિન જળવડે તે નેત્રરશ્મિઓ ખુઆઈ જાય છે, તેથી મેલા જળમાં રહેલ માછલાં વિગેરે દેખી શકાતાં નથી.

જૈન–તો પછી નિર્મળ જળના સમૂહથી નેત્ર રશ્મિ કેમ ખુઆઈ જતાં નથી? અર્થાત્ નેત્ર કિરણો જો મલિન જળથી ખુઆઈ જતા હોઈ મલિન જળમાં રહેલ પદાર્થના બોધમાં સમર્થ થતાં ન હોય તો નિર્મળ જળમાં રહેલ પદાર્થના બોધમાં પણ સમર્થ નહીં થાય. વળી, ચક્ષુકિરણોને તમો પદાર્થના ભેદક માનો છો. તેથી કાચની શીશીમાં રહેલું પાણી ચાક્ષુષપ્રત્યક્ષ સમયે બહાર નીકળી જવું જોઇએ. કારણ કે તે વખતે તમારા મતાનુસાર ચક્ષુકિરણોથી કાચની શીશીનો ભેદ થવાથી તે છિદ્રમય બની ગયેલ છે.

નૈયાયિક—પાણી શીશીમાંથી બહાર નથી આવતું કારણ કે–ચક્ષુરશ્મિથી ભેદાયેલ (છિદ્રમય બની ગયેલ) કાચની શીશી જલદીથી નવીન ઉત્પન્ન થઈ જાય છે.

જૈન—જો એમ થતું હોય તો પછી નેત્રકિરણો પણ તેમાં કોઈ પણ રીતે પ્રવેશ કરી શકશે નહીં. ૭૨

નૈયાયિક—નેત્રકિરણો અતિ વેગવાળાં હોવાથી કાચની શીશીમાં પ્રવેશ કરી જશે.

જૈન—એમ કહો તો તે વખતે કાચની શીશીમાંથી થોડુંક પાણી તો બહાર નીકળવું જ જોઈએ, પરંતુ ચાક્ષુષ પ્રત્યક્ષસમયે કાચની શીશીમાંથી પાણીનું બિન્દુ પણ બહાર નીકળતું નથી. તો પછી આ રીતે તે કાચની શીશીનો શીઘ્ર નાશ અને પુનઃ નવીન શીશીની ઉત્પત્તિ એ પ્રક્રિયા યુક્તિયુક્ત નથી .૭૩.

વળી, જો તેમ થતું હોય તો 'ત્રણે લોકમાં રહેલ ઘટપટાદિ સમસ્ત વસ્તુ પ્રતિક્ષણે ભંગુર છે, છતાં તે વસ્તુમાં જે નિરન્તરતાનું જ્ઞાન થાય છે અર્થાત્ 'આ તે જ છે' એવું ભાન થાય છે, તે તો આ 'તેજ દીપકલિકા છે' એ જ્ઞાનની જેમ ભ્રમરૂપ છે'–આ પ્રમાણે બોલનાર બૌદ્ધનો નિરાસ કેવી રીતે થશે ? અર્થાત્ તમારા અને બૌદ્ધના મતમાં ભેદ નહીં રહે. ૭૪.

માટે કાચનો કુંપો (શીશી) સ્થિર રૂપવાળો એનો એ જ છે, અને તેનાથી વ્યવહિત (એટલે કે તેમાં રહેલ) જળ વિગેરે સર્વ પદાર્થો ચક્ષુ વડે જોઈ શકાય છે. આ પ્રકારે વ્યવધાનવાળા પદાર્થોમાં પણ ચાક્ષુષ જ્ઞાનની સિદ્ધિ યુક્તિયુક્ત છે, તેથી ચક્ષુ અપ્રાપ્યકારી છે.

નૈયાયિક—જો ચક્ષુ વ્યવહિત પદાર્થોને જોઈ શકતી હોય તો ભીંત વિગેરેથી વ્યવહિત પદાર્થોનું ચાક્ષુષજ્ઞાન કેમ થતું નથી ?

જૈન—ભીંત વિગેરેથી વ્યવધાનવાળા પદાર્થોના બોધની યોગ્યતા ચક્ષુમાં ન હોવાથી તે તેનું જ્ઞાન કરાવતી નથી. ચક્ષુને પ્રાપ્ત છતાં ગન્ધનું જ્ઞાન કેમ નથી થતું ? અર્થાત્ પ્રાપ્ત છતાં અયોગ્યનું જ્ઞાન તે કરાવી શકે નહીં. ૭૫.

વળી, ચન્દ્રનું રૂપ જેમ ચક્ષુથી જાણી શકાય છે, તેમ તેની ક્રિયા (ગતિ) કેમ જાણી શકાતી નથી ?

નૈયાયિક—અતિ દૂર હોવાથી ચંદ્રની ક્રિયા જાણી શકાતી નથી.

જૈન—જો એમ હોય તો ચંદ્રમાં રહેલાં લાંછન (કલંક)નો બોધ પણ કઈ રીતે થશે ? અર્થાત્ તેનો પણ બોધ થવો ન જોઈએ. માટે ચક્ષુમાં યોગ્યતા એ જ કારણ છે. અને તેમાં આપણો અનુભવ જ સાક્ષીરૂપ છે. માટે હે તર્કવિદ્ ! તમે પણ ચક્ષુ વસ્તુને પ્રાપ્ત થયા વિના જ્ઞાન કરાવે છે—એમ સ્વીકારો. ૭૬.

(प०) **नूतनव्यूहरूप** इति नवीनरचनारूपः ॥७२॥ **परिगम** इति प्रवेशः । **क्षीरपात** इति जलगलनम् ॥७३॥ **कर्मापि** [इति] तद्रूपं प्रकाशते एवं गमनमपि प्रकाशताम् । न च प्रकाशते । तस्माद् यौग्यतैव प्रमाणम् । **अस्येति** शशधरस्य ॥७६॥

(टि०) **चक्षुरप्राप्येत्यादि** । **व्यतिरेक** इति यत्प्राप्यकारि भवति तद्व्यवधिमत्प्रकाशकं न भवति यथा जिह्वा ॥६८॥ **अथ द्रुमेत्यादि** । **ततोऽपीति** अदर्शनादेव । **अयमिति** व्यवधिमतोपि प्रकाशकत्व दित्येवंरूपः ॥६९॥ **एतदित्यादि** शतकोटिर्वज्रं हीरकश्च । **संविदिति** ज्ञानम् । ॥७०॥ **दम्भोलीति** । **भिदुरा** इति भेदनशीलाः । **तत्रेति** व्यवधाने **मलभरमिति** कलुषमित्यर्थः । **तेनेति** सलिलेन । **अनिमिषानिति** मत्स्यान् ॥७१॥ **विध्याता** इत्यादि । **विध्याताः** उपशान्ताः । **तेनेति** कलुषजलेन । **ते** इति नयनरश्मयः । **नूतनेति** नव्यकाचकूपरचनाविशेषः । **एता** इति लोचनरुचयः । **तस्मिन्निति** काचकूपे नव्यव्यूहस्य तत्कालेत्पद्यमानत्वात् ॥७२॥ **भवतीत्यादि** । **परिगम** इति वेगेन गमनम् । **अमीषामिति** नेत्रकिरणानाम् । **कतिपयेति** लेशेनापि । **तस्मादिति** काचकूपात् । **तस्येति** काचकूपस्य ॥७३॥ **कलशेत्यादि** । **त(अ)स्मिन्निति** कलशकुलिशादौ । यथा नवनवोत्पद्यमानापि ज्वाला सैवेयमिति प्रतीयते, कलशकुलिशादिरपि ॥७४॥ **तस्थावित्यादि** । **अस्मिन्निति** काचकूपादौ स्थिर एव काचकूपः । **अमुनेति** चक्षुषा । **अस्येति** चक्षुषः ॥७५॥ **किञ्च नेत्यादि** । **कर्मापीति** गतिक्रियापि । **तद्रूपवदिति** वर्तुलनिर्मलशशलाञ्छनरूपवत् । **अस्येति** निशाकरस्य । **न** इत्यस्माकम् । **तर्कप्रगुणेति** न्यायतर्कन्यायसारकन्दलीकिरणावलीप्रमुखप्रमाणग्रन्थग्रन्थिविचारणप्रवणप्रोल्लसत्प्रचुरप्रज्ञाप्राग्भारविस्फूर्जितगुणगणकलितेति तज्जयात् सोपहासवाक्यम् ॥७६॥

§ ७ बौद्धाः पुनरिदमाहुः श्रोत्रं न प्राप्य बुद्धिमाधत्ते ।
दिग्देशव्यपदेशान् करोति शब्दे यतो दृग्वत् ॥७७॥

तथाहि—

प्राच्यामत्र विजृम्भते जलमुचामस्तूर्जितं गर्जितं
प्रोन्मीलत्यलमेष चातकरवोऽक्षामः क्षणं दक्षिणः ।
केकाः केकिकुटुम्बकस्य विलसन्त्येताः कलाः कानने[2]
दिग्देशव्यपदेशवानिति न किं शब्देऽस्ति संप्रत्ययः ? ॥७८॥

प्राप्यकारि यदि तु श्रवणं स्यात् तर्हि तत्र न कथञ्चन सैषः ।
प्रस्तुतः समुदियाद् व्यपदेशः शर्करास्पृशि यथा रसनायाम् ॥७९॥

---

१ °कारि न भ° मु । २ काननाद् मु ।

§ ૭ બૌદ્ધ—ચક્ષુ ઇંદ્રિય જેમ પોતાના વિષયને પ્રાપ્ત કર્યા વિના જ પોતાના વિષયનાદિગ્દેશ (દિશા અને સ્થાન)નો નિશ્ચય કરાવે છે, તેમ શ્રોત્રેન્દ્રિય પણ પોતાના વિષયરૂપ શબ્દના દિગ્દેશનો નિશ્ચય કરાવનાર હોવાથી અપ્રાપ્યકારી છે. ૭૭.

તે આ પ્રમાણે–આ પૂર્વ દિશામાં મેઘનો ઘણો મોટો ગડગડાટ થાય છે, આ દક્ષિણ દિશામાં ચાતકપક્ષીનો મન્દ અવ્યક્ત મધુર શબ્દ ક્ષણભર સંભળાય છે, આ વનમાંથી મોરના સમૂહની સુંદર કેકાનો અવાજ આવી રહ્યો છે. આ પ્રમાણે શ્રોત્રેન્દ્રિય દ્વારા સર્વાનુભવસિદ્ધ દિગ્દેશનો વ્યવહાર શબ્દમાં શું નથી થતો ? અર્થાત્ થાય છે. ૭૮.

પ્રાપ્યકારી સ્વભાવવાળી રસનેન્દ્રિય સાકરમાં (સાકરના રસમાં) દિગ્દેશનો વ્યવહાર કરી શકતી નથી તેમ શ્રોત્રેન્દ્રિયને પ્રાપ્યકારી માનશો તો શ્રોત્રેન્દ્રિયથી પણ દિગ્દેશનો વ્યવહાર થઇ શકશે નહીં. ૭૯.

(प०) **कानने** इति देशव्यपदेशः ।७८।

(टि०) **प्राप्यकारी**त्यादि । **तत्रे**ति श्रवणे । **प्रस्तुत** इति प्राच्यादिदिग्देशलक्षणः ॥७९॥

§ ८ वेश्याऽनुरागप्रतिमं तदेतत् सुस्पष्टदृष्टव्यभिचारदोषात् ।
घ्राणं यदेतद् व्यपदेशभाजं प्राप्तप्रकाशं कुरुते मनीषाम् ॥८०॥

तथा च—

मन्दं मन्दमुदेत्ययं परिमलः प्राग् माधवीमण्डपाद्
भूयः सौरभमुद्वमन्त्युपवने फुल्लाः स्फुटं मल्लिकाः ।
गन्धो वन्धुर एष दक्षिणदिशः श्रीचन्दनात् प्राप्तवा-
नित्येवं ननु विद्यते तनुभृतां घ्राणात् तथा प्रत्ययः ॥८१॥

अस्ति त्वगिन्द्रियेणापि व्यभिचारविनिश्चयः ।
शेमुषीमादधानेन दिग्देशव्यपदेशिनीम् ॥८२॥

तथाहि—

सेयं समीरलहरी हरिचन्दनेन्दुसंवादिनी वनभुवः प्रसभं प्रवृत्ता ।
स्फीतस्फुरत्पुलकपल्लविताङ्गयष्टिं मामातनोति [1]तरुणीकरपल्लवश्च ॥८३॥

अथानुमानादधिगम्य तेषां हेतूंस्ततस्तद्व्यपदेशिनी धीः ।
न घ्राणतः स्पर्शनतश्च तादृक् प्रत्यक्षरूपा प्रथते मनीषा ॥८४॥

श्रोत्रेऽपि सर्वं तदिदं समानमालोकमानोऽपि न मन्यसे किम् ? ।
दृष्टव्यलीकामपि कामिनीं यत् संमन्यते कामुक एव साध्वीम् ॥८५॥

---

१ °नोति गगनाद् नवचन्द्रिका च-मुपा ।

स्मृत्वा यथैव प्रतिबन्धमाशु शङ्खादिशब्दोऽयमिति प्रतीतिः।
प्राच्यादिदूरादिगतेऽपि शब्दे तथैव युक्ता प्रतिपत्तिरेषा ॥८६॥
दिग्देशानां श्रुतिविषयता किञ्च नो युक्तियुक्ता
युक्तत्वे वा भवति न कथं ध्वानरूपत्वमेषाम् ?।
तस्माद् भिन्नप्रमितिविषयास्ते विशिंषन्ति शब्दं
सिद्धे चैवं भवतु सुतरां साधने साऽप्यसिद्धिः ॥८७॥

§ ८ જૈન—તમારું ઉપરોક્ત કથન વેશ્યા ના પ્રેમના જેવું વ્યભિચારી છે. કારણ કે- ઘ્રાણેન્દ્રિય પ્રાપ્યકારી હોવા છતાં પણ તેમાં દિગ્દેશનો વ્યવહાર થતો હોવાથી હેતુમાં સ્પષ્ટ વ્યભિચાર છે. ૮૦. તે આ પ્રમાણે-પૂર્વ દિશામાં રહેલ માધવી મંડપમાંથી મન્દ મન્દ ગન્ધ આવી રહેલ છે; ઉપવનમાં ખીલેલ મલ્લિકા તીવ્ર ગન્ધ ફેલાવી રહી છે, અને દક્ષિણ દિશામાં રહેલ શ્રીચન્દનની મોહક ગન્ધ આવી રહેલ છે. આ પ્રમાણે પ્રાપ્યકારી હોવા છતાં પણ ઘ્રાણેન્દ્રિયથી દિગ્દેશનો અનુભવ સર્વજન વિદિત છે. ૮૧.

વળી, તમારો આ દિગ્દેશવ્યવહારરૂપ હેતુ ત્વગિન્દ્રિયથી પણ વ્યભિચારી છે કારણ કે તે પણ દિગ્દેશ વ્યવહારની જનક છે. ૮૨. તે આ પ્રમાણે-વનમાંથી ઊઠેલ અને હરિચન્દન અને ચન્દ્રની હરિફાઈમાં ઊતરે એવી વાયુની શીતલ લહરીઓ, અને તરુણ સ્ત્રીનો હસ્તપલ્લવ મારા શરીરને અત્યંત સ્ફુરાયમાન રોમાંચથી પલ્લવિત કરે છે. ૮૩

બૌદ્ધ—પૂર્વોક્ત ગન્ધાદિના કારણોને અનુમાનથી જાણી ત્યાર પછી ગન્ધાદિમાં દિગ્દેશનું જ્ઞાન થાય છે, પરંતુ ઘ્રાણેન્દ્રિય કે ત્વગિન્દ્રિયથી દિગ્દેશનું પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી ૮૪.

જૈન—શ્રોત્રેન્દ્રિયમાં પણ તે સઘળી બાબતો સમાન જોવા છતાં તેને પ્રાપ્યકારી કેમ માનતા નથી ? પરંતુ એ વાત ચોક્કસ છે કે-કામી પુરુષ પોતાની સ્ત્રીમાં પ્રત્યક્ષ વ્યભિચાર જુએ તો પણ તેને તે સાધ્વી તરીકે જ માને છે. અર્થાત્ પોતાના મતમાં દોષ તમે જોઈ શકતા નથી. ૮૫. શબ્દને સાંભળીને તરત સંબંધને યાદ કરીને એટલે કે-પૂર્વે સાભળેલ શંખનો શબ્દ જેવો હતો તેવો જ આ શબ્દ હોવાથી આ શબ્દ શંખનો છે, એમ વ્યાપ્તિપૂર્વક અનુમાનથી પ્રતીતિ થાય છે, તેમ શબ્દને લગતો દિગ્દેશવ્યવહાર પણ તેવી જ રીતે એટલે કે-વ્યાપ્તિપૂર્વક અનુમાનથી થાય છે. ૮૬.

વળી, દિગ્દેશને શ્રોત્રેન્દ્રિયનો વિષય કહેવો તે યુક્તિયુક્ત પણ નથી, કારણ કે-જો તેને શ્રોત્રેન્દ્રિયનો વિષય માનવામાં આવે તો તે પણ શબ્દરૂપ કેમ નહીં બની જાય ? અર્થાત્ શ્રોત્રનો વિષય હોવાથી દિગ્દેશ શબ્દરૂપ બની જશે. માટે ભિન્નજ્ઞાનના વિષયભૂત તે દિગ્દેશો શબ્દનાં વિશેષણો બને છે, અર્થાત્ શબ્દ તેથી વિશિષ્ટ થાય છે. એટલે કે-આ પ્રમાણે શબ્દમાં દિગ્દેશવ્યવહાર ભિન્ન પ્રતીતિવિષયક સિદ્ધ થવાથી, અને શ્રોત્રનો વિષય નહીં થવાથી 'દિગ્દેશવ્યપદેશકારિત્વ'

હેતુ સ્વરૂપાસિદ્ધ થયો. અર્થાત્ શ્રોત્રવિજ્ઞાન દિગ્દેશવ્યવહારમાં કારણભૂત નથી, તેથી હેતુ સ્વયં સ્વરૂપથી જ અસિદ્ધ છે. ૮૭.

(ઘ૦) **यदिति** यस्मात् कारणात् । **एतद्व्यपदेशभाजमिति** दिग्देशव्यपदेशाश्रितम् । **प्राप्तप्रकाशमिति** प्राप्तं सत् प्रकाशयति प्राप्यकारीत्यर्थः । **घ्राणं** कर्तृ **एतद्व्यपदेशभाजं मनीषां कुरुत** इति योगः ॥८०॥ **उपवने** इति देशनिर्देशः ॥८१॥ **वनभुव** इति देशकथनम् । **गगनादिति** दिग्भणनम् ॥८३॥ **अथानुमानादित्यादि** परवाक्यम् । **तेषामिति** गन्धादीनाम् । **हेतूनिति** माधवीमण्डपादीन् । **तादृगिति** दिग्देशव्यपदेशवती मनीषा न प्रवर्तते घ्राणतः स्पर्शनतश्च ॥८४॥ **श्रोत्रेऽपि सर्वमिति** । अत्राप्यनुमानादेव दिग्देशव्यपदेशवती धीः प्रवर्तते न प्रत्यक्षरूपा ॥८५॥ **प्रतिबन्धमिति** । प्रत्यक्षं हि शब्दोऽयमिति ज्ञात्वा कृतार्थम् । पश्चाच्छङ्खशब्दोऽयमिति या प्रतीतिर्भवति सा च प्रतिबन्धपूर्वकादनुमानादेव जायते । यः किल शब्दो मया पूर्वमुपलब्धस्तत्सदृशोऽयमुपलभ्यमानः शब्दः । स च शङ्खशब्द आसीत् । तस्मादनेन शङ्खशब्देन भाव्यम् । **तथैवेति** अनुमानादेव । **प्रतिपत्तिरेषेति** दिग्देशव्यपदेशवती ॥८६॥ **ध्वानरूपत्वमिति** । यो यः श्रुतिविषयः स स शब्दो यथा शङ्खशब्दः । **भिन्नप्रमितिविषया** इति भिन्नानुमानलक्षणप्रमाणविषयाः । **ते** इति दिग्देशाः । **साधने** इति दिग्देशव्यपदेशवत्त्वे ॥८७॥

(ટિ०) **यथा रसनायामिति** । कोऽर्थः ? शर्करास्वादे रसनाशब्दे किमेवं जानाति यदेषा शर्करा पूर्वदिश आगता ॥८९॥ **मन्दं मन्दमित्यादि** । **तथेति** दिग्देशव्यपदेशप्रत्ययः ॥८१॥ **अथानुमानेत्यादि** । **तेषामिति** परिमलादीनाम् । **हेतूनिति** माधवीमण्डपादीनि निमित्तानि । **तद्व्यपदेशिनीति** परिमलादिव्यपदेशिनो ॥८४॥ **दिग्देशानामित्यादि** । **श्रुतिविषयतेति** कर्णगोचरता । **एषामिति** दिग्देशानाम् । दिग्देशा अपि शब्दरूपा भवेयुः । **भिन्नेति** अपरप्रमाणविषयाः । येन प्रमाणेन[1] शब्दग्रहणं तेन न दिग्देशग्रहणं किंत्वपरेण । **ते** इति दिग्देशाः । **विशिषन्तीति** विशिष्टरूपं दर्शयन्ति ॥८७॥

अपि च,

गृह्यते यदि विनैष सङ्गतिं किं तदाऽनुगुणमारुते ध्वनौ ? ।
दूरतोऽपि धिषणा समुन्मिषेदन्यथा तु निकटेऽपि नैव सा ॥८८॥

मुहुर्मरुति मन्थरं स्फुरति सानुलोमागमे
समुल्लसितवल्लकीक्कणकलाकलापप्लुता ।
सकामनवकामिनीकलितघोलनाडम्बरा
न किं निशि निशम्यते सपदि दूरतः काकली ? ॥८९॥

पटुघटितकपाटसंपुटौघे भवति कथं सदनेऽथ शब्दबुद्धिः ? ।
पटुघटितकपाटसंपुटौघे भवति कथं सदनेऽपि गन्धबुद्धिः ? ॥९०॥

तथाहि—

कर्पूरपारीपरिरम्भभाजि श्रीखण्डखण्डे मृगनाभिमिश्रे ।
धूमायमाने पिहितेऽप्यगारे गन्धप्रबन्धो बहिरभ्युपैति ॥९१॥

---

१ °णेन न शब्द° मु ।

द्वारावृतेऽपि सदने प्रणयप्रकर्षादेवं प्रिये स्फुरदपत्रपया स्खलन्ती।
द्वारि स्थितस्य सरसा कुलबालिकायाः कर्णातिथीभवति मन्मनसूक्तिमुद्रा ॥९२॥
एवं च प्राप्त एवैष शब्दः श्रोत्रेण गृह्यते।
श्रोत्रस्याऽपि ततः सिद्धा निर्बाधा प्राप्यकारिता ॥९३॥ ५॥

વળી, શ્રોત્રેન્દ્રિય સાથે સંબદ્ધ થયા વિના જ શબ્દનું જ્ઞાન થઈ જતું હોય તો– અનુકૂળ વાયુમાં દૂરથી આવતા શબ્દનું જ્ઞાન અને પ્રતિકૂળ વાયુથી નજીકના પણ શબ્દના જ્ઞાનનો અભાવ કઈ રીતે સંભવી શકશે ? માટે શબ્દજ્ઞાન શ્રોત્રના સંબંધથી જ થાય છે, અર્થાત્ શ્રોત્રેન્દ્રિય પ્રાપ્યકારી છે એ સિદ્ધ થયું. ૮૮. રાત્રે મધુર મંદ મંદ વારંવાર વાયુ વાવાથી જેનુ આગમન અનુકૂલ બને છે એવી, ઉલ્લાસવતી વીણાના કલાયુક્ત ઝંકારથી વ્યાપ્ત, વાજિંત્રના અવાજ સાથે આલાપના આડંબરવાળી કામવતી નવોઢા સ્ત્રીની કાકલી– મધુર અને મંદ ધ્વનિ શું દૂર દૂરથી નથી સંભળાતી ? અર્થાત્ અનુકૂળ વાયુને કારણે મંદધ્વનિ પણ શ્રોત્રને રાત્રિમાં પ્રાપ્ત થાય છે. ૮૯.

બૌદ્ધ—શ્રોત્રેન્દ્રિય પ્રાપ્યકારી હોય તો મજબૂત રીતે બંધ કરેલ બારણાવાળા ઘરમાંના શબ્દની પ્રતીતિ કેમ થાય છે? એટલે કે શબ્દ ઓરડામાંથી બહાર આવતો નથી છતાં તેનું જ્ઞાન થાય છે. આમ થવાનું કારણ શબ્દની અપ્રાપ્યકારિતા જ છે.

જૈન—મજબૂત રીતે બારણાવાળા ઘરમાંથી ગન્ધનું જ્ઞાન પણ કેમ થાય છે ? અર્થાત્ બારણાં બંધ છતાં શબ્દ જ્ઞાનની જેમ ગન્ધ જ્ઞાન પણ થાય છે. ૯૦. એટલે કે ઘ્રાણની જેમ શ્રોત્રને પણ પ્રાપ્યકારી માનવું જોઈએ. તે આ પ્રમાણે –કપૂરથી ભરપૂર અને કસ્તૂરીથી મિશ્ર ચન્દનનો ચૂર્ણનો–(કપૂર-કસ્તૂરી અને ચન્દન વિગેરે ગન્ધ દ્રવ્યનો) ધૂપ કર્યો હોય તો ઘરનાં બારણાં બંધ હોવા છતાં ગન્ધનો પ્રવાહ બહાર આવે છે. ૯૧. પ્રિયને વિષે સ્ફુરાયમાન લજ્જાથી સ્ખલના પામતી કુલબાલિકા (પ્રિયા)ની રસયુક્ત મંદ મંદ મધુર વાણી બારણાં બંધ હોવા છતાં બારણામાં ઊભો રહેલ પ્રિય (અથવા કોઈ પણ પુરુષ) સાંભળી શકે છે. ૯૨. અને એ રીતે પ્રાપ્ત થયેલો જ આ શબ્દ શ્રોત્રેન્દ્રિયથી ગ્રહણ થાય છે, (અર્થાત્ સંભળાય છે) માટે શ્રોત્રેન્દ્રિય પ્રાપ્યકારી છે, એ અબાધિતરૂપે સિદ્ધ થયું ૯૩. ૫.

(प०) **सङ्गतिमिति** सम्बन्धम्। **अन्यथेति** प्रतिलोममारुते ध्वनौ। **निकटेऽपीत्यादि**। यदि हीदमप्राप्यकारि स्यात् तदा मारुतकृतानुकूल्यापेक्षा न स्यात् यथा चक्षुषः ॥८८॥ **पटुघटितेत्यादि** पद्ये परो वक्ति। अपरार्द्धं सूरिवाक्यम् ॥९०॥ **द्वारिस्थितस्येति** कस्यचित् पुरुषस्य ॥९२॥५॥

(टि०) **गृह्यत** इत्यादि। **सङ्गतिमिति** सम्बन्धं विना। **अनुगुणेति** अनुकूलवायौ शब्दे। **धिषणेति** बुद्धिः। **समुन्मिषेदिति** उल्लसेत्। **अन्यथेति** प्रतिकूलपवने। **सेति** बुद्धिः ॥८८॥५॥

अथाऽस्य द्विविधस्यापि प्रकारान् प्रकटयन्ति–

एतद् द्वितयमवग्रहेहावायधारणाभेदादेकशश्चतुर्विकल्पम् ॥६॥

§१ अवग्रहश्चेहा चाऽवायश्च धारणा च ताभिर्भेदो विशेषस्तस्मात्, प्रत्येकमिन्द्रियानिन्द्रियनिबन्धनप्रत्यक्षं चतुर्भेदमिति ॥६॥

બન્ને પ્રકારના સાંવ્યહારિક પ્રત્યક્ષના ભેદોનું કથન—

એ (ઇન્દ્રિયનિબન્ધન અને અનિન્દ્રિયનિબન્ધન) બન્ને પ્રકારના સાંવ્યવહારિકપ્રત્યક્ષના અવગ્રહ-ઈહા-અવાય અને ધારણા એમ ચાર ભેદો છે. ૬

§ ૧ સૂત્રમાં અવગ્રહ-ઈહા-અવાય અને ધારણાનો દ્વન્દ્વ સમાસ કરીને 'ભેદ' પદ સાથે તત્પુરુષ સમાસ છે એમ જાણવું. પ્રત્યેકના એટલે કે ઇન્દ્રિયજન્ય અને અનિન્દ્રિય જન્ય એ બન્નેના ચાર ચાર ભેદ છે. ૬.

अवग्रहादीनां स्वरूपं सूत्रचतुष्टयेन स्पष्टयन्ति-

विषयविषयिसंनिपातानन्तरसमुद्भूतसत्तामात्रगोचरदर्शनाज्जातमाद्यमवान्तरसामान्याकारविशिष्टवस्तुग्रहणमवग्रहः ॥७॥

§ १ विषयः सामान्यविशेषात्मकोऽर्थः, विषयी चक्षुरादिः, तयोः समीचीनो भ्रान्त्याद्यजनकत्वेनाऽनुकूलो निपातो योग्यदेशाद्यवस्थानं तस्मादनन्तरं समुद्भूतमुत्पन्नं यत् सत्तामात्रगोचरं निःशेषविशेषवैमुख्येन सन्मात्रविषयं दर्शनं निराकारो बोधस्तस्माद् जातमाद्यं सत्त्वसामान्यादवान्तरैः सामान्याकारैर्मनुष्यत्वादिभिर्जातिविशेषैर्विशिष्टस्य वस्तुनो यद् ग्रहणं ज्ञानं तदवग्रह इति नाम्ना गीयते ॥७॥

હવે પછીના ચાર સૂત્ર દ્વારા અવગ્રહાદિના સ્વરૂપનું સ્પષ્ટીકરણ કરે છે.

વિષય અને વિષયીનો યથોચિત દેશમાં સંબંધ થવાથી સત્તા માત્રને (પરસામાન્યને) વિષય કરનાર દર્શન ઉત્પન્ન થાય છે અને તે દર્શનથી પ્રથમ ઉત્પન્ન થનાર અવાન્તર સામાન્યથી યુક્ત વસ્તુનું ગ્રહણ તે અવગ્રહ છે. ૭.

§૧ વિષય-સામાન્યવિશેષાત્મક પદાર્થ, વિષયી-નેત્રાદિ ઇન્દ્રિયો, આ બન્નેનું સમીચીન એટલે કે ભ્રાન્ત્યાદિ ઉત્પન્ન ન થાય તેવી રીતનું અનુકૂલ નિપાતન-યોગ્ય દેશાદિમાં અવસ્થાન. આવા અવસ્થાન પછી સત્તામાત્ર(મહાસામાન્ય)ને વિષય કરનાર દર્શન ઉત્પન્ન થાય છે. આમાં કોઈ પણ પ્રકારના વિશેષનું ભાન હોતું નથી, તેથી તે નિરાકાર બોધ કહેવાય છે. ત્યાર પછી અવાન્તર સામાન્યાકાર (મનુષ્યત્વાદિ જાતિવિશેષ)થી યુક્ત પદાર્થનું સૌથી પહેલું ગ્રહણ-જ્ઞાન અવગ્રહ કહેવાય છે. સારાંશ એ છે કે જૈન સિદ્ધાંતમાં ઉપયોગ બે પ્રકારે છે- દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ. આપણને સૌને પ્રથમ દર્શનોપયોગ થાય છે, પછી જ્ઞાનોપયોગ થાય છે. અહીં જ્ઞાનોપયોગનું વર્ણન કરવા માટે તેનાથી પૂર્વમાં થનાર દર્શનોપયોગનું પણ કથન કરવામાં આવ્યું છે. ૭.

(टि०) **निराकार** इति विशेषाग्राहकः । **यद् ग्रहणमिति** साकारो बोधः सामान्यग्राहक इत्यर्थः ॥७॥

अवगृहीतार्थविशेषाऽऽकाङ्क्षणमीहा ॥८॥

§१ अवगृहीतोऽवग्रहेण विषयीकृतो योऽर्थोऽवान्तरमनुष्यत्वादिजातिविशेषलक्षणस्तस्य विशेषः कर्णाटलाटादिभेदस्तस्याकाङ्क्षणं भवितव्यताप्रत्ययरूपतया ग्रहणाभिमुख्यमीहेत्यभिधीयते ॥८॥

અવગ્રહથી જાણેલ પદાર્થના વિશેષ જાણવાની આકાંક્ષા તે ઈહા છે. ૮.

§ ૧ અવગૃહીત એટલે અવગ્રહનો વિષય બનેલ અવાંતર મનુષ્યત્વાદિ જાતિરૂપ વિશેષસ્વરૂપવાળો જે અર્થ છે, તેનો વિશેષ એટલે કર્ણાટ અને લાટાદિ પ્રકાર એ પ્રકારોમાંથી કયો પ્રકાર સંભવે છે, તેની આકાંક્ષા કરવી એટલે કે આ માણસ કર્ણાટનો હશે કે લાટનો એ પ્રમાણે સંશય જ્ઞાન થયા પછી તથાપ્રકારના કારણો દ્વારા 'આ કર્ણાટનો હોવો જોઈએ'–એવું સંભાવનાપ્રત્યયરૂપે જે ગ્રહણાભિમુખ જ્ઞાન તે ઈહા કહેવાય છે. ૮.

ईहितविशेषनिर्णयोऽवायः ॥९॥

ईहितस्येहया विषयीकृतस्य विशेषस्य कर्णाटलाटादेर्निर्णयो याथात्म्येनाऽवधारणमवाय इति कीर्त्यते ॥९॥

ઈહિત વિશેષનો નિર્ણય તે અવાય છે. ૯.

ઈહિત એટલે ઈહા દ્વારા વિષય બનેલ વિશેષ–કર્ણાટ લાટાદિ, તેનો નિર્ણય એટલે કે–યથાર્થરૂપે નિશ્ચયનું નામ અવાય છે. ૯.

स एव दृढतमावस्थापन्नो धारणा ॥१०॥

§ १ स इत्यवायो दृढतमावस्थापन्नो विवक्षितविषयावसाय एव सादरस्य प्रमातुरत्यन्तोपचितः कञ्चित् कालं तिष्ठन् धारणेत्यभिधीयते। दृढतमावस्थापन्नो ह्यवायः स्वोपढौकितात्मशक्तिविशेषरूपसंस्कारद्वारेण कालान्तरे स्मरणं कर्तुं पर्याप्नोतीति ॥१०॥

દૃઢતમ અવસ્થાને પામેલ તે જ ધારણા છે ૧૦.

§ ૧ તે એટલે અવાય, અત્યંત દઢ જ્યારે બને છે એટલે કે વિવક્ષિત વિષયના નિર્ણયમાં પ્રમાતા આદરવાળો હોવાથી જ્યારે તેનો નિર્ણય અત્યંત ઉપચિત થઈને કેટલાક કાળ સુધી ટકી રહે છે, ત્યારે તે ધારણા કહેવાય છે. અત્યન્ત દઢ-પુષ્ટ સ્થિતિને પામેલ અવાય આત્મશક્તિવિશેષરૂપ સંસ્કારને ઉત્પન્ન કરે છે અને તે દ્વારા અવાય કાલાન્તરમાં પણ સ્મરણ કરાવવા સમર્થ બને છે. ૧૦.

(१०) **स्वोपढौकितेति** गद्ये स्वशब्देनाऽवायः ॥१०॥

नन्वनिश्चयरूपत्वादीहायाः संशयस्वभावतैव, इत्यारेकामपाकुर्वन्ति—

संशयपूर्वकत्वादीहायाः संशयाद् भेदः ॥११॥

§१ पुरुषावग्रहानन्तरं हि 'किमयं दाक्षिणात्य उतोदीच्यः' इत्यनेककोटिपरामर्शिसंशयः । ततोऽपि प्रमातुर्विशेषलिप्सायां 'दाक्षिणात्येनाऽनेन भवितव्यम्' इत्येवमीहा जायते—इति हेतुहेतुमद्भावात् तन्तुपटवद् व्यक्तमनयोः पृथक्त्वम् ॥११॥

ઈહા અનિશ્ચય રૂપ હોવાથી સંશય સ્વરૂપ જ છે—એવી શંકાનું નિરાકરણ—
સંશયપૂર્વક થાય છે, માટે ઈહા સંશયથી ભિન્ન છે. ૧૧.

§૧ પુરુષવિષયક અવગ્રહ થયા પછી આ પુરુષ દક્ષિણનો નિવાસી હશે કે ઉત્તરનો નિવાસી હશે ?—આવી રીતે અનેક કોટીનો પરામર્શ કરતું સંશયજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યાર પછી પ્રમાતાને વિશેષ જિજ્ઞાસા થતાં તથાપ્રકારના લક્ષણો હોવાથી 'આ દક્ષિણનો હોવો જોઈએ' એ પ્રમાણે યથાર્થજ્ઞાનની અભિમુખતાવાળું ઈહાજ્ઞાન ઉત્પન્ન થાય છે. એટલે કે તંતુ અને પટની જેમ સંશયજ્ઞાન અને ઈહાજ્ઞાન પરસ્પર કાર્યકારણરૂપ હોવાથી બન્ને જુદાં છે, એ સ્પષ્ટ જાણી શકાય તેવું છે. ૧૧

(प०) हेतुहेतुमद्भावादिति । संशयो हेतुः ईहा हेतुमती ॥११॥

दर्शनादीनां कथञ्चिदव्यतिरेकेऽपि संज्ञाभेदं समर्थयन्ते—

कथञ्चिदभेदेऽपि परिणामविशेषादेषां व्यपदेशभेदः ॥१२॥

§१ यदप्येकजीवद्रव्यतादात्म्येन द्रव्यार्थादेशादमीषामैक्यम्, तथापि पर्यायार्थादेशाद् भेदोऽपीति तदपेक्षया व्यपदेशभेदोऽपि सूपपाद इति ॥१२॥

अथाऽमीषां भेदं भावयन्ति—

असामस्त्येनाऽप्युत्पद्यमानत्वेनाऽसंकीर्णस्वभावतयाऽनुभूयमानत्वात्, अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशकत्वात्, क्रमभावित्वाच्चैते व्यतिरिच्यन्ते ॥१३॥

§१ असंकीर्णस्वभावतया परस्परस्वरूपवैविक्त्येनाऽनुभूयमानत्वाद् दर्शनादयो भिद्यन्ते । तथाऽनुभवनमप्यमीषामसामस्त्येनाऽप्येकद्वित्र्यादिसंख्यतयोत्पद्यमानत्वादवसेयम् । तथाहि प्रमातुर्विचित्रक्षयोपशमवशात् कदाचिद् दर्शनावग्रहौ, कदाचिद् दर्शनावग्रहसंशयादयः क्रमेण समुन्मज्जन्तीति सिद्धमतोऽसंकीर्णत्वेनैतेषामनुभवनम् । अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशकत्व-क्रमभावित्वे अपि प्रत्यात्मवेद्ये एव ।

§ २ अत्र प्रयोगाः पुनरेवम्—येऽसंकीर्णस्वभावतयाऽनुभूयन्ते, अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशकाः, क्रमभाविनो वा, ते परस्परं व्यतिरिच्यन्ते, यथा स्तम्भादयः, अनुमानादयः, अङ्कुर-कन्दल-काण्डादयो वा, तथा चैत इति ॥१३॥

દર્શનાદિ પરસ્પર કથંચિત્ અભિન્ન હોવા છતાં પણ સંજ્ઞાભેદનું સમર્થન—
કથંચિત્ અભેદ હોવા છતાં પણ પરિણામના ભેદથી દર્શનાદિનાં જુદાં જુદાં નામ છે. ૧૨.

§1 એક જીવરૂપ દ્રવ્યમાં દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દર્શનાદિનું તાદાત્મ્ય હોઈએ બધાનું ઐકય (અભેદ) હોવા છતાં પણ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ દર્શનાદિનો ભેદ પણ છે, તેથી તેમના નામનો ભેદ યુક્તિયુક્ત છે.

સારાંશ એ છે કે જીવનું લક્ષણ ઉપયોગ છે. એ ઉપયોગની ભિન્ન ભિન્ન અવસ્થાઓ થાય છે. જેના દર્શન, અવગ્રહ, ઈહા વિગેરે ભિન્ન-ભિન્ન નામ આપવામાં આવ્યાં છે. આ અવસ્થાઓનો ક્રમ દર્શન, અવગ્રહ, ઈહા અવાય અને ધારણા એવો છે. જેમ દરેક મનુષ્ય શિશુ, કુમાર, પ્રૌઢ વિગેરે અવસ્થાઓને ક્રમપૂર્વક પ્રાપ્ત કરે છે, તેમ ઉપયોગ પણ દર્શન, અવગ્રહ વિગેરે અવસ્થાઓને પ્રાપ્ત કરતો ધારણારૂપ થાય છે. શિશુ વિગેરે અવસ્થામાં મનુષ્ય એક જ હોય છે છતાં અવસ્થાભેદથી અવસ્થાતા ભિન્ન ભિન્ન નામે ઓળખાય છે. તે જ રીતે ઉપયોગ પણ એક જ હોવા છતાં પરિણામની અપેક્ષાએ તે અવગ્રહ, ઈહા, વિગેરે જુદા જુદા નામે ઓળખાય છે. જૈન પરિભાષામાં તે અવસ્થાઓનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અભેદ અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ભેદ છે. ૧૨.

હવે આચાર્ય દર્શનાદિના પરસ્પર ભેદનો વિચાર કરે છે—

અસમગ્રભાવે ઉત્પન્ન થતા હોવાથી પણ ભિન્ન ભિન્ન સ્વભાવે અનુભવાય છે, પદાર્થોના નવા નવા પર્યાયોને પ્રકાશિત કરે છે, અને ક્રમશઃ ઉત્પન્ન થાય છે—માટે તે સૌ જુદા જુદા છે. ૧૩.

§1 દર્શન, અવગ્રહ વિગેરે ભિન્ન ભિન્ન સ્વરૂપે અનુભવાતાં હોવાથી તે દરેક જુદા-જુદા છે, તેમની ઉત્પત્તિ સમગ્રભાવે નથી એટલે કે કોઈ વખત એકની, કોઈ વખત ક્રમે બેની તો ક્યારેક ક્રમે ત્રણ કે ચારની ઉત્પત્તિ થાય છે માટે તે સૌનો અનુભવ ભિન્ન ભિન્ન રૂપે થાય છે. તે આ પ્રમાણે-કર્મના વિચિત્ર ક્ષયોપશમને કારણે પ્રમાતા-જ્ઞાન કરનાર પુરુષને કોઈ વખત માત્ર દર્શન જ, તો કોઈ વખત દર્શન અને અવગ્રહ, તો ક્યારેક દર્શન, અવગ્રહ અને સંશય આદિ-એ પ્રકારે એ સૌ અસમસ્તરૂપે ઉત્પન્ન થાય છે. આથી કરીને દર્શન અવગ્રહાદિનો ભિન્ન ભિન્ન સ્વરૂપે અનુભવ સિદ્ધ થાય છે. તેમજ દર્શનાદિ બોધ પદાર્થોના નવા નવા પર્યાયોના પ્રકાશક છે. વળી, તે ક્રમપૂર્વક ઉત્પન્ન થાય છે, એ બાબત પણ પ્રત્યાત્મવેદ્ય છે. અર્થાત્ દરેક આત્માને અનુભવસિદ્ધ જ છે.

§2 તેને લગતા અનુમાન પ્રયોગો આ પ્રમાણે છે—જે ભિન્ન ભિન્ન સ્વરૂપે અનુભવાતાં હોય, દ્રવ્યના નવા નવા પર્યાયોના પ્રકાશક (જ્ઞાપક) હોય, અથવા ક્રમથી ઉત્પન્ન થતાં હોય તે સૌ પરસ્પર જુદા હોય છે, જેમકે-સ્તંભ વિગેરે, અનુમાન આદિ, અથવા અંકુર-ફણગો, કન્દલ (થડ), કાણ્ડ-શાખા વિગેરે. દર્શન, અવગ્રહાદિ પણ તેવાં જ છે. માટે તે સૌ પણ ભિન્ન છે. ૧૩.

(टि०) दर्शनादीनामित्यादि। आदिशब्दादवग्रहादीनां ग्रहणम्। अमीषामिति दर्शनादीनाम्। तदपेक्षयेति पर्यायभेदापेक्षया ॥१२॥

प्रयोगा इत्यादि। अनुमानादय इति परोक्षान्तर्भावितप्रमाणभेदाः ॥१३॥

अथाऽमीषां क्रमनियमार्थमाहुः—

क्रमोऽप्यमीषामयमेव, तथैव संवेदनात्, एवंक्रमाविर्भूतनिजकर्मक्षयोपशमजन्यत्वाच्च ॥१४॥

§ १ अयमेव—दर्शनावग्रहादिः अमीषां क्रमः, तेनैव क्रमेणानुभवात्—यदेव हि सन्मात्रमैक्षि, तदेव वर्णाद्याकारेण केनचिदवाग्राहि, तदनन्तरमनिर्धारितरूपतया संदेहास्पदीचक्रे, ततोऽपि नियताकारेणेहामासे, ततोऽपीहिताकारेण निरणायि, पुनः कालान्तरे स्मृतिहेतुत्वेन धारयाञ्चक्रे इति सर्वैरनुभूयते । दर्शनज्ञानावरणक्षयोपशमलक्षणकारणेनाऽप्येवमेव भूष्णुनाऽमीषामुत्पाद्यत्वाच्चायमेव क्रमः । क्रमोत्पदिष्णुना हि कारणेन क्रमेणैव स्वकार्यं जनयितव्यम्, यथा स्थासकोशकुशूलच्छत्रादिनेति ॥१४॥

व्यतिरेके दोषमाहुः—

अन्यथा प्रमेयानवगतिप्रसङ्गः ॥१५॥

§१ अन्यथेति यथोक्तक्रमानभ्युपगमे । प्रतीयमानक्रमापह्नवे हि दर्शनादीनां प्रमेयापह्नव एव कृतो भवतीति ॥१५॥

उक्तमेव क्रमं व्यतिरेकद्वारा समर्थयन्ते—

न खल्वदृष्टमगृह्यते, न चाऽनवगृहीतं संदिह्यते, न चाऽसंदिग्धमीह्यते, न चानीहितमवेयते, नाप्यनवेतं धार्यते ॥१६॥

स्पष्टम् ॥१६॥

क्वचिदेषां तथाक्रमानुपलक्षणे कारणमाहुः—

क्वचित् क्रमस्याऽनुपलक्षणमेषामाशूत्पादात्, उत्पलपत्रशतव्यतिभेदक्रमवत् ॥१७॥

क्वचिदित्यभ्यस्ते करतलादौ गोचरे । शेषं व्यक्तम् ॥१७॥

દર્શનાદિના ક્રમનો નિયમ બતાવે છે—

આમનો ક્રમ પણ આ જ છે, કારણ કે-તે પ્રકારના ક્રમ વડે જ તેમનો અનુભવ થાય છે, અને વળી, એ જ પ્રકારના ક્રમથી પ્રગટ થયેલ-તે તે કર્મના ક્ષયોપશમથી તેઓ ઉત્પન્ન થાય છે. ૧૪

§૧ પ્રથમ દર્શન, પછી અવગ્રહ, પછી સંશય, ઈહાદિ આ જ પ્રકારે દર્શનાદિનો ક્રમ છે. કારણ કે તે જ ક્રમે તેઓનો અનુભવ-જ્ઞાન થાય છે. કારણકે-જે પદાર્થ માત્ર સત્તા રૂપે જોવામાં આવે છે, તે જ પદાર્થ કોઈક વર્ણ-રૂપ આદિ આકારથી અવગૃહીત થાય છે, ત્યાર પછી તે જ પદાર્થ અનિશ્ચિત રૂપે સંશયનો વિષય બને છે, ત્યાર પછી નિયત આકારથી ઈહિત-ઈહાનો વિષય થાય છે. તે પછી ઈહિત પદાર્થમાં નિર્ણય થાય છે, અને નિર્ણીત પદાર્થ જ કાલાંતરમાં સ્મૃતિના હેતુ રૂપે ધારણ થાય છે. આ ક્રમ સર્વાનુભવ સિદ્ધ છે. તેમ જ તેમનાં કારણો જે દર્શનાવરણ અને જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમો છે તે પણ એ જ ક્રમે ઉત્પન્ન થાય છે. માટે દર્શનાદિનો ક્રમ પણ આ જ છે. કારણ કે-ક્રમપૂર્વક ઉત્પન્ન થનાર

કારણોનું કાર્ય પણ ક્રમપૂર્વક જ ઉત્પન્ન થાય છે. જેમ ઘડાની સ્થાસ, કોશ, કુશૂલ, છત્ર વિગેરે ક્રમભાવી અવસ્થાઓથી ઉત્તરોત્તર કાર્ય ઉત્પન્ન થાય છે. તે પ્રકારે આમાં સમજવું. ૧૪.

ક્રમ નહીં માનવાથી આવતો દોષ —

અન્યથા પ્રમેયનું જ્ઞાન થઈ શકશે નહીં. ૧૫.

§ ૧ અન્યથા એટલે કે યથોક્ત ક્રમનો અસ્વીકાર કરવાથી–સાક્ષાત્ અનુભવાતા ક્રમનો અપલાપ કરવાથી દર્શનાદિના પ્રમેયો–વિષયોનો જ અપલાપ કર્યો કહેવાશે. ૧૫.

પૂર્વોક્ત ક્રમનું વ્યતિરેક દ્વારા સમર્થન—

જે પદાર્થ દર્શનનો વિષય નથી તે અવગૃહીત–અવગ્રહનો વિષય–થતો નથી, અને જે અવગૃહીત નથી. તે સંદિગ્ધ–સંશયનો વિષય–બનતો નથી, તેમજ જે સંદિગ્ધ નથી તે ઈહિત–ઈહાનો વિષય–બનતો નથી, તથા જે ઈહિત નથી તે અવેત–અવાયનો વિષય–બનતો નથી. અને જે અવેત નથી તે ધારણાનો વિષય પણ થતો નથી. ૧૬

આનો અર્થ સ્પષ્ટ છે. ૧૬,

કોઈ વખત દર્શનાદિનો પૂર્વોક્ત ક્રમ જણાતો નથી તેનું કારણ—

કમળના સો પાંદડાના વેધના ક્રમની જેમ ક્વચિત્ અવગ્રહાદિનો ક્રમ જણાતો નથી. ૧૭.

§ ૧ ક્વચિત્ એટલે અભ્યસ્ત (અનેકવાર જોયેલ–અનુભવેલ) હથેળી આદિ વિષયો સમજવા. અર્થાત્ અભ્યસ્ત કરતલાદિના જ્ઞાનમાં દર્શન, અવગ્રહ આદિનો ક્રમ જણાતો નથી, છતાં પણ તે અવશ્ય હોય છે જ.

સારાંશ એ છે કે–જે વસ્તુ અતિપરિચયવાળી હોય તેમાં પહેલાં દર્શન થયું પછી અવગ્રહ ઇત્યાદિ ક્રમનો અનુભવ થતો નથી. તેનું કારણ એ નથી કે ત્યાં દર્શનાદિ વિના જ અવાય કે ધારણા જ્ઞાનની ઉત્પત્તિ થઈ જાય છે. ત્યાં પણ પૂર્વોક્ત ક્રમથી જ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. પરંતુ અતિગાઢ પરિચયને કારણે ત્યાં અતિશીઘ્રતાથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, માટે તેના ક્રમનો અનુભવ થતો નથી. જેમકે–એક બીજા ઉપર એમ કમલના સો પાંદડાં રાખીને અતિબળથી ભાલું ઘુસેડવામાં આવે તો તે ભાલું દરેક પાંદડાંને ક્રમથી જ વીંધશે પરંતુ ભાલું ક્યારે પહેલા પાંદડામાં ઘુસ્યું, ને ક્યારે બીજામાં ઘુસ્યું એ ક્રમ જાણી શકાતો નથી, તેનું કારણ શીઘ્રતા જ છે. જો ભાલાનો વેગ આટલો તીવ્ર હોઈ શકે છે તો જ્ઞાન જેવા સૂક્ષ્મતર પદાર્થનો વેગ તો તેથી પણ અધિક તીવ્ર કેમ ન હોય ? આથી ક્વચિત્ અભ્યસ્ત વિષયમાં ક્રમ હોવા છતાં તેનું ભાન થતું નથી. ૧૭.

(૧૦) **क्रमोत्पदिष्णुना हि कारणेने**ति गद्ये कारणेन मृत्पिण्डादिना ॥ मृत्पिण्डः स्थासकस्य कारम्, स्थासकश्च कोशस्य कारणम्, एवं यथोत्तरं कार्यं यथापूर्वं कारणम् ॥१४॥

पारमार्थिकप्रत्यक्षं लक्षयन्ति–

पारमार्थिकं पुनरुत्पत्तावात्ममात्रापेक्षम् ॥१८॥

§१ क्षय क्षयोपशमविशेषविशिष्टमात्मद्रव्यमेवाऽव्यवहितं समाश्रित्य पारमार्थिकमेतदवध्यादिप्रत्यक्षमुन्मज्जति, न पुनः सांव्यवहारिकमिवेन्द्रियादिव्यवहितमात्मद्रव्यमाश्रित्येति भावः ॥१८॥

अस्य भेदावुपदिशन्ति–

तद् विकलं सकलं च ॥१९॥

§१ असंपूर्णपदार्थपरिच्छेदकत्वाद् विकलम्, तद्विपरीतं तु सकलम् ॥१९॥

પારમાર્થિક પ્રત્યક્ષનું લક્ષણ—

પારમાર્થિક પ્રત્યક્ષ તો ઉત્પત્તિમાં માત્ર આત્માની અપેક્ષા રાખે છે. ૧૮.

§ ૧ ક્ષય તથા ક્ષયોપશમ રૂપ વિશેષથી યુક્ત આત્મદ્રવ્યનો સાક્ષાત્ આશ્રય કરીને અવધિ આદિ પારમાર્થિક પ્રત્યક્ષજ્ઞાનો ઉત્પન્ન થાય છે. તાત્પર્ય એ છે કે આ પારમાર્થિક પ્રત્યક્ષ સાંવ્યવહારિક પ્રત્યક્ષની જેમ ઇન્દ્રિયાદિથી વ્યવહિત એવા આત્મદ્રવ્યનો આશ્રય કરીને ઉત્પન્ન થતું નથી. ૧૮.

પારમાર્થિક પ્રત્યક્ષના ભેદોનો ઉપદેશ—

તે વિકલ અને સકલ છે. ૧૯.

§ ૧ અસમ્પૂર્ણ પદાર્થનું પરિચ્છેદક-બોધક 'વિકલ' છે અને તેથી વિપરીત 'સકલ' છે. અર્થાત્ તે સંપૂર્ણ પદાર્થનું જ્ઞાન છે. ૧૯.

विकलं भेदतो दर्शयन्ति–

तत्र विकलमवधिमनःपर्यायज्ञानरूपतया द्वेधा ॥२०॥

सुगमम् ॥२०॥

अवधिं लक्षयन्ति–

अवधिज्ञानावरणविलयविशेषसमुद्भवं भवगुणप्रत्ययं रूपिद्रव्यगोचरमवधिज्ञानम् ॥२१॥

§१ अवधिज्ञानावरणस्य विलयविशेषः क्षयोपशमभेदः । तस्मात् समुद्भवति यत् । भवः सुर-नारकजन्मलक्षणः, गुणः सम्यग्दर्शनादिः, तौ प्रत्ययौ हेतू यस्य तत्तथा । तत्र भवप्रत्ययं सुरनारकाणाम् । गुणप्रत्ययं पुनर्नरतिरश्चाम् । रूपिद्रव्यगोचरं रूपिद्रव्याणि पृथिवीपाथःपावकपवनान्धकारच्छायाप्रभृतीनि । तदालम्बनमवधिज्ञानं ज्ञेयम् ॥

વિકલના ભેદો જણાવે છે—

વિકલ પારમાર્થિક પ્રત્યક્ષના બે ભેદ છે-અવધિ અને મનઃપર્યાય જ્ઞાન. ૨૦.

સૂત્રનો અર્થ સુગમ છે. ૨૦.

અવધિજ્ઞાનનું લક્ષણ—

અવધિજ્ઞાનાવરણીય કર્મના વિલય વિશેષથી ઉત્પન્ન થનાર, ભવ અને ગુણ પ્રત્યયવાળું, રૂપી દ્રવ્યને વિષય કરનાર અવધિજ્ઞાન છે. ૨૧.

§ ૧ અવધિજ્ઞાનનો ઉદ્ભવ અવધિજ્ઞાનાવરણીય કર્મના વિલયવિશેષ-ક્ષયોપશમ વિશેષથી છે. અને તેમાં ભવ એટલે દેવ-નારકરૂપ જન્મ અને ગુણ એટલે સમ્યગ્દર્શનાદિ પ્રત્યયો-હેતુ છે. તેમાં ભવપ્રત્યય અવધિ દેવ અને નારકોને છે, તથા ગુણપ્રત્યય અવધિ મનુષ્ય અને તિર્યંચોને છે. અવધિજ્ઞાનનો વિષય રૂપી દ્રવ્યો જેવાં કે પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-અન્ધકાર-છાયા વિગેરે છે.

§ २ अत्र न्यायमार्गानुयायिनः संगिरन्ते—ननु पृथिव्यादीनां चतुर्णां सकर्णा वर्णयन्तु द्रव्यताम्। तिमिरच्छाययोस्तु द्रव्यतावाचोयुक्तिर्युक्तिरिक्तैव। भासामभाव एव हि तमश्छाये गदतां सच्छाये। तथाहि—शशधरदिनकरकरनिकरनिरन्तरप्रसरासम्भवे सर्वतोऽपि सति तम इति प्रतीयते। यदा तु प्रतिनियतप्रदेशेनाऽऽतपत्रादिना प्रतिबद्धस्तेजःपुञ्जो यत्र यत्र न संयुज्यते तदा तत्र तत्र च्छायेति प्रतीयते, प्रतिबन्धकाभावे तु स्वरूपेणाऽऽलोकः समालोक्यत इत्यालोकाभाव एव तमश्छाये। यदि च तमो द्रव्यं भवेत्, तदा रूपवद्द्रव्यस्य संस्पर्शाव्यभिचारात्, स्पर्शवद्द्रव्यस्य च महतः प्रतिघातहेतुत्वात् तरलतरतुङ्गतङ्गत्तरङ्गपरम्परोपेतपारावारावतार इव, प्रथमजलधरधाराधोरणीधौताञ्जनगिरिगरीयः शृङ्गप्रतिवादिनीव, निर्यन्निर्झरझात्कारिवारिदुर्वारशीकरासारसिच्यमानाभिरामाऽऽराममहीरुहसमूहप्रतिच्छन्द इव च प्रवृत्ते तिमिरभरे संचरतः पुंसः प्रतिबन्धः स्यात्, भूगोलकस्येव चाऽस्याऽवयवभूतानि खण्डावयविद्रव्याणि प्रतीयेरन्। एवं छायायामपि, इति कथं ते द्रव्ये भवेताम्?॥

§ ૨ અહીં અન્ધકાર અને છાયાને રૂપી દ્રવ્ય તરીકે જણાવ્યા તેથી ન્યાયમાર્ગના અનુયાયી **નૈયાયિક** અને **વૈશેષિક** આ પ્રમાણે કહે છે—

રૂપિદ્રવ્યની ગણનામાં પૃથ્વી-જલ-તેજ અને વાયુ આ ચારને તમે દ્રવ્ય તરીકે ભલે કહો. પરંતુ તમે અંધકાર અને છાયાને પણ દ્રવ્યરૂપે કહો છો તે યુક્તિયુક્ત નથી. કારણ કે આલોકનો—પ્રકાશનો અભાવ એ જ અંધકાર અને છાયા છે -એમ કહેવું શોભે. તે આ પ્રમાણે-સૂર્ય ચન્દ્ર આદિના કિરણોનો કોઇપણ સ્થળે જરાએ સંચાર ન હોય ત્યારે અન્ધકારનો અનુભવ થાય છે, અને જ્યારે પ્રતિનિયત-મર્યાદિત દેશમાં રહેલ છત્રાદિથી પ્રતિબદ્ધ થઇને પ્રકાશનો પુંજ જ્યાં જ્યાં સંયુક્ત થતો નથી ત્યાં ત્યાં છાયાનો અનુભવ થાય છે, અને જ્યારે છત્રાદિરૂપ પ્રતિબંધકનો અભાવ હોય અર્થાત્ આલોકને-પ્રકાશને રોકનાર કંઈ ન હોય ત્યારે આલોક પોતાના સ્વરૂપે જ પ્રતીયમાન થાય છે. આ પ્રમાણે અંધકાર અને છાયા બન્ને—આલોકાભાવરૂપ છે. વળી જે દ્રવ્ય રૂપવાળું હોય તે અવશ્ય સ્પર્શવાળું હોય. આથી જો અન્ધકાર દ્રવ્ય હોય તો-રૂપવાળા દ્રવ્યનો

यतोऽभावानुभव इत्यादि। **भावान्तरे**ति भूतलादेः पटादेर्वा, मृत्पिण्डादेः कपालादेर्वा दर्शनाद् भवेत्।

१ °रुपिद्रव्यसंस्प° मु।

સ્પર્શ સાથે અવ્યભિચાર હોવાથી અને સ્પર્શવાળો મહત્પદાર્થ પ્રતિઘાત–રૂકાવટમાં હેતુભૂત થતો હોવાથી; અતિચપલ, ઉંચા ઉછળતા તરંગોની પરંપરાથી યુક્ત સમુદ્રના અવતાર જેવા, તથા નૂતન મેઘની ધારાઓથી ધોવાએલ અંજનગિરિના મોટા શિખરોના પ્રતિવાદિ–હરીફ જેવા, અને ઝરતા ઝરણાના ઝંકાર (ખભખળાટ) વાળા પાણીના દુર્વાર છાંટાઓના વેગથી સીંચાએલ મનોહર બગીચાના વૃક્ષસમૂહની પ્રતિકૃતિ જેવા બની રહેલા ગાઢ અન્ધકારમાં સંચરતા માનવને પ્રતિબન્ધ થવો જોઈએ. અર્થાત્ તેવા અન્ધકારમાં જવા આવવાની ક્રિયા થઇ શકશે નહીં. વળી પૃથ્વીની જેમ અંધકારના અવયવભૂત ખંડાત્મક અવયવી દ્રવ્યો પણ પ્રતીત થવા જોઈએ. આ જ રીતે છાયામાં પણ સમજવાનું છે. તો પછી તે બન્ને–અંધકાર અને છાયા–દ્રવ્ય કઇ રીતે હોઇ શકે ? અર્થાત્ તે બન્ને દ્રવ્યરૂપ નથી.

(પ૦) **रूपवद्द्रव्यस्य स्पर्शाव्यभिचारादिति** । अरूपिद्रव्याणां दिक्कालादीनां परिगणितत्वेन तमसस्तेष्वसम्भवात् पारिशेष्याद्रूपवद्द्रव्यं सम्भवति । **एवं छायायामपीति** तुल्ययोगक्षेमत्वात् ।

§ २ अत्राभिदध्महे—तमसस्तावदभावस्वभावतास्वीकृतिरानुभविकी, आनुमानिकी वा ? न तावदानुभविकी, यतोऽभावानुभवो भावान्तरोपलम्भे सत्येव संभवी, कुम्भाभावोपलम्भवत् । न च प्रचुरतरतिमिरनिकरपरिकरितापवरकोदरे स्वकरतलादिमात्रस्याऽप्युपलम्भः संभवति । तत्कथं तदनुभूतिर्भवेत् ? कथं वा प्रदीपादिप्रभाप्राग्भारप्रोज्जृम्भणमन्तरेणाऽस्योपलम्भः ? कुम्भाद्यभावो हि तद्भावे एवानुभूयमानो दृष्टः । तत् कथमेष न्यायमुद्रातिक्रमो न कृतः स्यात् ?

§ ૩ **જૈન**—આનો ઉત્તર અમે આપીએ છીએ. અંધકારને તમે અભાવસ્વરૂપ માનો છો, તો તે અનુભવથી કે અનુમાનથી ? અનુભવથી કહી શકશો નહીં કારણ કે–અભાવનો અનુભવ બીજા પદાર્થની ઉપલબ્ધિ હોય તો જ થાય છે, જેમકે–ભૂતલાદિનું જ્ઞાન હોય તો જ ઘટાભાવનું જ્ઞાન થાય છે. પણ ગાઢ અંધકારવાળા ઓરડામાં જ્યાં પોતાના હાથનો પણ ઉપલમ્ભ નથી એટલે કે–કશુંય દેખાતું નથી, ત્યાં અભાવનો અનુભવ કઇ રીતે થાય ? અથવા પ્રદીપાદિની દેદીપ્યમાન પ્રભાનો પુંજ હોય ત્યારે જ ઘટાદિના અભાવનું જ્ઞાન થાય છે, તો દીપકની પ્રભાના અભાવમાં અભાવરૂપ અન્ધકારની ઉપલબ્ધિ કઈ રીતે થઇ શકે ? અર્થાત્ થવી ન જોઈએ–છતાં પણ આલોક ન હોય ત્યારે જ અંધકારનું જ્ઞાન થાય છે. તો 'અભાવ' પ્રત્યક્ષમાં આલોક કારણ છે'–એ ન્યાયનું શું ઉલ્લંઘન નથી થતું ? અર્થાત્ થાય જ છે.

(टि०) **तदनुभूतिरिति** अभावानुभवः । **अस्योपलम्भ** इति अभावस्योपलब्धिः । **तद्भाव** इति प्रदीपप्रभाप्राग्भारप्रोज्जृम्भण एव ।

अथ यो भावो यावता सामग्र्येण गृह्यते तदभावोऽपि तावतैव तेन । तदिहालोकस्य स्वातन्त्र्येणालोकान्तरमन्तरेणैव ग्रहणमालोकितम्—इति तदभावस्यापि तत्

किं न स्यात् ?–इति चेत् । अहो ! पीतविषस्याऽप्यमृतोद्गारः । एवं वदता त्वयैव तमसि द्रव्यत्वाभ्याहारात् । किमिदमीदृशमिन्द्रजालम् ?–इति चेत् । इदमीदृशमेवेन्द्रजालमालोक्यताम्–आलोकः किल चक्षुषा संयोगाद् गृह्यते । यदि च तदभावस्यापि तत्सामग्र्यैणैव ग्रहणं स्यात्, तदा तस्यापि ग्रहणे चक्षुःसंयोगसद्भावादायाता द्रव्यतापत्तिः, संयोगस्य गुणत्वेन तद्वृत्तित्वात् । अथाऽसंयुक्तोऽप्ययं प्रेक्ष्यते, तदा कथं यो भावो यावतेत्याद्यं मृषोद्यं न स्यात् ? कथं वा चक्षुषः प्राप्यकारिताप्रवादः सूपपादः स्यात् ?

विशेषणविशेष्यभावसंबन्धबन्धुरस्यान्धकारस्य ग्रहणादयमदोष इति चेत् । कतमस्यैष विशेषणम् ? न शरीरस्य, तदन्यत्रापि प्रतिभासनात् । नापि भूतलकलशकुड्यादेः, तत एव । तर्हि भवतु नभस इति चेत् । तदशस्यम्, एतस्य तद्विशेषणविशेष्यीभावेन कदाचिदप्रतिभासनात् । तन्नैतदभावतास्वीकृतिरानुभविकी भव्या ॥

નૈયાયિક—જે પદાર્થનું જેટલી સામગ્રીથી ગ્રહણ અર્થાત્ જ્ઞાન થાય, તે પદાર્થના અભાવનું પણ તેટલી જ સામગ્રીથી ગ્રહણ થાય છે. અહીં આલોકનું ગ્રહણ અન્ય આલોક વિના સ્વતંત્ર રૂપે જ થાય છે. માટે આલોકના અભાવરૂપ અન્ધકારનું ગ્રહણ પણ આલોક વિના સ્વતન્ત્રરૂપે કેમ નહીં થાય ? અર્થાત્ થશે.

જૈન—અહો ! તમે ઝેર પીને પણ ઓડકાર તો અમૃતના જ કાઢો છો, કારણ કે–આ પ્રમાણે કહેવા જતાં તમે જ અંધકારને દ્રવ્ય તરીકે સ્વીકાર્યું.

નૈયાયિક—આ વળી કેવી ઇન્દ્રજાળ કરો છો ?

જૈન—એ ઇન્દ્રજાળ એવી જ છે. તે તમે જુઓ. આલોકનું ગ્રહણ ચક્ષુ સાથેના તેના સંયોગથી થાય છે. હવે જો આલોકના અભાવનું ગ્રહણ પણ તે જ સામગ્રીથી થતું હોય તો આલોકાભાવરૂપ અંધકારના ગ્રહણમાં પણ ચક્ષુ સાથે સંયોગનો સદ્ભાવ માનવો પડે. અને તેથી જ અંધકારમાં દ્રવ્યની આપત્તિ આવશે. એટલે કે તેને દ્રવ્ય માનવું પડશે. કારણ કે સંયોગ ગુણ હોઇ તે દ્રવ્યમાં જ રહે છે.

નૈયાયિક—ચક્ષુ સાથે સંયોગ વિના પણ અન્ધકારનું ચાક્ષુષજ્ઞાન અમે માનીશું.

જૈન—તો પછી તમે પૂર્વે કહેલ 'જે પદાર્થનું જેટલી સામગ્રીથી ગ્રહણ થાય છે, તેટલી સામગ્રીથી તે પદાર્થના અભાવનું પણ ગ્રહણ થાય છે' એ ન્યાય જૂઠો કેમ નહીં પડે ? અથવા ચક્ષુસંયોગ વિના પણ અન્ધકારનું ચાક્ષુષજ્ઞાન થાય છે, એમ માનશો તો–તમોને માન્ય એવો ચક્ષુનો પ્રાપ્યકારિત્વવાદ–કઈ રીતે યુક્તિસંગત થશે ? કારણ કે અંધકારનું ચાક્ષુષજ્ઞાન હોવા છતાં તમે અહીં સન્નિકર્ષ સ્વીકારતા નથી.

નૈયાયિક-વિશેષણવિશેષ્યભાવ નામના સન્નિકર્ષથી અન્ધકારનું ગ્રહણ થાય છે. તેથી ચક્ષુની પ્રાપ્યકારિતામાં બાધા નહીં આવે.

જૈન–તો પ્રશ્ન છે કે અન્ધકાર કોના વિશેષણરૂપે છે ? અન્ધકારને શરીરના વિશેષણ તરીકે કહી શકશો નહીં. કારણ કે શરીર સિવાય અન્ય સ્થળે પણ અન્ધકારની પ્રતીતિ થાય છે. અન્ધકારને ભૂતલ કલશ કે ભીંત વિગેરેના વિશેષણ તરીકે પણ કહી શકશો નહીં. કારણ કે એ પદાર્થો સિવાય અન્ય સ્થળે પણ અન્ધકારની પ્રતીતિ થાય છે. કદાચ, અન્ધકારને સર્વવ્યાપી આકાશનું વિશેષણ કહો તો તે પણ યોગ્ય નથી. કારણ કે આકાશ સાથે વિશેષણવિશેષ્યભાવ રૂપે કહીયે અન્ધકારની પ્રતીતિ થતી નથી. એટલે કે–અંધકાર આકાશના વિશેષણ તરીકે કહીયે અનુભવાતો નથી. માટે અનુભવ–પ્રત્યક્ષને આધારે અન્ધકારને અભાવરૂપે સ્વીકારવો તે યોગ્ય નથી.

(प०) **स्वातन्त्र्येणे**ति भावान्तरनिरपेक्षत्वेन । **अयमि**ति अभावः ॥

अन्धकारस्य ग्रहणादित्यत्र **अन्धकारस्ये**त्यभावरूपस्य । को भावः ? आलोकाभावविशिष्टा इतरपदार्था गृह्यन्ते इति भावः । **तदन्यत्रापी**ति । न हि केवले एव शरीरे तमः प्रतिभाति । किन्त्वन्येषु घटादिष्वपि । **तत** एवेति तदन्यत्रापि प्रतिभासनात् । **एतस्ये**ति अभावस्य । **तद्विशेषणविशेष्यीभावेने**ति तेन नभसा विशेषणविशेष्यीभावस्तेन । अभावो हि नभोविशेषणविशेष्यीभावेन कदाचनापि न प्रतिभासते ।

(टि०) **तावतैव तेने**ति सामग्र्येण । **तदभावस्यापी**ति आलोकाभावस्यापि । **तदि**ति भावान्तरोपलम्भमन्तरेण प्रदीपाद्यालोकाद्विना वा ग्रहणम् । **आलोकः किले**त्यादि । **तदभावस्यापी**ति आलोकाभावस्यापि । **तत्सामग्र्येणे**ति आलोकसामग्र्या । **तस्यापी**ति आलोकाभावस्यापि । **तद्वृत्तित्वादि**ति द्रव्यवृत्तित्वात् संयोगस्तावद्गुणः । गुणाश्रयो द्रव्यमिति भवतापि स्वीकारात् । तमसश्चक्षुःसंयोगग्रहणे वलाद् द्रव्यता समायाता । **अथासंयुक्त** इत्यादि । **अयमी**त्यालोकाभावः ।

कतमस्येति नगनगरसागरागुरुकुरङ्गतुरङ्गतरङ्गसारङ्गमातङ्गादिस्थावरत्रसषड्विधजीवनिकाये स्फुरति सति तन्मध्ये कस्य ? **एष** इत्यन्धकारः । **तदन्यत्रे**ति शरीरव्यतिरेकेऽपि । **तत एवे**ति तदन्यत्रापि प्रतिभासनादिति हेतोरेव । **एतस्ये**त्यन्धकारस्य । **तद्विशेषणे**ति नभोविशेषणम् । **एतदभावतेति** एतस्य तमसः अभावताया आलोकाभावत्वस्य स्वीकारः सनिकारः ।

§४ नाऽप्यानुमानिकी, यतः कतमोऽत्र हेतुराख्यायते सङ्ख्यावता ? किं भाववैलक्षण्येन लक्ष्यमाणत्वम्, भावविलक्षणसामग्रीसमुत्पाद्यत्वम्, असत्येवाऽऽलोके तत्प्रतिभासनम्, आलोकग्रहणसामग्र्या गृह्यमाणत्वम्, तिमिरद्रव्योत्पादककारणाभावः, द्रव्यगुणकर्मातिरिक्तकार्यत्वम्, आलोकविरोधित्वम्, भावरूपताप्रसाधकप्रमाणाभावो वा ?—इत्यष्टपक्षी राक्षसीव त्वत्पक्षभक्ष्यभक्षणविचक्षणोपतिष्ठते ।

तत्र न तावदाऽऽद्यः पक्षः क्षेमङ्करः, 'कुम्भोऽयं स्तम्भोऽयम्' इति हि यथा कुम्भादयो भावा विधिमुखेन प्रत्यक्षेण प्रेक्ष्यन्ते, तथा 'इदं तमः' इति तमोऽपि । अभावरूपतायां तस्य प्रतिषेधमुखेन प्रत्ययः प्रादुःष्यात्, यथा 'कुम्भोऽत्र नास्ति' इति । ननु नाशप्रध्वंसादिप्रत्यया विधिमुखेनाऽपि प्रवर्तमाना दृश्यन्ते । नैवम्, नाशादिशब्दानामेव

भावप्रतिषेधाभिधायकत्वात् । अत एव हि कुम्भस्य प्रध्वंस इति सोपपदानामेषां प्रयोगोपपत्तिः । यदि तु तमःप्रभृतिशब्दा अपि तत्समानार्थतामाबिभ्रीरन् , तदानीं 'कुम्भस्याऽभावः' इतिवत् 'आलोकस्य तमः' इत्यपि प्रोच्येत । न चैवं कश्चिद् विपश्चिदपि प्रवक्ति । अथालोकाभावे संकेतितस्तमःशब्दः, नाभावमात्रे । ततो न तथाव्यपदेश इति चेत् । नैवम् , यदि ह्यन्धकाररूपोऽभावोऽपि विधिमुखेन वीक्ष्येत, तदानीं किमन्यदेतस्य भाववैलक्षण्येन लक्ष्यमाणत्वं स्याद् यनो हेतुसिद्धिर्भवेत् ?

§ ૪ અન્ધકારનો અનુમાનથી પણ અભાવરૂપે સ્વીકાર થઈ શકશે નહીં. કારણ કે વિદ્વાન્ એવા તમે આઠ હેતુઓમાંથી કયા હેતુ વડે અન્ધકારને અભાવરૂપે સિદ્ધ કરશો ?–(૧) ભાવથી વિલક્ષણ જણાતો હોવાથી, (૨) ભાવથી ભિન્ન સામગ્રીથી ઉત્પન્ન થતો હોવાથી, (૩) પ્રકાશ ન હોય ત્યારે જ જાણી શકાતો હોવાથી, (૪) પ્રકાશને ગ્રહણ કરનારી સામગ્રીથી ગ્રાહ્ય હોવાથી, (૪) અન્ધકાર દ્રવ્યને ઉત્પન્ન કરનાર કારણનો અભાવ હોવાથી, (૬) દ્રવ્ય ગુણ કર્મથી ભિન્નનું કાર્ય હોવાથી, (૭) પ્રકાશનો વિરોધી હોવાથી, કે (૮) ભાવરૂપે સાધનાર પ્રમાણ નહીં હોવાથી ? આ પ્રમાણે તમારા પક્ષરૂપ ભક્ષ્યનું ભક્ષણ કરવા રાક્ષસીના જેવી આ અષ્ટપક્ષી તૈયાર છે. અર્થાત્ આ આઠેય હેતુમાંથી એક પણ હેતુ અન્ધકારને આલોકાભાવ તરીકે સિદ્ધ કરી શકે તેમ નથી. તે આ પ્રમાણે—

(૧) 'ભાવથી વિલક્ષણ જણાતો હોવાથી' આ પ્રથમ હેતુ તમારા માટે હિતકર નથી, કારણકે–'આ કુંભ છે' 'આ સ્તમ્ભ છે'–એ પ્રમાણે કુંભાદિ પદાર્થ જેમ વિધિસ્વરૂપે પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા પ્રતીત થાય છે, તેમ 'આ અંધકાર છે' એ પ્રમાણે અન્ધકાર પણ વિધિસ્વરૂપે પ્રત્યક્ષ થાય છે. જો અન્ધકાર અભાવરૂપ હોય તો 'આ સ્થળે કુંભ નથી' એમ જેવું પ્રતિષેધરૂપે જ્ઞાન થાય છે, તેવું અન્ધકારનું પણ પ્રતિષેધરૂપે જ્ઞાન થવું જોઈએ.

નૈયાયિક–નાશ–પ્રધ્વંસાદિ અભાવરૂપ હોવા છતાં તેમનું જ્ઞાન 'આ નાશ છે' 'આ પ્રધ્વંસ છે.'– એમ વિધિરૂપે પણ થાય છે. તો એ જ પ્રમાણે વિધિરૂપ પ્રતીતિનો વિષય હોવા છતાં અન્ધકારને અભાવરૂપે સ્વીકારવામાં શું વિરોધ છે ? અર્થાત્ કોઈ જાતનો વિરોધ નથી.

જૈન–તમારું આ કથન યુક્તિયુક્ત નથી. કારણ કે નાશ આદિ શબ્દો ભાવના નિષેધને જ જણાવનારા છે, એટલા માટે નાશ, પ્રધ્વંસાદિ શબ્દોનો પ્રયોગ 'ઘડાનો નાશ' એ પ્રમાણે ઉપપદ સાથે થાય છે, પણ સ્વતંત્ર થતો નથી. વળી, તમ, તિમિર, અન્ધકારાદિ શબ્દો નાશ, પ્રધ્વંસાદિ શબ્દોની જેમ અભાવવાચક હોય તો–'ઘડાનો નાશ' આ પ્રયોગની જેમ 'આલોકનો અંધકાર' એવો પ્રયોગ થવો જોઈએ. પરંતુ તેવો પ્રયોગ કોઈ પણ પંડિત કરતો નથી. માટે તમ તિમિરાદિ શબ્દો નાશ આદિ શબ્દોના સમાન અર્થવાળા નથી.

જૈન–તો પ્રશ્ન છે કે અન્ધકાર કોના વિશેષણરૂપે છે ? અન્ધકારને શરીરના વિશેષણ તરીકે કહી શકશો નહીં. કારણ કે શરીર સિવાય અન્ય સ્થળે પણ અન્ધકારની પ્રતીતિ થાય છે. અન્ધકારને ભૂતલ કલશ કે ભીંત વિગેરેના વિશેષણ તરીકે પણ કહી શકશો નહીં. કારણ કે એ પદાર્થો સિવાય અન્ય સ્થળે પણ અન્ધકારની પ્રતીતિ થાય છે. કદાચ, અન્ધકારને સર્વવ્યાપી આકાશનું વિશેષણ કહો તો તે પણ યોગ્ય નથી. કારણ કે આકાશ સાથે વિશેષણવિશેષ્યભાવ રૂપે કદીયે અન્ધકારની પ્રતીતિ થતી નથી. એટલે કે-અંધકાર આકાશના વિશેષણ તરીકે કદીયે અનુભવાતો નથી. માટે અનુભવ–પ્રત્યક્ષને આધારે અન્ધકારને અભાવરૂપે સ્વીકારવો તે યોગ્ય નથી.

(प०) **स्वातन्त्र्येणे**ति भावान्तरनिरपेक्षत्वेन । **अयमि**ति अभावः ॥

अन्धकारस्य ग्रहणादित्यत्र **अन्धकारस्ये**त्यभावरूपस्य । को भावः ? आलोकाभावविशिष्टा इतरपदार्था गृह्यन्ते इति भावः । **तदन्यत्रापी**ति । न हि केवले एव शरीरे तमः प्रतिभाति । किन्त्वन्येषु घटादिष्वपि । **तत** एवेति तदन्यत्रापि प्रतिभासनात् । **एतस्ये**ति अभावस्य । **तद्विशेषणविशेष्यीभावेने**ति तेन नभसा विशेषणविशेष्यीभावस्तेन । अभावो हि नभोविशेषणविशेष्यीभावेन कदाचनापि न प्रतिभासते ।

(टि०) **तावतैव तेने**ति सामग्र्येण । **तदभावस्यापी**ति आलोकाभावस्यापि । **तदि**ति भावान्तरोपलम्भमन्तरेण प्रदीपाद्यालोकाद्विना वा ग्रहणम् । **आलोकः किले**त्यादि । **तदभावस्यापी**ति आलोकाभावस्यापि । **तत्सामग्र्येणे**ति आलोकसामग्र्या । **तस्यापी**ति आलोकाभावस्यापि । **तद्वृत्तित्वादि**ति द्रव्यवृत्तित्वात् संयोगस्ताबद्गुणः । गुणाश्रयो द्रव्यमिति भवतापि स्वीकारात् । तमसश्चक्षुःसंयोगग्रहणे बलाद् द्रव्यता समायाता । **अथासंयुक्त** इत्यादि । **अयमी**त्यालोकाभावः ।

कतमस्येति नगनगरसागरागुरुकुरङ्गतुरङ्गतरङ्गसारङ्गमातङ्गादिस्थावरत्रसषड्विधजीवनिकाये स्फुरति सति तन्मध्ये कस्य ? **एष** इत्यन्धकारः । **तदन्यत्रे**ति शरीरव्यतिरेकेऽपि । **तत एवे**ति तदन्यत्रापि प्रतिभासनादिति हेतोरेव । **एतस्ये**त्यन्धकारस्य । **तद्विशेषणे**ति नभोविशेषणम् । **एतदभावतेति** एतस्य तमसः अभावताया आलोकाभावत्वस्य स्वीकारः सनिकारः ।

§४ नाऽप्यानुमानिकी, यतः कतमोऽत्र हेतुराख्यायते सङ्ख्यावता ? किं भाववैलक्षण्येन लक्ष्यमाणत्वम्, भावविलक्षणसामग्रीसमुत्पाद्यत्वम्, असत्येवाऽऽलोके तत्प्रतिभासनम्, आलोकग्रहणसामग्र्या गृह्यमाणत्वम्, तिमिरद्रव्योत्पादककारणाभावः, द्रव्यगुणकर्मातिरिक्तकार्यत्वम्, आलोकविरोधित्वम्, भावरूपताप्रसाधकप्रमाणाभावो वा ?—इत्यष्टपक्षी राक्षसीव त्वत्पक्षभक्ष्यभक्षणविचक्षणोपतिष्ठते ।

तत्र न तावदाऽऽद्यः पक्षः क्षेमङ्करः, 'कुम्भोऽयं स्तम्भोऽयम्' इति हि यथा कुम्भादयो भावा विधिमुखेन प्रत्यक्षेण प्रेक्ष्यन्ते, तथा 'इदं तमः' इति तमोऽपि । अभावरूपतायां तस्य प्रतिषेधमुखेन प्रत्ययः प्रादुःष्यात्, यथा 'कुम्भोऽत्र नास्ति' इति । ननु नाशप्रध्वंसादिप्रत्यया विधिमुखेनाऽपि प्रवर्तमाना दृश्यन्ते । नैवम्, नाशादिशब्दानामेव

भावप्रतिषेधाभिधायकत्वात् । अत एव हि कुम्भस्य प्रध्वंस इति सोपपदानामेषां प्रयोगोपपत्तिः । यदि तु तमःप्रभृतिशब्दा अपि तत्समानार्थतामाबिभ्रीरन् , तदानीं 'कुम्भस्याऽभावः' इतिवत् 'आलोकस्य तमः' इत्यपि प्रोच्येत । न चैवं कश्चिद् विपश्चिदपि प्रवक्ति । अथालोकाभावे संकेतितस्तमःशब्दः, नाभावमात्रे । ततो न तथाव्यपदेश इति चेत् । नैवम् , यदि ह्यन्धकाररूपोऽभावोऽपि विधिमुखेन वीक्ष्येत, तदानीं किमन्यदेतस्य भाववैलक्षण्येन लक्ष्यमाणत्वं स्याद् यतो हेतुसिद्धिर्भवेत् ?

§ ૪ અન્ધકારનો અનુમાનથી પણ અભાવરૂપે સ્વીકાર થઈ શકશે નહીં, કારણ કે વિદ્વાન્ એવા તમે આઠ હેતુઓમાંથી કયા હેતુ વડે અન્ધકારને અભાવરૂપે સિદ્ધ કરશો ?–(૧) ભાવથી વિલક્ષણ જણાતો હોવાથી, (૨) ભાવથી ભિન્ન સામગ્રીથી ઉત્પન્ન થતો હોવાથી, (૩) પ્રકાશ ન હોય ત્યારે જ જાણી શકાતો હોવાથી, (૪) પ્રકાશને ગ્રહણ કરનારી સામગ્રીથી ગ્રાહ્ય હોવાથી, (૪) અન્ધકાર દ્રવ્યને ઉત્પન્ન કરનાર કારણનો અભાવ હોવાથી, (૬) દ્રવ્ય ગુણ કર્મથી ભિન્નનું કાર્ય હોવાથી, (૭) પ્રકાશનો વિરોધી હોવાથી, કે (૮) ભાવરૂપે સાધનાર પ્રમાણ નહીં હોવાથી ? આ પ્રમાણે તમારા પક્ષરૂપ ભક્ષ્યનું ભક્ષણ કરવા રાક્ષસીના જેવી આ અષ્ટપક્ષી તૈયાર છે. અર્થાત્ આ આઠેય હેતુમાંથી એક પણ હેતુ અન્ધકારને આલોકાભાવ તરીકે સિદ્ધ કરી શકે તેમ નથી. તે આ પ્રમાણે—

(૧) 'ભાવથી વિલક્ષણ જણાતો હોવાથી' આ પ્રથમ હેતુ તમારા માટે હિતકર નથી, કારણકે–'આ કુંભ છે' 'આ સ્તમ્ભ છે'–એ પ્રમાણે કુંભાદિ પદાર્થ જેમ વિધિસ્વરૂપે પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા પ્રતીત થાય છે, તેમ 'આ અંધકાર છે' એ પ્રમાણે અન્ધકાર પણ વિધિસ્વરૂપે પ્રત્યક્ષ થાય છે. જો અન્ધકાર અભાવરૂપ હોય તો 'આ સ્થળે કુંભ નથી' એમ જેવું પ્રતિષેધરૂપે જ્ઞાન થાય છે, તેવું અન્ધકારનું પણ પ્રતિષેધરૂપે જ્ઞાન થવું જોઈએ.

નૈયાયિક–નાશ–પ્રધ્વંસાદિ અભાવરૂપ હોવા છતાં તેમનું જ્ઞાન 'આ નાશ છે' 'આ પ્રધ્વંસ છે.'– એમ વિધિરૂપે પણ થાય છે. તો એ જ પ્રમાણે વિધિરૂપ પ્રતીતિનો વિષય હોવા છતાં અન્ધકારને અભાવરૂપે સ્વીકારવામાં શું વિરોધ છે ? અર્થાત્ કોઈ જાતનો વિરોધ નથી.

જૈન–તમારું આ કથન યુક્તિયુક્ત નથી. કારણ કે નાશ આદિ શબ્દો ભાવના નિષેધને જ જણાવનારા છે, એટલા માટે નાશ, પ્રધ્વંસાદિ શબ્દોનો પ્રયોગ 'ઘડાનો નાશ' એ પ્રમાણે ઉપપદ સાથે થાય છે, પણ સ્વતંત્ર થતો નથી. વળી, તમ, તિમિર, અન્ધકારાદિ શબ્દો નાશ, પ્રધ્વંસાદિ શબ્દોની જેમ અભાવવાચક હોય તો–'ઘડાનો નાશ' આ પ્રયોગની જેમ 'આલોકનો અંધકાર' એવો પ્રયોગ થવો જોઈએ. પરંતુ તેવો પ્રયોગ કોઈ પણ પંડિત કરતો નથી. માટે તમ તિમિરાદિ શબ્દો નાશ આદિ શબ્દોના સમાન અર્થવાળા નથી.

નૈયાયિક–તમ તિમિરાદિ શબ્દો આલોકાભાવના સંકેતરૂપ છે પણ કેવલ અભાવના સંકેતરૂપ નથી. એટલે કે–તમ તિમિરાદિ શબ્દો અભાવ વિશેષ માટે વપરાય છે, પણ અભાવસામાન્ય માટે વપરાતા નથી. તેથી 'આલોકને અંધકાર' એવો વ્યવહાર–શબ્દપ્રયોગ થતો નથી. સારાંશ એ છે કે અભાવ-શબ્દ માત્ર સામાન્યાભાવનો વાચક છે, માટે કોનો અભાવ? એ જિજ્ઞાસા થતાં 'ઘડાનો અભાવ' એવો પ્રયોગ થાય છે. એવી જ રીતે 'અંધકાર' શબ્દ માત્ર અભાવનો વાચક હોત તો 'કોનો અભાવ?' એ જિજ્ઞાસા થતાં 'આલોકનો' એવો વ્યવહાર થાત. પણ તેમ નથી. કારણ કે અંધકારશબ્દ માત્ર 'આલો-કાભાવ'માં જ સંકેતિત છે.

જૈન–તમારું તે કથન યુક્તિયુક્ત નથી. કારણ કે–અન્ધકારરૂપ અભાવ પણ જો વિધિરૂપે જણાતો હોય તો પછી અન્ધકારનું ભાવથી વિલક્ષણ સ્વરૂપ બીજું કયું જણવું બાકી રહ્યું, કે જેથી તમારો ઉપરોક્ત હેતુ સિદ્ધ થાય?

(प०) **तमोऽपी**ति कोऽर्थः ? तमोऽपि 'इदं तमः' इति विधिमुखेन प्रत्यक्षेण प्रेक्ष्यते । तस्मान्नाभावस्तमः । **अत एवे**ति प्रतिषेधाभिधायकत्वादेव । **सोपपदानामेषां प्रयोगोपपत्ति**रिति । अत एव शुद्धशब्दवाच्यत्वाद्वस्तुरूपं तमः । **न तथाव्यपदेश** इति किन्तु प्रतिषेधमुखेन व्यपदेशः । **अन्धकाररूपोऽभावोऽपी**ति गद्ये एतदेव हि भावलक्षणं यद् विधिमुखेन प्रेक्षणम् । **तदानीमि**ति गद्ये **एतस्ये**ति तमसः । कोऽर्थः ? उपहासोऽयम् । यदि हि विधिमुखेन प्रत्ययेन लक्ष्यमाणेऽप्यन्धकारो भाववैलक्षण्येन लक्ष्यत इति त्वयोच्यते तदा किमपरं भावलक्षणं स्यादिति यावत् ॥

(टि०) **यतः कतम** इत्यादि । **संख्यावते**ति संख्या विद्वज्जनगणनायां प्रथमगणनं विद्यते यस्य स संख्यावान्, तेन संख्यावता विद्वज्जनमान्येनेत्युपहासवाक्यम् ।

अभावेत्यादि । **तस्ये**ति तमसः पदार्थस्य वा । **ननु नाशे**ति नाशप्रध्वंसादिप्रत्यया हि अभावस्वभावाः, तथापि घटस्य नाशोऽयं [इति] विधिमुखेनापि प्रत्ययप्रतीतिः प्रोज्जृम्भेत । कोऽर्थः ? तमोपि 'इदं तमः' इति विधिमुखेन प्रत्यक्षेण प्रेक्ष्यते । तस्मान्नाभावस्तमः । **एषामि**ति नाशप्रध्वंसादीनाम् । **तत्समानार्थतामि**ति नाशप्रध्वंसादिसाम्यम् । **अथालोके**त्यादि । **तथे**त्यालोकस्य तमः । यदि सामान्येनाभावे तमःशब्दः सङ्केतितः स्यात्तदा घटाद्यभावप्रचुरतया तमोबाहुल्यापसारणाय आलोकस्य तम इति प्रोच्येत । अत्र तु न तथा, आलोकाभाव एव सङ्केतितत्वात् तमःशब्दस्य । **एतस्ये**त्यभावस्य । **यत** इति भाववैलक्षण्येन लक्ष्यमाणत्वात् ।

अथ भावविलक्षणसामग्रीसमुत्पाद्यत्वं हेतुः । तथाहि–समवाय्यसमवायिनिमित्तकारणकलापव्यापाररूपा भावोत्पादिका सामग्री । नैव तमसीयं समगंस्त । तदशस्तम्, यतः किमिदं समवायिकारणनाम्ना त्वमाम्नासीः ? यत्र कार्यं समवेतमुत्पद्यते तदिति चेत् । तदसम्यक्, समवायस्य निरन्तरसुहृद्गोष्ठीषु गौरवार्हत्वात्; तत्प्रसाधकत्वाभिमतस्य 'इह तन्तुषु पटः' इत्यादिप्रत्ययस्याप्रसिद्धेः, 'पटे तन्तवः' इत्यादिरूपस्याऽस्याऽऽबालगोपालं प्रतीतत्वात् । सिद्धौ वा 'इह भूतले घटाभावः' इत्यभावप्रत्ययेन व्यभिचारात् । संबन्धमात्रपूर्वताप्रसाधने सिद्धसाधनात्, अवि-

ष्वग्भावमात्रनिमित्ततया तदङ्गीकारात् । एकान्तैकस्वरूपत्वेन चाऽस्यैकवस्तुसमवायसंभवे समस्तवस्तुसमवायस्य, विनश्यदेकवस्तुसमवायाभावे समस्तवस्तुसमवायाभावस्य वा प्रसङ्गात् । तत्तदवच्छेदकभेदात् तदुपपत्तौ तस्यापि कथञ्चिद्भेदापत्तेः, अनेकपुरुषावच्छिन्नपर्षदादेरपि तावत्स्वभावमात्रेन कथञ्चिद्भेदात् । अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपतया चाऽस्याऽऽकाशसामान्यावेतादृग्वस्तुसमाश्रितत्वमेव भवेद्, न तु कार्यवस्तुसमाश्रितत्वम् । तत्तत्सहकारिकारणकलापोपनिपातप्रभावात् कार्यसमवायस्वीकारोऽपि सनिकारः, तत्स्वभावप्रभावप्रतिबद्धानां तेषामपि सदा सन्निधानप्रधानत्वात् । तथा चास्तमिता समवायिकारणकिंवदन्ती ।

तदसत्त्वे किमसमवायिकारणम् ? समवायिकारणप्रत्यासन्नत्वं हि तल्लक्षणम् । तदसत्त्वे कथमेतत् स्यात् ?

तथा च तच्छेषभूतस्य निमित्तकारणस्यापि का व्यवस्था ? ।

નૈયાયિક–(૨) 'ભાવથી ભિન્ન સામગ્રીથી ઉત્પન્ન થતો હોવાથી' એ હેતુ અમે સ્વીકારીએ છીએ. તે આ પ્રમાણે–'સમવાયી અસમવાયી તથા નિમિત્ત-કારણરૂપ કારણસમૂહનો વ્યાપાર' એ ભાવોત્પાદક સામગ્રી છે. અને ભાવોત્પાદક આ સામગ્રી અન્ધકારની ઉત્પત્તિમાં સંગત થઈ શકતી નથી, એટલે તે સામગ્રી કરતાં વિલક્ષણ સામગ્રીથી ઉત્પન્ન થતો હોવાથી અન્ધકાર ભાવરૂપ સિદ્ધ થઈ શકે નહીં, પણ અભાવરૂપ સિદ્ધ થાય છે.

જૈન–તમારું આ કથન યોગ્ય નથી. કારણ કે અમે અહીં પૂછીએ છીએ કે–એવો કયો પદાર્થ છે, કે જેને તમે 'સમવાયી કારણ' એ નામથી ઓળખાવો છો ?

નૈયાયિક–જેમાં સમવાય સમ્બન્ધથી કાર્ય ઉત્પન્ન થાય તે સમવાયી કારણ છે.

જૈન–તે યુક્તિયુક્ત નથી, કારણ કે–સમવાય તો સતત ચાલતી મિત્રોની વાતોમાં જ શોભે એવો છે, અર્થાત્ સમવાયની સિદ્ધિ નથી, કારણકે–સમવાયના પ્રસાધક તરીકે તમે 'આ તન્તુઓમાં પટ છે' એ પ્રકારનો જે પ્રત્યય અર્થાત્ જ્ઞાન જણાવો છો, તે તો અપ્રસિદ્ધ છે, પરંતુ 'આ પટમાં તંતુઓ છે' એવો અનુભવ તો સાધારણ પુરુષોને પણ થાય છે. છતાં પણ ધારો કે 'આ તન્તુમાં પટ છે' એવી પ્રતીતિ કથંચિત્ સિદ્ધ થઈ જાય તો પણ 'અહીં ભૂતલમાં ઘટાભાવ છે' આવી અભાવ પ્રતીતિ હોવા છતાં તમારે મતે આથી સમવાયની સિદ્ધિ થતી નથી. તેથી વ્યભિચાર છે. વળી, પૂર્વોક્ત પ્રતીતિથી જો કેવળ સંબંધ જ સિદ્ધ થતો હોય તો સિદ્ધસાધન નામનો દોષ આવશે. કારણ કે સમવાય નહીં પણ અવિષ્વગ્ભાવ માત્ર એટલે કંથચિત્ તાદાત્મ્યરૂપ સંબંધને કારણે એવી પ્રતીતિ થાય છે–એમ અમે પણ માનીએ છીએ.

વળી, સમવાય એકાન્તથી એક જ છે, એમ તમે માન્યું છે. તેથી તો કોઈ એક પદાર્થમાં જ્યારે સમવાયનો સંભવ થાય ત્યારે સમસ્ત પદાર્થોમાં સમવા-

યનો સંભવ થઈ જશે, અને નાશ પામતા એક પદાર્થમાં સમવાયનો અભાવ થવાથી સમસ્ત પદાર્થોના સમવાયનો અભાવ થઈ જશે.

નૈયાયિક–સમવાય એક હોવા છતાં તે તે અવચ્છેદક—વિશેષણના ભેદથી તેમાં ભેદની વ્યવસ્થા થઈ શકે છે.

જૈન–એમ માનવામાં તો સમવાય એકાન્તે એક નહિ પણ અનેક થઈ જશે, કારણ કે–અનેક પુરુષોથી અવચ્છિન્ન–વિશિષ્ટ પર્ષદા–સભા આદિ પણ એક હોવા છતાં તેટલા સ્વભાવવાળી હોવાથી અર્થાત્ જેટલા અવચ્છેદક હોય તેટલા સ્વભાવ–વિશેષોવાળી હોવાથી કથંચિત્ અનેક છે. વળી, તમારા મતે સમવાય 'અપ્રચ્યુત, અનુત્પન્ન અને સ્થિરૈકસ્વરૂપ' હોવાથી તે તેવા જ પ્રકારના આકાશ, સામાન્ય આદિ પદાર્થોમાં આશ્રિત થઈને રહેશે પણ તેથી વિલક્ષણ કાર્યદ્રવ્યો–અનિત્ય દ્રવ્યોમાં આશ્રિત થઈને રહેશે નહીં.

નૈયાયિક-સમવાય નિત્ય છે છતાં પણ તે જ્યારે દંડચક્રાદિ અથવા તુરિવેમાદિરૂપ સહકારી કારણોનો સમૂહ આવી પડે છે, ત્યારે તેના પ્રભાવથી તે તે ઘટ કે પટરૂપ કાર્યમાં સ્વીકારવામાં આવે છે, એટલે કે–નવો સમવાય ઉત્પન્ન થતો નથી પણ નવા ઉત્પન્ન થતા તે તે કાર્યમાં તે છે, એમ માનીએ છીએ.

જૈન–તમારી આ માન્યતા પણ તિરસ્કૃત છે, કારણ કે–સમવાયના અપ્રચ્યુતાદિ સ્વભાવના પ્રભાવને કારણે તે તે સહકારી કારણો સદૈવ સન્નિધિવાળાં જ થઈ જશે, અર્થાત્ સમવાય નિત્ય એકરૂપ હોવાથી જો પ્રથમથી સહકારી-કારણોના સંબંધમાં હોય નહીં તો પછી પણ થાય નહીં, માટે તે તે સહકારી કારણોનું સાન્નિધ્ય સદૈવ સ્વીકારીએ તો જ સમવાયના તે સ્વભાવ સાથે સંગત થાય, અને તેમ થતાં સમવાયી કારણની વાર્તા પણ અસ્ત (નષ્ટ) થઈ ગઈ. અર્થાત્ સમવાય જ સિદ્ધ ન થયો તો પછી સમવાયી કારણ કોને કહી શકાશે? કારણ કે–સમવાયથી જેમાં કાર્ય ઉત્પન્ન થાય તેને જ તમે સમવાયી કારણ કહો છો, તો તમોએ સ્વીકારેલ સમવાય જ જ્યાં સિદ્ધ થતો નથી ત્યાં સમવાયી કારણની કથા–વાર્તા પણ કઈ રીતે થઈ શકશે?

ઉપરોક્ત રીતે સમવાયી કારણ જ સિદ્ધ ન થયું તો પછી અસમવાયી કારણ પણ કઇ રીતે સિદ્ધ થાય? કારણ કે, 'સમવાયી કારણને જે પ્રત્યાસન્ન છે, તે અસમવાયી કારણ છે' એ અસમવાયી કારણનું લક્ષણ છે. તો જો સમવાયી કારણ જ નથી તો અસમવાયી કારણ કઇ રીતે સિદ્ધ થઇ શકે? અર્થાત્ સિદ્ધ થઇ શકે નહીં.

અને તે રીતે સમવાયી કારણ અને અસમવાયી કારણ સિદ્ધ ન થાય, તો તે એ સિવાય બાકી રહેલ નિમિત્ત કારણની પણ કંઇ વ્યવસ્થા થઈ શકશે નહીં.

(૧૦) **तदुपपत्ताविति** यथाकाशस्यापि अवच्छेदकभेदान्नानात्वं घटाकाशं पटाकाशमिति एवं समवायस्यापि नानात्वम् । **तावत्स्वभावभावेने**ति यावन्तोऽवच्छेदकास्तावद्वा भेदप्रसक्तिः । **एताद-**

गवस्तुसमाश्रितत्वमेवेति । आकाशसामान्यादीनि एतादृशि यानि वस्तूनि एतत्सदृशानि नित्यानि, तत् समाश्रितत्वम् । **तत्तत्सहकारिकारणे**ति । न हि कीलकस्थितास्तन्तवः पटस्य कारणं भवन्ति । **तत्स्वभावप्रभावप्रतिबद्धानां** तत्तत्सहकारिकारणकलापस्वभावप्रभावप्रतिबद्धानाम् । **समवायिकारणप्रत्यासन्नत्वमि**ति । समवायिकारणप्रत्यासन्नमवधृतसामर्थ्यं ह्यसमवायिकारणम् ।

(टि०) **समवायी**त्यादि । त्रिधा कारणम्—यत्र हि कार्यं समवैति तत्समवायिकारणं यथा द्व्यणुकस्याणुद्वयम्, यच्च कार्यैकार्थसमवेतं कार्यं कारणैकार्थसमवेतं वा कार्यमुत्पादयति तदसमवायिकारणं यथा पटावयविद्रव्यारम्भे तन्तुसंयोगः, पटसमवेतरूपाद्यारम्भे पटोत्पादकतन्तुरूपादि च, शेषं तूत्पादकं निमित्तकारणं यथा पटाकाशादि । प्रतिषेधाभिप्रायकत्वादेव अतो भावोपि विधिमुखेन वीक्ष्यतेऽभावोपि । तत्कथं हेतुर्घटते **भाववैलक्षण्येने**त्यादि ? एतदेव हि भावलक्षणं यद्विधिमुखेन प्रेक्षणम् । **इयमि**ति कारणत्रयरूपा सामग्री ॥ **यत्र कार्यमि**ति । **यत्रे**ति मृत्तिकादिके वस्तुनि कार्यं घटादि । **समवेतमि**ति सम्बद्धम् । **तदि**ति समवायिकारणम् । **तत्प्रसाधकत्वे**ति । समवायप्रसाधकत्वेनाभीष्टस्य कारणे कार्यस्य समवेतत्वात्समवायः सच्छायः । कार्ये तु पटादौ कारणं तन्त्वादि समवेतं प्रसिद्धम् । अतः समवायः शिश्राय विच्छायताम् । **सम्बन्धमात्रे**ति तन्तूनन्तरेण पटः, मृत्तिकामन्तरेण घटो न स्यात् इति सम्बन्धमात्राङ्गीकारे सिद्धं साधनं कारणोत्पद्यमानत्वम् । तस्मान्न समवायस्त्रीकारः । **अविष्वगि**ति तादात्म्यकारणतया । **तदङ्गीकारादि**ति सम्बन्धस्वीकारात् । **एकान्तैके**ति एकान्तेनैकस्वभावत्वेन । **अस्ये**ति समवायस्य । **तत्तदवच्छेदेने**ति तेषां तेषामवच्छेदकानां भेदात् । **तदुपपत्तावि**ति भेदोपपत्तौ । **तस्यापी**ति समवायस्यापि । **अप्रच्युते**त्यादि । **अस्ये**ति समवायस्य । **एतादृगि**त्येतादृग् अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावं वस्तु । **तत्तत्सहकारी**ति तानि कार्यं प्रति भिन्नानि सहकारीणि दण्डचक्रचीवरदोरकादीनि तुरीवेमप्रभृतीनि च, तेषां कलापः समूहस्तत्सामग्र्यवशात् । यथाकाशस्यापि अवच्छेदकभेदान्नानात्वं घटाकाशं पटाकाशमिति । एवं समवायस्यापि नानात्वम् । **कार्ये**ति कार्येषु **सविकार** इति सविशेषकः । **तत्स्वभावे**ति तस्य समवायस्य स्वभावोऽप्रच्युतानुत्पन्नस्थिरैकलक्षणः । **तेषामि**ति सहकारिणामपि ।

तदसत्त्व इति समवायिकारणाभावे । **तल्लक्षणमि**ति असमवायिलक्षणम् ।

तदसत्त्व इति असमवायिकारणलक्षणाभावे । **एतदि**ति असमवायिकारणम् । **तच्छेषभूतस्ये**ति समवाय्यसमवायिशेषरूपस्य ।

सन्तु वा कारणान्यमूनि, तथापि यथा कथञ्चिदालोककलापस्योत्पादः, तथा तमसोऽपि भविष्यति । किमरुचिविरचनाभिर्व्यपासितुं शक्यते ? किमस्योत्पादकमिति चेत् । आलोकस्य किमिति वाच्यम् ? तेजोऽणव इति चेत् । अस्यापि तमोऽणव एव सन्तु । सिद्धास्तावत् तैजसास्तेऽविवादेन वादिप्रतिवादिनोरिति चेत् । तामसा अपि तद्वदेव किं न सेत्स्यन्ति ?—इति त्यज्यतामाग्रहः ।

અથવા, તમોને અભીષ્ટ આ ત્રણે કારણો ભલે ઘડીભર મનાય, તો પણ—જે કોઇ રીતે આલોક–પ્રકાશની ઉત્પત્તિ છે, તે રીતે અન્ધકારની પણ ઉત્પત્તિ થશે. માત્ર તમારી અરુચિ હોય એટલા માત્રથી કંઈ અન્ધકારનું ખંડન થઇ જતું નથી.

યનો સંભવ થઈ જશે, અને નાશ પામતા એક પદાર્થમાં સમવાયનો અભાવ થવાથી સમસ્ત પદાર્થોના સમવાયનો અભાવ થઈ જશે.

નૈયાયિક–સમવાય એક હોવા છતાં તે તે અવચ્છેદક—વિશેષણના ભેદથી તેમાં ભેદની વ્યવસ્થા થઈ શકે છે.

જૈન–એમ માનવામાં તો સમવાય એકાન્તે એક નહિ પણ અનેક થઈ જશે, કારણ કે–અનેક પુરુષોથી અવચ્છિન્ન–વિશિષ્ટ પર્ષદા–સભા આદિ પણ એક હોવા છતાં તેટલા સ્વભાવવાળી હોવાથી અર્થાત્ જેટલા અવચ્છેદક હોય તેટલા સ્વભાવ–વિશેષોવાળી હોવાથી કથંચિત્ અનેક છે. વળી, તમારા મતે સમવાય 'અપ્રચ્યુત, અનુત્પન્ન અને સ્થિરૈકસ્વરૂપ' હોવાથી તે તેવા જ પ્રકારના આકાશ, સામાન્ય આદિ પદાર્થોમાં આશ્રિત થઈને રહેશે પણ તેથી વિલક્ષણ કાર્યદ્રવ્યો–અનિત્ય દ્રવ્યોમાં આશ્રિત થઈને રહેશે નહીં.

નૈયાયિક–સમવાય નિત્ય છે છતાં પણ તે જયારે દંડચક્રાદિ અથવા તુરિવેમાદિરૂપ સહકારી કારણોનો સમૂહ આવી પડે છે, ત્યારે તેના પ્રભાવથી તે તે ઘટ કે પટરૂપ કાર્યમાં સ્વીકારવામાં આવે છે, એટલે કે–નવો સમવાય ઉત્પન્ન થતો નથી પણ નવા ઉત્પન્ન થતા તે તે કાર્યમાં તે છે, એમ માનીએ છીએ.

જૈન–તમારી આ માન્યતા પણ તિરસ્કૃત છે, કારણ કે–સમવાયના અપ્રચ્યુતાદિ સ્વભાવના પ્રભાવને કારણે તે તે સહકારી કારણો સદૈવ સન્નિધિવાળાં જ થઈ જશે, અર્થાત્ સમવાય નિત્ય એકરૂપ હોવાથી જો પ્રથમથી સહકારી–કારણોના સંબંધમાં હોય નહીં તો પછી પણ થાય નહીં, માટે તે તે સહકારી કારણોનું સાન્નિધ્ય સદૈવ સ્વીકારીએ તો જ સમવાયના તે સ્વભાવ સાથે સંગત થાય, અને તેમ થતાં સમવાયી કારણની વાર્તા પણ અસ્ત (નષ્ટ) થઈ ગઈ. અર્થાત સમવાય જ સિદ્ધ ન થયો તો પછી સમવાયી કારણ કોને કહી શકાશે? કારણ કે–સમવાયથી જેમાં કાર્ય ઉત્પન્ન થાય તેને જ તમે સમવાયી કારણ કહો છો, તો તમોએ સ્વીકારેલ સમવાય જ જ્યાં સિદ્ધ થતો નથી ત્યાં સમવાયી કારણની કથા–વાર્તા પણ કઈ રીતે થઈ શકશે?

ઉપરોક્ત રીતે સમવાયી કારણ જ સિદ્ધ ન થયું તો પછી અસમવાયી કારણ પણ કઇ રીતે સિદ્ધ થાય? કારણ કે, 'સમવાયી કારણને જે પ્રત્યાસન્ન છે, તે અસમવાયી કારણ છે' એ અસમવાયી કારણનું લક્ષણ છે. તો જો સમવાયી કારણ જ નથી તો અસમવાયી કારણ કઇ રીતે સિદ્ધ થઇ શકે? અર્થાત સિદ્ધ થઇ શકે નહીં.

અને તે રીતે સમવાયી કારણ અને અસમવાયી કારણ સિદ્ધ ન થાય, તો તે બે સિવાય બાકી રહેલ નિમિત્ત કારણની પણ કંઇ વ્યવસ્થા થઈ શકશે નહીં.

(१०) **तदुपपत्ताविति** यथाकाशस्यापि अवच्छेदकभेदान्नानात्वं घटाकाशं पटाकाशमिति एवं समवायस्यापि नानात्वम् । **तावत्स्वभावभावेनेति** यावन्तोऽवच्छेदकास्तावद्वा भेदप्रसक्तिः । **एताद-**

गवस्तुसमाश्रितत्वमेवेति । आकाशसामान्यादीनि एतादृशि यानि वस्तूनि एतत्सदृशानि नित्यानि, तत् समाश्रितत्वम् । **तत्तत्सहकारिकारणे**ति । न हि कीलकस्थितास्तन्तवः पटस्य कारणं भवन्ति । **तत्स्वभावप्रभावप्रतिबद्धानां** तत्तत्सहकारिकारणकलापस्वभावप्रभावप्रतिबद्धानाम् । **समवायिकारणप्रत्यासन्नत्वमि**ति । समवायिकारणप्रत्यासन्नमवधृतसामर्थ्यं ह्यसमवायिकारणम् ।

(टि०) **समवायी**त्यादि । त्रिधा कारणम्–यत्र हि कार्यं समवैति तत्समवायिकारणं यथा द्व्यणुकस्याणुद्वयम्, यच्च कार्यैकार्थसमवेतं कार्यं कारणैकार्थसमवेतं वा कार्यमुत्पादयति तदसमवायिकारणं यथा पटावयविद्रव्यारम्भे तन्तुसंयोगः, पटसमवेतरूपाद्यारम्भे पटोत्पादकतन्तुरूपादि च, शेषं तूत्पादकं निमित्तकारणं यथा पटाकाशादि । प्रतिषेधाभिप्रायकत्वादेव अतो भावोपि विधिमुखेन वीक्ष्यतेऽभावोपि । तत्कथं हेतुर्घटते **भाववैलक्षण्येने**त्यादि ? एतदेव हि भावलक्षणं यद्विधिमुखेन प्रेक्षणम् । **इयमि**ति कारणत्रयरूपा सामग्री ॥ **यत्र कार्यमि**ति । **यत्रे**ति मृत्तिकादिके वस्तुनि कार्यं घटादि । **समवेतमि**ति सम्बद्धम् । **तदि**ति समवायिकारणम् । **तत्प्रसाधकत्वे**ति । समवायप्रसाधकत्वेनाभीष्टस्य कारणे कार्यस्य समवेतत्वात्समवायः सच्छायः । कार्ये तु पटादौ कारणं तन्त्वादि समवेतं प्रसिद्धम् । अतः समवायः शिश्राय विच्छायताम् । **सम्बन्धमात्रे**ति तन्तूनन्तरेण पटः, मृत्तिकामन्तरेण घटो न स्यात् इति सम्बन्धमात्राङ्गीकारे सिद्धं साधनं कारणोत्पद्यमानत्वम् । तस्मान्न समवायस्वीकारः । **अविष्वगि**ति तादात्म्यकारणतया । **तदङ्गीकारादि**ति सम्बन्धस्वीकारात् । **एकान्तैके**ति एकान्तेनैकस्वभावत्वेन । **अस्ये**ति समवायस्य । **तत्तदवच्छेदेने**ति तेषां तेषामवच्छेदकानां भेदात् । **तदुपपत्तावि**ति भेदोपपत्तौ । **तस्यापी**ति समवायस्यापि । **अप्रच्युते**त्यादि । **अस्ये**ति समवायस्य । **एतादृगि**त्येतादृग् अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावं वस्तु । **तत्तत्सहकारी**ति तानि कार्यं प्रति भिन्नानि सहकारीणि दण्डचक्रचीवरदोरकादीनि तुरीवेमप्रभृतीनि च, तेषां कलापः समूहस्तत्सामग्र्यवशात् । यथाकाशस्यापि अवच्छेदकभेदान्नानात्वं घटाकाशं पटाकाशमिति । एवं समवायस्यापि नानात्वम् । **कार्ये**ति कार्येषु **सविकार** इति सविशेषकः । **तत्स्वभावे**ति तस्य समवायस्य स्वभावोऽप्रच्युतानुत्पन्नस्थिरैकलक्षणः । **तेषामि**ति सहकारिणामपि ।

तदसत्व इति समवायिकारणाभावे । **तल्लक्षणमि**ति असमवायिलक्षणम् ।

तदसत्त्व इति असमवायिकारणलक्षणाभावे । **एतदि**ति असमवायिकारणम् । **तच्छेषभूतस्ये**ति समवाय्यसमवायिशेषरूपस्य ।

सन्तु वा कारणान्यमूनि, तथापि यथा कथञ्चिदालोककलापस्योत्पादः, तथा तमसोऽपि भविष्यति । किमरुचिविरचनाभिर्व्यपासितुं शक्यते ? किमस्योत्पादकमिति चेत् । आलोकस्य किमिति वाच्यम् ? तेजोऽणव इति चेत् । अस्यापि तमोऽणव एव सन्तु । सिद्धास्तावत् तैजसास्तेऽविवादेन वादिप्रतिवादिनोरिति चेत् । तामसा अपि तद्वदेव किं न सेत्स्यन्ति ?–इति त्यज्यतामाग्रहः ।

અથવા, તમોને અભીષ્ટ આ ત્રણે કારણો ભલે ઘડીભર મનાય, તો પણ–જે કોઇ રીતે આલોક–પ્રકાશની ઉત્પત્તિ છે, તે રીતે અન્ધકારની પણ ઉત્પત્તિ થશે. માત્ર તમારી અરુચિ હોય એટલા માત્રથી કંઈ અન્ધકારનું ખંડન થઈ જતું નથી.

નૈયાયિક–અન્ધકારને ઉત્પન્ન કરનારું કયું કારણ છે ?

જૈન–તમે જ કહોને કે આલોક–પ્રકાશને ઉત્પન્ન કરનાર શું છે ?

નૈયાયિક–આલોકના ઉત્પાદક આલોકના અણુઓ છે.

જૈન–તે જ રીતે અન્ધકારના ઉત્પાદક અન્ધકારના અણુઓ છે.

નૈયાયિક–પ્રકાશના અણુઓ તો કોઇ પણ વિવાદ વિના વાદી-પ્રતિવાદી બન્નેને પ્રસિદ્ધ છે.

જૈન તો શું અન્ધકારના અણુઓ પણ એ જ રીતે સિદ્ધ નહીં થાય ? અર્થાત્ સિદ્ધ થશે. માટે હે નૈયાયિક! અન્ધકારને આલોકનો અભાવ માનવાનો આગ્રહ છોડી દો.

(टि०) **किमस्ये**त्यादि । **अस्ये**ति तमसः । **अस्यापी**ति तमसोपि । **ते** इति परमाणवः । **तद्वदे**वेति तैजसपरमाणुवत् ।

असत्येवाऽऽलोके तत्प्रतिभासनमप्यसम्यक् । न हि यस्मिन्नसत्येव यत् प्रतिभासते तत् तदभावमात्रमेव भवति, असत्येव व्यवधाने प्रतिभासमानैर्घटादिभिर्व्यभिचारात् । कथं च नैवं प्रतिबन्धकेऽसत्येव समुत्पद्यमानस्य स्फोटस्यापि तदभावमात्रता स्यात् ? अथ स्फोटो दाहकात्मकतया स्पार्शनप्रत्यक्षेणाऽनुभूयते । अभावमात्रतायां हि तस्य नेयमौपपत्तिकी स्यात् । तर्हि तमोऽपि शैत्येन तेनैव प्रत्यक्षेण प्रेक्ष्यमाणं कथमभावस्वभावं भवेत् ?

નૈયાયિક–(૩) 'પ્રકાશ ન હોય ત્યારે જ અન્ધકાર જાણી શકાતો હોવાથી' અન્ધકાર આલોકાભાવ રૂપ છે.

જૈન–તમારો આ હેતુ પણ બરાબર નથી, કારણકે-'જેનો અભાવ હોય ત્યારે જ જે પ્રતિભાસિત (જ્ઞાત) થતું હોય તે તેના અભાવરૂપ હોય' એવો કોઇ નિયમ (અવિનાભાવ) નથી. કારણ કે-વ્યવધાનનો અભાવ હોય ત્યારે જ ઘટાદિ પ્રતિભાસિત થાય છે, છતાં ઘટાદિ વ્યવધાનના અભાવરૂપ નથી. માટે એ નિયમમાં ઘટાદિવડે વ્યભિચાર છે. વળી, તમે જણાવેલ નિયમ માનવામાં આવે તો-અગ્નિનું પ્રતિબંધક ન હોય ત્યારે જ ઉત્પન્ન થનારો ફોડલો પણ પ્રતિબંધકાભાવરૂપ કેમ નથી મનાતો ?

નૈયાયિક–ફોડલો સ્પાર્શન પ્રત્યક્ષ દ્વારા દાહરૂપે અનુભવાય છે, માટે ફોડલાને અભાવરૂપ માની શકાય નહીં. તેને અભાવરૂપ માનવા જતાં તેની દાહાત્મકતા ઘટી શકતી નથી.

જૈન–જો એમ હોય તો પછી અન્ધકારના શૈત્યનું પણ સ્પાર્શન પ્રત્યક્ષ થતું હોવાથી તે અભાવરૂપ કેમ બને ?

(प०) **इयमि**ति दाहात्मकता ।

(टि०) **व्यवधाने** इति कुड्यादिके । **प्रतिबन्धके** इति मन्त्रादिके । **स्फोटस्यापी**ति न केवलं घटादेः । **तदभावे**ति प्रतिबन्धकाभावमात्रत्वम् । **तस्ये**ति स्फोटस्य । **इयमि**ति दाहात्मकता । **तेनैवे**ति स्पार्शनेनैव ।

अथालोकग्रहणसामग्र्या गृह्यमाणत्वं हेतुः । तथा च **शङ्करन्यायभूषणौ**–"यो हि भावो यावत्या सामाग्र्या गृह्यते तदभावोऽपि तावत्यैव, इत्यालोकग्रहणसामग्र्या गृह्यमाणं तमस्तदभाव एव" इति । तदपि न किञ्चित्, तमोग्रहणसामग्र्या गृह्यमाणस्यालोकस्यैव तदभावताप्रसङ्गेनाऽनैकान्तिकत्वात्, घटपटयोर्वा समानग्रहणसामग्रीकतया परस्पराभावत्वप्रसङ्गात् ।

નૈયાયિક-(૪) 'પ્રકાશને ગ્રહણ કરનારી સામગ્રીથી જ ગ્રાહ્ય હોવાથી' અન્ધકાર અભાવરૂપ છે, એમ અમે માનીએ છીએ. શંકર અને ન્યાયભૂષણે કહ્યું પણ છે કે–'જે પદાર્થનું જેટલી સામગ્રીથી ગ્રહણ થાય છે, તેટલી જ સામગ્રીથી તે પદાર્થના અભાવનું પણ ગ્રહણ થાય છે. આથી પ્રકાશને ગ્રહણ કરનારી સામગ્રીથી ગ્રહણ કરાતો અન્ધકાર પ્રકાશ–તેજના અભાવરૂપ છે."

જૈન--આમાં પણ કંઈ તથ્ય નથી, કારણ કે એમ પણ કહી શકાય કે–અન્ધકારને ગ્રહણ કરનારી સામગ્રીથી પ્રકાશનું પણ ગ્રહણ થાય છે, માટે પ્રકાશ અંધકારના અભાવરૂપ છે. આ પ્રમાણે તમારા હેતુમાં વ્યભિચાર દોષ છે. વળી, ઘટ અને પટને ગ્રહણ કરનારી સામગ્રી પણ સમાન હોવાથી પરસ્પરમાં અભાવનો પ્રસંગ આવશે. અર્થાત્ ઘટજ્ઞાનની જે ચક્ષુસંયોગાદિ સામગ્રી છે, તે જ ચક્ષુસંયોગાદિ સામગ્રી પટજ્ઞાનની પણ છે. માટે તમારી વ્યાપ્તિના આધારે ઘટને પટાભાવરૂપતા અને પટને ઘટાભાવરૂપતાની આપત્તિ આવે છે. માટે તમારો આ ચોથો હેતુ પણ યોગ્ય નથી.

(टि०) **तदभावते**ति तमोऽभाव आलोक इतिप्रसङ्गसङ्गतेः ।

अथ तिमिरद्रव्योत्पादककारणाभावो हेतुः । तथा च **श्रीधरः**–"तमःपरमाणवः स्पर्शवन्तः, तद्रहिता वा ? न तावत् स्पर्शवन्तः, स्पर्शवत्कार्यद्रव्यस्य क्वचिदप्यनुपलम्भात् । अदृष्टव्यापाराभावात् स्पर्शवत्कार्यद्रव्याऽनारम्भका इति चेत् । रूपवन्तो वायुपरमाणवोऽदृष्टव्यापारवैगुण्याद् रूपवत्कार्यं नारभन्ते इति किं न कल्प्येत ? किं वा न कल्पितम्–एकजातीयादेव परमाणोरदृष्टोपग्रहाच्चतुर्धा कार्याणि जायन्त इति ? कार्यैकसमधिगम्याः परमाणवो यथाकार्यमुन्नीयन्ते, न तद्विलक्षणाः, प्रमाणाभावादिति चेत् । एवं तर्हि तामसाः परमाणवोऽप्यस्पर्शवन्तः कल्पनीयाः, तादृशाश्च कथं तमोद्रव्यमारभेरन् ? अस्पर्शवत्त्वस्य कार्यद्रव्यानारम्भकत्वेनाऽव्यभिचारोपलम्भात् । कार्यदर्शनात् तदनुगुणं कारणं कल्प्यते, न तु कारणवैकल्येन दृष्टकार्यविपर्यासो युज्यत इति चेत् । न वयमन्धकारस्य प्रत्यर्थिनः, किन्त्वारम्भानुपपत्तेः, नीलिममात्रप्रतीतेश्च द्रव्यमिदं न भवतीति ब्रूमः" [न्यायकन्दली पृ० २२] इति ।

નૈયાયિક– (૫, 'અન્ધકાર દ્રવ્યના ઉત્પાદક કારણનો અભાવ હોવાથી' અન્ધકાર અભાવરૂપ છે. ન્યાયકન્દલીના કર્તા પંડિત શ્રીધરે આ વિષે આ પ્રમાણે

તર્કો કરેલા છે-"અંધકારનાં પરમાણુઓ સ્પર્શવાળાં છે કે સ્પર્શરહિત? સ્પર્શવાળાં તો હોય નહીં કારણ કે તેનાથી ઉત્પન્ન થનાર કાર્યની સ્પર્શવાળા કાર્યદ્રવ્યરૂપે ઉપલબ્ધિ (અનુભૂતિ) થતી નથી.

શંકા-અદૃષ્ટરૂપ કારણનો વ્યાપાર ન હોવાથી અંધકારના પરમાણુઓ સ્પર્શવાળા કાર્યદ્રવ્યની ઉત્પત્તિ કરતાં નથી.

સમાધાન-તો પછી વાયુના પરમાણુઓ રૂપવાળા હોવા છતાં અદૃષ્ટનો વ્યાપાર ન હોવાથી રૂપવાળા કાર્યદ્રવ્યનો આરંભ કરતા નથી, એવી કલ્પના પણ કેમ ન થઈ શકે? અથવા તો એક જ જાતના પરમાણુઓથી અદૃષ્ટના બલે પૃથ્વી, જલ, તેજ અને વાયુ એમ ચાર પ્રકારનાં કાર્યો ઉત્પન્ન થાય છે, એવી કલ્પના પણ કેમ ન કરવી? માટે અંધકારના પરમાણુમાં સ્પર્શ નથી એમ માનવું ઉચિત છે.

શંકા-પરમાણુઓનું જ્ઞાન માત્ર કાર્યથી જ થાય છે. એટલે જેવું કાર્ય હોય તદનુરૂપ પરમાણુઓ સિદ્ધ થાય છે, પરંતુ કાર્યથી વિલક્ષણ પરમાણુઓ કદી પણ સિદ્ધ થઈ શકતા નથી. કારણ કે-કાર્યથી વિલક્ષણ પરમાણુઓને સિદ્ધ કરનારું કોઈ પણ પ્રમાણ નથી. માટે એક પ્રકારના પરમાણુથી ચાર પ્રકારનાં કાર્ય થઈ શકે નહીં.

સમાધાન-જો એમ હોય તો-અન્ધકારના પરમાણુઓને પણ સ્પર્શરહિત જ માનવા જોઈએ, અને જો તે તેવા હોય તો તે પરમાણુઓ અન્ધકારરૂપ કાર્યદ્રવ્યનો આરંભ કઇ રીતે કરી શકશે? અર્થાત્ નહીં કરી શકે. કારણ કે-જે સ્પર્શ વિનાનું હોય છે, તે કાર્યદ્રવ્યનું આરંભક નથી બનતું-આવો અવ્યભિચારી નિયમ છે. અર્થાત્ સ્પર્શરહિત અંધકારના પરમાણુઓ કાર્યારંભક ન બને.

શંકા-કાર્યને જોઈને તેને અનુરૂપ કારણની કલ્પના કરાય છે, પરંતુ કારણની વિકલતા-દોષથી પ્રત્યક્ષસિદ્ધ એવા કાર્યનો વિપર્યાસ કરવો-પ્રત્યક્ષસિદ્ધથી વિરુદ્ધ કથન કરવું-તે યુક્તિયુક્ત નથી.

સમાધાન-અમે કંઈ અન્ધકારના શત્રુ નથી, પરંતુ તેની ઉત્પત્તિ ઘટતી નથી, માટે કેવળ નીલિમાને આધારે અમે તેને દ્રવ્ય માનવા તૈયાર નથી."

(પ૦) **अदृष्टव्यापाराभावा**दिति अदृष्टं हि सर्वोत्पत्तिमतां निमित्तम्। **चतुर्द्धा कार्याणी**ति पार्थिवादीनि। परवाक्यं **कार्यैके**त्यादि।

(टि०)-**तथा च श्रीधरः** कन्दलीकारः। **तद्रहिता** इति स्पर्शवियुक्ताः। **तत्कार्ये**ति परमाणुद्रव्यकार्यस्य। **रूपवन्त** इति वायुपरमाणवो मूर्त्ता अपि कर्मवशात्कार्यं नारभेरन्निति कल्प्यताम्। ते स्वभावेन कार्यमनारभमाणास्तिष्ठन्ति। **एकजातीया**दिति रसाणो रूपाणोर्वा। **चतुर्द्धे**ति पृथ्व्यप्तेजोवायुरूपतया। **कार्यैके**ति कार्येण घटादिना एकेन रूपाणवो रसाणवो वा समधिगम्यन्ते। ते रसे हि रसाणव एव, तेजसि तेजोणव एव। **तद्विलक्षणा** इति रसे रसाणोर्विलक्षणास्तेजोणवो नेष्यन्ते। **एवमि**त्यादि। तादृशः परस्परमसम्बद्धाः। **अस्पर्शवत्त्वस्ये**ति असंयोगवत्तः।

नैतदुपपत्तिपदवीं प्रतिपद्यते, यतः स्पर्शवन्त एव तामसाः परमाणवः प्रोच्यन्ते। यत्पुनस्तत्रोपादेशि—स्पर्शवतस्तत्कार्यद्रव्यस्य क्वचिदप्यनुपलम्भादिति । तदसत्यम्, शीतस्पर्शवतस्तमोद्रव्यस्यैव तत्कार्यस्य दर्शनात् ।

तत्र स्पर्शसद्भावे किं प्रमाणम् ?— इति चेत् । तदभावे किं प्रमाणम् ?— इति वाच्यम् । न हि तत्प्रतिषेधकप्रमाणमन्तरेणाऽस्पर्शवत्त्वात् कार्यद्रव्यानारम्भस्त्वया प्रसाधयितुं शक्यते । अस्माकं तु तत्सद्भावे प्रमाणाभावेऽपि तावद् न काचित् क्षतिः । न च नास्त्येव तत्, प्रत्यक्षस्यैव सद्भावात् । तथाहि—दिवा दिवाकरकरालातपप्रपातोपतप्तवपुषः पथिकास्तमिस्रासंतमसशैत्यसंपर्कात् प्रमोदन्ते । न च तापाभावमात्रसूत्रित एव तेषां प्रमोदः, प्रतीतिबाधात् । तन्मात्रनिमित्तो हि 'घटोऽत्र नास्ति'इतिवत्, 'तापः संप्रति नास्ति' इति प्रतिषेधमुख एव प्रत्ययः प्रादुःष्यात्, न तु 'संप्रति शीतलीभूतं मे शरीरम्' इति विधिमुखः । तथात्वे हि 'तमोऽभावमात्रसूत्रित एवायमालोकप्रत्ययः' इत्यपि वावदूकस्य वदतो वदनं न वक्रीभवेत् । अथान्धकारनिबन्धनत्वे शैत्यस्पर्शप्रत्ययस्य निबिडतरघटितकपाटसंपुटे गवलकुवलयकलकण्ठीकण्ठकाण्डकृष्णान्धाकारैकार्णवीभूते कारागारे क्षिप्तस्य पुंसः सुतरां तत्प्रत्ययो भवेत्—इति चेत् । तापाभावनिमित्ततायामपि सुतरां स किं तत्र न स्यात्, तत्रात्यन्तं तापाभावसंभवात् ? तस्माद् मन्दमन्दसमीरलहरिपरिचय एव जलस्पर्शस्येव तत्स्पर्शस्याऽप्यभिव्यक्तौ हेतुः । न चासौ तत्रास्तीति न तत्र तत्प्रतीतिः प्रादुर्भवति ।

જૈન–તમારું આ કથન યુક્તિયુક્ત નથી. કારણ કે અમે અન્ધકારના પરમાણુઓને સ્પર્શવાળા જ કહીએ છીએ. તમે જે એમ કહ્યું કે 'સ્પર્શવાળા કાર્યદ્રવ્યની ઉપલબ્ધિ થતી નથી' તે અસત્ય છે. કારણ કે શીત સ્પર્શવાળું જે અંધકારદ્રવ્ય પ્રતીત થાય છે, તે જ તેનું કાર્ય છે.

શંકા–અન્ધકારમાં સ્પર્શ છે એમાં કયું પ્રમાણ છે ?

સમાધાન–અમે તમને જ પૂછીએ છીએ કે–અન્ધકારમાં સ્પર્શ નથી એમાં પણ કયું પ્રમાણ છે? એ તમે જ કહો. અન્ધકારમાં સ્પર્શનો નિષેધ કરનાર પ્રમાણ આપ્યા વિના 'અન્ધકારના પરમાણુમાં સ્પર્શ નથી માટે તે કાર્યના અનારંભક છે' એમ પણ તમે સિદ્ધ કરી શકશો નહીં. જ્યારે અમારા પક્ષે અન્ધકારના પરમાણુમાં શીતસ્પર્શના સદ્ભાવમાં પ્રમાણ ન હોય તો પણ કોઇ જાતનો દોષ આવશે નહીં, અર્થાત્ અમે તો કાર્યના આધારે કારણ દ્રવ્યની કલ્પના કરીએ છીએ, એટલે કે–અન્ધકારદ્રવ્યનો શીત સ્પર્શ અનુભવીને તેના કારણ પરમાણુમાં પણ શીત સ્પર્શની કલ્પના કરીએ છીએ.

અને અન્ધકારમાં રહેલ શીતસ્પર્શને સિદ્ધ કરવાને પ્રમાણ નથી એમ પણ નથી. અન્ધકારગત સ્પર્શ સિદ્ધ કરવાને પ્રત્યક્ષ પ્રમાણ છે જ. તે

આ પ્રમાણે–દિવસે સૂર્યના આકરા તાપમાં તપી ગયેલા શરીરવાળા મુસાફરો રાત્રે અન્ધકારના ઠંડા સ્પર્શથી આનંદ પામે છે.

શંકા–દિવસે સૂર્યના તાપથી સંતપ્ત પુરુષોને રાત્રે થતો આનંદ અન્ધકારના શીતલસ્પર્શના અનુભવજન્ય નથી, પરંતુ તાપના અભાવથી જન્ય છે.

સમાધાન–તમારું આ કથન પ્રતીતિથી બાધિત છે. કારણ કે જો રાત્ર શીતના અનુભવમાં માત્ર તાપનો અભાવ જ કારણ હોય તો જેમ 'અહીં ઘડો નથી' એ પ્રકારનું જ્ઞાન માત્ર ઘટાભાવને કારણે છે, તેમ 'અત્યારે તાપ નથી' એ પ્રમાણે પ્રતિષેધપ્રધાન જ પ્રત્યય–જ્ઞાન થાય, પરંતુ 'અત્યારે મારું શરીર શીતળ થઈ ગયું છે' આ પ્રકારે વિધિપ્રધાન પ્રત્યય થાય જ નહીં. વળી વિધિમુખ પ્રત્યય છતાં અભાવ માનવામાં આવે તો એ વિધિમુખ પ્રત્યયને આધારે કોઈ વાચાળ એમ કહે કે–પ્રકાશનું જ્ઞાન તે માત્ર અન્ધકારના અભાવને જ કારણે છે, તો શું મોઢું કાંઈ વાંકું થઈ જવાનું છે? અર્થાત્ 'અત્યારે મારું શરીર શીતળ થયું છે' એ જ્ઞાન વિધિમુખે ઉત્પન્ન થયેલ હોવા છતાં અભાવને વિષય કરે છે, એવું તમોએ સ્વીકાર્યું તો–'આ આલોક છે' એ જ્ઞાન વિધિમુખે થયેલું હોવા છતાં અન્ધકારના અભાવને જ વિષય કરે છે, એમ કોઈ કહે તો–તેને કઈ રીતે રોકી શકાય? તેથી કરીને આલોકની જેમ વિધિપ્રધાન પ્રત્યયનો વિષય હોવાથી અન્ધકાર અભાવરૂપ નથી, પણ ભાવરૂપે દ્રવ્યાત્મક છે એ સિદ્ધ થયું.

શંકા–અન્ધકારને કારણે શીતળસ્પર્શનું જ્ઞાન થતું હોય તો–સારી રીતે બંધ કરેલા બારણાવાળા અને તેથી કરીને જંગલી પાડાના, નીલ કમળ અને કોયલના કંઠ જેવા શ્યામ અન્ધકારથી વ્યાપ્ત કેદખાનામાં નાંખેલ પુરુષને શીતસ્પર્શનો ખૂબ ખૂબ અનુભવ થવો જોઈએ.

સમાધાન–ભાઈ! તમે જ કહોને કે–તાપના અભાવને કારણે જ જો શૈત્યનો અનુભવ થતો હોય તો તે સ્થિતિમાં તે અનુભવ વિશેષરૂપે કેમ નથી થતો? કારણ કે ત્યાં અત્યંત તાપાભાવ તો છે જ. તો પછી શીતળતાનો અનુભવ કેમ ન થાય? માટે જળના સ્પર્શની જેમ અન્ધકારના શીતળ સ્પર્શની અભિવ્યક્તિમાં મંદ મંદ વાયુની લહેરોનો સંબંધ જ હેતુભૂત છે. અને વાયુનો તેવો સંબંધ પૂર્વોક્ત કારાગારમાં નથી. માટે ત્યાં શીતસ્પર્શનું જ્ઞાન થતું નથી.

(टि०) **शीतस्पर्शे**त्यादि । **तत्कार्यस्ये**ति तमःकार्यस्य ।

तत्रेति तमसि । **तदभावे** इति स्पर्शाभावे । **तत्प्रतिषेधके**ति स्पर्शनिषेधकं विना ॥ **तत्सद्भावे** इति शीतस्पर्शसद्भावे । **तदि**ति प्रमाणम् । **तेषामि**ति पथिकानाम् । **तन्मात्रे**त्यभावमात्रहेतुः । **तथात्वे** इति अभावस्य विधिमुखप्रत्ययसद्भावे ।

कारागार इति तत्रात्यन्तं घर्मसम्भवात् । **तत्प्रत्यय** इति शैत्यप्रत्ययः, अन्धकारनिबन्धनाच्छीतत्वस्य । **स** इति तापाभावः । **तत्रे**ति कारागारे । **तत्स्पर्शस्ये**ति तमःस्पर्शस्यापि । **अभिव्यक्तावि**ति प्रकटने । **असावि**ति मन्दमन्दसमीरलहरिपरिचयः । **तत्रे**ति कारागारे । **तत्प्रतीति**रिति शीतस्पर्शप्रतीतिः ।

अनुमानतोऽपि तत्र स्पर्शप्रतीतिः । तथाहि—तमः स्पर्शवद्, रूपवत्त्वात्, पृथ्वीवत् । न च रूपवत्त्वमसिद्धम्, 'अन्धकारः कृष्णोऽयम्' इति कृष्णाकारप्रतिभासात् । ननु यदि तिमिरं श्यामरूपपरिकलितकलेवरं स्यात् तदावश्यं स्वप्रतिभासे आलोकमपेक्षेत, कुवलयकोकिलतमालादिकृष्णवस्तूनामालोकापेक्षवीक्षणत्वादिति चेत् । तद् नाऽकलङ्कम्, उलूकादीनामालोकमन्तरेणापि तत्प्रतिभासात् । अथास्मदादिप्रतिभासमपेक्ष्यैतदुच्यते । तदपि न पेशलम्, यतो यद्यपि कुवलयादिकमालोकमन्तरेणालोकयितुं न शक्यतेऽस्मदादिभिः, तथापि तिमिरमालोकयिष्यते, विचित्रत्वाद् भावानाम् । इतरथा पीतावदातादयोऽपि तपनीयमुक्ताफलप्रमुखा नालोकनिरपेक्षवीक्षणा इति प्रदीपचन्द्रादयोऽपि प्रकाशान्तरमपेक्षेरन् । इति सिद्धं तमो रूपवत् ।

तथा, तमो रूपवत्, कार्ष्ण्यवत्त्वेन प्रतीयमानत्वात्, कुवलयवत्— इत्यतोऽपि तत्र रूपवत्त्वसिद्धिः । न खल्वरूपं कुम्भाभावादि कृष्णाद्याकारेण कदाचित् प्रतीयमानमालोकितम्—इति रूपवत्त्वसिद्धौ च सिद्धं स्पर्शवत्त्वम् । तथा च तामसपरमाणूनां कार्यद्रव्यारम्भप्रतिषेधोपन्यस्तमस्पर्शवत्त्वं स्वरूपासिद्धम्, परस्य तामसपरमाणूनामप्रसिद्धेराश्रयासिद्धं चेति स्थितम् ।

તેમજ, અનુમાનથી પણ અન્ધકારમાં શીતસ્પર્શનો નિશ્ચય થઈ શકે છે. તે આ પ્રમાણે-અન્ધકાર સ્પર્શવાળું છે, રૂપવાળું હોવાથી, પૃથ્વીની જેમ. આ અનુમાનનો હેતુ અસિદ્ધ નથી, કારણ કે-'આ અન્ધકાર કાળો છે.' આ જ્ઞાનમાં તેના કાળારૂપની પ્રતીતિ છે.

શંકા-અન્ધકાર શ્યામરૂપવાળું દ્રવ્ય હોય તો તે પોતાના પ્રતિભાસમાં આલોકની અપેક્ષા અવશ્ય રાખે. કારણ કે નીલકમળ, કોયલ તથા તમાલ વિગેરે શ્યામ વસ્તુઓ પોતાના ચાક્ષુષજ્ઞાનમાં આલોકની અપેક્ષા રાખે છે.

સમાધાન-તમારું આ કથન નિર્દોષ નથી, કારણ કે ઘુવડ વિગેરે ને આલોક વિના જ તે તે શ્યામ પદાર્થોનું જ્ઞાન થાય છે.

શંકા-પણ અમારું પૂર્વોક્ત કથન આપણા ચાક્ષુષજ્ઞાનની અપેક્ષાએ છે, નહીં કે ઘુવડ વિગેરેના ચાક્ષુષજ્ઞાનની અપેક્ષાએ.

સમાધાન-આ કથન પણ યોગ્ય નથી. કારણ કે શ્યામ કમળ વિગેરે કાળા પદાર્થો પ્રકાશ વિના ભલે આપણે જોઈ શકતા નથી, પણ અન્ધકાર તો જોઈ શકીએ છીએ. કારણ કે પદાર્થોનો સ્વભાવ એક સરખો નથી પણ વિચિત્ર છે. અન્યથા પીળું સોનું અને શ્વેત નિર્મળ પાણીદાર મોતી વિગેરે પદાર્થો પ્રકાશ વિના જોઈ શકાતા નથી, માટે દીવો-ચન્દ્ર વિગેરે પણ અન્ય પ્રકાશની સહાય વિના દેખાશે નહીં. આ રીતે 'અન્ધકાર રૂપવાળો છે' એ સિદ્ધ થયું.

વળી, 'અંધકારમાં રૂપ છે, શ્યામરૂપે જણાતો હોવાથી, કુવલય(નીલકમળ)-ની જેમ'-આ અનુમાનથી પણ અન્ધકારમાં રૂપ સિદ્ધ થાય છે. રૂપરહિત

ઘટાભાવાદિ પદાર્થ કોઈ પણ વખતે શ્યામરૂપે જોવામાં આવતો નથી તો અંધકાર રૂપરહિત હોય તો, શ્યામ કેમ દેખાય ? આ પ્રમાણે અન્ધકારમાં રૂપ સિદ્ધ થવાથી અન્ધકારમાં સ્પર્શ પણ સિદ્ધ થયો. અને તેમ થવાથી અંધકારના પરમાણુઓ દ્વારા કાર્યદ્રવ્યના આરંભનો પ્રતિષેધ કરવા તમોએ કહેલ 'સ્પર્શરહિત હોવાથી' એ હેતુ સ્વરૂપાસિદ્ધ છે. વળી, તમારે મતે અંધકારના પરમાણુઓ અસિદ્ધ હોવાથી તમારો આ હેતુ આશ્રયાસિદ્ધ પણ છે. માટે 'અન્ધકારદ્રવ્યના ઉત્પાદક કારણનો અભાવ હોવાથી'-એ હેતુ પણ યોગ્ય નથી.

(प०) **तत्प्रतिभासादि**ति कृष्णवस्तुप्रतिभासात् ॥

प्रतिषेधोपन्यस्तमिति प्रतिषेधायोपन्यस्तम् । **अस्पर्शवत्त्वं स्वरूपासिद्धमि**ति अस्पर्शवत्त्वस्य साधकप्रमाणाभावात् । यद्यत्र न भवति तत्तत्र स्वरूपासिद्धम्, यथाऽनित्यः शब्दः चाक्षुषत्वादिति । एवं परमाणुष्वस्पर्शवत्त्वम् । **परस्ये**ति भवतः । **आश्रयासिद्धमि**ति अस्पर्शवत्त्वं साधनम् ।

(टि०) **उलूकादीनामि**त्यादि । **तत्प्रतिभे**ति तमःप्रतिभानात् । **इतरथे**ति यदि भाववैचित्र्यं नाभिमतम् ॥ **परस्ये**ति शैवस्य । **तामसे**ति स्पर्शवत्त्वं क्व वर्ततां वराकं आश्रयस्याऽसिद्धेः ।

द्रव्यगुणकर्मातिरिक्तकार्यत्वमपि न हेतुः, द्रव्यातिरिक्तकार्यत्वस्य तस्मिन्नसिद्धत्वेनैकदेशासिद्धतापत्तेः । तत्प्रसिद्धिर्हि तस्याभावरूपतया, अन्यतो वा कुतोऽप्यभिधीयते ? नाद्यः पक्षः, परस्पराश्रयप्रसङ्गात्—अभावरूपतासिद्धौ हि तस्य द्रव्यातिरिक्तकार्यत्वसिद्धिः, ततोऽपि सेति । अन्यहेतुतस्तत्सिद्धौ तु स एवास्तु । किमनेन सिद्धोपस्थायिना कृतकभक्तिभृत्येनेव कर्तव्यम् ? ।

आलोकविरोधित्वमपि न साधीयः । न हि यो यद्विरोधी स तदभावस्वभाव एव, वारि-वैश्वानरयोः परस्पराभावमात्रतापत्तेः । अथ सहानवस्थानलक्षणो विरोधस्तिमिरस्याऽभावस्वभावतासिद्धौ साधनत्वेनाभिप्रेतः, न वध्यघातकभावः । स च भावाभावयोरेव संभवी, न पुनर्द्वयोरपि भावयोः । तदिहालोकानवकाशे सत्येव समुज्जृम्भमाणस्यान्धकारस्याऽभावरूपतैव श्रेयसी, कुम्भाभाववदिति चेत् । तदपवित्रम्, अत्रापि वध्यघातकभावस्यैव भावात्, घनतरतिमिरपूरिते पथि प्रसर्पता प्रदीपप्रभाप्राग्भारेण तिमिरनिकुरम्बाडम्बरविडम्बनात् ।

નૈયાયિક-(९) 'દ્રવ્ય ગુણ અને કર્મથી ભિન્નનું કાર્ય હોવાથી' અંધકાર અભાવ રૂપ છે.

જૈન-એ હેતુ પણ અંધકારને અભાવરૂપે સિદ્ધ કરવાને સમર્થ નથી. કારણ કે અન્ધકાર એ દ્રવ્યનું કાર્ય છે. તેથી દ્રવ્યથી અતિરિક્તનું કાર્ય છે-એમ કહેવાય નહિ. આ પ્રકારે હેતુનો એક દેશ અસિદ્ધ છે. હેતુની પ્રસિદ્ધિ એટલે કે-દ્રવ્યાદિથી અતિરિક્તનું કાર્ય અન્ધકાર છે, એ વસ્તુની સિદ્ધિ અન્ધકારને અભાવ માનીને કહો છો કે બીજા કોઈ કારણથી ? પ્રથમ પક્ષ તો કહી શકશો નહીં. કારણ કે જો અન્ધકાર અભાવરૂપે સિદ્ધ હોય તો દ્રવ્યાતિરિક્તના કાર્યરૂપ સિદ્ધ થાય, અને જો 'દ્રવ્યાતિરિક્તકાર્યત્વ'ની સિદ્ધિ હોય તો

અન્ધકારમાં અભાવરૂપતાની સિદ્ધિ થાય, એમ પરસ્પરાશ્રય નામનો દોષ આવે છે. બીજા પક્ષે અન્ધકારમાં 'દ્રવ્ય ગુણ અને કર્મથી ભિન્નના કાર્યત્વ'ની સિદ્ધિ અન્ય હેતુથી થતી હોય તો એ જ હેતુ રહે. પરંતુ કૃત્રિમ (બનાવટી) ભક્તિવાળા સેવકની જેમ કાર્યસિદ્ધિ થયા પછી ઊભા રહેનાર આ–'દ્રવ્ય ગુણ અને કર્મથી ભિન્નનું કાર્ય હોવાથી' હેતુથી સર્યું.

નૈયાયિક–(૭) 'આલોકનો–પ્રકાશનો વિરોધી હોવાથી' અન્ધકાર અભાવરૂપ સિદ્ધ થાય છે.

જૈન–આ હેતુ પણ સમર્થ નથી. કારણ કે જે જેનો વિરોધી હોય, તે તેના અભાવરૂપ હોય એવો નિયમ (વ્યાપ્તિ) નથી. કારણ કે–એવો નિયમ માનશો તો જલ અને અગ્નિ પરસ્પર વિરોધી હોવાથી તેઓને માત્ર પરસ્પરના અભાવરૂપ માનવા પડશે.

શંકા–અહીં વિરોધ એટલે સહાનવસ્થાન–સાથે ન રહેવું તે, અંધકારને અભાવરૂપ સિદ્ધ કરવામાં હેતુ તરીકે ઇષ્ટ છે, પરંતુ વધ્યઘાતકભાવરૂપ વિરોધ હેતુ તરીકે ઇષ્ટ નથી. અને તે 'સહાનવસ્થાન' રૂપ વિરોધભાવ અને અભાવનો જ પરસ્પર હોય છે, પરંતુ બે ભાવમાં તેવો વિરોધ થઈ શકતો નથી. માટે પ્રસ્તુતમાં આલોક ન હોય ત્યારે જ રહેનાર અન્ધકારને ઘટ વિરોધી ઘટાભાવની જેમ અભાવરૂપ જ માનવો યોગ્ય છે.

સમાધાન–આ પણ યોગ્ય નથી, કારણ કે અહીં પણ વધ્યઘાતકભાવ જ છે. કેમ કે ગાઢ અન્ધકારથી વ્યાપ્ત માર્ગમાં દીવાની પ્રભાથી અન્ધકાર વિડમ્બના પામતો (નાશ–પામતો) હોવાથી આલોક અને અન્ધકાર વચ્ચે વધ્યઘાતકભાવ રૂપે જ વિરોધ છે. અર્થાત્ દીવો આવવાથી અન્ધકાર નાશ પામે છે. માટે 'આલોકનો વિરોધી હોવાથી' એ હેતુ અન્ધકારને અભાવસ્વરૂપે સિદ્ધ કરવાને સમર્થ નથી.

(प०) **तस्मिन्नि**ति तमसि । **तत्प्रसिद्धिरि**ति द्रव्यातिरिक्तकार्यत्वप्रसिद्धिः । **तत्सिद्धावि**ति द्रव्यातिरिक्तकार्यत्वसिद्धौ । **स एवास्त्वि**ति तमसोऽभावत्वसाधनाय । **अनेने**ति द्रव्यातिरिक्तकार्यत्वेन ।

(टि०) **द्रव्यातिरिक्ते**त्यादि **तस्मिन्नि**ति तमसि । **तत्प्रसिद्धिरि**ति द्रव्यगुणकर्म्मातिरिक्तकार्यसिद्धिः । **तस्ये**ति तमसः । **तत्सिद्धावि**ति द्रव्यादिहेतुसिद्धौ । **स एवे**ति अन्य एव हेतुः । **अनेने**ति द्रव्यगुणकर्म्मातिरिक्तकार्यहेतुना ।

अथ सहेत्यादि । **स चे**ति वध्यघातकभावः ।

भावरूपताप्रसाधकप्रमाणाभावोऽप्यसिद्धः, तत्प्रसाधकानुमानसद्भावात् । तथाहि–भावरूपं तमः, घनतरनिकरलहरिप्रमुखशब्दैर्व्यपदिश्यमानत्वात्, आलोकवत् । न चासिद्धिः साधनस्य । तथाहि–

रहःसंकेतस्थो घनतरतमःपुञ्जपिहिते
वृथोन्मेषं चक्षुर्मुहुरुपदधानः पथि पथि ।

ઘટાભાવાદિ પદાર્થ કોઈ પણ વખતે શ્યામરૂપે જોવામાં આવતો નથી તો અંધકાર રૂપરહિત હોય તો, શ્યામ કેમ દેખાય ? આ પ્રમાણે અન્ધકારમાં રૂપ સિદ્ધ થવાથી અન્ધકારમાં સ્પર્શ પણ સિદ્ધ થયો. અને તેમ થવાથી અંધકારના પરમાણુઓ દ્વારા કાર્યદ્રવ્યના આરંભનો પ્રતિષેધ કરવા તમોએ કહેલ 'સ્પર્શરહિત હોવાથી' એ હેતુ સ્વરૂપાસિદ્ધ છે. વળી, તમારે મતે અંધકારના પરમાણુઓ અસિદ્ધ હોવાથી તમારો આ હેતુ આશ્રયાસિદ્ધ પણ છે. માટે 'અન્ધકારદ્રવ્યના ઉત્પાદક કારણનો અભાવ હોવાથી'–એ હેતુ પણ યોગ્ય નથી.

(प०) **तत्प्रतिभासादि**ति कृष्णवस्तुप्रतिभासात् ॥

प्रतिषेधोपन्यस्तमिति प्रतिषेधायोपन्यस्तम् । **अस्पर्शवत्त्वं स्वरूपासिद्धमि**ति अस्पर्शवत्त्वस्य साधकप्रमाणाभावात् । यद्यत्र न भवति तत्तत्र स्वरूपासिद्धम्, यथाऽनित्यः शब्दः चाक्षुपत्वादिति । एवं परमाणुष्वस्पर्शवत्वम् । **परस्ये**ति भवतः । **आश्रयासिद्धमि**ति अस्पर्शवत्त्वं साधनम् ।

(टि०) **उलूकादीनामि**त्यादि । **तत्प्रतिभे**ति तमःप्रतिभानात् । **इतरथे**ति यदि भाववैचित्र्यं नाभिमतम् ॥ **परस्ये**ति शैवस्य । **तामसे**ति स्पर्शवत्त्वं क्व वर्त्ततां वराकं आश्रयस्याऽसिद्धेः ।

द्रव्यगुणकर्मातिरिक्तकार्यत्वमपि न हेतुः, द्रव्यातिरिक्तकार्यत्वस्य तस्मिन्नसिद्धत्वेनैकदेशासिद्धतापत्तेः । तत्प्रसिद्धिर्हि तस्याभावरूपतया, अन्यतो वा कुतोऽप्यभिधीयते ? नाद्यः पक्षः, परस्पराश्रयप्रसङ्गात्—अभावरूपतासिद्धौ हि तस्य द्रव्यातिरिक्तकार्यत्वसिद्धिः, ततोऽपि सेति । अन्यहेतुतस्तत्सिद्धौ तु स एवास्तु । किमनेन सिद्धोपस्थायिना कृतकभक्तिभृत्येनेव कर्तव्यम् ? ।

आलोकविरोधित्वमपि न साधीयः । न हि यो यद्विरोधी स तदभावस्वभाव एव, वारि-वैश्वानरयोः परस्पराभावमात्रतापत्तेः । अथ सहानवस्थानलक्षणो विरोधस्तिमिरस्याऽभावस्वभावतासिद्धौ साधनत्वेनाभिप्रेतः, न वध्यघातकभावः । स च भावाभावयोरेव संभवी, न पुनर्द्वयोरपि भावयोः । तदिहालोकानवकाशे सत्येव समुज्जृम्भमाणस्यान्धकारस्याऽभावरूपतैव श्रेयसी, कुम्भाभाववदिति चेत् । तदपवित्रम्, अत्रापि वध्यघातकभावस्यैव भावात्, घनतरतिमिरपूरिते पथि प्रसर्पता प्रदीपप्रभाप्राग्भारेण तिमिरनिकुरम्बाडम्बरविडम्बनात् ।

નૈયાયિક–(૬) 'દ્રવ્ય ગુણ અને કર્મથી ભિન્નનું કાર્ય હોવાથી' અંધકાર અભાવ રૂપ છે.

જૈન–એ હેતુ પણ અંધકારને અભાવરૂપે સિદ્ધ કરવાને સમર્થ નથી. કારણ કે અન્ધકાર એ દ્રવ્યનું કાર્ય છે. તેથી દ્રવ્યથી અતિરિક્તનું કાર્ય છે–એમ કહેવાય નહિ. આ પ્રકારે હેતુનો એક દેશ અસિદ્ધ છે. હેતુની પ્રસિદ્ધિ એટલે કે–દ્રવ્યાદિથી અતિરિક્તનું કાર્ય અન્ધકાર છે, એ વસ્તુની સિદ્ધિ અન્ધકારને અભાવ માનીને કહો છો કે બીજા કોઈ કારણથી? પ્રથમ પક્ષ તો કહી શકશો નહીં. કારણ કે જો અન્ધકાર અભાવરૂપે સિદ્ધ હોય તો દ્રવ્યાતિરિક્તના કાર્યરૂપ સિદ્ધ થાય, અને જો 'દ્રવ્યાતિરિક્તકાર્યત્વ'ની સિદ્ધિ હોય તો

અન્ધકારમાં અભાવરૂપતાની સિદ્ધિ થાય, એમ પરસ્પરાશ્રય નામનો દોષ આવે છે. બીજા પક્ષે અન્ધકારમાં 'દ્રવ્ય ગુણ અને કર્મથી ભિન્નના કાર્યત્વ'ની સિદ્ધિ અન્ય હેતુથી થતી હોય તો એ જ હેતુ રહે. પરંતુ કૃત્રિમ (બનાવટી) ભક્તિવાળા સેવકની જેમ કાર્યસિદ્ધિ થયા પછી ઊભા રહેનાર આ–'દ્રવ્ય ગુણ અને કર્મથી ભિન્નનું કાર્ય હોવાથી' હેતુથી સર્યું.

નૈયાયિક-(૭) 'આલોકનો–પ્રકાશનો વિરોધી હોવાથી' અન્ધકાર અભાવરૂપ સિદ્ધ થાય છે.

જૈન–આ હેતુ પણ સમર્થ નથી. કારણ કે જે જેનો વિરોધી હોય, તે તેના અભાવરૂપ હોય એવો નિયમ (વ્યાપ્તિ) નથી. કારણ કે–એવો નિયમ માનશો તો જલ અને અગ્નિ પરસ્પર વિરોધી હોવાથી તેઓને માત્ર પરસ્પરના અભાવરૂપ માનવા પડશે.

શંકા–અહીં વિરોધ એટલે સહાનવસ્થાન–સાથે ન રહેવું તે, અંધકારને અભાવરૂપ સિદ્ધ કરવામાં હેતુ તરીકે ઇષ્ટ છે, પરંતુ વધ્યઘાતકભાવરૂપ વિરોધ હેતુ તરીકે ઇષ્ટ નથી. અને તે 'સહાનવસ્થાન' રૂપ વિરોધભાવ અને અભાવનો જ પરસ્પર હોય છે, પરંતુ બે ભાવમાં તેવો વિરોધ થઈ શકતો નથી. માટે પ્રસ્તુતમાં આલોક ન હોય ત્યારે જ રહેનાર અન્ધકારને ઘટ વિરોધી ઘટાભાવની જેમ અભાવરૂપ જ માનવો યોગ્ય છે.

સમાધાન–આ પણ યોગ્ય નથી, કારણ કે અહીં પણ વધ્યઘાતકભાવ જ છે. કેમ કે ગાઢ અન્ધકારથી વ્યાપ્ત માર્ગમાં દીવાની પ્રભાથી અન્ધકાર વિડમ્બના પામતો (નાશ–પામતો) હોવાથી આલોક અને અન્ધકાર વચ્ચે વધ્યઘાતકભાવ રૂપે જ વિરોધ છે. અર્થાત્ દીવો આવવાથી અન્ધકાર નાશ પામે છે. માટે 'આલોકનો વિરોધી હોવાથી' એ હેતુ અન્ધકારને અભાવસ્વરૂપે સિદ્ધ કરવાને સમર્થ નથી.

(प०) **तस्मिन्नि**ति तमसि । **तत्प्रसिद्धिरि**ति द्रव्यातिरिक्तिकार्यत्वप्रसिद्धिः । **तत्सिद्धावि**ति द्रव्यातिरिक्तकार्यत्वसिद्धौ । **स एवास्त्वि**ति तमसोऽभावत्वसाधनाय । **अनेने**ति द्रव्यातिरिक्तकार्यत्वेन ।

(टि०) **द्रव्यातिरिक्ते**त्यादि **तस्मिन्नि**ति तमसि । **तत्प्रसिद्धिरि**ति द्रव्यगुणकर्म्मातिरिक्तकार्यसिद्धिः । **तस्ये**ति तमसः । **तत्सिद्धावि**ति द्रव्यादिहेतुसिद्धौ । **स एवे**ति अन्य एव हेतुः । **अनेने**ति द्रव्यगुणकर्म्मातिरिक्तकार्यहेतुना ।

अथ सहेत्यादि । **स चे**ति वध्यघातकभावः ।

भावरूपताप्रसाधकप्रमाणाभावोऽप्यसिद्धः, तत्प्रसाधकानुमानसद्भावात् । तथाहि– भावरूपं तमः, घनतरनिकरलहरिप्रमुखशब्दैर्व्यपदिश्यमानत्वात्, आलोकवत् । न चासिद्धिः साधनस्य । तथाहि–

रहःसंकेतस्थो घनतरतमःपुञ्जपिहिते
वृथोन्मेषं चक्षुर्मुहुरुपदधानः पथि पथि ।

વળી, અન્ધકાર અભાવ સ્વરૂપ નથી, પ્રાગભાવાદિ સ્વરૂપ ન હોવાથી, આકાશની જેમ. આ અનુમાનમાં હેતુ અસિદ્ધ નથી. તે આ પ્રમાણે–આલોકના પ્રાગભાવરૂપ, પ્રધ્વંસાભાવરૂપ, ઇતરેતરાભાવરૂપ કે અત્યન્તાભાવરૂપ અંધકાર છે? આલોકનો પ્રાગભાવ અંધકાર હોય તો તે કોઈ એક આલોકનો છે કે અનેક આલોકનો છે? કોઈ એક આલોકનો પ્રાગભાવ અન્ધકાર છે, એવું કહી શકાશે નહીં. કારણ કે દીવાના પ્રકાશની જેમ સૂર્યના પ્રકાશથી પણ અન્ધકાર નાશ પામે છે. જે જેનો પ્રાગભાવ હોય તે તેનાથી જ નિવૃત્ત થાય છે. જેમકે–પટનો પ્રાગભાવ પટથી નાશ પામે છે. પણ અન્ધકાર તો એકને બદલે અનેકથી નષ્ટ થતો હોવાથી કોઈ એક આલોકના પ્રાગભાવરૂપ નથી. અનેક આલોકના પ્રાગભાવરૂપ અન્ધકાર છે, એમ પણ કહી શકશો નહીં, કારણ કે-કોઈ પણ એક પ્રકાશથી અન્ધકાર નાશ પામે છે. અહીં પણ ઉપરની જેમ પટપ્રાગભાવનું દૃષ્ટાન્ત સમજી લેવું.

શંકા—તે તે આલોકથી નાશ પામનાર અન્ધકાર જુદા જુદા છે. પ્રદીપાદિથી જે અન્ધકાર નષ્ટ થાય છે, તેથી જુદો જ અન્ધકાર સૂર્યાદિથી નાશ પામે છે. અને તે સૂર્યાદિથી નષ્ટ થનાર અન્ધકાર પ્રદીપ સમયે સૂર્યાદિ ન હોવાથી નાશ પામતો નથી. આથી તમે જે એમ કહ્યું કે અન્ધકાર કોઈ પણ એકથી નષ્ટ થઈ જાય છે તે હેતુ અસિદ્ધ છે.

સમાધાન—તમારું આ કથન યુક્ત નથી કારણ કે સંપ્રતિપન્ન–સુજ્ઞાત અન્ય અન્ધકારની જેમ જો તે હોય તો પ્રદીપદ્વારા જે પ્રદેશમાં અન્ધકાર નષ્ટ થયો હોય તે પ્રદેશમાં સૂર્યદ્વારા નષ્ટ થનાર અન્ય અંધકાર દેખાવો તો જોઈએ, કારણ કે તે દર્શનયોગ્ય છે. પણ તે દેખાતો તો નથી. માટે ત્યાં અન્ધકાર નથી એમ જ માનવું જોઈએ. વળી, જો અન્ધકાર પ્રાગભાવરૂપ હોય તો પ્રદીપપ્રભાની ધારાના નાશ થયા પછી અન્ધકારની ઉત્પત્તિ થવી ન જોઈએ. કારણ કે પ્રાગભાવ અનાદિ છે.

નિવર્ત્યમાન–નિવૃત્ત થનારો હોવાથી અન્ધકાર આલોકના પ્રધ્વંસાભાવરૂપ નથી, જેમ પ્રાગભાવરૂપ નિવર્ત્યમાન હોવાથી પ્રધ્વંસાભાવરૂપ નથી, તેમ નિવર્ત્યમાન હોવાથી અન્ધકાર પણ પ્રધ્વંસાભાવરૂપ નથી.

અન્ધકાર એ ઇતરેતરાભાવરૂપ પણ નથી. કારણ કે જો તેમ હોય તો સૂર્યનું પ્રચંડ તેજ ફેલાવા છતાં અંધારી રાત્રિની જેમ દિવસે પણ અન્ધકારની પ્રતીતિ થવી જોઈએ પણ થતી તો નથી. માટે અન્ધકાર આલોકના અન્યોન્યાભાવરૂપ પણ નથી.

અન્ધકાર આલોકના અત્યન્તાભાવરૂપ પણ નથી. કારણ કે અન્ધકારના કારણ સમૂહની ઉપસ્થિતિ હોય છે, ત્યારે તે ઉત્પન્ન થાય છે. અર્થાત્ તમારા મતે અત્યન્તાભાવ નિત્ય છે. એથી તે ઉત્પતિ કે નાશ રહિત છે. પરંતુ અન્ધકાર તો પોતાના કારણ સમૂહના યોગે ઉત્પન્ન થાય છે, અને પ્રકાશના યોગે નાશ પણ પામે છે. માટે અન્ધકાર આલોકના અત્યન્તાભાવરૂપ પણ નથી.

આ પ્રમાણે અન્ધકારનો અભાવરૂપે સ્વીકાર આઠેય વિકલ્પોથી ઘટતો ન હોવાથી તેનો અનુમાનથી અભાવરૂપે સ્વીકાર પણ સિદ્ધ નથી.

(प०) **प्रागभाव** इति। यथा मृत्पिण्डो घटस्य प्रागभावः। घटे समुत्पन्ने सति घटस्य प्रागभावलक्षणो मृत्पिण्डो निवर्त्तते। एवं आलोके उत्पन्ने सति प्रागभावलक्षणं तमो निवर्त्तते। **निवर्त्यमानत्वादि**ति। आलोकस्य प्रध्वंसाभावस्तमो न भवति, निवर्त्यमानत्वात्, प्रागभाववत्। यथा प्रागभावो निवर्त्यमानत्वात् प्रध्वंसाभावो न भवति, निवर्त्यमानः [1]पटादिनेति ज्ञेयम्।

तस्येति आलोकस्य॥

(टि०) **न तावदि**त्यादि। **तस्ये**ति तमसः। **नाप्यनेकस्ये**ति अनेकस्यालोकस्य प्रागभावस्तम इति पाश्चात्येन सम्बन्धः। **तदा तदभावादि**ति रात्रौ सूर्याभावात्।

यदि चेदमित्यादि। **इदमि**ति तमः। **प्रागभावे**ति "क्षीरे दध्यादि यन्नास्ति प्रागभावः स उच्यते" [मीश्लो० अभा० २] **अस्ये**ति तमसः। प्रागभावो ह्यनादिः सान्तश्च। **नाप्यालोकस्ये**ति "नास्तिता पयसो दध्नि प्रध्वंसाभावलक्षणम्।" [मीश्लो० अभा० ३] **निवर्त्यमानत्वादि**ति आलोकेनेति शेषः। यद्यालोकस्य प्रध्वंसाभाव एव तमः तदाऽऽलोकनिवर्त्यं न स्यात्, तत्पूर्वमसत्त्वात्। अत्रापि प्रागभावप्रसङ्गात्। **तस्ये**ति आलोकस्य। "गवि योऽश्वाद्यभावस्तु सोऽन्योन्याभाव उच्यते॥" [मीश्लो० अभा०३]। **नाप्यालोकस्ये**ति तमसः।

"शिरसोऽवयवा निम्ना वृद्धिकाठिन्यवर्जिताः।
शशशृङ्गादिरूपेण सोऽत्यन्ताभाव उच्यते॥१॥" [मीश्लो० अभा० ४]

निवर्त्तिततम इवाऽनिवर्त्तितमपि तमो न [2]दृश्येत। [दृश्यमानस्येत्यर्थः (दृश्यमानो न स्यादित्यर्थः)। तमसः प्रागभावो ह्यनादिः सान्तश्चः आलोकेनेति शेषः। आलोकस्य यथा प्रागभावो निवर्त्यमानत्वात्-प्रध्वंसाभावो न स्यात् (?)। योऽत्यन्ताभावो भवति स कदाचिन्न निवर्त्तते।][3]

§५ एतत् सकलमपि प्रायेण छायायामपि समानमिति यथासंभवं योज्यम्। विशेषतश्चैतद्द्रव्यताप्रसिद्धिः परिपाटिप्राप्तस्याद्वादरत्नाकरादवधारणीया।

यत्पुनरवाचि—'तमसि सञ्चरतः पुंसः प्रतिबन्धः स्यात्' इत्यादि, तदखिलमालोकेऽपि समानमिति स एव प्रतिविधास्यति, इति किमतिप्रयत्नेन तत्रास्माकम्? इति सिद्धे तमश्छाये द्रव्ये ॥२१॥

§૫ અન્ધકારને લગતી ઉપરોક્ત સમસ્ત ચર્ચા પ્રાયઃ કરીને છાયામાં પણ સમાન જ છે. તો યથાસંભવ બુદ્ધિમાનોએ તેની ઘટના કરી લેવી. વળી, વિશેષતઃ છાયામાં દ્રવ્યતાની પ્રસિદ્ધિ પરંપરાથી પ્રાપ્ત સ્યાદ્વાદરત્નાકરમાંથી સમજી લેવી જોઈએ.

વળી, 'અન્ધકારને દ્રવ્ય માનીએ તો તેમાં સંચરનાર પુરુષને પ્રતિબન્ધ થાય'—વિગેરે જે કહ્યું તે સઘળુંયે પ્રકાશમાં પણ સમાન જ છે, માટે તેનું નિરાકરણ વાદી પોતે જ કરી લેશે. તેને માટે અમારે નિરર્થક મહેનત કરવાની જરૂર નથી. આ પ્રકારે અંધકાર અને છાયા બન્ને દ્રવ્યરૂપે સિદ્ધ થયાં. ૨૧

---

१ पटादिर्ज्ञेयः– मु। अत्रालोकः पटादिना निवर्त्यमानः–इति संबन्धः। २ दृश्यते मु। ३ कोष्ठकान्तर्गतः पाठो मुद्रिते एव।

मनःपर्यायं प्ररूपयन्ति—

संयमविशुद्धिनिबन्धनाद् विशिष्टावरणविच्छेदाज्जातं मनोद्रव्यपर्यायालम्बनं मनःपर्यायज्ञानम् ॥२२॥

§१ विशिष्टचारित्रवशेन योऽसौ मनःपर्यायज्ञानावरणक्षयोपशमस्तस्मादुद्भूतं मानुषक्षेत्रवर्तिसंज्ञिजीवगृहीतमनोद्रव्यपर्यायसाक्षात्कारि यज्ज्ञानं तन्मनःपर्यायज्ञानमित्यर्थः ॥२२॥

મનઃપર્યાય જ્ઞાનનું લક્ષણ—

સંયમની વિશુદ્ધિને કારણે થયેલ વિશિષ્ટ પ્રકારના આવરણના નાશથી ઉત્પન્ન થનારું મનોદ્રવ્યના પર્યાયોને વિષય કરનાર મનઃપર્યાયજ્ઞાન છે. ૨૨

§૧ વિશિષ્ટ પ્રકારના ચરિત્રના પ્રભાવથી મનઃપર્યાયજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે, અને તેથી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞીજીવોએ ગ્રહણ કરેલ મનોદ્રવ્યના પર્યાયોને સાક્ષાત્કાર કરનારું જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે મનઃપર્યાયજ્ઞાન છે. ૨૨

सकलप्रत्यक्षं लक्षयन्ति—

सकलं तु सामग्रीविशेषतः समुद्भूतसमस्तावरणक्षयापेक्षं निखिलद्रव्यपर्यायसाक्षात्कारिस्वरूपं केवलज्ञानम् ॥२३॥

§१ सामग्री सम्यग्दर्शनादिलक्षणाऽन्तरङ्गा । बहिरङ्गा तु जिनकालिकमनुष्यभवादिलक्षणा । ततः सामग्रीविशेषात् प्रकर्षप्राप्तसामग्रीतः समुद्भूतो यः समस्तावरणक्षयः सकलघातिसंघातविघातस्तदपेक्षं सकलवस्तुप्रकाशस्वभावं केवलज्ञानं ज्ञातव्यम् ॥

સકલપ્રત્યક્ષનું લક્ષણ—

વિશિષ્ટ પ્રકારની સામગ્રીના યોગે સમગ્ર આવરણનો ક્ષય થવાથી ઉત્પન્ન થયેલ અને સમસ્ત દ્રવ્ય અને પર્યાયોના સાક્ષાત્કારરૂપ જ્ઞાન કેવલજ્ઞાન છે. ૨૩

§ ૧ કેવલજ્ઞાન–સકલ પ્રત્યક્ષની ઉત્પત્તિમાં આવશ્યક સામગ્રી બે પ્રકારે છે-૧ અંતરંગ અને ૨ બાહ્ય. સમ્યગ્દર્શનાદિ અંતરંગ સામગ્રી છે. અને જિનેશ્વરની વિદ્યમાનતામાં મળેલ મનુષ્યભવ વિગેરે બાહ્ય સામગ્રી છે. આ બન્ને પ્રકારના સામગ્રીના વિશેષથી એટલે કે–સામગ્રી જ્યારે પ્રકર્ષને પામે છે ત્યારે સમગ્ર આવરણનો ક્ષય એટલે ચારેય ઘાતિકર્મનો ક્ષય થાય છે. અને આ ઘાતિકર્મના નાશથી જે ઉત્પન્ન થાય છે, અને જે સકલ વસ્તુ તથા તેના પર્યાયોનું પ્રકાશક સાક્ષાત્કારી જ્ઞાન છે, તે કેવલજ્ઞાન જાણવું.

§२ यस्तु नैतदमंस्त मीमांसकः, मीमांसनीया तन्मनीषा । तथाहि—बाधकभावात्, साधकाभावाद् वा सकलप्रत्यक्षप्रतिक्षेपः स्यात्पेत ? आद्यपक्षे प्रत्यक्षम्, अप्रत्यक्षं वा बाधकमभिदध्याः ? प्रत्यक्षं चेत्—पारमार्थिकम्, सांव्यवहारिकं वा ? पारमार्थिकमपि विकलम्,

सकलं वा ? विकलमप्यवधिलक्षणम्, मनःपर्यायरूपं वा ? नैतत्पक्षद्वयमपि क्षेमाय, द्वयस्याऽस्य क्रमेण रूपिद्रव्यमनोवर्गणागोचरत्वेन तद्बाधनविधावधीरत्वात्। सकलं चेत्, अहो ! शुचिविचारचातुरी, यत्केवलमेव केवलप्रत्यक्षस्याऽस्याऽभावं विभावयतीति वक्षि। वन्ध्याऽपि प्रसूयतामिदानीं स्तनन्धयान्। वान्ध्येयोऽपि च विधत्तामुत्तंसान्।

सांव्यवहारिकमप्यनिन्द्रियोद्भवम्, इन्द्रियोद्भवं वा ? न तावत् प्रथमम्, अस्य प्रातिभातिरिक्तस्य स्वात्माविष्वग्भूतसुखादिमात्रगोचरत्वात् । प्रातिभं तु तद्बाधकं नानुभूयत एव । ऐन्द्रियं तु स्वकीयम्, परकीयं वा ? स्वकीयमपीदानीमत्र तद् बाधेत्, सर्वत्र सर्वदा वा ? प्राचि पक्षे, पिष्टं पिनष्टि भवान्, तथा तदभावस्याऽस्माभिरप्यभीष्टेः । द्वितिये तु, सर्वदेशकालानाकलय्येदं तदभावमुद्भावयेत्, इतरथा वा ? आकलय्य चेत् । आकालं नन्दताद् भवान् । भवत्येव सकलकालकलाकलापाशेषदेशविशेषवेदिनि वेदनस्य तादृशः प्रसिद्धेः । अनाकलय्य चेत् । कथं सकलदेशकालाऽनाकलने सर्वत्र सर्वदा वेदनं तादृग् नास्तीति प्रतितिरुल्लसेत् ? परकीयमपीदानीमत्र तद्भावं बाधेत, सर्वत्र सर्वदा वेत्यादिविकल्पजालजर्जरीभूतं न तद्बाधनधुरां धारयितुं धीरतां दधाति । कथं वा परगृहरहस्याभिज्ञो भवानेवमभूत् ? 'तादृक्षप्रत्यक्षप्रतिक्षेपदक्षं प्रत्यक्षं प्रावर्तिष्ट मम' इति तेन कथनाच्चेत् । यदि कथिते प्रत्ययः, तर्हि 'तादृक्षाध्यक्षप्रतिक्षेपि प्रत्यक्षं नास्त्येव' इत्युत्तम्भितहस्ता वयं व्याकुर्महे इति किं न तथाऽनुमन्यसे ? अथ न यौष्माकीणः प्रमाणप्रवीणः समुल्लापः । परकीयः कथमिति वाच्यम् ? न खल्वयं स्वप्रत्यक्षं त्वत्प्रत्यक्षं कर्तुं शक्नोति, वचसा तु यथाऽसौ कथयति, तथा वयमपि ।

अथ तदुपदर्शितेऽर्थे संवादात् तद्वचः प्रमाणम् । नन्वेवं प्रत्यक्षम्, अप्रत्यक्षं वा संवादकं स्यात् ? इत्यादिपूर्वोक्तावर्तनेनाऽनवस्थावल्लिरुल्लसन्ती कथं कर्तनीया ? किञ्च, संविदामिन्द्रियागोचरत्वादैन्द्रियमध्यक्षं सकलप्रत्यक्षस्य विधौ प्रतिषेधे वा मूकमेव वराकम् । न च त्वन्मतेनाभावः प्रत्यक्षेण प्रेक्ष्यते, तथात्वे हि किमिदानीमपहृतसर्वस्वेन तपस्विनाऽभावप्रमाणेन कर्तव्यम् ?। तन्न प्रत्यक्षं तद्बाधविधानसंविधानोद्धुरम् ।

§ २ કેવલજ્ઞાનને નહીં માનનાર મીમાંસકની મનીષા(બુદ્ધિ)ની મીમાંસા કરવી જરૂરી છે. તે આ પ્રમાણે—સકલ પ્રત્યક્ષ—કેવળજ્ઞાનનું ખંડન કરો છો, તો તે શું બાધક પ્રમાણ હોવાથી કે કોઈ સાધક પ્રમાણ મળતું નથી માટે ? બાધક માનવામાં આવે તો તે પ્રત્યક્ષ પ્રમાણ છે કે અપ્રત્યક્ષ પ્રમાણ ? પ્રત્યક્ષ માનતા

---

१ सप्तमी ।

હો તો તે પારમાર્થિક છે કે સાંવ્યવહારિક ? પારમાર્થિક પણ શું સકલ છે કે વિકલ ? વિકલમાં પણ અવધિજ્ઞાન બાધક છે કે મનઃપર્યાયજ્ઞાન ? આ બન્ને પક્ષોમાંથી એક પણ બાધક બની શકે નહીં. કારણ એ બન્ને ક્રમશઃ રૂપી દ્રવ્ય અને મનોવર્ગણાને વિષય કરનાર હોવાથી કેવલજ્ઞાનને બાધ કરવા સમર્થ નથી. સકલપ્રત્યક્ષને કેવલજ્ઞાનનું બાધક કહો તો તમારી આ કેવી વિશુદ્ધ વિચારની ચતુરાઈ છે કે તમે કેવળજ્ઞાનને જ કેવળજ્ઞાનનું બાધક કહો છો ? તો પછી વંધ્યા પણ પુત્ર પ્રસવશે અને એ વન્ધ્યાપુત્ર અલંકારો ઘડશે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ બાધક હોય તો તે અનિન્દ્રિયોદ્ભવ છે કે ઇન્દ્રિયોદ્ભવ ? અનિન્દ્રિયોદ્ભવ–(મનથી ઉત્પન્ન થનારું) તો કહી શકશો નહીં, કારણ કે–પ્રતિભાજ્ઞાન સિવાયનું અનિન્દ્રિયોદ્ભવજ્ઞાન તો–પોતાના આત્માથી કથંચિત્ અભિન્ન એવા સુખ–દુઃખાદિ માત્રને વિષય કરનારું છે. તો એ કેવલજ્ઞાનનો કઈ રીતે બાધ કરશે ? પ્રાતિભજ્ઞાન કેવળજ્ઞાનનું બાધક હોય એવો અનુભવ તો થતો જ નથી. ઇંદ્રિયોદ્ભવજ્ઞાનને બાધક કહો તો તે પોતાનું છે કે પરનું ? પોતાનું કહો તો વર્તમાનકાળે અને આ જ સ્થળે (દેશમાં) બાધક છે કે સર્વદા સર્વ સ્થળે ? પ્રથમ પક્ષમાં માત્રપિષ્ટપેષણ (પીસેલાને પીસવાનું) કરો છો કારણ કે એવા કેવળજ્ઞાનનો અભાવ તો અમે પણ માનીએ છીએ. બીજો પક્ષ કહો તો તે સર્વ દેશકાળને જાણીને કેવળજ્ઞાનના અભાવને સિદ્ધ કરે છે કે સર્વદેશ કાળને જાણ્યા વિના ? સર્વ દેશ કાળને જાણીને કહો તો–સર્વદા આનંદ કરો. કારણ કે સર્વક્ષણ (કાળ) અને સર્વ સ્થળ (દેશ)ને જાણનારા તમારા પોતાને વિષે જ કેવળજ્ઞાનની સિદ્ધિ થઈ. અને જો સર્વ દેશ અને સર્વ કાળને જાણ્યા વિના કેવળજ્ઞાનનો અભાવ સિદ્ધ કરો તો–અમે પૂછીએ છીએ કે–સર્વદેશ અને કાળને જાણ્યા વિના સર્વદા સર્વત્ર કેવળજ્ઞાન નથી, એવી પ્રતીતિ કઇ રીતે થઈ શકશે ? અર્થાત્ થઈ શકશે નહીં. એ જ પ્રમાણે પરકીય ઇન્દ્રિયોદ્ભવ સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ વર્તમાનકાલીન અને અહીં જ બાધક છે ?–વિગેરે વિકલ્પ જાળથી ખખડી ગયેલું હોવાથી તે પરકીય ઇન્દ્રિય જન્ય સાંવ્યવહારિક પ્રત્યક્ષ કેવળજ્ઞાનનો બાધ કરવામાં અસમર્થ છે. વળી, હે ભાઈ મીમાંસક ! બીજાના ઘરની ગુપ્ત વાત તેં કઈ રીતે જાણી ? અર્થાત્ પરકીય ઇન્દ્રિય જન્ય સાંવ્યવહારિક પ્રત્યક્ષથી કેવલજ્ઞાનનો બાધ થાય છે એ તમે કઈ રીતે જાણ્યું ?

મીમાંસક : 'કેવળજ્ઞાનનું ખંડન કરવામાં સમર્થ એવું પ્રત્યક્ષ મને થયું છે' એવું તેણે મને કીધું છે તેથી જાણ્યું છે.

જૈન : તમને જો બીજાના કથનમાં વિશ્વાસ હોય તો અમે પણ ઊંચા હાથ કરીને કહીએ છીએ કે–'સકલ પ્રત્યક્ષ કેવળજ્ઞાનનું ખંડન કરનાર કોઈ પ્રત્યક્ષ છે જ નહીં' તો અમારી તે વાતને તમે કેમ માનતા નથી ?

મીમાંસક : તમારું કથન પ્રમાણયુક્ત નથી માટે માનતા નથી.

જૈન : તો એ કહો કે–બીજાનું કથન કઈ રીતે પ્રમાણસિદ્ધ છે ? કારણ કે બીજો કોઇ પણ પોતાના પ્રત્યક્ષનું તમને પ્રત્યક્ષ કરાવી શકતો નથી અને વચનથી તો જેમ તે કહે છે તેમ અમે પણ કહીએ છીએ.

મીમાંસક : તેણે કહેલ અર્થમાં સંવાદ હોવાથી તેનું વચન પ્રમાણભૂત છે.

જૈન : તે સંવાદક જ્ઞાન પ્રત્યક્ષ છે કે અપ્રત્યક્ષ? વિગેરે વિકલ્પોની પુનઃ આવૃત્તિ કરવાથી ઊઠતી અનવસ્થા વેલને કઈ રીતે કાપી શકશો ? વળી, જ્ઞાન ઇન્દ્રિયોનો વિષય નથી માટે ઐન્દ્રિય પ્રત્યક્ષ સકલ પ્રત્યક્ષની વિધિ કે નિષેધમાં બિચારું તદ્દન મૂક છે. અર્થાત્ સકલ પ્રયત્ક્ષના વિધિ કે નિષેધમાં અસમર્થ છે. વળી, તમારા મતમાં અભાવનું પ્રત્યક્ષ થતું નથી, અને પ્રત્યક્ષથી અભાવનું જ્ઞાન થતું હોય તો અભાવ પ્રમાણનું તો સર્વસ્વ લુંટાઈ જવાથી તે બિચારું શું કરશે ? તો આ પ્રકારે પ્રત્યક્ષ પ્રમાણ કેવલજ્ઞાનનો બાધ કરવામાં સમર્થ નથી.

(प०) **सर्वत्रे**ति सर्वस्मिन् क्षेत्रे । **सर्वदे**ति सर्वस्मिन् काले । **इदमि**ति स्वकीयं प्रत्यक्षम् । **भवत्येवे**ति त्वय्येव । **तादृशः** इति तादृशस्य । **कथं वा परगृहे**त्यादि गद्ये कथमेतत् त्वया ज्ञातं यदुतैतत् प्रत्यक्षं सर्वत्र सर्वदा तद्भावं [1]बाधते । परचेतोवृत्तीनां भवादृशां दुर्लक्ष्यत्वादेतन्न घटते इत्यर्थः । **तेने**ति परेण । **न खल्वयमि**ति अयं परकीयः समुल्लापः । **नन्वेवं प्रत्यक्षमप्रत्यक्षं वा संवादकं स्यादि**ति तद्वचसः प्रत्यक्षं संवादकमप्रत्यक्षं वेति योगः ।

(टि०) **नैतत्पक्षद्वयमि**त्यादि । **रूपिद्रव्येति** अवधिः । **मनोवर्गणेति** मनःपर्यायः । **तद्बाधने** इति सकलप्रत्यक्षबाधने । **न तावत् प्रथममस्ये**ति अनिन्द्रियोद्भवस्य । **प्रातिभं त्वि**ति केवलं नास्तीति । अद्य मे महाप्रसादो भवितेत्यादि । एतत् प्रातिभमदृढं मानसप्रत्यक्षं दृढतरम् । **अत्र तदि**ति प्रत्यक्षं कर्म । **तदभावस्ये**ति तस्य सकलप्रत्यक्षस्याभाव इदानीमत्र । **इदमि**ति स्वीकीयं ज्ञानम् । **तदभावमि**ति केवलाभावम् । **भवती**ति त्वयि । **तादृक्षे**त्यादि । **तेने**ति जैमिनिना । **परकीय** इति जैमिनिसम्बन्धी ।

अथ तदुपदर्शिते इति तेन जैमिनिनोपदर्शिते । **तद्वच** इति तस्य जैमिनिमुनेर्वाक्यम् । **तथात्वे** इति अभावस्य प्रत्यक्षप्रेक्षत्वे परचेतोवृत्तीनां भवादृशां दुर्लक्ष्यत्वाद् इत्यर्थः ।

अप्रत्यक्षमपि प्रत्यक्षाभावमात्रम्, अपरप्रमाणरूपं वा प्रणिगद्येत ? आद्यं चेत्, तर्हि निद्राणदशायामम्भस्तम्भकुम्भाम्भोरुहाम्भोधरादिगोचरप्रत्यक्षाभावात् तेषामभावो भवेत् । द्वितीयं चेत्, भावस्वभावम्, अभावस्वभावं वा ? भावस्वभावमप्यनुमानं, शाब्दम्, अर्थापत्तिः, उपमानं वा ? ।

अनुमानं चेत्, कस्तत्र धर्मी—सकलप्रत्यक्षम्, पुरुषो वा कश्चित् ? सकलप्रत्यक्षं चेत्, तत्रोपादीयमानः समस्तो हेतुराश्रयासिद्धतामाश्रयेत्, भवतस्तस्याऽप्रसिद्धेः । पुरुषोऽपि सर्वज्ञः, तदन्यो वा धर्मी वर्ण्येत ? सर्वज्ञश्चेत्, किं सर्वज्ञत्वेन निर्णीतः, पराभ्युपगतो वा ? निर्णीतश्चेत्, कथं तत्र तादृक्षप्रत्यक्षप्रतिक्षेपः प्रेक्षाकारिणः कर्तुमुचितः, तन्निर्णायकप्रमाणेनैव तद्बाधनात् ?

अथ सर्वज्ञत्वेन परैरभ्युपगतः पुमान् वर्धमानादिर्धर्मी, तर्हि किं तत्र साध्यम् नास्तित्वम्, असर्वविस्त्वं वा ? न तावद् नास्तित्वम्, तथाविधपुरुषमात्रसत्तायामुभयोरविवादात्, तथाव्यवहारपारमार्थिकापारमार्थिकत्व एव विप्रतिपत्तेः ।

---

१ बाधेत मु ।

असर्ववित्त्वं चेत् । कस्तत्र हेतुः—उपलब्धिः, अनुपलब्धिर्वा ? उपलब्धिश्चेत्, अविरुद्धोपलब्धिः विरुद्धोपलब्धिर्वा ? । अविरुद्धोपलब्धिस्तावद् व्यभिचारिणि, नित्यत्वनिषेधाभिधीयमानप्रमेयत्ववत् । विरुद्धोपलब्धिस्तु [1]किं स्वभावविरुद्धोपलब्धिः, विरुद्धव्याप्तोपलब्धिः, विरुद्धकार्योपलब्धिः, विरुद्धकारणोपलब्धिः, विरुद्धसहचराद्युपलब्धिर्वा स्यात् ? नाद्या, सर्वज्ञत्वेन साक्षाद् विरुद्धस्य किञ्चिज्ज्ञत्वस्य तत्र प्रसाधकप्रमाणाभावात् । नाग्रेतनविकल्पचतुष्टयमपि घटामटाट्यते । प्रतिषेध्यस्य हि सर्ववित्त्वस्य विरुद्धं किञ्चिज्ज्ञत्वम् । तस्य च व्याप्यं कतिपयार्थसाक्षात्कारित्वम्, कार्यं कतिपयार्थप्रज्ञापकत्वम्, कारणमावरणक्षयोपशमः, सहचरादि रागद्वेषादिकम् । न च विवादापेदाने पुंसि तेषामन्यतमस्यापि प्रसाधकं किञ्चित् प्रमाणं तवाऽस्ति, यतस्तदुपलब्धीनां सिद्धिः स्यात् ।

वक्तृत्वरूपाविरुद्धकार्योपलब्धिरस्त्येव तन्निषेधे साधनं साधिष्ठमिति चेत् । ननु कीदृग् वक्तृत्वमत्र विवक्षाञ्चक्रे, यत्सर्ववित्त्वविरुद्धस्य कार्यं स्यात्-प्रमाणविरुद्धार्थवक्तृत्वम्, तदविरुद्धार्थवक्तृत्वम्, वक्तृत्वमात्रं वा ? आद्यभिदायाम्, असिद्धं साधनम्, वर्धमानादौ भगवति तथाभूतार्थवक्तृत्वाभावात् । द्वितीयभिदि तु, नेयं विरुद्धकार्योपलब्धिः, किन्तु कार्योपलब्धिरेव तद्विधिसाधनी, धूमध्वजसिद्धिनिबन्धनोपन्यस्तधूमोपलब्धिवत् । तथा च विरुद्धो हेतुः । तृतीयभेदे त्वनेकान्तः, वक्तृत्वमात्रे सर्ववित्त्वकार्यत्वस्याविरोधात् ।

अनुपलब्धिरपि विरुद्धानुपलब्धिः, अविरुद्धानुपलब्धिर्वा ? विरुद्धानुपलब्धिस्तावद् विधिसिद्धावेव साधीयस्तां दधाति, अनेकान्तात्मकं वस्तु एकान्तस्वरूपानुपलब्धेः, इत्यादिवत् । अविरुद्धानुपलब्धिरपि स्वभावनुपलब्धिः, व्यापकानुपलब्धिः, कार्यानुपलब्धिः, कारणानुपलब्धिः, सहचराद्यनुपलब्धिर्वाऽभिधीयेत ? स्वभावानुपलब्धिरपि सामान्येन, उपलब्धिलक्षणप्राप्तत्वविशेषणा वा व्याक्रियेत ? पौरस्त्या तावत्, निशाचरादिना व्यभिचारिणी । द्वितीया पुनरसिद्धा, सर्ववित्त्वस्य स्वभावविप्रकृष्टत्वात् । व्यापकानुपलब्धिप्रभृतयोऽपि विकल्पा अल्पीयांसः, यतः सर्ववित्त्वस्य व्यापकं सकलार्थसाक्षात्कारित्वम्, कार्यमतीन्द्रियवस्तूपदेशः, कारणमखिलावरणविलयः, सहचरादि क्षायिकचारित्रादिकम् । न च तत्र तदनुपलब्धीनां सिद्धौ साधनं किञ्चित् तेऽस्ति, इत्यसिद्धा एवाऽमूः ।

अथ सर्वज्ञादन्यः कश्चिद् धर्मी, तर्हि तस्याऽसर्ववित्त्वे साध्ये सिद्धसाध्यता । तद् नानुमानं तद्बाधकम् ॥

અપ્રત્યક્ષને સકલ પ્રત્યક્ષનું બાધક કહો તો અપ્રત્યક્ષ એટલે પ્રત્યક્ષાભાવમાત્ર છે કે અન્ય પ્રમાણરૂપ અર્થાત્ પ્રત્યક્ષથી ભિન્ન પ્રમાણરૂપ છે ?

---

1 किं साक्षाद् विरु० मु ।

પ્રત્યક્ષાભાવ માત્ર કહો તો નિદ્રાવસ્થામાં જલ, સ્તંભ, કુમ્ભ (ઘટ), કમળ, મેઘ વિગેરેને વિષય કરનાર પ્રત્યક્ષનો અભાવ હોવાથી તે પદાર્થોનો પણ અભાવ થઈ જશે. અર્થાત્ પ્રત્યક્ષાભાવ માત્રથી પદાર્થાભાવ કહેશો તો નિદ્રાવસ્થામાં ઘટાદિ પદાર્થોનું પ્રત્યક્ષ થતું નથી, માટે જગતમાં ઘટાદિ પદાર્થોમાં અભાવની આપત્તિ આવશે.

અપ્રત્યક્ષ એટલે પ્રત્યક્ષથી ભિન્ન અન્ય પ્રમાણ—એ બીજો પક્ષ કહો તો તે પ્રમાણ ભાવસ્વરૂપ છે કે અભાવ સ્વરૂપ? ભાવસ્વરૂપ કહો તો તે અનુમાન, શાબ્દ-આગમ, અર્થાપત્તિ, કે ઉપમાન છે ?

અનુમાન કહો તો તેમાં ધર્મી શું છે—કેવળજ્ઞાન છે કે કોઇ પુરુષ ? અનુમાનનો ધર્મી કેવળજ્ઞાન હોય તો—તેમાં અપાતા બધા હેતુઓ આશ્રયાસિદ્ધ થશે. કારણ કે તમારા મતમાં હેતુના આશ્રયરૂપ કેવળજ્ઞાન જ અપ્રસિદ્ધ છે. અનુમાનનો ધર્મી પુરુષ હોય તો સર્વજ્ઞપુરુષ ધર્મી છે કે અસર્વજ્ઞપુરુષ ? સર્વજ્ઞ પુરુષ હોય તો તેને તમોએ સર્વજ્ઞ તરીકે નિશ્ચિત કરેલ છે કે બીજાએ સ્વીકારેલ સર્વજ્ઞ પુરુષ છે ? સર્વજ્ઞ તરીકે તમોએ નિશ્ચિત કરેલ પુરુષ ધર્મી હોય તો તેવા પુરુષમાં કેવળજ્ઞાનનો નિષેધ કરવો એ તમારા જેવા વિચારવાન્ માટે કઈ રીતે યોગ્ય છે ? કારણ કે ધર્મીનો નિશ્ચય કરાવનાર પ્રમાણથી જ તમારો સકલ પ્રત્યક્ષનો નિષેધ બાધિત થાય છે. બીજા એટલે કે જૈનોએ સર્વજ્ઞ તરીકે સ્વીકારેલ વર્દ્ધમાનાદિ પુરુષને ધર્મી કહેતા હો તો તેમાં સાધ્ય શું છે—નાસ્તિત્વ કે અસર્વવિત્ત્વ? નાસ્તિત્વ તો કહી શકશો નહીં, કારણ કે—તેવા પુરુષની સત્તામાં તો વાદિપ્રતિવાદી ઉભય પક્ષને વિવાદ નથી. પરંતુ તેમને વિષે કરાતા સર્વજ્ઞત્વના વ્યવહારમાં વિવાદ છે. એટલે કે—સર્વજ્ઞત્વનો વ્યવહાર વાસ્તવિક છે કે અવાસ્તવિક—આમાં વિવાદ છે. અર્થાત્ વર્દ્ધમાન નામના પુરુષવિશેષ સર્વજ્ઞ છે, એમ અમે (જૈનો) કહીએ છીએ, અને તે સર્વજ્ઞ નથી એમ તમે કહો છો, એટલે સર્વજ્ઞત્વરૂપ સાધ્ય-માં જ વિપ્રતિપત્તિ છે. પરંતુ ધર્મી—પક્ષરૂપ વર્દ્ધમાનને વિષે નથી. પરાભ્યુપગત-પુરુષમાં સાધ્ય 'અસર્વવિત્ત્વ' કહો તો તેમાં હેતુ ઉપલબ્ધિ છે કે અનુપલબ્ધિ? ઉપલબ્ધિ હોય તો—અવિરુદ્ધોપલબ્ધિ છે કે વિરુદ્ધોપલબ્ધિ ? અવિરુદ્ધોપલબ્ધિ કહો તો જેમ શબ્દના નિત્યત્વનો નિષેધક 'प्रमेयत्व' હેતુ વિપક્ષરૂપ આકાશાદિમાં પણ છે, તેથી તે વ્યભિચારી છે તેમ એ હેતુ પણ વ્યભિચારી છે. વિરુદ્ધોપલ-બ્ધિ કહો તો—તે સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ, વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ, વિરુદ્ધકાર્યોપલબ્ધિ, વિરુદ્ધકારણોપલબ્ધિ કે વિરુદ્ધસહચરાદિની ઉપલબ્ધિ છે? સર્વજ્ઞત્વનું સાક્ષાત્ વિરોધી કિંચિતજ્જ્ઞત્વ છે. અને ઉપરોક્ત વર્દ્ધમાનરૂપ ધર્મીમાં એ કિંચિજ્-જ્ઞત્વને સિદ્ધ કરનાર કોઈ પણ પ્રમાણ મળતું નથી માટે સ્વભાવવિરુદ્ધોપ-લબ્ધિ કહી શકશો નહીં. વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ આદિ ચારેય વિકલ્પો પણ કહી શકશો નહીં, કારણ કે નિષિધ્યમાન સર્વજ્ઞત્વનું વિરોધી કિંચિજ્જ્ઞત્વ છે, અને તે કિંચિજ્જ્ઞત્વનું વ્યાપ્ય છે—કતિપય અર્થનું સાક્ષાત્કારિત્વ, કાર્ય છે કતિપય અર્થનું પ્રજ્ઞાપન, કારણ છે આવરણનો ક્ષયોપશમ, અને સહચરાદિ છે રાગદ્વેષાદિ. અને

વિવાદાપન્ન વર્ધમાનાદિમાં આમાંનું કાંઈપણ સાધનાર તમારી પાસે કોઈ પ્રમાણ નથી, જેથી કરીને તમે તે તે વિરુદ્ધઉપલબ્ધિઓની સિદ્ધિ કરી શકો.

મીમાંસક—કિંચિજ્જ્ઞત્વનું અવિરોધી કાર્ય વક્તૃત્વ ઉપલબ્ધ છે જ, જેથી કરીને સર્વજ્ઞત્વનો નિષેધ સિદ્ધ થાય છે. કારણ કે સર્વજ્ઞત્વનું વિરોધી કિંચિજ્-જ્ઞત્વ છે અને તેનું અવિરોધી કાર્ય વક્તૃત્વ છે. માટે સર્વજ્ઞત્વના વિરુદ્ધના કાર્યની ઉપલબ્ધિ થવાથી સર્વજ્ઞત્વનો બાધ સિદ્ધ થાય છે.

જૈન—જેને તમે સર્વજ્ઞત્વના વિરુદ્ધનું કાર્ય માન્યું તે વક્તૃત્વ તમે કેવું માનો છો? તે શું પ્રમાણથી વિરુદ્ધ અર્થનું વક્તૃત્વ છે, પ્રમાણથી અવિરુદ્ધ અર્થનું વક્તૃત્વ છે કે માત્ર વક્તૃત્વ છે? પ્રથમ પક્ષ તો યુક્ત નથી. કારણ વર્ધ-માનાદિમાં પ્રમાણથી વિરુદ્ધ વક્તૃત્વ છે જ નહીં અને જો પ્રમાણથી અવિરુદ્ધ વક્તૃત્વ માનો તો હેતુ વિરુદ્ધકાર્યોપલબ્ધિરૂપ બનતો નથી કારણ કે તેવું વક્તૃત્વ સર્વજ્ઞત્વથી વિરુદ્ધ જે કિંચિજ્જ્ઞત્વ છે તેનું કાર્ય તો હોય નહીં પણ સ્વયં સર્વજ્ઞત્વનું જ કાર્ય હોઈ તે હેતુ કાર્યોપલબ્ધિરૂપ થશે અને તે તો સર્વજ્ઞ-ત્વનો નિષેધ નહીં પણ સર્વજ્ઞત્વની વિધિને જ સિદ્ધ કરશે. જેમકે-ધૂમોપલબ્ધિ-રૂપ હેતુ અગ્નિનો નિષેધ નહિ પણ તેની વિધિને જ સિદ્ધ કરે છે. આ રીતે તો તમારો આ હેતુ વિરુદ્ધ થઈ જશે. ત્રીજા વિકલ્પમાં માત્ર 'વક્તૃત્વ'રૂપ તમારો હેતુ વ્યભિચારી છે, કારણ કે-સર્વજ્ઞત્વના અવિરુદ્ધકાર્ય રૂપ છે, અર્થાત્ સર્વજ્ઞ કે અસર્વજ્ઞ સાથે કશો વિરોધ ન હોવાથી તે હેતુ વ્યભિચારી થશે તેથી કરીને અસર્વવિત્ત્વની સિદ્ધિમાં અવિરુદ્ધકાર્યોપલબ્ધિરૂપ હેતુ અસમર્થ છે.

મીમાંસક—વર્દ્ધમાનમાં સર્વજ્ઞત્વનો અભાવ છે, કારણ કે-તેમનું સર્વજ્ઞત્વ અનુપલબ્ધ છે, આ પ્રકારે અનુપલબ્ધિથી વર્દ્ધમાનમાં અસર્વવિત્ત્વ સિદ્ધ કરીશું.

જૈન—અહીં અનુપલબ્ધિથી તમોને વિરુદ્ધાનુપલબ્ધિ અભિપ્રેત છે કે અવિરુ-દ્ધાનુપલબ્ધિ? વિરુદ્ધાનુપલબ્ધિ હોય તો તે સર્વજ્ઞત્વની સિદ્ધિમાં જ સમર્થ છે. જેમ કે-એકાન્તસ્વરૂપની અનુપલબ્ધિ હોવાથી વસ્તુ અનેકાન્તસ્વરૂપ છે. અને જો અવિરુદ્ધાનુપલબ્ધિ હોય તો તે સ્વભાવાનુપલબ્ધિ, વ્યાપકાનુપલબ્ધિ, કાર્યાનુપ-લબ્ધિ, કારણાનુપલબ્ધિ કે સહચરાદ્યનુપલબ્ધિ છે? સ્વભાવાનુપલબ્ધિ હોય તો-સામાન્ય(નિર્વિશેષણ) છે કે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત-દૃશ્યની અનુપલબ્ધિરૂપ છે? સ્વભાવસામાન્યની અનુપલબ્ધિ હોય તો તે હેતુ વ્યભિચારી થશે. કારણ કે-જગતમાં અદૃશ્ય એવા પિશાચાદિની અનુપલબ્ધિને કારણે તેમનો અભાવ સિદ્ધ થતો નથી. ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત-દૃશ્યસ્વભાવની અનુપલબ્ધિરૂપ બીજો હેતુ હોય તો અસિદ્ધ છે, કારણ કે-સર્વવિત્ત્વ એ સ્વભાવવિપ્રકૃષ્ટ-સ્વાભાવે અમૂર્ત હોવાથી દૃશ્ય કહેવાય નહીં. એટલે તેની અનુપલબ્ધિ એ દૃશ્યાનુપલબ્ધિ નથી પણ અદૃશ્યાનુપલબ્ધિ છે. વ્યપકાનુપલબ્ધિ આદિ બાકીના ચારે હેતુઓ તો તુચ્છ છે. કારણ કે-સર્વવિત્ત્વનું વ્યાપક સકલ પદાર્થને સાક્ષાત્‌કરવાપણું છે, કાર્ય અતીન્દ્રિય પદાર્થોનો ઉપદેશ છે, કારણ સમસ્ત આવરણનો ક્ષય છે, અને તેના સહચરાદિ ક્ષાયિકભાવના ચારિત્રાદિ છે. અને વર્દ્ધમાનાદિ ધર્મીમાં આ વ્યાપકાદિ ચારેની

અનુપલબ્ધિને સિદ્ધ કરનાર કોઈ પણ પ્રમાણ તમારી પાસે નથી માટે, આ ચારે અનુપલબ્ધિરૂપ હેતુઓ અસર્વવિત્ત્વની સિદ્ધિમાં અસિદ્ધ હેત્વાભાસો છે.

અને જો અનુમાનમાં ધર્મી (પક્ષ) તરીકે સર્વજ્ઞથી અન્ય પુરુષને માનશો અને તેમાં જો અસર્વવિત્ત્વ સિદ્ધ કરશો તો તે સિદ્ધનું જ સાધન થશે.

આ રીતે અનુમાન સકલપ્રત્યક્ષ–કેવળજ્ઞાનનું બાધક નથી.

(પ૦) **प्रत्यक्षाभावमात्र**मिति सदपि इदानीं न दृश्यते एतावतैव नास्तीति गर्भः । **तस्ये**ति सकलप्रत्यक्षस्य । **तद्बाधना**दिति तादृक्षप्रतिक्षेपबाधनात् ।

तथाव्यवहारेति गद्ये सर्वज्ञत्वस्य यत् पारमार्थिकत्वमपारमार्थिकत्वं च तत्रैव विप्रतिपत्तेः । **अविरुद्धोपलब्धिस्तावद्व्यभिचारिणी**ति सर्वज्ञत्वेन सह यदविरुद्धं तस्योपलब्धिः। सा व्यभिचारिणी कार्यप्रसाधिका न भवतीत्यर्थः । यतो नास्त्यत्र शीतं वह्न्युपलम्भादिति [1]तद्विरुद्धोपलब्धिर्निषेधं गमयति, न पुनरविरुद्धोपलब्धिरिति यावत् । **स्वभावविरुद्धोपलब्धि**रिति [2]निषेध्येन सर्ववित्त्वेन सह स्वभावविरुद्धं किंचिज्ज्ञत्वं तस्योपलब्धिः । **विरुद्धव्याप्तोपलब्धि**रिति निषेध्येन सह विरुद्धं किंचिज्ज्ञत्वं तेन व्याप्तं कतिपयार्थसाक्षात्कारित्वं तस्योपलब्धिः । [3]**आद्येति** स्वभावविरुद्धोपलब्धिः । **तत्रे**ति वर्द्धमानादौ ।

वक्तृत्वरूपेत्यादिगद्ये **वक्तृत्वरूपाऽविरुद्धकार्योपलब्धिस्तन्निषेधे** सर्ववित्त्वनिषेधे साधिष्ठं साधनमस्त्येवेति योगः । **सर्ववित्त्वविरुद्धस्ये**ति किञ्चिज्ज्ञत्वस्य ॥ **द्वितीयभिदी**ति प्रमाणाविरुद्धार्थवक्तृत्वपक्षे । **किन्तु कार्योपलब्धि**रिति । विरुद्धं किञ्चिज्ज्ञत्वम् । तस्य प्रमाणाविरुद्धार्थवक्तृत्वं न कार्यं यदुपलभ्येत, अपि तु साध्यस्य सर्वज्ञत्वस्य कार्यमिदं प्रमाणाविरुद्धार्थवक्तृत्वम्, तस्योपलब्धिरिति । **विरुद्धो हेतु**रिति विपरीतसाधनात् । **वक्तृत्वमात्रेति**[4] वक्तृत्वमात्रं सर्ववित्त्वस्य कार्यं भवन्न विरुध्यते ।

विरुद्धानुपलब्धिरित्यादि । अस्त्यत्र शीतं वह्न्यनुपलब्धेस्तत्र च निषेधोऽभीष्टः । **असिद्धा एवामू**रिति स्वभावानुपलब्ध्यादयः ।

(टि०) **तेषा**मिति स्तम्भकुम्भाम्भोरुहादीनाम् । **अनुमानं चे**दित्यादि । **तत्रे**ति अनुमाने । **तत्रे**ति सकलप्रत्यक्षे । **तस्ये**ति सकलप्रत्यक्षस्य । **तदन्य** इति तस्मात्सर्वज्ञादन्यो व्यतिरिक्तो मूर्खः कश्चित् । **तत्रे**ति सर्वज्ञे । **तादृक्षे**ति सकलप्रत्यक्षनिरासः । **तन्निर्णायके**ति सर्वज्ञनिश्चायकेन । **तद्बाधना**दिति तादृक्षप्रत्यक्षप्रतिक्षेपबाधनात् ।

तथाव्यवहारेति व्यवहारस्य सर्वज्ञत्वस्य पारमार्थिकेनेति वयं ब्रूमः । परमार्थेन सर्वज्ञोऽस्ति, त्वं भणसि नास्ति सर्वज्ञ इत्यत्रैव विवादात् । **व्यभिचारिणी**ति वक्तृत्वपुरुषत्वादिभिः । **विरुद्धसहचरादी**ति । आदिशब्दात् विरुद्धपूर्वचरोपलब्धिः, विरुद्धोत्तरचरोपलब्धिश्च । **नाद्ये**त्यादि । **तत्रे**ति सर्वज्ञे । **तस्य** चेति किञ्चिज्ज्ञत्वस्य । **विवादापेदाने** इति विवादपदाधिरूढे सर्वज्ञे । **तेषा**मिति कतिपयार्थसाक्षात्कारित्वादीनां रागादीनां च । **अन्यतमस्ये**ति एकस्यापि । **यत** इति साधकप्रमाणात् । **तदुपलब्धीना**मिति तस्य विरुद्धस्य

१ °ति च वि° ल । °ति विरु° मु । २ °रिति । अत्र प्रायः सर्वदर्शेषु साक्षाद्विरुद्धोपलब्धिरिति हेतुनामास्ति । तद्व्याख्या नात्रेतनैवेति । निषे°–मुपञ्जिका । ३ नाद्येति मु क । ४ मात्रेणेति ल ।

किञ्चिज्ज्ञत्वस्य व्याप्याद्युपलब्धीनाम् । **तन्निषेधे** इति सर्वज्ञत्वनिवारणे । **आद्यमिदायामि**त्यादि । **तथाभूते**ति प्रमाणविरुद्धार्थस्य वक्तृत्वाऽसम्भवात् । साध्यस्य सर्वज्ञत्वस्य कार्यमिदं प्रमाणाविरुद्धवक्तृत्वं तस्योपलब्धिः । **इयमि**ति प्रमाणाविरुद्धार्थवक्तृत्वलक्षणा । **तद्विधी**ति सर्वज्ञविधिसाधनी । **सामान्येने**ति नास्ति सर्वज्ञोऽनुपलब्धेः । **यतः सर्वविरवस्ये**त्यादि । **तत्रे**ति सर्वज्ञे । सर्वज्ञत्वेन सह यदविरुद्धं तस्योपलब्धिः । सा व्यभिचारिणी कार्यप्रसाधिका न स्यादित्यर्थः, यतो नास्त्यत्र शीतं वह्न्युपलम्भादितिवत् विरुद्धोपलब्धिर्निषेधं गमयति न पुनरविरुद्धोपलब्धिः । **तदनुपलब्धीनामि**ति सकलार्थसाक्षात्कारित्वाद्यनुपलब्धीनाम् ।

अथ सर्वज्ञादित्यादि । **तस्ये**ति जडस्वभावस्य अस्माभिरप्यङ्गीक्रियत एवैतत् । **तद्बाधकमि**ति सकलप्रत्यक्षबाधनबद्धकक्षम् ।

नापि शाब्दम्, यतस्तदपौरुषेयम्, पौरुषेयं वा स्यात्? न तावदपौरुषेयम्, अपौरुषेयत्वस्य वचस्सु संभवाभावात् । पौरुषेयमपि केवलालोकाकलितपुरुषप्रणीतम्, तदितरपुरुषप्रणीतं वा? आद्यं कथं बाधकम्, विरोधात्? द्वितीये त्वसौ पुरुषः केवलालोकविकलाः सकलाः पुरुषपर्षदः प्रेक्षते, न वा? । प्राच्यपक्षे, कथं तत्प्रतिषेधः, तस्यैव तदाकलितत्वात्? द्वितीयेऽपि कथन्तराम्, तत्प्रणीतशब्दस्य पांशुलपादकोपदिष्टशब्दस्येव प्रमाणत्वासंभवात् ।

नाप्यर्थापत्तिस्तद्बाधिका, तदभावमन्तरेणानुपपद्यमानस्य प्रमाणषट्कनिष्टङ्कितस्यार्थस्य कस्यचिदसत्त्वात् ।

नाप्युपमानम्, तस्य सादृश्यमात्रगोचरत्वात् । तन्न भावरूपं प्रमाणं तद्बाधबद्धकक्षम् ।

અને શાબ્દ–આગમ પણ સકલપ્રત્યક્ષનું બાધક નથી કારણ કે તે જો બાધક હોય તો તે અપૌરુષેય છે કે પૌરુષેય ? અપૌરુષેય આગમને બાધક તરીકે કહી શકશો નહીં. કારણ કે અપૌરુષેય વચન–શબ્દનો સંભવ જ નથી. પૌરુષેય આગમને બાધક તરીકે કહો તો તેની રચના કેવલજ્ઞાનયુક્ત પુરુષ દ્વારા થઈ છે કે કેવલજ્ઞાનરહિત પુરુષ દ્વારા ? કેવલજ્ઞાની પુરુષ દ્વારા પ્રણીત આગમ કેવલજ્ઞાનનું બાધક કઈ રીતે થઈ શકશે ? કારણ કે તેમ માનવામાં વિરોધ છે. કેવલજ્ઞાનરહિત અસર્વજ્ઞ પુરુષ દ્વારા પ્રણીત આગમ સકલપ્રત્યક્ષમાં બાધક હોય તો અમે પૂછીએ છીએ કે–આગમના રચયિતા તે પુરુષે બધા પુરુષો કેવળજ્ઞાન વિનાના જ છે એમ જાણ્યું છે કે નથી જાણ્યું ? જો જાણ્યું હોય તો તો કેવળજ્ઞાનનો નિષેધ કરી શકે નહીં. કારણ કે–તે સ્વયં કેવળજ્ઞાન વિના બધા પુરુષોને જાણી જ કેવી રીતે શકે ? અર્થાત્ જો જાણ્યા હોય તો તે સર્વજ્ઞ જ હોય. અને જો સ્વયં સર્વજ્ઞ હોય તો–કેવળજ્ઞાનનો નિષેધ કેવી રીતે કરે ? બધા પુરુષો કેવળજ્ઞાન વિનાના જ છે, એવું જાણ્યા વિના જ કોઈ પુરુષે આગમની

રચના કરી છે, એ બીજો પક્ષ કહો તો પછી કેવળજ્ઞાનનો અભાવ કોઈ પણ રીતે સિદ્ધ થઈ શકશે જ નહીં. કારણ કે, તેવાનું વચન રસ્તે ચાલતા ગમારની જેમ પ્રમાણરૂપ સંભવે જ નહીં.

અર્થાપત્તિપ્રમાણ પણ સકલપ્રત્યક્ષ–કેવલજ્ઞાનનું બાધક નથી. કારણ કે કેવલ-જ્ઞાનના અભાવ વિના સિદ્ધ ન થઈ શકે એવો કોઈ પણ પદાર્થ છયે પ્રમાણથી સિદ્ધ નથી.

ઉપમાન પ્રમાણ પણ સકલપ્રત્યક્ષ–કેવલજ્ઞાનનું બાધક નથી. કારણ કે ઉપમાનનો વિષય સાદૃશ્યમાત્ર છે. આ પ્રમાણે ભાવરૂપ પ્રમાણ સકલપ્રત્યક્ષ–કેવલજ્ઞાનનો બાધ કરવામાં સમર્થ નથી.

(प०) **कथंतरा**मित्यत्र कथंतरां तत्प्रतिषेध इति योगः।

सादृश्यमात्रगोचरत्वादिति असता च सादृश्यं नोपपद्यते।

(टि०) **यतस्तद्**िति शाब्दम्। **तत्प्रतिषेध** इति सकलप्रत्यक्षनिषेधः। **तस्यैवे**ति पुरुषस्यैव। **तदाकलिते**ति केवलविकलसकलपुरुषपर्षद्ज्ञानात्। **कथन्तरामिति तत्प्रतिषेध** इति सुम्बन्धः। **तत्प्रणीते**ति तेन केवलालोकविकलसकलपुरुषपर्षदवलोककेनोपदिष्टध्वनेः। **पांशुले**ति पथिकः। पान्थ-वाक्यमप्रमाणम्, तस्याप्तत्वनिश्चयाभावात् द्यूतकारादिवाक्यवत्।

नाप्यर्थापत्तिरित्यादि। **तदभावमि**ति केवलाभावं विना।

तस्येत्युपमानस्य। **तद्बाधे**ति सकलप्रत्यक्षबाधने प्रभुभूषति।

नाप्यभावरूपम्, तस्य सत्तापरामर्शिप्रमाणपञ्चकाप्रवृत्तौ सत्यां भावात्। न चासौ समस्ति, 'विवादास्पदं कस्यचित् प्रत्यक्षम्, प्रमेयत्वात, पटवत्'–इति तद्ग्राहकानुमानस्य प्रवृत्तेः। तन्न बाधकभावात् सकलप्रत्यक्षाऽभावः।

नापि साधकाभावात, अनुमानस्यैव तत्साधकस्येदानीमेव निवेदनात्। इति सिद्धं करतलकलितनिस्तैल[1]स्थूलमुक्ताफलायमानाकलितसकलवस्तुविस्तारं केवलनामधेयं संवेदनम् इति सिद्धमेवं केवलज्ञानम् ॥२३॥

અભાવરૂપ પ્રમાણ પણ સકલ પ્રત્યક્ષ–કેવલજ્ઞાનનું બાધક નથી. કારણ કે–સત્તાને વિષય કરનાર પાંચ પ્રમાણની પ્રવૃત્તિ ન હોય ત્યારે જ અભાવ પ્રમાણની પ્રવૃત્તિ હોય છે અને પાંચે પ્રમાણની પ્રવૃત્તિનો અભાવ તો અહીં નથી. કારણ કે અહીં અનુમાન પ્રમાણની પ્રવૃત્તિ છે જ. તે આ પ્રમાણે–વિવાદાસ્પદ સકલપ્રત્યક્ષ–કેવલજ્ઞાન કોઈને પણ પ્રત્યક્ષ છે, પ્રમેય હોવાથી, ઘટપટાદિની જેમ.

આ રીતે બાધક પ્રમાણને આધારે સકલ પ્રત્યક્ષનો અભાવ સિદ્ધ થતો નથી.

સાધક પ્રમાણના અભાવને કારણે પણ સકલ પ્રત્યક્ષનો અભાવ સિદ્ધ થતો નથી. કારણ કે કેવળજ્ઞાનનું સાધક અનુમાન પ્રમાણ આ પહેલાં અમે આપ્યું જ છે.

---

१ °निस्तुल°–मु।

આ પ્રકારે હથેળીમાં રહેલ અનુપમ મોટા મોતીની જેમ સમસ્ત વસ્તુ સમૂહને જાણનાર 'કેવળ' એ નામનું જ્ઞાન સિદ્ધ થયું. માટે કેવળજ્ઞાન સિદ્ધ જ છે. ૨૩.

(પ૦) विवादास्पदमिति सचराचरं विश्वम् ।
निस्तलेति [1]निस्तलशब्देन वर्तुलस्याख्या ।
(टि०) तस्येति अभावस्य प्रमाणपञ्चकाभावे प्रवृत्तेः ।
"प्रमाणपञ्चकं यत्र वस्तुरूपे न जायते ।
वस्तुसत्तावबोधार्थं तत्राभावप्रमाणता" ॥ [मीश्लो अभा० २] इति वचनात् । न चासाविति प्रमाणपञ्चकाप्रवृत्तिः । विवादास्पदमिति देशकालस्वभावविप्रकृष्टादिवस्तु । कस्यचिदिति वर्द्धमानादेः । तद्ग्राहकेति प्रत्यक्षग्राहकम् । तत्साधकस्येति केवलज्ञानसाधकस्य ।

किन्तु कतरं पुरुषमेतदास्पदीकरोतीत्यत्राहुः—

तद्वानर्हन् निर्दोषत्वात् ॥२४॥

§ १ तत् केवलं नित्यमस्यास्तीति नित्ययोगे मतुप् । निष्क्रान्तो दोषेभ्यो रागद्वेषाऽज्ञानलक्षणेभ्यो निर्दोषस्तद्भावस्तत्त्वं तस्मात् ।

प्रयोगः—अर्हन् सर्वज्ञः, निर्दोषत्वात्, यस्तु नैवं स नैवं यथा रथ्यापुरुषः, तथा चार्हन्, तस्मात् सर्वज्ञ इति ॥२४॥

પરંતુ એવું કેવળજ્ઞાન કયા પુરુષને વિષે આશ્રિત છે તેનું કથન–

તદ્વાન અર્હન છે કારણ કે તે નિર્દોષ છે. ૨૪.

§ ૧ તત્ એટલે કેવળજ્ઞાન જેમાં હોય તે તદ્વાન્ એટલે કેવલજ્ઞાનવાળા, અહીં નિત્યયોગમાં મતુપ્ પ્રત્યય થયો છે. રાગ, દ્વેષ, અજ્ઞાન આદિ દોષોથી જે મુક્ત છે, તે નિર્દોષ કહેવાય છે, અને નિર્દોષ હોવાથી અર્હન્ સર્વજ્ઞ છે.

અનુમાન પ્રયોગ–અર્હન્ કેવળજ્ઞાનવાળા–સર્વજ્ઞ છે, નિર્દોષ હોવાથી. જે સર્વજ્ઞ ન હોય તે નિર્દોષ ન હોય, જેમ કે–રથ્યાપુરુષ–શેરીનો માણસ, અર્હન્ નિર્દોષ છે માટે તે સર્વજ્ઞ છે. ૨૪.

निर्दोषत्वमस्य प्रसाधयन्ति—

निर्दोषोऽसौ प्रमाणाऽविरोधिवाक्त्वात् ॥२५॥

§ १ प्रयोगः—अर्हन् निर्दोषः, प्रमाणाविरोधिवाक्त्वात्, यस्तु न निर्दोषः, स न तथा, यथा रथ्यापुरुषः, प्रमाणाविरोधिवाक् चार्हन्, ततो निर्दोष इति ॥२५॥

અર્હન્માં નિર્દોષત્વની સિદ્ધિ–

અર્હન નિર્દોષ છે, પ્રમાણથી અવિરુદ્ધ વચનવાળા હોવાથી. ૨૫

§ ૧ અનુમાન પ્રયોગ – અર્હન્ નિર્દોષ છે, પ્રમાણથી અવિરુદ્ધ બોલનાર હોવાથી, જે નિર્દોષ નથી તે પ્રમાણથી અવિરુદ્ધ બોલનાર નથી. અર્થાત્–પ્રમાણથી

---

१ निस्तुलं॰ मु ।

વિરુદ્ધ બોલનાર છે. જેમકે—રથ્યાપુરુષ (શેરીનો માણસ). અર્હન્ પ્રમાણથી અવિરુદ્ધ વચનવાળા છે માટે નિર્દોષ છે. ૨૫.

प्रमाणाविरोधिवाक्त्वमेवाऽर्हतः प्रसाधयन्ति—

तदिष्टस्य प्रमाणेनाऽबाध्यमानत्वात् तद्वाचस्तेनाविरोधसिद्धिः ॥२६॥

§ १ तस्याऽर्हत इष्टस्य प्रतिपाद्यतया संमतस्याऽनेकान्ततत्त्वस्य, तद्वाच इत्यर्हद्वाचः । अर्हन् सर्वत्र प्रमाणाविरोधिवाक्, तत्र प्रमाणाबाध्यमानाभिमततत्त्वत्वात् । यस्याऽभिमतं तत्त्वं यत्र प्रमाणेन न बाध्यते, स तत्र प्रमाणाविरोधिवाक् । यथा रोगादौ भिषग्वरः । न बाध्यते च प्रमाणेनाऽर्हतोऽभिमतमनेकान्तादितत्त्वम् । तस्मात् तत्राऽसौ प्रमाणाविरोधिवाक् । इति सिद्धमर्हन्नेव सर्वज्ञ इति ॥

અરિહંતના પ્રમાણથી અવિરોધી વચનની સિદ્ધિ—

તેમનાં ઇષ્ટ તત્ત્વો (સ્યાદ્વાદાદિ) પ્રમાણથી અબાધિત છે, માટે તેમની વાણીમાં પ્રમાણથી અવિરોધની સિદ્ધિ થાય છે. ૨૬

§ ૧ તેમને એટલે અરિહંતને, ઇષ્ટ તત્ત્વ એટલે પ્રતિપાદન કરવાને સંમત અનેકાન્તવાદાદિરૂપ તત્ત્વ. તેમની વાણી એટલે અર્હન્‌ની વાણી.

અનુમાન પ્રયોગ—અર્હન્ સર્વત્ર પ્રમાણથી અવિરુદ્ધ વાણીવાળા છે, સર્વત્ર પ્રમાણથી બાધિત ન થાય તેવા અભિમત (ઇષ્ટ) તત્ત્વવાળા હોવાથી. જેનું અભિમતતત્ત્વ જ્યાં પ્રમાણથી બાધિત ન થાય ત્યાં તે પુરુષ પ્રમાણથી અવિરોધી વાણીવાળો હોય છે. જેમકે રોગાદિ વિષે ઉત્તમ વૈદ્ય પ્રમાણથી અવિરોધી વચનવાળો હોય છે. અર્હન્‌ને માન્ય અનેકાન્તવાદાદિરૂપ તત્ત્વ પણ પ્રમાણથી બાધિત થતું નથી. માટે તે—અનેકાન્તવાદાદિ તત્ત્વને વિષે અર્હન્ પ્રમાણથી અવિરોધી વાણીવાળા છે. આ રીતે અર્હન્ જ સર્વજ્ઞ છે, એ સિદ્ધ થયું.

(૫૦) अर्हन्निति नये तत्रेति सर्वत्र ।

§ २ नन्वियं त्रिभुवनभवनान्तर्वर्तमानाऽन्तरितानन्तरितपदार्थप्रथात्वत्तीर्थनाथवृत्तिर्न भवति, यतो भूभृधरप्रभृतिपदार्थप्रबन्धविधानद्वारा प्रमथपतेरेवेयमुपपद्यते, यदेतदनुमानमत्र प्ररूप्यते न्यायतात्पर्यावबोधप्रधानमनोवृत्तिविद्वद्वृन्देन—विवादपदभूतं भूभृधरादि बुद्धिमद्विधेयम्, यतो निमित्ताधीनात्मलाभम् । यद् निमित्ताधीनात्मलाभं तद् बुद्धिमद्विधेयम्, यथा मन्दिरम् । तथा पुनरेतत् । तेन तथा ।

न तावद् निमित्ताधीनात्मलाभत्वं वादिनः, प्रतिवादिनो वाऽप्रतीतम्, यतो भूभृधरादेरात्मीयात्मीयनिमित्तव्रातनिर्वर्तनीयता भुवनभाविभवभृत्प्रतीतैव । नाऽपि दोलायमानवेदननिमित्तम्, मतिमन्निर्वर्तनीयेतराम्बरादिपदार्थतोऽत्यन्तव्यावृत्तत्वेन । नापि विरु-

द्भतावरोधदुर्धरम्, अम्बरादितोऽत्यन्तव्यावृत्तत्वेनैव । नाऽपि तुरीयव्याप्याभताप्रतिबद्धम्, इन्द्रियवेदनेन, अनुमाननाम्ना, राद्धान्ताऽभिधानेन वा मानेनाऽबाधिताऽभिप्रेतधर्मधर्म्यनन्तरप्रतिपादितत्वेन । नापि प्रत्यनुमानापमानतानिबन्धनम्, एतत्परिपन्थिधर्मोपपादनप्रत्यलानुमानाभावेन ।

ननु भवतीदं तावदनुमानं परिपन्थिधर्मोपपादनप्रत्यलम्, यथा—भूताऽधिभूः भूभूधरादिविधाता न भवति, वपुर्वन्ध्यत्वेन, निर्वृतात्मवत् । तदनवदातम्, यतोऽत्र त्रिनेत्ररूपो धर्मी धीधनेन प्रतिपन्नः, अप्रतिपन्नो वा प्ररूपितः ? न तावदप्रतिपन्नः, यदेवमाधारद्वाराऽप्रतीतत्वोपद्रवो वपुर्वन्ध्यताव्याप्योपनिपातीभवन् न निरोद्धुं तीर्यते । यदि पुनः प्रतिपन्नोऽयं धर्मी, तदा येन मानेन प्रतिपत्तिर्मन्मथप्रत्यर्थिनोऽभिधीयते, तेन तन्वादिविधानव्युत्पन्नमतेरेवेयमिति तत्रोपादीयमाना वपुर्वन्ध्यता बाधितवर्त्मैव—इति न नाम प्रवर्तितुं पर्याप्नोति । तदेवं निमित्ताधीनात्मलाभताव्याप्यमत्यन्तपूतरूपं पर्वतादेर्धीमद्धेतुताप्रतिपादनाऽवदातमेवेति ॥

§ २ નૈયાયિક–હે જૈનો ! ત્રણે લોકરૂપ ભવનમાં રહેલ અન્તરિત–વ્યવહિત સ્વર્ગ, મેરુ પર્વત વિગેરે, અને અનન્તરિત–અવ્યવહિત ઘટપટાદિ સમસ્ત પદાર્થનું જ્ઞાન તમને સંમત તીર્થંકર–અર્હન્‌માં ઘટી શકતું નથી. કારણ કે–પૃથ્વી–પર્વત આદિ પદાર્થોની રચનાદ્વારા પ્રમથપતિ–ઈશ્વર–શિવમાં જ તેવું જ્ઞાન ઘટી શકે છે, કારણ કે આ કથનને સિદ્ધ કરવા માટે ન્યાયના તાત્પર્યને જાણવાની મુખ્ય મનોવૃત્તિવાળા વિદ્વાનોએ આ પ્રમાણે અનુમાન પ્રયોગ કર્યો છે–વિવાદાસ્પદ ભૂભૂધરાદિ–પૃથ્વી-પર્વત આદિ બુદ્ધિમાન પુરુષે રચેલ છે. અર્થાત્ બુદ્ધિમાન્ પુરુષના કાર્યરૂપ છે, કારણ કે તેમની ઉત્પત્તિ નિમિત્તને આધીન છે. જેની ઉત્પત્તિ નિમિત્તને આધીન હોય છે, તે બુદ્ધિમાન્ પુરુષના કાર્યરૂપ હોય છે, જેમકે - મંદિર. આ ભૂ-ભૂધરાદિ પદાર્થો પણ તેવા જ છે. માટે બુદ્ધિમાન્ પુરુષના કાર્યરૂપ છે.

'નિમિત્તને આધીન ઉત્પત્તિ' એ હેતુ વાદી કે પ્રતિવાદી કોઈને પણ અપ્રસિદ્ધ નથી. કારણ કે–ભૂ-ભૂધરાદિ પદાર્થો પોત-પોતાના નિમિત્ત(કારણો)ના સમૂહથી ઉત્પન્ન થાય છે–આ વાત ત્રણે લોકના પ્રાણીઓને પ્રતીત જ છે. બુદ્ધિમાન્ પુરુષે બનાવેલ પદાર્થોથી ભિન્ન એવા આકાશાદિ પદાર્થરૂપ વિપક્ષમાંથી અત્યન્ત-વ્યાવૃત્ત હોવાથી અર્થાત્ આકાશાદિરૂપ વિપક્ષમાં રહેતો ન હોવાથી હેતુ વ્યભિચારી પણ નથી. આકાશાદિરૂપ વિપક્ષમાં સર્વથા–કોઈપણ પ્રકારે રહેતો ન હોવાથી હેતુ વિરુદ્ધ પણ નથી. પ્રત્યક્ષ, અનુમાન તથા આગમ પ્રમાણથી અબાધિત એવા, અભિપ્રેત ધર્મવાળા ધર્મીનું પ્રતિપાદન કરેલ હોવાથી ચોથા હેત્વાભાસ–કાલાત્યયાપદિષ્ટને કારણે બાધિત પણ નથી. પ્રસ્તુત સાધ્યથી વિરુદ્ધ ધર્મને સિદ્ધ કરવા સમર્થ એવા અનુમાનનો અભાવ હોવાથી પ્રત્યનુમાનને કારણે

---

१ तत्त्वा° मु ।

અપમાનિત થવાનું કારણ પણ આ હેતુમાં નથી અર્થાત્ સત્પ્રતિપક્ષ નામનો હેત્વાભાસ પણ અમારો હેતુ બનતો નથી.

શંકા–જરૂર બનશે કારણ કે સાધ્યથી વિરુદ્ધ ધર્મને સિદ્ધ કરવા સમર્થ અનુમાન છે. જેમકે–ઈશ્વર ભૂ-ભૂધરાદિના કર્તા નથી, શરીર રહિત હોવાથી, મુક્તાત્માની જેમ.

સમાધાન–એ કથન પ્રશંસનીય નથી. કારણ કે અમે તમને પૂછીએ છીએ કે–બુદ્ધિમાન્ તમોને ત્રિનેત્ર (ઈશ્વર) રૂપ ધર્મી પ્રતિપન્ન–પ્રસિદ્ધ છે કે અપ્રતિપન્ન? અપ્રતિપન્ન તો કહી શકશો નહીં, કારણ કે–એમ કહેવાથી તો 'શરીરરહિતત્વ' રૂપ હેતુમાં આવી પડતો આશ્રયાસિદ્ધિ દોષ રોકી શકશો નહીં.

ધર્મી પ્રતિપન્ન છે એમ કહો તો જે પ્રમાણથી કામદેવના શત્રુ ઈશ્વરની સિદ્ધિ કરો છો તે જ પ્રમાણ દ્વારા શરીરાદિના વિધાનમાં વ્યુત્પન્નમતિ (દક્ષ-બુદ્ધિ)વાળા ઈશ્વરની સિદ્ધિ પણ થઈ જાય છે. તેથી ઈશ્વર વિષે કહેલ શરીર-રહિતત્વ હેતુ બાધિત થતો હોવાથી તે ઈશ્વરના કર્તૃત્વનો નિષેધ કરવા સમર્થ થઈ શકતો નથી. માટે 'નિમિત્તને આધીન ઉત્પત્તિ' એ હેતુ ઉપરોક્ત રીતે સર્વથા નિર્દોષ હોવાથી પર્વતાદિના ઉત્પાદમાં બુદ્ધિમાન્ નિમિત્ત છે અર્થાત્ બુદ્ધિમાન્ પુરુષ પર્વતાદિનો કર્તા છે–એવું સિદ્ધ કરવાને તે હેતુ સમર્થ છે.

(प०) **अन्तरिता** इति मेर्वादयः। **अनन्तरिता** इति घटपटादयः पदार्थाः। **त्वत्तीर्थनाथवृत्तिरि**ति त्वत्तीर्थनाथे वृत्तिरिति वर्त्तनं यस्येति विग्रहः। **भुवनभाविभवभृत्प्रतीते**ति। एतावता ते पदार्थाः कार्याः, यश्च कर्त्ता स ईश्वरः। **नापि दोलायमानवेदननिमित्तमि**ति अनैकान्तिकलक्षणदोषाकलुषितम्। **नापि तुरायव्याप्याभताप्रतिबद्धमि**ति कालात्ययापदिष्ट-हेत्वाभासत्वविवर्जितम्। **इन्द्रियवेदनेने**ति प्रत्यक्षेण। अनुष्णस्तेजोवयवी, कृतकत्वादितिवत्। **अनुमानेने**ति शुचि नरशिरःकपालं प्राण्यङ्गत्वाच्छङ्खशुक्तिवदितिवत्। **राद्धान्ताभिधानेने**ति आगमाख्येन। ब्राह्मणेन सुरा पेया द्रवत्वात् क्षीरवदितिवत्। **अबाधिताभिप्रेतधर्मधर्म्यनन्तर-प्रतिपादितत्वेने**ति। अबाधिताभिप्रेतधर्मश्चासौ धर्मी च। अबाधितं सन्नभिप्रेतो धर्मो यस्यासावबाधिताभिप्रेतधर्मः–इत्येवं समासः। **नापि प्रत्यनुमानापमानता[1]निबन्धनमि**ति। नित्यः शब्दोऽनित्यधर्मानुपलब्धेः। एष प्रकरणसमः। एतद्विपरीतप्रत्यनुमानसम्भवाद्। एवं प्रकारप्रकरणसम-दोषास्पृष्टम्। **परिपन्थिधर्मोपपादनप्रत्यलमि**ति अविधेयत्वधर्मोपपादनक्षमम्।

आधारद्वारेति आश्रयद्वारेण। **अप्रतीतत्वोपद्रव** इति असिद्धतोपप्लवः। **तेने**ति मानेन। **तन्वादी**ति स्वकीयत[2]न्वादीति ज्ञेयम्।

धीमद्धेतुतेति बुद्धिमद्विधेयत्वम्॥

(टि०) त्रयोदशाक्षरवादविचरणमतः प्रारभ्यते। परः शैवः प्रगल्भते पण्डितपर्षदि **नन्विय-मित्यादि**। **त्वत्तीर्थनाथे**ति तव जैनस्य संमते तीर्थकरे वर्द्धमानादौ स्थितिः। **प्रबन्धविधाने**ति सम्बन्धोत्पादनद्वारेण। **प्रमथपतेरि**ति ईश्वरस्यैव। **इयमि**ति पदार्थप्रथा। **यत** इति निमित्ताधीनात्मलाभत्वात् कार्यत्वादित्यर्थः। **अप्रतीतमि**ति अनिश्चितत्वादसिद्धम्। **नापि दोले**ति नानैका-

१ °ननि° क। °ननानि° ल। २ तरवा° मु।

न्तिकत्वम् । पक्षसपक्षविपक्षव्यापकत्वाद्दोलावदाचरणं तन्न । **मतिमन्निर्वर्तनीये**ति बुद्धिमन्निध्यायेभ्य इतरेऽन्ये येऽम्बरादय आकाशात्मप्रमुखा नित्याः पदार्थसार्थास्तेभ्यो नितरां व्यावृत्तत्वात् । **नापि तुरीये**ति । व्याप्यो हेतुः । तदाभासता कालात्ययापदिष्टत्वम् । **इन्द्रिये**ति प्रत्यक्षेण ज्ञानेन । **राद्धान्ते**ति आगमप्रमाणेन । **प्रतिपादी**ति प्रतिपादितत्वात् । **नापि प्रत्यनुमाने**ति न प्रकरणसमत्वदूषितम् । **एतत्परी**ति एतद्धेतुतयोपादीयमानं निमित्ताधीनात्मलाभत्वम् । तस्य परिपन्थी शत्रुभूतो धर्मोऽकर्तृकस्तस्योपपादनप्रवणानुमानाभावात् ।

ननु भवतीत्यादि । **इदमि**ति वक्ष्यमाणलक्षणम् । **परिपन्थी**ति शत्रुभूतस्य धर्मस्य अकर्तृकत्वस्य जननसमर्थम् ।

भूताधिभूरिति भूतपतिरीश्वरः । **भूभूधरे**ति पृथ्वीपृथ्वीधरादिस्रष्टा न । **वपुरि**ति देहशून्यत्वात् निर्वृत्ति[ः] परमात्मवत् । **यतोऽत्रे**ति अनुमाने । **त्रिनेत्रे**ति ईश्वररूपो धर्मी । **धीधने**ति बुद्धिमता भवता । **प्रतिपन्न** इति ज्ञातः । **आधारे**ति आश्रयद्वारेणानिश्चितत्वव्याघातः । **वपुर्वन्ध्यते**ति हेतुसमीपवर्त्ती भवन् । **तीर्यत** इति शक्यते । **यदि पुनरि**त्यादि । **अयमि**ति त्रिनेत्ररूपः । **येने**ति प्रत्यक्षादिप्रमाणेन । **मन्मथे**ति कामवैरिणो नीलकण्ठस्य । **तेनैवे**ति प्रमाणेन । **तन्वादी**ति शरीरजननकुशलबुद्धेरेव । **इयमि**ति वपुर्वन्ध्यता । **तत्रे**ति मृत्युञ्जये ।

§ ३ तत्राभिधीयते—यदिदं तावत् निमित्ताधीनात्मलाभत्वं व्याप्यमालपितं तद् द्रव्यद्वारा, पर्यायद्वारा वा ?—इति भेदोभयी । यद्याद्यः पन्थाः प्रथ्यते, तदानीमप्रतीतिर्नाम व्याप्योपतापः, यतो द्रव्यरूपतया पृथ्वीपर्वतादेर्नित्यत्वमेव प्रतिवादिनाऽभ्युपेयते ।

ननु भूभूधराद्यमुत्पादवत्, अवयवित्वेन, यदेवं तदेवं यथेन्दीवरम्, अवयविरूपं पुनरिदम्, तदुत्पादवदेव—इत्यनुमानेन तन्नित्यता निर्मूलोन्मूलितैवेति । नैतद्धीमद्वृत्तिविधानप्रधानम्, यतो भूभूधरादेरवयवित्वमवयवारभ्यत्वेन, यद्वाऽवयवव्रातवर्तमानतया मन्यते ? न प्रथमविधा विबुधाऽवधानधाम, यतो न नामैतत्पृथ्वीपृथ्वीधरप्रभृतिद्रव्यमभूतपूर्वमवयववृन्देन निर्वर्तितमिति प्रतिवादिनः प्रतीतिर्विद्यते । यदि पुनरवयववृत्तिभेदोऽभिधीयते, तदानीमवयवत्वेन दोलायमानताऽत्र, यतो 'अवयवोऽयम्, अवयवोऽयम्' इतीत्थं बुद्धिवेद्यमवयवत्वमवयववितानवृत्ति भवति, न पुनरुत्पादपराधीनम्, नित्यत्वेन ।

ननु नार्थोऽनेन दुर्भेदप्रबन्धप्रतिपादनेन, प्रतीतोऽयमवयवी तावद्वादिविततेरविवादेन पद्मपत्रपात्रदात्रादिरिति । न नाम न प्रतीतः, अपि त्वात्माऽपि तथा नियमेन प्रतीतो वर्तते, न पुनरुत्पादवानित्यनुमेयतत्तुल्यतद्विरुद्धवृत्तितोपद्रवः । यदि तु पर्यायद्वारा निमित्ताधीनात्मलाभत्वं भूभूधरादेरभिधीयते, तदा नरामरादिपर्यायद्वारोत्पद्यमानात्मनोऽपि बुद्धिमदुत्पाद्यत्वमापद्यते ।

જૈન—ઈશ્વરની ભૂ-ભૂધરાદિના કર્તા-જગત્કર્તા તરીકેની સિદ્ધિ માટે તમોએ જે 'નિમિત્તાધીન ઉત્પત્તિ હોવાથી'-હેતુ કહ્યો તો તેમાં-ભૂભૂધરાદિની ઉત્પત્તિ દ્રવ્યદ્વારા એટલે દ્રવ્યરૂપે કહો છો કે પર્યાયરૂપે ? જો દ્રવ્યરૂપે ઉત્પત્તિ કહો તો

તમારા હેતુમાં અસિદ્ધિ (અન્યતરાસિદ્ધિ) નામનો દોષ આવશે કારણ કે અમે ભૂ-ભૂધરાદિને દ્રવ્યરૂપે નિત્ય માનીએ છીએ.

નૈયાયિક–ભૂ-ભૂધરાદિ ઉત્પત્તિમાન્ છે, અવયવી હોવાથી. જે અવયવી હોય તે ઉત્પત્તિમાન્ હોય છે, જેમકે કમળ. ભૂ-ભૂધરાદિ પણ અવયવી છે, માટે ઉત્પત્તિમાન્ છે–આ અનુમાનથી ભૂ-ભૂધરાદિની નિત્યતા મૂળમાંથી ઊખડી ગઈ.

જૈન–તમારું આ કથન ચતુર પુરુષના વ્યાપારને સૂચવતું નથી. કારણ કે તમે ભૂ-ભૂધરાદિને અવયવી માનીને તેમાં નિત્યતાનો નિષેધ કર્યો પણ અમે પૂછીએ છીએ કે ભૂભૂધરાદિ અવયવોથી ઉત્પન્ન થાય છે માટે અવયવી છે કે અવયવના સમૂહમાં રહે છે માટે અવયવી છે ? પ્રથમ પ્રકાર તો બુદ્ધિમાન્ પુરુષોએ ધ્યાનમાં લેવા જેવો નથી કારણ કે પૃથ્વી પર્વત આદિ દ્રવ્યો સર્વથા નવીનરૂપે અવયવના સમૂહથી ઉત્પન્ન થયાં છે–એવી અમોને પ્રતીતિ નથી અર્થાત્ અનાદિ કાલથી પૃથ્વીપર્વતાદિ કોઈ ને કોઈરૂપે વિદ્યમાન છે–એવી પ્રતીતિ અમને છે. અવયવના સમૂહમાં રહે છે માટે અવયવી છે–એ બીજો ભેદ કહો તો બધા અવયવોમાં રહેનાર અવયવત્વરૂપ સામાન્યથી હેતુ વ્યભિચારી બને છે. અર્થાત્ અવયવત્વ અવયવોમાં રહે છે છતાં અવયવી નથી એટલે જે અવયવોમાં રહે તે 'અવયવી' એમ કહી શકાય નહીં. કારણ કે, 'આ અવયવ છે, આ અવયવ છે' એ રીતે પ્રતીતિનો વિષય બનનાર અવયવત્વ અવયવના સમૂહમાં રહેનારું છે, છતાં તે ઉત્પત્તિને પરાધીન નથી અર્થાત્ ઉત્પન્ન થતું નથી, કારણ કે તે નિત્ય છે.

નૈયાયિક–આવા દુષ્ટ વિકલ્પોની જાળ કરવાની કંઈ પણ જરૂર નથી. કારણ કે પદ્મ, પત્ર, પાત્ર, દાત્ર (દાતરડું) આદિ અવયવી વાદિવૃન્દને કોઈ પણ વિવાદ વિના પ્રસિદ્ધ જ છે.

જૈન–અવયવી પ્રતીત નથી એમ નથી. પણ એમ તો આત્મા પણ વિવાદ વિના અવશ્ય પ્રતીત જ છે. છતાં તે ઉત્પત્તિમાન્ નથી. આ પ્રકારે 'અવયવ સમૂહમાં રહે છે' એ હેતુ અનુમેય (પક્ષરૂપ ભૂભૂધરાદિ), તત્તુલ્ય (સપક્ષરૂપ ઉત્પત્તિમાન્ અન્ય ઘટપટાદિ) તથા તદ્વિરુદ્ધ (વિપક્ષરૂપ ઉત્પત્તિ રહિત અવયવત્વરૂપ સામાન્ય) માં રહે છે, માટે તે હેતુ અનૈકાન્તિક છે. આમ તમારા હેતુ વડે પર્વતાદિની અનિત્યતા સિદ્ધ થતી નથી. માટે તેની દ્રવ્યરૂપે નિત્યતા સિદ્ધ જ છે.

જો પર્યાયરૂપે પૃથ્વી-પર્વતાદિની ઉત્પત્તિ નિમિત્તને આધીન છે–એમ કહો તો તે યોગ્ય નથી, કારણ કે મનુષ્ય-દેવ વિગેરે પર્યાયરૂપે આત્મા પણ ઉત્પન્ન થતો હોવાથી તેને પણ બુદ્ધિમાન્ દ્વારા જન્ય માનવાનો પ્રસંગ આવશે. અર્થાત્ આત્મા પણ બુદ્ધિમાને બનાવેલ છે એમ માનવું પડશે.

(૫૦) **प्रतिवादिने**ति जैनेन । **नैतद्धीमद्वृत्ती**त्यादि सूरिवाक्यम् । **अभूतपूर्व**मिति । यथा किलाभूतपूर्वं घटादि अवयववृन्देन निर्वर्त्यते, तथा न पर्वतादि, सिद्धत्वात् तेषाम् । **प्रतिवादिन** इति जैनस्य । **अवयवत्वेने**ति अवयवत्वसामान्येन । **दोलायमानते**ति अनैकान्तिकता ।

न नामेति आचार्यवाक्यम् । **तथे**ति अवयवित्वेन । **अनुमेये**ति भूभूधरादि । **तत्तुल्ये**ति घटादि । **तद्विरुद्धे**ति आत्मादि । **वृत्तितोपद्रव** इति पक्षसपक्षविपक्षेषु त्रिष्वपि वर्तमानोऽनैकान्तिकः–अनैकान्तिकत्वमित्यर्थः ।

(टि०) **तत्राभिधीयते** जैनैः । **निमित्ते**ति कार्यत्वम् । **व्याप्यमि**ति हेतुः । **आलपित**मिति अभिहितम् । **तद् द्रव्ये**ति तत् कार्यत्वं द्रव्यद्वारेण पर्यायद्वारेण[वा] ।

अवयवित्वेनेति अवयवित्वात् । **इदमि**ति भूभूधरादि । **तन्नित्यते**ति पृथ्वीपर्वतादिसनातनत्वम् । **नैतद्वृत्ती(नैतद्धीमद्वृत्ती**ति) नैतच्चतुरचेतश्चमत्कारकारि । **अवयवे**ति अवयवैरारभ्यमाणत्वात्पर्वतादेः । यथा तन्तुभिः पटः क्रियते अवयवसमूहे वर्तमानत्वात्तस्य । यथा तन्तुषु पट इति वा । यथा किलाऽ**भूतपूर्वं** घटा**द्यवयववृन्देन** निर्वर्त्यते तथा पर्वतादयो न, अनादिसिद्धत्वात् तेषाम् । **अभूतपूर्व**मविद्यमानम् । **प्रतिवादिनो** जैनस्य । **यदि पुन**रित्यादि । **अवयवत्वेने**ति अवयवसामान्येन वा अवयववृत्तित्वेन । **दोले**ति पक्षसपक्षविपक्षवृत्तित्वलक्षणानैकान्तिकत्वम् । **अत्र** हेतौ ।

अनेन दुर्भेदेति दुष्टविकल्पोत्पादनेन ।

न नामेति अवयवी प्रसिद्ध एव । **पुनरात्मापि** । **तथे**ति अवयवित्वेन । **अनुमेये**ति अनुमेयः पक्षः । **तत्तुल्यः** सपक्षः । **तद्विरुद्धो** विपक्षः । तत्र वृत्तित्वं पक्षसपक्षविपक्षवृत्तिलक्षणानैकान्तिकत्वम् ।

